# બપ્પભટ્ટસૂરિ અને આમરાજા

## ભાગ-૨

❖ લેખક ❖

મણિલાલ ન્યાલચંદ શાહ

॥ श्री शंखेश्वर पार्श्वनाथाय नमः ॥

# બપ્પભટ્ટસૂરિ અને આમરાજા

## ભાગ-૨

❖ લેખક ❖

મણિલાલ ન્યાલચંદ શાહ

❖ પૂર્વ પ્રકાશક ❖

શ્રી જૈન સંસ્તી વાંચનમાળા - ભાવનગર

❖ પુનઃ પ્રકાશક પ્રેરક ❖

દીક્ષા દાનેશ્વરી આ. શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.

આ. શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા.

❖ પુનઃ પ્રકાશક ❖

જિન ગુણ આરાધક ટ્રસ્ટ

પ્રતિ :- ૧૫૦ વિ.સં. ૨૦૭૪

## ॥ श्रुत भक्ति ॥

विक्रम संवत २०७१ ज्येष्ठ शुक्ला १३ दिनांक ३१-०५-२०१५, रविवार के दिन अहमदाबाद (राजनगर) में दिल्ली के उद्योगपति मंडार निवासी संघवी भंवरलालजी रुगनाथमलजी दोशी, की ऐतिहासिक दीक्षा का आयोजन अहमदाबाद एज्युकेशनल ग्राउंड में निर्मित विशाल संयम जहाज में हुआ। इस प्रसंग पर ४१ आचार्य भगवंत, १५०० से अधिक साधु-साध्वीजी भगवंत तथा १ लाख से अधिक श्रावक-श्राविकाओं की उपस्थिति थी। नूतन दीक्षित मुनि **श्री भव्यरत्न विजयजी म.सा.** प.पू. त्रिशताधिक दीक्षा दानेश्वरी आचार्य भगवंत **श्रीमद् विजय गुणरत्नसूरीश्वरजी म.सा.** के १०८ वे शिष्य घोषित किये गये।

**प.पू.आ. श्री गुणरत्नसूरीश्वरजी म.सा.** की प्रेरणा से दीक्षा के ज्ञान खाते की उपज में से इस ग्रंथ का मुद्रण का लाभ संघवी रुगनाथमलजी समरथमलजी दोशी रिलिजियस ट्रस्ट की ओर से लिया गया। खूब खूब हार्दिक अनुमोदना...

- यह ग्रंथ ज्ञानखाते की रकम में से छपा हुआ है। अतः कोई भी गृहस्थ इसकी मालिकी न करें।
- साधु-साध्वीजी भगवंत तथा ज्ञानभंडार को सप्रेम भेट दिया जाता है।

# પ્રસ્તાવના.

પૂર્વે થયેલા મહાન્ પુરૂષોનાં ચરિત્રો ( ઇતિહાસીક પુસ્તકો ) આપવાનો અમારો ઉદ્દેશ હોઇને ઉત્તરોત્તર તેવા ગ્રંથો અમો અમારા માનવંતા ગ્રાહકોને આપતા આવ્યા છીએ.

આ પુસ્તકનો પ્રથમ ભાગ આપવામાં આવ્યો ત્યારેજ તેના બીજા ભાગની ઉપરા ઉપર માગણી હતી. ઇતિહાસીક હકીકત વાંચક વર્ગને વધુ પ્રીય હોય તે સ્વાભાવીક છે. તેમાં પણ આવા મહા પુરૂષનાં ચરિત્રોમાં તો અવનવું જાણવાનું મળી આવે છે. આ પુસ્તકની પ્રસ્તાવના પ્રથમ ભાગમાં વિસ્તૃત આપેલી હોવાથી આ પુસ્તકમાં આવેલી હકીકત ટુંકમાંજ જણાવીએ છીએ.

શ્રી બપભટ્ટસૂરિએ શંકરાચાર્ય અને બૌધો સામે કરેલો પડકાર અને વિજય, કનોજરાજ આમરાજની જૈનધર્મની--અહિંસાવ્રતની ઉપાસના, શ્રી શત્રુંજય અને શ્રી ગિરનારની બપભટ્ટસૂરિ સાથે સંઘ સહિત કરેલી યાત્રા, દિગંબરોએ દબાવેલું ગિરનાર તિર્થ, આમરાજાના પૌત્ર ભોજરાજાએ ગાદી ઉપર આવતાંજ અંગીકાર કરેલો જૈનધર્મ વીગેરે હકીકતોનો સમાવેશ કરી આ પુસ્તક ઇતીહાસિક હકીકતથી અલંકૃત કરવામાં આવ્યું છે.

આવાં પ્રભાવીક પુરૂષોનાં ચરિત્રોને અમારા ગ્રાહકો સાદર સ્વીકારી અમને વધુ ઉત્સાહી બનાવે તેજ અમો ઇચ્છીએ છીએ.

પ્રકાશક.

# વિષયાનુક્રમણિકા


| નંબર | | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| પ્રકરણ | ૧ લું | શંકરાચાર્ય કામશાસ્ત્ર શીખવા જાય છે. ... | ૧ |
| ,, | ૨ જું | શંકરાચાર્યની તલવારને બળે ધર્મ વૃદ્ધિ. ... | ૧૦ |
| ,, | ૩ જું | અહિંસા પુરૂષને નિર્બળ બનાવતી નથી. ... | ૧૮ |
| ,, | ૪ થું | ધર્મરાજની યુક્તિ. ... ... | ૨૫ |
| ,, | ૫ મું | શંકરાચાય માળવામાં. ... ... | ૩૨ |
| ,, | ૬ ઠું | વેર લેવાની નવી રીત. ... ... | ૩૯ |
| ,, | ૭ મું | જગન્નાથમાં. ... ... ... | ૪૬ |
| ,, | ૮ મું | વાગ્યુદ્ધ. ... ... ... | ૫૨ |
| ,, | ૯ મું | વાદિ કુંજર કેશરીની પદવી... ... | ૬૪ |
| ,, | ૧૦ મું | માળવાની રાજસભામાં. ... ... | ૭૬ |
| ,, | ૧૧ મું | ભૂલનો ભોગ.... ... ... | ૮૫ |
| ,, | ૧૨ મું | સાણસામાં સપડાયેલા શયતાનો. ... | ૯૩ |
| ,, | ૧૩ મું | સમક્તિ પ્રરૂપણા. ... ... | ૧૦૧ |
| ,, | ૧૪ મું | કનોજરાજે ઉચ્ચરેલા અગીયાર વ્રત. ... | ૧૧૦ |
| ,, | ૧૫ મું | ગૌડવધ. ... ... ... | ૧૧૮ |
| ,, | ૧૬ મું | નન્નસૂરિ અને ગોવિંદસૂરિ ... ... | ૧૨૫ |
| ,, | ૧૭ મું | માતંગીના મોહમાં. ... ... | ૧૩૨ |
| ,, | ૧૮ મું | સત્યને માર્ગે.... ... ... | ૧૩૯ |
| ,, | ૧૯ મું | વેરનો પ્રતિશોધ. ... ... | ૧૪૮ |
| ,, | ૨૦ મું | દુર્ગપતન. ... ... ... | ૧૫૫ |
| ,, | ૨૧ મું | દિગંબરોએ દબાવેલું ગિરનાર. ... | ૧૬૧ |
| ,, | ૨૨ મું | મૃત્યુની ગોદમાં. ... ... | ૧૬૮ |
| ,, | ૨૩ મું | તે પછી શું ?... ... ... | ૧૭૪ |
| ,, | ૨૪ મું | ભોજકુમાર પિતાનું રાજ્ય લઈ લે છે. ... | ૧૮૧ |
| ,, | ૨૫ મું | ઉપસંહાર. ... ... | ૧૮૬ થી ૧૯૬ |

ॐ ह्रीं श्रीं पार्श्वनाथाय नमः

# બપ્પભટ્ટસૂરી

અને

# આમરાજા.

## ભાગ ૨ જો.

### પ્રકરણ ૧ લું.

#### શંકરાચાર્ય કામશાસ્ત્ર શીખવા જાય છે.

મનુષ્ય પ્રકૃતિથી કુદરત જગતમાં કંઈક જુદુંજ કાર્ય કરે છે. એ કુદરતની લીલાનો કોઈ પાર પામી શકે નહી. કોયલના કંઠમાં મધુરતા મુકી ત્યારે એને શ્યામ સ્વરૂપા બનાવી. કસ્તુરીમાં સુગંધિ ભરી તો કાળી કરી. આવળનાં

ફુલડાં મનોહર—રળીયામણાં કીધાં, ત્યારે સુગંધ રહિત બનાવ્યાં; તપસ્વીમાં ક્રોધ મુકયો. ગુલાબના પુષ્પને કાંટા ઉત્પન્ન કર્યા. વિધિનો ન્યાય તો જુઓ ? મનુષ્યના અંતરમાં સારભૂત એવો વિદ્વત્તાનો ગુણ પ્રગટ કર્યો. ત્યારે એનામાં અભિમાનનો દોષ મુકયો !

શંકરાચાર્ય વિક્રમની નવમી સદીમાં સમર્થ વિદ્વાન્ હતો. જોકે કુમારિલ ભટ્ટ એનાજ અદ્વૈતમતનો ઉપાસક હતો, છતાં એની પ્રસિદ્ધિ સાંભળીને એની સાથે પણ વાદ વિવાદ કરવાને એની જીહ્વાનો ચળવળાટ વધી પડયો. ઉતાવળી ગતિએ પ્રયાગ આવ્યો તો કુમારિલભટ્ટને અગ્નિનું શરણ લેતાં જોયો, પોતાનાથી બની શકે એટલી શક્તિનો ઉપયોગ કરીને શંકરાચાર્યે કુમારિલને સમજાવવાનો પ્રયત્ન કર્યો. પણ શંકરાચાર્યમાં તો યૌવન અને વિદ્યા એ બન્નેનો મદ હતો. કુમારિલ વૃદ્ધાવસ્થાએ પહોંચેલો હોવાથી એનામાં કંઇક ઠરેલતા, ગંભિરતા હતી. એને લાગ્યું હતું કે પોતે જે કરે છે તે ઠીકજ કરે છે. પછી અનેક કલ્પાંત કરો તોપણ નિરૂપાય ?

ધગ્ ધગ્તી ચિતાનું શરણ અંગીકાર કરીને હજારો મનુષ્યોની સમક્ષ કુમારિલે એવી રીતે પાપનું પ્રાયશ્ચિત કર્યું. એને ઘણોય પશ્ચાત્તાપ થયો કે મેં વિશ્વાસઘાત કર્યો, એ કાંઇ ઠીક કર્યું નહી. એ પશ્ચાત્તાપથી જ એણે પોતાનું શરીર અગ્નિદેવને અર્પણ કરી દીધું હતું.

કુમારિલને અગ્નિમાં દહન થયેલો જોઇ શંકરાચાર્યને એની મુર્ખતા ઉપર તિરસ્કાર આવ્યો. એને લાગ્યું કે કુમા-

રિલ વિદ્વાન્ છતાં ઘેલો બની ગયો હતો. નહીતર આવું અજ્ઞાનજન્ય પગલું ભરે ખરો ? વળી એની સાથે મારી વાદ વિવાદ કરવાની ઇચ્છા તો અધુરીજ રહી. હાં ! પણ એણે કહ્યું કે ' એનો બનેવી મંડનમિશ્ર માહીષ્મતી નગરીમાં રહે છે. તે જગતમાં અદ્વિતીય વિદ્વાન ગણાય છે. એની સાથે વાદ કરજો, ' તો ઠીક છે. હું પણ એ મંડનમિશ્રની વિદ્વત્તા જોઉં તો ખરો ? મારી આગળ એ બિચારો કોણ માત્ર છે. એને જીતી મારો શિષ્ય બનાવું તોજ હું ખરો ? " એમ વિચારી એણે માહીષ્મતી જવાની તૈયારી કરી.

શંકરાચાર્ય કુમારિલભટ્ટની પાસેથી પોતાના શિષ્યો સહિત દરમજલ કરતો માહીષ્મતિ નગરીમાં આવ્યો. માહીષ્મતિ નગરી તો રહી વિશાળ ! એમાં સ્વામીજીને મંડનમિશ્ર પંડિતનો પત્તો ક્યાંથી લાગે ? નગરમાં ચાલતાં ચાલતાં માર્ગમાં એક બાઇને સ્વામીજીએ મંડનમિશ્રનું ઘર પૂછયું. સ્વામીજીને આવી રીતે મંડનમિશ્રનું મકાન પુચ્છતાં જોઈ દાસી—બાઇ વિચારમાં પડી. એણે ગિર્વાણ ગિરામાંજ વાર્ત્તા શરૂ કરી. " આપને મંડનમિશ્રનું શું કામ છે ? આપ શું એમની પાસે અભ્યાસ કરવા ઇચ્છો છો ? કેમકે આજ કાલ જગતમાં એ એકજ સર્વજ્ઞ ગણાય છે."

" તું કોણ છે ? શું મંડનમિશ્ર તારો કોઇ સગો થાય છે કે એનાં આટલાં બધાં વખાણ કરી રહી છો !" સ્વામીજીએ પૂછયું.

" હા ? હું એ મહાપંડિતજીની દાસી છું. આપ કોણ

છો વારૂ ? ” બાઇએ શંકરાચાર્યને પૂછયું. એની તેજસ્વી મુદ્રાનો પ્રભાવ જોઇ દાસી અવનવાતર્ક કરવા લાગી.

“ હું શંકરાચાર્ય ? આજે શંકરાચાર્યનું નામ દુન્યાના ખુણે ખુણે પહોચ્યું છે. જેને લોકો મહાદેવનો અવતાર, સર્વજ્ઞ, સમર્થ તરીકે ઓળખે છે, સમજી ? ” શંકરસ્વામી એ કાંઇક ગર્વથી કહ્યું.

“ શું આપ સર્વજ્ઞ ? ” દાસી જરી હસી.

“ એ તો હું તારા પંડિત સાથે વાદ કરી એને જીતીશ ત્યારે ખબર પડશે. ”

“ પણ હુંજ કહું છું કે આપ સર્વજ્ઞ નથી. ” દાસીએ દૃઢતાથી કહ્યું.

“ તું એમ કહેવાની હિંમત કેમ કરે છે. વારૂ ? ” સ્વામીજી બોલ્યા.

“ આપ યદિ સર્વજ્ઞ કહેવાવ છો તો એક મંડનમિશ્રનું ઘર ક્યાં આવ્યું તે પણ આપ જાણુતા નથી. સર્વજ્ઞ હોય એ તો સર્વ કંઇ જાણે ? ” દાસીએ ખુલાસો કર્યો.

દાસીનાં વચન સાંભળી શંકરાચાર્ય ઝંખવાણો તો પડ્યો. પણ એક મંડનમિશ્રની દાસી આવી રીતે જીતી જાય એ તેને ગમ્યું નહી, માટે યુક્તિ વાપરીને બચાવ તો કરવો જોઇએ “ અરે દાસી ? સર્વજ્ઞ તો સર્વ કંઇ જાણી શકે એ તારૂં કહેવું સત્ય છે. પણ કોઇ સમયે સર્વજ્ઞ સર્વજ્ઞ છતાં પણ વ્યવહાર સાચવવા જાણતાં છતાં પણ પૂછી શકે. સીતાને રાવણ

હરી ગયો એ રામ શું નહોતા જાણતા ! છતાં પોતે અજ્ઞાન રહી સીતાજીની શોધ કરાવી, " મોટા પુરૂષોની એ તો લીલા કહેવાય ? એ મોટા પુરૂષોની વાતો તું તુચ્છ દાસી ન સમજી શકે ? "

" ત્યારે આપ પણ લીલા કરી રહ્યા છો એમજને ? " દાસીએ કહ્યું.

"હા ? હું પોતેજ સાક્ષાત્ શંકર છું. શંકરના અવતારમાં દુન્યામાં કંઇ નવા જુની કરી વેદાંત ધર્મની વૃદ્ધિ કરવા આવ્યો છું. ઝટ કહે ? તારો મંડનમિશ્ર કયાં રહેછે તે ? "

શંકરાચાર્યનો જવાબ સાંભળી દાસીએ મંડનમિશ્રનું ઘર બતાવ્યું, એ મુંજબ સ્વામીજી મંડનમિશ્રને ઘરે પહોંચી ગયો.

મંડનમિશ્રની સ્ત્રી સરસ્વતીને મધ્યસ્થ રાખી શંકરાચાર્યે મંડનમિશ્ર સાથે વાદવિવાદ શરૂ કર્યો, એ વાદમાં મંડનમિશ્ર હારી ગયો, જેથી તે શંકરાચાર્યનો શિષ્ય થયો. ત્યારે સરસ્વતીએ કહ્યું. " સ્વામીજી ? તમે મારા પતિને તો જીતી ગયા છો પણ મને જીતો તો તમારી વિદ્વત્તા જાણું ! "

હવે શંકરાચાર્ય અને સરસ્વતીનો વાદવિવાદ શરૂ થયો, સરસ્વતીએ સ્વામીજીને કામશાસ્ત્રની વાતો પૂછવા માંડી, પણ સર્વજ્ઞનો દાવો કરનારો શંકરાચાર્ય એનો ઉત્તર દઇ શકયો નહી, તેથી સ્વામીજીએ કહ્યું "તમારી વાતોનો ખુલાસો હું છમાસ પછી કરીશ." એમનો વાદવિવાદ એવી રીતે અધુરો રહ્યો.

સ્વામીજી કામશાસ્ત્રનો અનુભવ કરવાને તૈયાર થયો.

જેથી આનંદગિરિ, પદ્મપાદ, વિધિવધ્ અને હસ્તામલક એ ચાર શિષ્યને લઇને પરદેશ ચાલ્યો.

કોઇ દેશમાં અમરક નામે રાજા રાજ્ય કરતો હતો, એ રાજા અકાળમરણ પામ્યો. જેથી પ્રધાનો વગેરે એને સ્મશાન યાત્રા કરાવવાની તૈયારી કરી રહ્યા હતા. એટલામાં એ મરેલું રાજાનું મડદું સજીવન થયું. રાજા એકદમ જેમ નિદ્રામાંથી કોઇ માણસ ઝબકીને જાગે એમ જાગ્યો–બેઠો થયો.

એક તરફ રાણીઓ રોકકળ કરતી હતી, બીજી તરફ એમના સંબંધીઓએ રડારોળ કરી મુકેલી, પ્રધાનો પણ નારાજ–દુઃખી થયેલા, એ સર્વને રાજા બેઠો થવાથી કૌતુક થયું. પ્રથમ તો રાજાએ ધીરે ધીરે અંગ હલાવવા માંડયું અને પછી આળસ મરડીને રાજા બેઠો થયો, એટલે પ્રધાન તેમજ રાણીઓ આનંદ પામી, પ્રભુનો ઉપકાર માનવા લાગી. પ્રધાનોએ રાજા સજીવન થયો એ નિમિત્તનો મોટો મહોત્સવ કર્યો. ચતુર પ્રધાનો મનમાં શંકા પામ્યા કે કોઇ માણસ મરી ગયેલું પાછું ઉઠતું નથી, પણ આ રાજાજી મરી ગયેલા જીવ્યા એ તો અતિ અદ્‌ભૂત ? આમાં એમને લાગ્યું કે કંઇક મોટો ભેદ સમાયો હશે. હશે જે હશે તે અલ્પ સમયમાં જણાઇ આવશે. જો એ રાજાનોજ જીવ હશે તો તો તે પૂર્વના વ્યવહાર પ્રમાણે પોતે જાણતો હોવાથી નિયમિત વ્યવહાર ચલાવશે, અને બીજો આત્મા રાજાના ખોળીયામાં પેઠો હશે તો એનું ગાડું અટકશે, એટલે સત્ય જે હશે તે જણાઈ આવશે. એવી રીતે વિચાર કરતા મંત્રીઓ કાલક્ષેપ કરતા હતા.

રાજાજીએ તો રાજદરબારમાં આવી મંત્રીઓને રાજકારભાર ચલાવવાની સત્તા આપી દીધી. અને પોતે તો અંતઃપુરમાં રાણીઓની સાથે અમન ચમન ઉડાવવા લાગ્યા. એ સુંદર મહેલો, અપ્સ્છરાનો પણ તિરસ્કાર કરનારી, મરજી મુજબ પોતાની સેવા ચાકરી કરનારી સુંદર રમણીયો, મનગમતા ભોગો એ સર્વ રાજાઓને પણ દુર્લભ એવું આ આત્મા પામ્યો હતો. રાણીઓ સાથે પ્રતિ દિવસ નવનવા ભોગ ભોગવતો એ માનવજન્મ સફલ કરવા લાગ્યો.

રોજના જુદી જુદી રાણીઓ સાથે એવી રીતે દુર્લભ ભોગો ભોગવતો એ આત્મા રમણીઓમાં એટલો તો લુબ્ધ થઇ ગયો. કે જગતમાં ભોગોજ સાર રૂપ છે એમ માનીને રાતદિવસ રાજા અંતઃપુરમાં રહી રાણીઓ સાથે નવનવા ભોગો ભોગવવા લાગ્યો. એને લાગ્યું કે "દુન્યામાં સારમાં સાર ફક્ત મૃગલોચના નારી છે. પંડિત થયા, કે પૈસાદાર થયા મોટા થયા કે વાદવિવાદ કરીને દુન્યામાં વિજય મેળવ્યો, પણ પ્રેમને માટે તરફડતી એ પ્રાણપ્યારી પોતાની ભુજાઓથી આલિંગી નથી, એનો જન્મારો વૃથા ગયો."

રાજાની ભોગ ભોગવવાની ચતુરાઇ જોઇ રાણીઓએ વિચાર કર્યો કે ' આ કાંઇ રાજાનો જીવ નથી. કેમકે રાજા આવી કળા જાણતો નહોતો, સમજાય છે કે આ કોઇ યોગીનો જીવ છે. ભોગની કળામાં કેવો કુશલ છે ! એના વગર આવી કુશલતા બીજામાં નજ હોઇ શકે.' એક રાણીએ પ્રધાનને ખાનગીમાં આ હકીકત જણાવી દીધી. " પ્રધાનજી ? એની કળાચાતુર્ય

ઉપરથી લાગે છે કે એ રાજાનો જીવ નથી પણ કોઇ યોગી છે." રાણીએ કહ્યું.

"અમને તો પહેલેથીજ શક હતો, કેમકે મરેલા માણસો કોઈ દિવસ જીવતા થતા નથી, પણ રાજાજી બેઠા થયા ત્યારથી જ અમને તો લાગ્યું કે દાળમાં કંઇક કાળું છે. પણ હવે તમારી શી ઇચ્છા છે ?" પ્રધાને પૂછયું.

"ઇચ્છા એ વળી ? આવો ગુણસમુદ્ર, કળાનિધાન પુરૂષ ચાલ્યો ન જાય એ માટે કંઇ બંદોબસ્ત કરવો જોઇએ. રાજાના કરતા અમે તો સર્વે એનાથી અધિક પ્રસન્ન છીએ." રાણીએ જણાવ્યું.

"મને લાગે છે કે કોઇ યોગીયે પરકાય પ્રવેશીવિદ્યાવડે યોગ માહાત્મ્યથી પોતાના શરીરમાંથી નિકળી સુખ ભોગવવા ખાતર રાજાના શરીરમાં પ્રવેશ કર્યો હશે. માટે આપણે એના શબની તપાસ કરવી જોઇએ." પ્રધાને મત આપ્યો.

"તપાસ શું કરવી વળી ? માણસોને—નોકરોને હુકમ કરો કે બારગાઉ ફરતાં જેટલાં મનુષ્યનાં મૃતક હાથ લાગે એ બધાં બાળી નાખે. શોધીશોધીને મૃતકોને અગ્નિ શરણ કરો ? એટલે એને ચાલી જવાનો અવકાશ રહે નહી." રાણીએ પોતાનો અભિપ્રાય આપ્યો.

"તમારૂં કહેવું સત્ય છે. હું આજથીજ નોકરોને હુકમ કરૂં છું. કે આપની આજ્ઞાનો તરત જ અમલ કરે ?" રાણીની રજા લઇ પ્રધાન ચાલ્યો ગયો.

પ્રધાને નોકરોને હુકમ કર્યો કે " બારગાઉ ફરતાં જે જે મૃતક મળે એને શોધીને અગ્નિ શરણુ કરો ? બાળી મુકો ? " પ્રધાનનો હુકમ સાંભળીને રાજપુરૂષો તીરની માફક છુટયા. મૃતકોને શોધી શોધીને અગ્નિને હવાલે કરી રાજઆજ્ઞાનું પાલન કરવા લાગ્યા.

અંતઃપુરમાં રાજાજી તો એક ભોગમાં જ આસક્ત હતા. થોડા દિવસોમાં એણે ભોગનીકળા—કામશાસ્ત્રનીકળા દરેક રાણીઓ પાસેથી શીખી લીધી. ચોરાસી આસન પોતે જાણતો હોવાથી દરેક રાણીઓ સાથે વિવિધ આસનોવડે સંભોગ કરવા લાગ્યો. એની સંભોગની કળા ઉપર રાણીઓ તો મરી પ્રીટતી—રાજાજી ઉપર ફીદા ફીદા હતી. રાણીઓ પણ પોતાની કળા બતાવવામાં ખામી આવવા ન દેતી. બન્ને જ્યાં કળાવાન હોય. યૌવનના તોફાનમાં વિહરતાં હોય. સુરૂપ, સાધનસંપન્ન હોય ત્યાં ભોગના સુખમાં શી ખામી હોય ?

કામ શાસ્ત્રનો પાઠ શીખતાં અને પ્રાણપ્રિય એવી રાણીઓની અભિનય કળાના રસનો મીઠો સ્વાદ ચાખતાં એક માસ ઉપર પણ કેટલાક દિવસો પસાર થઈ ગયા. પણ આ ભોગમાં લુબ્ધ થયેલા જીવને અહીંથી જવાનું ગમતું નહોતું. સ્નેહના પાશમાં બંધાયેલો જીવડો એ પાશ તોડી શકે ખરો કે ? સંસારમાં શત્રુઓ સાથેના તીક્ષ્ણશસ્ત્રનો પ્રહાર સહન કરનારા અને લોખંડી બેડીને તોડનારા વીરપુરૂષો પણ આ કોમલ પાશને છેદી શકશે ખરા કે ? એ પુષ્પધન્વાની સાથે યુદ્ધ કરવામાં કોઇ એને જીતી ગયો છે કે ? એનાં અમોઘ

શસ્ત્રો કોને ઘાયલ નથી કરતાં ? કોઇ વિરલ પુરૂષ જ એના પ્રહારથી મુક્ત રહી શકે ! બાકી તો બ્રહ્મા, વિષ્નુ ને મહેશ્વર જેવા પણ એને આધિન છે તો અલ્પબળી માનવનું શું ગજુ ?

# પ્રકરણ ૨ જું.

## શંકરાચાર્યની તલવારે ને બળે ધર્મવૃદ્ધિ.

સેંકડો રાણીઓના કામમદનું મર્દન કરતો શંકરસ્વામી ચોરાસી આસનોમાંનાં નાના પ્રકારનાં આસનોવડે કરી સંસારની મોજ લેતો. સુવર્ણોના પ્યાલામાં ઉત્તમ જાતિના મદિરા ભરી પ્યારીઓને એનું પાન કરાવતો, પ્યારીઓના હાથથી પોતે પણ પીતો હતો. જેથી કામદેવને ઉત્તેજન મળે અને વિશેષ પ્રકારે રાણીઓને આનંદ આપી શકે એવા પુષ્ટીવર્ધક કામોત્તેજક પદાર્થોનું સેવન કરતો. એવા ભોગસુખમાં રક્ત થયેલા શંકરસ્વામીની હવે પોતાના શરીરમાં જવા જેટલી પણ ચૈત્યન્યતા નાશ પામી ગઇ હતી. એ રાજા તે શંકરાચાર્યનો જીવ હતો.

આ તરફ રાજપુરૂષો જ્યાં ત્યાંથી શબોને શોધીને અગ્નિ સંસ્કાર કરવા લાગ્યા. એમણે શંકરસ્વામીનું શબ પણ પર્વતની ગુફામાંથી શોધી કાઢયું. ચાર શિષ્યો એની ચોકી કરતા હતા. તેમની પાસેથી આ શબ માગવામાં આવ્યું. પણ શિષ્યો કેવી રીતે આપી શકે ?

" સંન્યાસી બાવા ? આ શબ આપની પાસે કોનું પડયું છે અમને સોંપી દ્યો ? " રાજપુરૂષોએ કહ્યું.:

" શામાટે ભાઇ ? તમને સોંપવાનું કારણ ? " આનંદગિરિએ પૂછયું.

" રાજ આજ્ઞા ? રાજાનો હુકમ થયો છે કે પોતાના રાજ્યમાં જે શબ મલી શકે એને અગ્નિમાં હોમી દેવાં ? " રાજપુરૂષોએ જણાવ્યું.

" રાજાનો હુકમ ? " સંન્યાસીઓ વિચારમાં પડયા. તેઓ નહોતા જાણતા કે–' રાજા એ તો પોતાના ગુરૂ શંકર સ્વામીનો આત્મા હતો. "

" હા ? રાજાનો ? "

"રાજા આવો હુકમ કરે નહી. સાચુ કહો તમને હુકમ ખુદ રાજાએ કર્યો છે કે બીજાએ ? " નક્કી કરવા આનંદગિરિએ પૂછયું.

" અમોને હુકમ તો પ્રધાનોએ આપ્યો છે, પણ એ રાજ આજ્ઞાજ કહેવાય. એ હુકમનું અમારાથી ઉલ્લંઘન ન થઇ શકે ? " રાજપુરૂષોએ કહ્યું.

" ભાઇ ? આ શબ અહીંયાંજ રહે તો ઠીક. એ અગ્નિ સંસ્કારને લાયક નથી. " સંન્યાસી આનંદગિરિએ કહ્યું.

" એનું કાંઇ કારણ ? આપને શબ તો આપવુંજ પડશે નહી આપશો તો જબરાઈથી આપની પાસેથી અમે આંચકી લઈને બાળી નાખશું. રાજઆજ્ઞાનું અમારાથી ઉલ્લંઘન ન કરી શકાય. તમે સમજો છો આજ્ઞા ભંગ કરવાથી અમારા

સહિત અમારાં બાળ બચ્ચાંનું સત્યાનાસ વળી જાય તે!" એ માણસોએ જણાવ્યું.

"પણ ભાઇઓ? આ શબ કાંઇ મરેલા માણસનું નથી. એ આત્મા થોડા સમયમાં સમાધિમાંથી જાગૃત થવાનો છે. અત્યારે એ તો યોગનિદ્રામાં વિચરે છે."

"આપનું કથન કદાચ સત્ય હશે, પણ એ કેમ માની શકાય. બાવાજી?" માણસોએ શંકા બતાવી.

"બે ચાર દિવસમાં એમની યોગનિદ્રા પૂર્ણ થશે એટલે એ મહાપુરૂષ જાગ્રત થશે. જે જગતના પણ ગુરૂ છે-પરમ ગુરૂ છે." આનંદગિરિએ ખુલાસો કર્યો.

"આપના વચન ઉપર વિશ્વાસ રાખી બે દિવસ પછી આવશું, એટલામાં જો તમારા ગુરૂ સમાધિ નહી છોડશે, તો અમે તમારૂં તર્કટ સમજીને એને બાળી નાખશું"

રાજપુરૂષો એમ કહીને ત્યાંથી ચાલ્યા ગયા. પણ એ ત્યાંથી ભાગી ન જાય તે માટે છુપી તપાસ રાખવા લાગ્યા.

રાજપુરૂષોના જવા પછી શિષ્યો વિચારમાં પડી ગયા, અરસપરસ વાતો કરવા લાગ્યા. "ભાઇ? ગુરૂજી એક માસની અવધિ લઇને ગયા તે ગયા. ક્યાં ગયા હશે? શી ખબર પડે? આ તો એક માસ ઉપર પણ છ દિવસ વહી ગયા; પણ ગુરૂજી આ શરીરમાં દાખલ થયા નહીં તો કેમ કરવું?" આનંદગિરિએ પૂછ્યું.

"આપણે હવે એમને ક્યાં ઢુંઢવા? ક્યાં જવું?" પદ્મપાદે પૂછ્યું.

એક શિષ્યને શબની રક્ષાનું કામ સોંપી ગુરૂને શોધવા ત્રણે શિષ્યો ચાલ્યા. અનુક્રમે આ અમરક નૃપના નગરમાં આવ્યા. ત્યાં એમણે સાંભળ્યું કે અહીંયાં રાજા મુવેલા પાછા જીવતા થયા. જેથી એમને ખાતરી થઇ કે એ રાજામાંજ આપણા ગુરૂ રહેલા છે. ભોગોમાં, ગીત-ગાનમાં લોભી બની રાજકાર્યની ચિંતા તજીને સ્ત્રીઓમાં લુબ્ધ થઈ ગયા છે. રાજા સંગીતના બહુ શોખીન હતા. જેથી એમણે ગવૈયાઓનું રૂપ ધારણ કર્યું. કેમકે કોઇપણ રીતે રાજાની પાસે તો જવું જોઇએ. એમને પ્રતિબોધ પમાડી સાવધાન કરવા જોઇએ. સતાર, સારંગી, તબલા વગેરેથી એમના ગાયનની નગરમાં પ્રસિદ્ધિ થઇ ગઇ. રાજાએ પણ એમની પ્રસિદ્ધિ સાંભળીને ગાયકોને પોતાની પાસે બોલાવી ગાન શરૂ કરાવ્યું.

" જાગ મુસાફર રેન ગવાઇ ભયી ભોર વેળા,
ભયી ભોર વેળા, ફીટયા જો અંધેરા. જાગ૦ ૧
સોતે સોતે સારી રાત ગવાઇ,
મોહ નિદ્રાસેં જાગો ભાઇ;
ગાન તાનમેં શુદ્ધ બુદ્ધ ગવાઇ,
સ્વામી સુતા શું સેજ બીછાઇ." જાગ૦ ૨

સંગીતરૂપે આનંદગિરિ અને પદ્મપાદે રાજાના કાન ચમકાવ્યા. રાજાના ભાડુતી શરીરમાં મસ્તકના બ્રહ્મદ્વારમાંથી પ્રવેશ કરેલો આત્મા જાગ્યો. ' તત્વમસિ ' નો શિષ્યોનો ઉપદેશ એના હૃદયમાં આરપાર ઉતરવા માંડ્યો. એણે જોયું

કે એક માસની અવધ પુરી થઇ ગઇ'તી, જેથી એના શિષ્યો એને જાગૃત કરવા આવ્યા હતા. એક તરફ એક એકથી ઉત્કૃષ્ટ એવી ભોગકળામાં નિપુણ સેંકડો રાણીઓ સાથેના દુર્લભ ભોગો દુસ્ત્યાજ્ય હતા. બીજી તરફ શિષ્યો એને તેડવા આવ્યા હતા. જે ઉદ્દેશથી રાજાના શરીરમાં એણે પ્રવેશ કર્યો હતો, એ ઉદ્દેશ તો કયારનોય સિદ્ધ થઈ ગયો હતો. એણે શ્રદ્ધા, પ્રીતિ, રતિ, ધૃતિ અને કીર્ત્તિ તેમજ કામ થકી ઉત્પન્ન થયેલી વિમલામોદિની, ઘોરા, મદનોત્પાદિની, મદામોહિની, દીપની, વશકરી, રંજની ઈત્યાદિ કામ કળાઓ રમણીઓના અંગમાં રહેલી છે એ સમજી લીધું હતું. યૌવનવતી, પ્રૌઢ વગેરે રમણીઓના અંગમાં અમુક અમુક તિથિએ અમુક અમુક જગાએ કામદેવનો વાસ હોય છે એ પણ જાણી લીધું હતું. એ કામ કળાઓમાં નિપુણતા મેળવી એણે ઉત્તમ–દુર્લભ આનંદ ભોગથી પ્રાપ્ત કર્યો હતો. જેવી રીતે વાત્સાયને કામશાસ્ત્રમાં સ્ત્રીસેવનની વિધિ લખેલી, એ પ્રમાણે શંકર સ્વામીએ સ્ત્રી-સેવા–ભોગ ભોગવ્યા હતા. એ વાત્સાયનના કામશાસ્ત્રનાં સૂત્રો અને ભાષ્યનું સમ્યગ્ પ્રકારે નિરિક્ષણ કરી એનો અનુભવ કરતાં એક અભિનિવાર્ય ગર્ભિત કામશાસ્ત્ર નૃપવેશ-ધારી શંકર સ્વામીએ રચી કાઢયું. કામશાસ્ત્રમાં નિપુણ થયેલો શંકરસ્વામી શિષ્યોનો ઉપદેશ સાંભળી આખરે પણ જાગ્યો. પોતાના મૂળ શરીરમાં પ્રવેશ કરવાને એણે રાજાનું શરીર છોડી દીધું.

બે દિવસની મુહૂત વહી ગયા પછી રાજપુરૂષોએ

આવીને એ શબની માગણી કરી. પણ શિષ્યે માંડમાંડ સમજાવી વળી બે ચાર દિવસ કાઢી નંખાવ્યા, પણ છેવટે રાજના માણુસોએ એ શબને લઇ એનો અગ્નિ સંસ્કાર કરવા માટે કાષ્ટની ચિતા તૈયાર કરાવી એમાં શબને મુકી એ ચિતામાં અગ્નિ પ્રગટ કરી દીધો. ચિતા ભડભડ બળવા લાગી, એના ધુંવાડાના ગોટેગોટ આકાશમાં વ્યાપ્ત થઇ ગયા. એ અવસરમાં શંકરસ્વામીનો આત્મા પોતાના શરીરમાં દાખલ થઈ ગયો. પણ બળતી ચિતામાંથી બહાર નીકળવું એને મુશ્કેલ થઇ પડયુ. જેથી શંકરસ્વામીએ અગ્નિ શાંત કરવાને માટે નરસિંહનું સ્તોત્ર ભણુવા માંડયું. એ સ્તોત્રના પ્રભાવથી ચિતાની અગ્નિ શાંત થઇ ગઇ, એટલે પોતે બહાર નીકળ્યો.

શંકરાચાર્ય એ પછી પોતાના શિષ્યોને લઇને માહીષ્મતી નગરી તરફ ચાલ્યો. કેટલેક દિવસે ત્યાં આવી સરસ્વતીને મળ્યો. એને પોતાનું કામશાસ્ત્ર વર્ણવી બતાવ્યું. એણે કામશાસ્ત્રના પ્રશ્નોનો ઉત્તર આપી વાદમાં સરસ્વતીને પણ નિરૂત્તર બનાવી દીધી.

મંડનમિશ્ર જેવા સર્વજ્ઞ સમા પંડિતને અને તેની પ્રિયતમા સરસ્વતીને જીતવાથી શંકરસ્વામીની કીર્ત્તિ જગતમાં પ્રસરી ગઈ. લોકો એની સ્તુતિ કરતાં કહેવા લાગ્યા કે “ વાહ શું સ્વામીજીનો પ્રભાવ ! મંડનમિશ્ર જેવા પંડિતો પણ એના શિષ્ય થયા. આજે જગતમાં એમને જીતે એવો કોઇ પુરૂષ વિધિએ ઉત્પન્ન કર્યો જણાતો નથી. શંકરાચાર્યનો વિદ્યાનો ગર્વ આસમાન પર્યંત પહોંચી ગયો.

શંકરાચાર્યે દક્ષિણ દેશમાં ફરીને સર્વ પંડિતોને વાદમાં જીતી લીધા. ત્યાંથી વિદર્ભ દેશમાં ગયા. ત્યાંની રાજધાની ચંપા નગરીના રાજા સુધન્વાને વેદમતનાં તત્ત્વો સમજાવી વેદાંતી બનાવ્યો–પોતાનો ચુસ્ત શિષ્ય બનાવ્યો.

શંકરાચાર્યની એવી ઇચ્છા હતી કે એવા બે ચાર રાજાઓ પોતાના પક્ષમાં આવે તો તલવારના બળે લોકોને વેદધર્મમાં આકર્ષી શકાય. એ રાક્ષસી આકાંક્ષા પાર પાડવા એણે ચંપાના ધણીને વેદમતનો ચુસ્ત ઉપાસક બનાવ્યો. વેદાંતમતનો પ્રચાર કરવાનો રાજાને ઉપદેશ કર્યો. " રાજન્! જે રાજા પોતાના ધર્મની ઉન્નતિ કરે, પોતાની પ્રજાને પોતાનો ધર્મ પાળતી બનાવે એને સ્વર્ગ અને વૈકુંઠના ફલની પ્રાપ્તિ અવશ્ય થાય. અરે તલવારના બળથી પણ લોકોને ધર્મ પ્રાપ્ત કરાવવો, વેદાંતી બનાવવા. કેમકે કેટલાક ભોળા માણસો ન સમજે તો એમને તલવાર અગર ભાલાની અણી બતાવીને પણ આપણો ધર્મ પાળવાની ફરજ પાડવી. એમ કરતાં હત્યાકાંડ થાય તોપણ એ પાપ નથી. વેદ શાસ્ત્રમાં કહ્યું છે કે યજ્ઞમાં હિંસા થાય એ હિંસા નથી. આ પણ એક જાતનો ધર્મવૃદ્ધિનો યજ્ઞ જ છે. લોકોને વેદાંતમતમાં આકર્ષી આપણે એમને સ્વર્ગે પહોંચાડીયે છીયે. " કોઈ પણ પ્રકારે પોતાના મતની વૃદ્ધિ કરવી એ શંકરસ્વામીનો ઉદ્દેશ હતો. તરતજ ચંપાના ધણીએ શંકરસ્વામીનો ઉપદેશ માન્ય કર્યો.

" ગુરૂ ? બૌદ્ધ અને જૈનના અહિંસાના તત્વોના લોકો ઉપાસક બની ગયા છે, એ કાંઇ સહેલાઇથી માનશે નહી.

એમને ભય તો અવશ્ય બતાવવો જ પડશે. ” રાજાએ અભિપ્રાય આપ્યો.

“ એ બૌદ્ધ અને જૈનો તો નાસ્તિક કહેવાય. રાજા ? જો તું મારો ભક્ત હોય, તને વેદાંત ઉપર પ્રીતિ હોય, તો તારા રાજ્યમાંથી બૌદ્ધ અને જૈનોનું તો કાસળજ કાઢજે. એ લોકો ન સમજે તો તલવારની ધાર બતાવી એ સર્વ લોકોને વેદાંતી બનાવજે. અન્યથા એ ધાર સાથે ભેટાડી દેજે. એ બૌદ્ધ અને જૈનોએજ આપણા વેદાંતમતનું નિકંદન કાઢયું છે, માટે એ વેર તું મારો ભક્ત હોય તો બરાબર લેજે. ”

“ આપ સમા પરમગુરૂનું વેદવચન હું અંગીકાર કરૂં છું. આપની આજ્ઞા ઇશ્વર આજ્ઞા સમાન ગણીને હું એનું પાલન કરીશ. તલવારને બળે બૌદ્ધ અને જૈનોને હું વેદાંતી-શૈવધર્મના અનુયાયી બનાવીશ. અન્યથા રેંહસી નાખીશ. એ આપ સત્ય જાણજો.” રાજાએ પોતાનો નિશ્ચય કહી સંભળાવ્યો.

“ શાહબાસ રાજા ? ધન્ય છે તારી ધર્મપ્રીતિને ? ભક્તો તો તારા જેવાજ થજો, શૈવ–સ્માતધર્મનો ઉદ્ધાર કરનારા થજો. ” શંકરસ્વામીએ શાહબાસી આપી.

“ અગર જો આપની ઇચ્છા હોય તો દેશપરદેશ મારા સકલ સૈન્ય સાથે હું આપની સાથે રહું. જૈનો અને બૌદ્ધોને સ્માર્તધર્મમાં ખેંચવાને મારી શમશેરનો ઉપયોગ કરૂં. ” રાજાએ જણાવ્યું.

હાલમાં તો તારા રાજ્યમાંજ એની શરૂઆત કર. જેમ શ્રી પરશુરામે સાત વાર નિઃક્ષત્રિય પૃથ્વી બનાવી એમ તારૂં રાજ્ય તું જૈન તેમજ બૌદ્ધ વગરનું બનાવી દે. એથી તારી ઉપર હું અધિક પ્રસન્ન થઇશ, તને વૈકુંઠ આપીશ." શંકરસ્વામીએ રાજાને પોતાના પક્ષમાં લઇને એ રાક્ષસી મહત્વાકાંક્ષાનો આરંભ શરૂ કરી દીધો.

" આપણી આકાંક્ષા આપ શ્રીમાનની કૃપાદષ્ટિથી સત્વર સિદ્ધ થશે એ આપ નિઃસંદેહ જાણજો."

તે પછી શંકરસ્વામી દેશ પરદેશ ભમતો શિષ્યો સાથે વાદવિવાદમાં સર્વે પંડિતોને હરાવી પોતાના સ્માર્ત્ત ધર્મના અનુયાયી બનાવતો અવંતી દેશ તરફ ચાલ્યો.

## પ્રકરણ ૩ જું.

### અહિંસા પુરૂષને નિર્બળ બતાવતી નથી.

પ્રાતઃકાળનો સમય થતાં સૂરિવર રાજસભામાં આવ્યા, તે પહેલાં આમરાજાએ નર્ત્તકી પાસેથી સર્વ વૃત્તાંત જાણેલો હોવાથી સૂરિજીને જોતાંજ આમરાજા શરમાઈ ગયો. એમને જોતાં એના મનમાં પશ્ચાત્તાપ થયો કે " આવા પુરૂષ પુંગવની મેં આટઆટલો પરિચય છતાં બરાબર કિંમત ન કરી, બલ્કે એમની અનુકુળ ઉપસર્ગદ્વારા કદર્થના કરી, એ મિત્ર છતાં મેં શત્રુનું કામ કર્યું. મારા ક્ષુદ્ર હૃદયમાં આ પુરૂષ માટે કુશંકા

ઉત્પન્ન કરી મેં ઉતાવળે અભિપ્રાય બાંધી લીધો. જેવા એ સરસ્વતી પુત્ર કહેવાય છે એવાજ ત્યાગ, વૈરાગ્યમાં પણ એ નરોત્તમ–શ્રેષ્ઠ છે, એ તો મહામતિ છે, માત્ર મારીજ અલ્પ-મતિ છે. મેં આ ઠીક કર્યું નહીં. ”

પશ્ચાત્તાપ પામેલો રાજા આ પુરૂષ પુંગવના સામે જોઇ શકયો નહી. એમની સાથે વાત કરવાની પણ હિંમત ચાલી નહી. તેથી ગુરૂએ કહ્યું. “ રાજન ! એમાં ખેદ શાનો ! ઉત્તમ પુરૂષની ઉત્તમતાની કસોટી કરવી એ રાજાની ફરજ કહેવાય.

સુવર્ણ જ્યારે અગ્નિમાં પડે ત્યારેજ એની શુદ્ધતાની માલુમ પડે. મનુષ્યના વ્રતોની દ્રઢતા ત્યારેજ કહેવાય કે ઉપ-સર્ગના સમયે પણ એ દ્રઢતા ટકી શકે. મહર્ષિઓના ગુણ દોષની તપાસ રાજા ન કરે તો બીજો કોણ કરે ? માટે એમાં શોક શો ? સત્વની કસોટી તો ત્યારેજ થાય કે જ્યારે જરૂર હોય ત્યારે એ સત્વ કામ લાગે. ગમે તેવા પ્રસંગોમાં પણ એમનાં એ બળ, એ પરાક્રમ, એ ધૈર્યતા અડગ રહી શકે. હરિ-ચંદ્ર ત્યારેજ જગત પ્રસિદ્ધ થયો કે વિશ્વામિત્રે એમના સત્ય-વ્રતને બરાબર કસોટીએ ચડાવ્યું. દ્રૌપદીજીની મહાસતીમાં ગણના ત્યારેજ થઇ કે મુશ્કેલીમાં શામ, દામ, ભય ને ભેદ વગેરે કુટિલ નીતિનો ઉપયોગ કરવા છતાં સમર્થ પુરૂષો પણ એમનું શિયલ ભાગી શકયા નહી. સ્થુલીભદ્ર ત્યારેજ જગત પ્રસિદ્ધ થયા કે ખટરસ ભોજનનો સ્વાદ લેતાં ને કોશ્યાવેશ્યાની ચિત્રશાળાનાં મનોવેધક ચિત્રો નજર આગળ તરવરતાં છતાં પણ ચાર ચાર માસની એમને ચલાયમાન કરવાની કોશ્યાની

મહેનત વ્યર્થ થઈ, અભયારાણીની બે સીતમ સતાવણી છતાં પણ સુદર્શન શ્રેષ્ઠીએ પોતાનું શિયલ જાળવ્યું, ત્યારેજ શૂળીનું સિંહાસન થયું. મહાન્ પુરૂષોની તો કસોટી સમયેજ પરીક્ષા થાય. ”

ગુરૂનો બોધ સાંભળી રાજાની ચિંતા દુર થઈ “ભગવન્! આપ ગઇ વાતનું સ્મરણ કરશો ના ! આપ તો બ્રહ્મસ્વરૂપ છો. જે આત્માએ ઉચ્ચ સ્થીતિ પ્રાપ્ત કરી હોય એને આ લોકની ગમે તેવી મોહકચીજો તો શું બલ્કે દેવલોકના બાળાઓ, વિંધાધરી કે કિન્નરીઓ પણ પોતાના હાવભાવવડે ચળીત નજ કરી શકે ! ”

રાજાને સમસ્યાઓના ખુલાસા મેળવવામાં ઘણી મજા પડતી. વારે વારે નવીન સમસ્યાઓ બનાવી ગુરૂને પૂછતો, એમની તરફથી તરતજ એ સમશ્યાનો ખુલાસો મળતો.

એક દિવસ રાજા રાજમાર્ગેથી જતો હતો. તેવામાં કોઈ ખેડુતની સ્ત્રી એરંડાનાં પાંદડાં વીણતી ઘરની પાછળ ગઇ. રાજાએ એ સંબંધી અર્ધી ગાથા જોડી કાઢી.

બપ્પભટ્ટસૂરિએ તરતજ એનો જવાબ અર્ધી ગાથામાં આપ્યો. એમનો તાત્કાલિક જવાબ સાંભળી રાજા વિસ્મય થયો. “ ઓહો ? જોયો સરસ્વતીનો પ્રભાવ ? ”

વળી કોઇ દિવસે સાયંકાળને સમયે રાજાએ એક સ્ત્રીને વાંકી ડોકે હાથમાં દીપક લઇ વાસભુવન તરફ જતી જોઈ અર્ધી ગાથા કહી. “ વાંકી ડોક કરી આ સ્ત્રી દીવો લઈ શું જુએ છે. ”

ગુરૂએ એની ઉત્તરાર્ધ ગાથા કહી સંભળાવી. " પ્રિયતમની આવવાની રાહ જોતી એને સંભારતી એ વાસભુવનમાં જાય છે. "

એવી રીતની અવનવી સમસ્યાઓમાં એમનો ઘણો કાલ સુખમાં જતો હતો. એક દિવસ આમરાજા અને સૂરિ વાર્ત્તાવિનોદ કરતા એકાંતમાં બેઠા હતા. ધર્મચર્ચા ચાલતી હતી. ત્યાં આમરાજાએ પૂછયું. " ગુરૂ ! આત્માના હિતને માટે મારે શું કરવું ? "

" રાજન્ ? એક રાજા તો ઘણું કરી શકે. પોતાના આચાર વિચારોની છાયા એના સરદારો, ભાયાતોને પ્રજા ઉપર પાડી શકે. પોતાના વર્ત્તનથી પ્રજાને આકર્ષી શકે. દાનથી અનાથ, દીન, હીન અને દુર્બળ જનોનો ઉદ્ધાર કરી શકે. સંપ્રાતરાજા, વિક્રમરાજા વગેરેના પગલે ચાલી શકે ? " સૂરિવરે જણાવ્યું.

" ભગવન ! આપના ઉપદેશની મને ધીરે ધીરે અસર થતી જાય છે. હું પણ ઇચ્છું છું કે બાર વ્રતધારી શ્રાવક હું બની શકું ? રાજાઓ બાર વ્રત પાળી શકે ?" રાજાએ પૂછયું.

" બેશક ? અગીયાર વૃત રાજાઓ પણ પાળી શકે છતાં ચક્રવર્ત્તીનું રાજ્ય પણ ભોગવી શકે, એમાં શું તમને નવાઇ લાગે છે વારૂ ? " સૂરિએ કહ્યું.

" રાજાઓ અહિંસા ધર્મ કેવી રીતે પાળી શકે વારૂ ? શત્રુઓ સામે એને સમશેર ઉચકવી પડે. કતલ ચલાવવી

પડે. લડાઇમાં અનેક પંચિંદ્રિય જીવોનો નાશ થઇ જાય ત્યાં એનું અહિંસાવ્રત કેવી રીતે સચવાય ? " રાજાએ કહ્યું.

"ઘણીજ ખુશીથી અહિંસાવ્રત પાળી શકાય. અહિંસા વ્રતનું પાલન કરનાર રાજા શત્રુ સામે તલવાર ઉપાડી શકે. પોતાના દેશના રક્ષણને માટે, પ્રજાના હિતને માટે એની તલવાર સદા દુશ્મનો તરફ ચેડા મહારાજની માફક મ્યાન બહારજ રહે. યુદ્ધ સિવાય બીજે સ્થાનકે અહિંસા વ્રત પાળે ને યુદ્ધની જયણા કરે."

"એ ચેડા મહારાજ કોણ ?" રાજાએ પૂછયું.

"મહાવીર સ્વામીના ભકત :બારવ્રતધારી શ્રાવક, મગધપતિ અજાતશત્રુની સામે એમની તલવાર ખુલ્લી હતી. એ ભયંકર જાદવાસ્થલીમાં એક કરોડ ને એંસી લાખ માણસોનો નાશ થયો હતો. છતાં એ બાર વ્રતધારી રાજા યુદ્ધને મોખરે રહી લડ્યો હતો. મનુષ્યે છેલ્લામાં છેલ્લી ઘડી પર્યંત યત્ન કરવો એ એની ફરજ છે. પણ ફળ તો દૈવાધિન રહેલું છે. અહિંસાનો અર્થ એવો નથી કે આત્માની શકિત ગોપવી નિર્બળ બનવું. ચુસ્ત અહિંસાવાદી પણ ગ્રહસ્થ શત્રુનો પરાભવ છતી શકિતએ મુદ્દલે સહન ન કરે. તો પછી રાજા તો કેમ સહન કરે; એ તો દેશનો, પ્રજાનો બચાવ કરે. યુદ્ધભૂમિ ઉપર પોતાનું પરાક્રમ બતાવી દેશભક્તિ બતાવે. પ્રજાનું રક્ષણ કરે રાજ્યધર્મનું પાલન કરે."

"*ભગવન્ ? યુદ્ધમાં હજારોની કતલોથી એનું અહિં*-સાવ્રત ખંડન કેમ ન થાય ?" રાજાએ શંકા કરી.

" કારણ કે શ્રાવકને સવાવશો દયા કહેલી છે. બનતાં લગી એ છકાયમાં પાંચકાયની તો જયણા કરે. અને ત્રસકાયની રક્ષા કરે. એ ત્રસકાયમાં પણ બે પ્રકાર હોય, સાપરાધીને નિરપરાધી. જે નિરપરાધી હોય તેનું શ્રાવક પછી ભલેને તે રાજા હોય તો પણ રક્ષણ કરે. શિકાર કરવો, નાહક કોઈને મારી નાખવો કારણવગર કોઇને દુઃખ દેવું, માંસ ભક્ષણ કે મદિરા પાન કરી મદાંધ થઇ જુલમ કરવો, વિના કારણે પ્રજાને કનડવી વગેરે બાબતો એને તીવ્ર પાપ બંધન કરી નરકગતિમાં લઈ જનારી થાય. અહિંસાવ્રતમાં નિરપરાધીને જ ન મારવાની એ પ્રમાણે પ્રતિજ્ઞા હોય. ને અપરાધીને અવશ્ય શીક્ષા કરે. વ્રત લેતાં યુદ્ધની તો એ છુટજ રાખે, અપરાધીઓની જયણા રાખે. નહીતર રાજ્યમાં અંધાધુની પ્રસરે, રાજ્ય વ્યવસ્થા ડોળાય અને એના ભાયાતો કે સામંતો પણ એના હુકમની અવજ્ઞા કરી એની સામે થાય, માટે લગાર પણ ભૂલ થાય તો રાજા એને યોગ્ય શીક્ષા કરી બીજાઓ ઉપર પોતાનો પ્રભાવ–પ્રતાપ બેસાડે. તેમાં પણ અવિરતિ શ્રાવક હોય તેને તો કોઇ પણ પ્રકારનો પ્રતિબંધ નહી હોવાથી ગમે તેમ વર્ત્તી શકે. છતાં દેવગુરૂ અને ધર્મ ઉપરની ભકિતથી એ જૈનધર્મ તો પાળી શકે, અહિંસાવ્રત નહિ પાલનારો પણ જૈન તો બનીજ શકે ? "

" ભગવન્ ? હું પણ ઇચ્છું છું કે મારી આખી પ્રજા આપની ભકત બની જૈનધર્મ પાળે, એ માટે મારે શું કરવું જોઇએ ?" રાજાએ પૂછયું.

" એ તો સૌની મરજીની વાત કહેવાય. કાંઇ તલવારને

બળે ધર્મ ફેલાવાય નહી. તલવારનો ઉપયોગ કરવા જતાં તો નરો હત્યાકાંડ થાય. એવું કરનાર અને ઉપદેશ આપનાર ધર્મને બ્હાને અનેક મનુષ્યોનો નાશકરી–કરાવી નરકગતિમાંજ જાય. ધર્મ એતો આત્મ કલ્યાણની અણુમોલી ચીજ કહેવાય. એતો કોઈ ભાગ્યવંતજ લઈ શકે. ચિંતામણિ રત્નો કાંઇ ઘણા માણુસો પાસે હોતાં નથી. રાજન્ ! જેને સંસાર સાગર તરવાની અભિલાષા થાય તેજ ભવસ્થિતિ પરિપાક થતાં ઉત્તમ વસ્તુ મેળવી શકે. તમો પોતેજ એવો ઉત્તમ ધર્મ આરાધી આ ભવસાગર તરી જાઓ. પ્રજાનું કલ્યાણ કરી, દાન માનથી એમને સંતુષ્ટ કરી, સંતસાધુ અને સજ્જનોના શુભાશિર્વાદ મેળવી હરિચંદ્ર કે રામચંદ્રની માફક સત્યરાજા થાઓ તોજ તમારૂં શ્રેય: થાય. જેવી દૃષ્ટિ તમારા કુટુંબ ઉપર હોય તેવીજ દૃષ્ટિ તમારી રૈયત ઉપર અવશ્ય હોય. ગરીબથી અમીર પર્યંત અને રંકથી રાય પર્યંત ઈન્સાફ સરખોજ હોય, તો એ રાજા એક આદર્શ રાજા થઇ શકે. રાજા એ તો પ્રજાનો પિતા કહેવાય છોકરૂં જેમ માબાપને ફરિયાદ કરે એમ ગરીબ પ્રજાની ફરિયાદ રાજા સાંભળીને એમની અગવડો દૂર કરે. યોગ્ય ઇન્સાફ આપે પોતે પણ અનીતિ અને જુલ્મોના કામોથી ડરતો રહે. એવો પુણ્યવંત રાજા અહીંયાં પણ સુખે સમાધે રાજ્ય ભોગવી દેવલોકનાં સુખ ભોગવનારો પણ થઇ શકે, મોક્ષ પણ જઇ શકે. રાજ્ય ધર્મના વિશેષ ગહન વિચારો કોઇ અન્ય પ્રસંગે પણ તમને હું જણાવીશ. ”

“ અહા ! રાજ્યધર્મ કેટલો બધો ગહન છે. જેમ જેમ

એનો અભ્યાસ કરીયે છીએ, તેમ તેમ નવું ને નવું જ જણાય એવી રાજનીતિ છે. ”

ગુરૂએ પણ ‘રાજધર્મ અને અહિંસાધર્મ’ની વ્યાખ્યા રાજાને કહી સંભળાવી એના મનનું સમાધાન કર્યું.

# પ્રકરણ ૪ થું.

## ધર્મરાજની યુક્તિ.

બોદ્ધાચાર્ય આનંદે પણ જ્યાં ત્યાં પોતાના ધર્મનો પ્રચાર કરવા માંડ્યો. જ્યાં વાદવિવાદ કરવાનો પ્રસંગ ઉભો થતો ત્યાં વર્ધનકુંજરને આગળ કરતો, એ વર્ધનકુંજર સરસ્વતીના વરદાનને પ્રભાવે સર્વને જીતી લેતો. દેશ પરદેશમાં એમના સાધુઓએ ફરીને પોતાના ધર્મનો પાયો દ્રઢ કરવા માંડ્યો. કુમારિલભટ્ટે જો કે એમને ઘણું નુકશાન પહોંચાડયું હતું. પણ એમના સાંભળવામાં આવ્યું હતું કે એણે પાપોનું પ્રાયશ્ચિત કર્યું. કરેલી ગંભિર ભૂલનો એ ભોગ થયો. ને આ દુનિયામાંથી સદાને માટે કાષ્ટભક્ષણ કરી રવાને થઇ ગયો. જેથી એમનું એક નડતર તો દૂર થઇ ગયું. પોતાના મતની વૃદ્ધિમાં જે આડખીલી–ફાંસ હતી, એ અનાયાસે નીકળી ગઇ. જેથી તેઓ મનમાં ઘણા હર્ષવાન્ થયા. પણ એટલામાંજ તેમના હૈયા ઉપર એક મોટો સખત આઘાત થયો. એમણે સાંભળ્યું કે એના કરતાંય જબરો આજે પોતાની સામે શંકરાચાર્ય–

સ્માર્ત્તધર્મનો આચાર્ય તલવારને બળે ધર્મવૃદ્ધિ કરવા તેમજ બૌદ્ધ અને જૈનનું જડમૂળ કંઢવા ઉઠેલો છે. એણે રાજાઓને પોતાના પક્ષમાં લઇ ઘણા ભોળા લોકોને પણ આકર્ષ્યા છે. વર્ત્તમાન સમયને અનુસરીને લોકોને અનુકુળ થાય એવો માર્ગ એણે પકડ્યો છે. માંસ મદિરાની સ્માર્ત્ત ધર્મને બ્હાને છુટી બક્ષીને લોકોને જોઇએ તેવી સગવડતા કરી આપી હિંસામય પ્રવૃતિ ચાલુ કરી. રાજાઓને કંઇક શિકારના શોખીન બનાવ્યા માંસ મદિરાના ભકત બનાવી અહિંસામાંથી હિંસાના ઉપાસક બનાવી એણે ચુસ્ત શૈવધર્મી બનાવ્યા.

જે રાજાઓ એના ભકત થતા એમને એનો એજ ઉપ-દેશ હતો કે " તમારા રાજમાં તમે સર્વને–તમારી પ્રજાને સ્માર્ત્ત ધર્મની ઉપસક બનાવો. બૌદ્ધાદિક નાસ્તિકમતને નાબુદ કરો ને તમે રાજ્યમાં હુકમ કરો કે સર્વે પ્રજા સ્માર્ત્ત ધર્મની–શૈવ ધર્મની ઉપાસક બને. ન માને તો ભાલાની અણીઓ બતાવો. સમશેરની ધારાનો સ્વાદ ચખાડો." આવા શંકરાચાર્યના ઉપદેશથી બૌદ્ધો અને જૈનો ઝબકયા. ખચીત આજે દુનિયાને સંહારનાર રૂદ્રજ પ્રગટ થયો.

શંકરાચાર્ય સામે શું પગલાં ભરવાં એ માટે બૌદ્ધા-ચાર્ય આનંદ વિચારમાં પડયો. એને લાગ્યું કે આ ભયંકર વ્યકિત જગતમાં ભયંકર ઉથલપાથલ કરવાને ઉત્પન્ન થઇ લાગે છે. આજે કુમારિલભટ્ટ આના કરતાં ઘણે દરજ્જે સારો લાગ્યો. આ માણસની રાક્ષસી મહત્વાકાંક્ષા કેમ રોકવી, એ માટે એ ચિંતાતુર હતો. સમર્થ દુશ્મન જાગ્યો છે હવે ચિંતા કર્યે શું

વળે ? કાંઈ પ્રયત્ન તો કરવો જોઈએ ના ! આપણે પણ રાજાઓને આપણા પક્ષમાં ખેંચીયે તો એની સામે બચાવ કરી શકીયે. એણે રાજસભામાં વાદવિવાદ કરી રાજાઓને જ પોતાના ભક્ત બનાવવામાં લાભ જોયો. કેટલાક રાજાઓ બૌદ્ધ ધર્મમાં હતા, તેમને પણ શંકરાચાર્ય ઉથલાવી નાખી સ્માર્ત્ત ધર્મમાં ખેંચી જતો હતો. અહિંસામાંથી હિંસાને માર્ગે લઇ જતો હતો. જમાનો ઓળખીને એણે કેટલીક છુટો મૂકવાથી રજોગુણીને તમોગુણી એવા ઘણા લોકો એના ધર્મમાં આકર્ષાયા ને દુરાચાર તરફ ઢળ્યા.

બૌદ્ધોએ પણ પોતાના ધર્મની વૃદ્ધિ માટે કમરકસ લોકોને ઉપદેશ આપી પોતાના ધર્મના રક્ષણનો પ્રયત્ન કરવા લાગ્યા. વર્ધનકુંજર વાદવિવાદમાં જ્યાં ત્યાં વિજય મેળવતો હોવાથી જગતમાં એ વાદી તરીકે પ્રસિદ્ધ થયો. એને મનમાં ઘણું થતું કે એક વખત શંકરસ્વામી સાથે વાદવિવાદ કરવાની જાહેર રીતે તક મળે તો એનો ગર્વ ઉતારૂં. એ માટે એ રાહ જોતો હતો.

વાદી વર્ધનકુંજર શિષ્યોની સાથે ભારતમાં બૌદ્ધધર્મનો ઉપદેશ કરતો કરતો ગૌડદેશમાં આવ્યો. લક્ષણાવતીમાં ધર્મરાજની સભામાં આવી એણે પોતાની વિદ્વત્તા બતાવવા માંડી. " ન્યાયશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્ર અને કાવ્યશાસ્ત્રમાં હું પારગામી છું. સાહિત્યશાસ્ત્ર, છંદશાસ્ત્ર, જ્યોતિષ્યશાસ્ત્ર, વૈદકશાસ્ત્રને નીતિશાસ્ત્ર એવું કયું શાસ્ત્ર છે કે જ્યાં મારી બુદ્ધિ ન ચાલતી હોય ? " પોતાની વિદ્વત્તાથી રાજાને એણે

પ્રસન્ન કર્યો. રાજા સામે એણે પડકાર કર્યો. "મહારાજ! આપની સભામાં કોઇ પણ પંડિત હોય તો મારી સાથે વાદ કરે?"

એના રહસ્યને નહી જાણનારા ગૌડદેશના પંડિતો એની સામે વાદ કરવાને ઉઠયા, પણ કોઇ એની વાગ્ધારા ઝીલવાને સમર્થ થયો નહી. રાજાનો માનિતો કવિરાજ વાક્‌પતિ પણ એને ન જીતી શકયો. એના પાંડિત્યથી ગૌડની રાજસભા ઝાંખી પડી ગઇ. રાજાએ એની વિદ્વત્તાની કદર કરી. પોતાની રાજસભામાં રહેવા વિનંતિ કરી. રાજાની વિનંતિને માન્ય કરી વાદી વર્ધનકુંજર ધર્મરાજના મેમાન તરીકે રહ્યો. ગૌડની રાજસભામાં એ બધાનો મુખ્ય થઇને રહ્યો. અને જગતમાં મહાવાદી તરીકે પ્રસિદ્ધ થયો. રાજાને પણ એણે પોતાના ધર્મનાં તત્વો સમજાવી બૌદ્ધધર્મનો રંગ લગાડવા માંગ્યો.

એક દિવસ ધર્મરાજ અને વર્ધનકુંજર ખાનગીમાં બેઠાબેઠા ગોષ્ટિ કરતા હતા, તેવામાં ધર્મરાજને એક વિચાર સ્ફુર્યો. "મહારાજ! આપ વાદવિવાદમાં જીતી શકાતા નથી તે શું આપની વિદ્વત્તાનો પ્રભાવ કે કોઇ દિવ્યશકિતનો?"

"રાજન્? વિદ્વત્તા કરતાં દિવ્યશક્તિનો વધારે?" વર્ધનકુંજરે ઉત્તર આપ્યો.

"તો શું આપને ત્યારે જગતમાં કોઇ ન જીતી શકે?" રાજાએ ખાતરી કરવા પૂછ્યું.

"કોની મગદૂર કે મને જીતી શકે? સરસ્વતીનું મને વરદાન છે. જગતમાં તેથી જ મને કોઇ જીતવા સમર્થ નથી."

"ખચીત આપનો પ્રભાવ અચિંત્યજ છે. મારી સભા આપનાથી ઉજ્વળ છે." રાજાએ કહ્યું.

"રાજન્ ? એ બધો બાદ્ધમતનોજ પ્રભાવ છે એ ધર્મમાં અમોઘશક્તિઓ રહેલી છે. ખચીત તમે પણ બાધ-ધર્મના ઉપાસક થાવ તો મહાન્ અશોક અને કનિષ્કની માફક તમારૂં રાજ્યવૃદ્ધિ પામે." વર્ધનકુંજરે કહ્યું.

"આપની વાણી સત્ય છે. મારા રાજ્યને વધારવામાં આપ મદદગાર થાઓ તો હું બૌદ્ધ થઇ જાઉં ? આપનો અ-નન્ય ભકત થઈ જાઉં ?" રાજાએ પોતાનો મનોગત અભિપ્રાય આપ્યો.

"તમે કહો તેવી રીતે હું તમારો મદદગાર થાઉં. કહો તમારી શી ઇચ્છા છે ?" સાધુએ પૂછ્યું. બન્ને ગરજાઉ હતા. એક બીજાના કાર્યમાં સ્વાર્થ રહેલો હતો એ તે સમજતા હતા.

"મારા મનમાં એક વિચાર સ્ફુર્યો છે કે કાન્યકુબ્જનો રાજા મારો દુશ્મન છે; પણ યુદ્ધમાં હું એને પહોંચી શકું તેમ નથી. આપજો વાદવિવાદમાં તૈયાર હોતો હું એને વાગ્-યુદ્ધનું આમંત્રણ કરૂં. એમાં એવી શરતકે જીતેલો હારેલાનું રાજ્ય જપ્ત કરે !" રાજાએ કહ્યું.

"ઠીક છે. તમારા કહેવાનું તાત્પર્ય હું સમજી ગયો. તમારો દુત મોકલી કનોજના રાજાને આમંત્રણ કરો કે તમારા રાજ્યમાં જે પંડિત હોય તે મારા વાદી સાથે વાદ કરે. એમાં

જે હારે તેનું રાજ્ય જીતેલો લે." સાધુએ રાજાના મતને ઉત્તેજન આપ્યું.

"બરાબર ! આપ મારૂં કહેવું સમજી ગયા છો. આપ જો જીતશો તો દુનિયામાં આપની કીર્તિ વધશે. આ ધર્મરાજ આપનો અનન્ય ભકત થશે."

"રાજન્ ? તમે નિઃસંદેહ રહેો. જગતની કોઇપણ શકિત વાદવિવાદમાં તો મને જીતવા સમર્થ નથી. કનોજનો ગમે તેવો સમર્થ પંડિત હશે, તોપણ હું વાદમાં એને હરાવી દઇશ, એ તમારે નિશ્ચય જાણવું."

"ઠીક, ત્યારે હું એ રાજાને વાગ્યુદ્ધનું આમંત્રણ કરૂં છું. એ મારા કટ્ટા શત્રુને કોઇરીતે પણ હું હરાવવા ઇચ્છું છું. મારી તો એજ ઈચ્છા છે કે કોઇપણ પ્રકારે હું એને જીતી લઉં ? ચાહે તો એને રાજ્યભ્રષ્ટ કરૂં અથવા તો મારો તાબેદાર-ખંડીયો રાજા બનાવી દઉં. મને પણ લાભ થતાં આપના બૌદ્ધમતની વૃદ્ધિ થશે." રાજાએ હૈયાની વરાળ બહાર કાઢી.

વર્ધનકુંજરને આ યુક્તિ ઘણીજ પસંદ પડી ગઈ. એને એક રીતે દો કાજ જેવું થયું. ધર્મરાજના જીતવાથી એનું રાજ્ય પણ વૃદ્ધિ પામશે. એ પોતાનો અનન્ય ભકત થતાં પ્રસંગવશાત્ શંકરાચાર્ય સાથે ધર્મયુદ્ધનો પ્રસંગ ઉભો થાય તો શત્રુની સામે ધર્મરાજ પણ પોતાના સબળ સૈન્ય સાથે ઉભો રહી પડકાર કરી શકે ! ને તાબેદાર થયેલો કનોજ-

રાજ પણ પોતાના સૈન્ય સાથે એની મદદે આવે; કેમકે એને પોતાની દિવ્ય શક્તિ ઉપર ભરોંસો હતો. ગમે તેવા વાદીને પણ એ જીતવા સમર્થ હતો. જગતના પંડિત અને વિદ્વાનો એને મન તૃણ સમાન હતા. ઘણા વાદીઓનો પરાજય કરવાથી એનો ગર્વ પણ આસમાન સુધી પહોંચી ગયો હતો. જેથી આ યુક્તિ સાંભળ્યા પછી એના મનમાં અનેક તરંગો ઉઠવા લાગ્યા. હવે તલવારના બળથી સ્માર્ત્ત ધર્મનું ગૌરવ વધારનાર શંકરાચાર્ય એને તુચ્છ લાગ્યો. જૈનોનો તો એને હિસાબજ નહોતો. "સિંહ આગળ ગરીબ બિચારા બકરાનું શું ગજું ? મદોન્મત્ત ગજેંદ્રો આગળ સસલાં પોતાનો ટકાવ કરી શકે ખરાં ? હું કોણ ? જગતમાં અદ્વિતીય મહા વાદી ? બૌદ્ધમત એ જગતમાં સર્વોપરી જગતપૂજ્ય ધર્મ ? એના ઉપાસકો તો મોટા રાજાઓજ હોવા જોઈએ. એ શંકરાચાર્યના દિવસો હવે ભરાઇ ગયા છે. મારો ચમત્કાર જ્યારે જોશે ત્યારે બિચારો પોતાની શુદ્ધ બુદ્ધ ખોશે. એ રાંક મગતરૂં આ કેસરીના પ્રભાવ નજ જાણે ! ગજેંદ્રો ત્યાંજ સુધી ગર્જી શકે કે જ્યાંસુધી કેસરીની વીરહાક એમને કાને અથડાય નહીં! બસ હવે તો બેડો પાર !"

# પ્રકરણ ૫ મું.

## શંકરાચાર્ય માળવામાં.

માળવાની રાજધાની ઉજ્જયિની નગરીમાં તે સમયે જે રાજા રાજ્ય કરતો હતો, તે અહિંસા ધર્મનો ચુસ્ત ઉપાસક હતો. એની રાજસભામાં શંકરાચાર્યે પડકાર કર્યો. પોતાની વિદ્વત્તાથી માળવાના પંડિતોને આશ્ચર્યચકિત કર્યા. શંકરાચાર્યે શૈવધર્મનો ઝુંડો ઉપાડી એ રાજસભામાં સર્વે મતનું ખંડન કરીને પોતાનો સ્માર્ત્તધર્મનો સ્થંભ રોપ્યો. શંકરસ્વામીની વિદ્વત્તા જગજાહેર હતી. એના આગમનથી વેદાંતમતના અનુયાયીઓ ઘણા ખુશી થયા. રાજાની સન્મુખ શંકરાચાર્યે જણાવ્યું કે "હે રાજન્! અહિંસાનો ઉપાસક બની તું નાસ્તિક ક્યાં બની ગયો? ક્ષણીકવાદી બૌધ્ધો તો દેશપાર થવાની સજાને લાયક ગણાય. એ બૌદ્ધ અને જૈનોએ અહિંસા ધર્મ ફેલાવી આપણા વેદધર્મનું નિકંદન કાઢયું છે. જગતમાં પ્રાચિનમાંપ્રાચિન તો વેદ ધર્મ છે. બીજા બધા ધર્મો તો વેદાંતમાંથી નિકળેલા છે. એ દંભીલોકોનો દંભ તો જુઓ. રાજા મહારાજાઓને પણ એમણે ભરમાવી અહિંસાના ભકત બનાવી દીધા. શિકાર ન કરવો, માંસમદિરાનો ઉપયોગ ન કરવો, જુલમ ન કરવો વગેરે હકીકતોવડે જૈનોએ રાજાઓને નિર્બળ બનાવી દીધા. રાજાઓ તો શિકાર કરી શકે, અનેક પ્રકારની લીલાઓ કરી શકે, માંસમદિરાથી પોતાના

શરીરનું પોષણ કરી શત્રુ સામે પોતાની તલવાર ઉઘાડી રાખી રાતી ચોળ આંખ રાખી શકે. કેમકે રાજાઓ તો પ્રભુના અંશ રૂપ કહેવાય. હે માલવરાજ ? તું પણ શાણો છતાં તને અહિંસાનો ચેપ કયાંથી લાગી ગયો કે એ દંભી લોકોના ફંદમાં ફસી ગયો."

શંકરાચાર્યના અનુકુલ ઉપદેશની અસર માળવરાજના મગજમાં ઉતરવા લાગી. એ રાજવૈભવ, રાજમદ ને માંસ ભક્ષણ, મદિરાપાન ને શિકાર ખેલવામાં અપૂર્વ આનંદ થતો જણાયો. રાજાનાં એતો ઉચિત કર્મ કહેવાય. શિકાર ખેલવાથી રાજામાં સ્ફુર્ત્તિ આવે. લક્ષ્યવેધી પણ એથીજ થવાય. માંસ મદિરા એતો રાજાના અંગમાં ચપળતા લાવે ને શરીર મજબૂત થાય. આંખમાં કેફ આવે વગેરે બાબતો પડતા કાળને લીધે રાજાને ગમી—અનુકુળ લાગી.

" સ્વામીજી ? આપનો ઉપદેશ મારા અંતરમાં અસર કરે છે. આપનું વચન મને સત્ય સમજાય છે. આપ જેવા ગુરૂને અભાવે ભોળા લોકો ભરમાઇ જાય એ નિઃસંદેહ છે." રાજાએ કહ્યું.

" રાજન્ ! એ અહિંસાએ આપણા વેદાંતમતને અતિ હાની પહોંચાડી છે. આજ કેટલાય વર્ષોથી એ અહિંસાએ આપણા યજ્ઞયાગો બંધ કરાવ્યા છે. મુર્ખ લોકો યજ્ઞમાં હિંસા માની એ દંભી લોકોના ભરમાવ્યા ભોળવાઇ ગયા છે."

" પરમગુરૂ ! પણ યજ્ઞમાં અજ હોમવામાં આવે છે, તો

એ અજનો અર્થ શું કરવો ? અજના તો બે અર્થ થાય. ત્રણ વર્ષની જુની ડાંગર અથવા તો બકરો ! યજ્ઞમાં બેમાંથી કોનો હોમ થઈ શકે ? ” રાજાએ અજના અર્થનો નિર્ણય પૂછયો.

“ માળવરાજ ! યજ્ઞમાં તો અજ એટલે બકરાનોજ હોમ થાય. જુની ડાંગર એથી તો યજ્ઞનું કાંઇપણ ફલ નહી. છાગનો હોમ કરવાથીજ કરનાર અને કરાવનાર તેમજ છાગને પણ ફલ પ્રાપ્તિ થાય. ” શંકરાચાર્યે પોતાના મતનું સમર્થન કરવા માંડયું.

“ મહારાજ ! છાગાદિકનો હોમ કરવાથી તો એમના આત્માને દુ:ખ થાય ને હિંસાનું મોટું પાતક લાગે. એ જીવહિંસા ન કહેવાય ? ”

“ યજ્ઞમાં હોમાનાર પશુને તો સ્વર્ગ પ્રાપ્તિ થાય. અજ્ઞાન એવા પશુપણામાંથી મુક્ત થઇ એ સ્વર્ગના સુખનો ભોગવનાર થાય. એ શું ઓછું પુણ્ય કહેવાય ! ”

“ પણ પ્રભુ ! મરવા સમયે એને કેટલુંબધું દુ:ખ થાય ? ”

“ એથી શું ! માતા બાળકને કડવી દવા પાય પણ એ કડવી દવાથી હમેશનો આરામ થાય એ તેં શું નથી સાંભળ્યું ? એ તો અલ્પ હાનીએ વિશેષ લાભ કહેવાય. ઘણા કાળપર્યંત એ સ્વર્ગ સુખનો અવશ્ય ભોગવનાર થાય. એવી શ્રુતિઓ વેદમાં પ્રસિદ્ધ છે. વેદમાં સ્પષ્ટ પાઠો છે કે યજ્ઞમાં થતી હિંસા, હંસા ન કહેવાય. ”

" ગુરૂજી ! એ જરા કઠીણુ વાત સહેજમાં કેવી રીતે સમજાય ? પ્રત્યક્ષ પ્રાણીનો વધ-જીવનો નાશ થવા છતાં હિંસા ન કહેવાય એ તો નવાઈજ ! "

" રાજન્ ! હજી વેદના અર્થનું તને ભાન નથી. તેથીજ તને બરાબર સમજાતું નથી શ્રુતિઓના અર્થનું તને ભાન થાય તો સહેજે ખુલાસો થઇ જાય. "

" આપ મારી ઉપર કૃપા કરી જરા સ્પષ્ટતાથી સમ જાવો. અંતરનો અંધકાર દૂર કરી જ્ઞાનરૂપી દીપકની જ્યોત પ્રકટાવો ! "

" રાજા ? જગત બધું બ્રહ્મસ્વરૂપ કહેવાય. અહં બ્રહ્માસ્મિ, ત્વં બ્રહ્મોસિ સર્વ કોઈ બ્રહ્મ રૂપ હોય તોપછી ત્યાં કોણુ કોને હણે છે ? જે બ્રહ્મ છે એતો હણાતોજ નથી. બ્રહ્મ તો શાશ્વત-અમર સ્વરૂપ છે. અજ્ઞાની લોકો સમજે કે અમુક મરી ગયો, પણુ એ બ્રહ્મ તો કોઇ કાળે મરતોજ નથી. શ્રુતિમાં લખ્યું છે કે મારનારને જે હિંસક માને અને મરનારને મરેલો માને એ બન્ને અજ્ઞાનીઓમાં શિરોમણિ છે. એ બ્રહ્મસ્વરૂપ આત્મા મરતો નથી એને કોઈ મારવાને શક્તિવાન નથી. "

" ત્યારે દુન્યામાં આ બધું દેખાય છે તે શું કહેવાય ? "

" દુન્યામાં બે વસ્તુઓ દેખાય છે. એકતો બ્રહ્મ અને બીજી માયા ! જગતના વ્યવહારમાં આ બધી જે આળપંપાળ દેખાય એતો માયાનું સ્વરૂપ કહેવાય. જેમ ઇન્દ્રજાલીયો નજર બંધી કરી અનેક પ્રકારના ખેલોથી આપણુને આશ્ચર્ય ચકિત

કરે, કાંકરાનો રૂપૈયો કરે, પાણીનું દુધ બનાવે, માટીના ઢેફા-માંથી સાકર ઉત્પન્ન કરે એ બધું વસ્તુત: ખોટું છે--એ જેમ માયાજાળ છે તેમ જગત બધું માયાજાળની ભ્રમજાળમાં ગુંચવાયલું છે. સ્વપ્નામાં ભિખારીને ચક્રવર્ત્તીની ઋદ્ધિ મળે પણ જાગતાં એ ભિખારીજ હોય એમ આ મારે છે આ મરે છે આ સુખી આ દુ:ખી એ બધું માયાજાળ કહેવાય. એક પૂર્ણ બ્રહ્મ એજ સત્ય કહેવાય. માટે એમાં પાપ લાગતું જ નથી."

"આપ તો સર્વજ્ઞ સમર્થ પુરૂષ છો. તત્વજ્ઞાનીઓમાં મુગુટમણિ સમાન છો. આપના ઉપદેશનું રહસ્ય મને એકદમ ન સમજાય એ સ્વાભાવિક છે. પણ આપનું તત્વ મને ગંભીર અર્થવાળું લાગે છે. બેશક જગત બ્રહ્મ સ્વરૂપ જ છે. આપના શુદ્ધ અદ્વૈતમતને અશુદ્ધતતા લાગતી નથી. આજે જગતમાં આપની સામે વાદ કરી આપનો પરાભવ કરી શકે એવો કોણ છે ? સૂર્ય સામે કોઈ ધૂળ ઉડાડી શકે ?"

"રાજન્ ? તારી સભામાં જે કોઇ પંડિત મહાશયને મારી સામે પૂર્વપક્ષ કરવો હોય તે બેધડક કરે. હું એનું ખંડન કરવા તૈયાર છું, આપણા અદ્વૈતમતનું સ્થાપન કરવા હમેશાં સાવધાન છું. પાછળ એમના મનમાં અભિલાષ ન રહે કે એમના મનની મનમાં રહી ગઇ.'

શંકરાચાર્યના કહેવાથી રાજાએ પોતાની સભાના પંડિતોને પડકાર્યા. શંકરાચાર્ય સામે પોતપોતાના મતનું સ્થાપન કરવા આહ્વાન કર્યું. પણ કોની મગદૂર ?

કોઈ કોઇ પંડિતોએ શંકરસ્વામી આગળ પોતાના મતનું પ્રતિપાદન કર્યું. પણ શંકરાચાર્યે તેમના મતની જડ કાઢી નાખી. પોતાના અદ્વૈતમતનું સ્થાપન કરી બતાવ્યું. માળવાના પંડિતો શંકરાચાર્યના ભકત થયા. કેટલાક એના શિષ્ય થયા. રાજા પણ શંકરસ્વામીનો અનન્ય ભક્ત બની ગયો. શંકરાચાર્યનો ઉપદેશ એને ગમ્યો હતો. એની ઉપર તેજસ્વી શંકરાચાર્યનો પ્રભાવ પડ્યો હતો. એણે પહેલાં શંકરસ્વામીની કીર્ત્તિ સાંભળી હતી. આજે પ્રત્યક્ષ જોવાની રાજાને તક મલી હતી. વાદવિવાદમાં શંકરસ્વામીની શક્તિ–બુદ્ધિ તીવ્ર લાગવાથી રાજાને સ્વામી ઉપર પૂજ્યબુદ્ધિ ઉત્પન્ન થઇ હતી.

રાજન્ ? તારા બ્રહ્મ સ્વરૂપમાં મસ્ત રહી કર્ત્તવ્ય પરાયણથી શિવનો ભક્ત થજે, જ્યાં ત્યાં શિવનો મહિમા વધારજે. લોકોને શૈવધર્મના ભકત બનાવજે. સમજાવ્યા સમજેતો સમજણથી નહીતર ભાલાની અણી અને સમશેરની ધાર બતાવીને ? જે શિવે તને રાજ આપ્યું છે એનો મહિમા ફેલાવવાને તું બંધાયેલો છે."

"ગુરૂ ? આપનું વચન મારે માન્ય છે. પણ આજ કાલ પ્રાચિન સમયથી જગતમાં આર્યાવર્ત્ત ઉપર જૈનોનું જોર ચાલ્યું આવે છે. એમનાં તીર્થો જુઓતો જગતપ્રસિદ્ધ ! શત્રુંજય,ગિરનાર, સમેતશિખર, સંખેશ્વર અંતરીક્ષજી વગેરે. એમના ધર્મનો મહિમા વધારતાં દુનિયાની દૃષ્ટિને એ મોહ પમાડી રહ્યાં છે. આપણે પણ હિંદુઓને માટે એવું કોઇ મોટું તીર્થ પ્રગટ કરવું જોઇએ." રાજાએ કહ્યું ને સભા વિસર્જન કરી.

"પૂર્વે અહીંયાં વિક્રમના સમયમાં મહાકાલેશ્વરના પ્રાસાદમાંથી શિવલિંગમાંથી એક જૈન સાધુએ અવંતી પાર્શ્વનાથનું તીર્થ પ્રગટ કરેલું. આજે પણ તારી મદદથી હું કોઇ જૈન તીર્થ પ્રીટાડીને એમાં ચક્રની સ્થાપના કરીશ. સમસ્ત હિંદુ જાતિનું પરમધામ બનાવીશ." એક દિવસ શંકરાચાર્યે ખાનગીમાં રાજાને કહ્યું.

"પ્રભુ ? આપને મદદ કરવા તૈયાર છું. મારૂં રાજ્ય, ઐશ્વર્ય, સૈન્ય, સંપત્તિ આપના શરણમાં હાજર છે. આપ હુકમ કરો એટલીજ વાર છે."

"એમનું પુરાણું તીર્થ સંખેશ્વર કહેવાય છે. જૈનો કહે છે કે એ સંખેશ્વરને પૂર્વે શ્રીકૃષ્ણે જરાસંધના યુદ્ધ સમયે પ્રગટ કરેલા ? એથીજ એ સંખેશ્વર કહેવાયા. એનેજ પલટાવીએ ?" આનંદગિરિએ—શંકરાચાર્યના શિષ્યે વચમાં કહ્યું.

"એ ગુજરાતની હદમાં આવેલું હોવાથી એ કામ જરા અઘરૂં કહેવાય. ગુજરાતમાં વનરાજ ચાવડાની હાક વાગે છે. એ જૈનધર્મી હોવાથી આપણને ઘણું મુશ્કેલીમાં ઉતરવું પડે" રાજાએ શંકા કરી. "એ ચોર લોકોની હાક હમણાં જોસમાં વાગે છે. તો સુતેલા સિંહને નાહક શામાટે છેડવો ?"

"તમારૂં કહેવું સત્ય છે. વનરાજ ચાવડાના હૃદયમાં બાલ્યપણાથી જૈનોના સંસ્કારો પડવાથી એ એમનો ભક્ત બની ગયો છે. માટે જ્યાં સુધી હું એને ચુસ્ત શૈવ ન બનાવું ત્યાં લગી આપણે રાહ જોવી. એને શૈવ બનાવી એને જ હાથે

જૈન તીર્થોનો ઉચ્છેદ કરાવીશ. જો કે એને સમજાવવામાં હું ફાવ્યો નથી, પણ એથી હું કાંઇ નાહિંમત થયો નથી. હું જરૂર એને શૈવ બનાવીશ. " શંકરાચાર્યે પોતાનો બચાવ કર્યો.

" આપણે જગન્નાથપુરી ચાલો. ત્યાં આપણે ફાવશું. ત્યાં ઓરિસા-ઓઢીયાના રાજાએ જીરાવલા પાર્શ્વનાથની અદ્ભૂત પ્રતિમા પ્રતિષ્ઠિત કરી છે. જૈનોમાં એ પણ મોટું તીર્થ ગણાય છે, તો આપણે એને હિંદુઓનું તીર્થ બનાવી દઇએ. " ફરીને શંકરાચાર્યે દલીલ કરી.

" એ આપની દલીલ વ્યાજબી છે. તન મન અને ધનથી હું આપને મદદ કરવા તૈયાર છું." રાજાએ મદદ કરવા કબુલ્યું.

" જ્યાં સુધી આપણી ધારણા સફલ ન થાય ત્યાંસુધી રાજન્ ? આ વાત ગુપ્ત રાખજો." રાજાએ એ વાત માન્ય કરી, એટલે જગન્નાથનું જૈનતીર્થ ઉચ્છેદ કરવાનો નિશ્ચય કરી રાજા અને શંકરાચાર્ય પોતપોતાને સ્થાનકે ગયા.

# પ્રકરણ ૬ ઠ્ઠું.

## વેર લેવાની નવી રીત.

એક દિવસ કનોજરાજ સભા ભરીને બેઠા હતા. એમના સામંતો, સરદારો ને ભાયાતો એક બાજુએ બેઠા હતા. બીજી તરફ રાજમંત્રીઓ ને પંડિતોએ પોતાની પાસે બેઠક લીધી

હતી. રાજાની પાસે જમણા હાથ તરફ ઉચ્ચ સિંહાસન ઉપર બપ્પભટ્ટસૂરિ બેઠા હતા. વિવિધ પ્રકારે વાર્ત્તાલાપ ચાલતો હતો. એ વાર્ત્તાલાપમાં પ્રતિહારીએ આવીને ભંગાણ નાંખ્યું. કનોજરાજને નમીને તે બોલ્યો. " મહારાજ ? ગૌડ દેશથી ધર્મરાજનો દૂત આવેલ છે જે આપ શ્રીમાનની પાસે આવવાની રજા માગે છે. "

ધર્મરાજનો દૂત સાંભળી રાજા ચમકયો. " ધર્મરાજનો દૂત ? એ તો આશ્ચર્ય ? એ શું સમાચાર લાવ્યો હશે ? એને સત્વર પ્રવેશ કરાવ ? " રાજાએ હુકમ આપ્યો. સર્વે સભ્ય જનોનાં મન જીજ્ઞાસાથી આતુર થઇ રહ્યાં હતાં.

મંદમંદ ડગલાં ભરતો ને કનોજરાજની રાજસભાની ભવ્યતાનું નિરિક્ષણ કરતો દૂત રાજાની સન્મુખ આવીને નમ્યો. " મહારાજ ? આપની વિચક્ષણતાથી ધર્મરાજને બહુ સંતોષ થયો છે. આપ આવીને અમારી મેમાનગતિ સ્વીકાર્યા વગર ગુપચુપ પસાર થઈ ગયા એ તો અમારા સ્વામીએ પાછળથી જાણ્યું. જાણે એટલે નવાઇ તો લાગે જ ને ? "

" એમ ? તારો રાજા મારો સત્કાર કરવાને ઇચ્છે છે તો મોકલ એને રણસંગ્રામમાં ? અમે બન્ને સામસામે સારી રીતે મલશું ? " આમરાજાએ કટાક્ષથી જવાબ આપ્યો.

" યુદ્ધભૂમિ ઉપરજ શૂરવીર પુરૂષો તો મળે, એ આપનુ કથન સર્વથા સત્ય છે. છતાં યુદ્ધભૂમિ ઉપર આપના બેની ખાતર લાખો નિર્દોષ પ્રાણોની વ્યર્થ આહુતિ લેવી એ કાંઇ ઠીક કહેવાય

નહી. એ હજારોની કત્તલ વગર આપણે મલવું જોઇએ. ” દૂતે કહી સંભળાવ્યું.

“ તો તારા રાજાને મોકલ ? એ અને હું દ્વંદ્વ યુદ્ધ કરશું. એમાં જે હારે એનું રાજ્ય જે જીતે તે લે, એવી શરત કરશું. આપણે એક બીજાને સીમાડે ભેગા થાશું. ” રાજાએ બીજી યુક્તિ બતાવી.

“ એ પણ આપનું કથન વ્યાજબી છે. પણ આપ સમાન ઉત્તમ પુરૂષો બાહુ યુદ્ધ કરી નાના બચ્ચાની માફક ધુળમાં આળોટે એ પણ કાંઇ ઇષ્ટ તો ના કહેવાય. ” દૂતે એ યુક્તિને ઉડાવી દીધી.

“ તો તારો ને મારો સુભટ મલે એમના દ્વંદ્વ યુદ્ધથી આપણે હારજીતની હોડ કરીયે ? ” રાજાએ ત્રીજી યુક્તિ બતાવી.

“ એના કરતાંય મારા સ્વામીએ એક નવી યુક્તિ શોધી કાઢી છે. ” દૂતે કાંઇ નવીન વાત કરી.

“ અને તે યુકિત ? ” રાજા સાંભળવાને અધિરો થયો. સર્વે સભા ઉત્સુક થઇ રહી.

“ અમારા રાજ્યમાં સૌગતમતના વાદી વર્ધનકુંજર રાજમાન્ય થયા છે એ મહાવાદી ઘણી પ્રજ્ઞાવાળો, અને જેણે સેંકડો વાદીયોને જીત્યા છે એવો મહા વિદ્વાન છે. એની સાથે આપનો કોઇપણ પંડિત હોય એ વાદ કરે ! એમાં જે વાદી જીતે તે હારેલાનું રાજ્ય આંચકી લે ! એ શરત આપે

માન્ય કરવી પડશે." દૂતે પોતાના સ્વામીનો સંદેશો કહી સંભળાવ્યો.

"રે દુત? આ તે તારો ગડબડાટ છે કે તારા સ્વામીનો! જો આ શરત તારા સ્વામીને માન્ય હોય તો અમે વાદીને લઈને આવશું. પ્રથમ તારા સ્વામીની સત્યતા માટે તું શું પ્રમાણ આપશે?" રાજાએ દૂતને ફરીને ખાતરી કરવા કહી સંભળાવ્યું.

"કનોજરાજ? કારણવશાત્ યુધિષ્ઠિરે પણ દ્રોણપર્વમાં અસત્ય ભાષણ કર્યું. પણ મારા સ્વામી તો કારણ પડે તોય સત્યતાનો ત્યાગ કરે નહી, એ આપ નિશ્ચય સમજજો." દૂતે પોતાના સ્વામીનીવતી ખાતરી આપી. "સાક્ષાત્ ધર્મની મૂર્ત્તિ જ અમારા ધર્મરાજ તો કહેવાય."

"એ........મ? તો ઠીક? તારા રાજાને કહેજે કે અમે અમારા ગુરૂ બપ્પભટ્ટીસૂરિને લઇને આવશું તમે પણ વર્ધનકુંજરને લઇને આવો. આપણે આપણા બન્નેનો સીમાડો જ્યાં એક થાય છે ત્યાં મળશું." રાજાએ પોતાનો છેવટનો સંદેશ કહી સંભળાવ્યો.

"અમારા સ્વામીને ત્યાં આવ્યા હતા એ સૂરિજીને લઇ આવશો, એમજ કની?" દૂતે ચોકસી કરવાને પૂછયું.

"હા? એજ! તમારા ધર્મરાજના મેમાન! પણ આજે તો ધર્મરાજના મેમાન વર્ધનકુંજર છે ને? એ બન્ને વાદીઓ ભલે વાદ કરે. એમાં જે હારે તે માટે આપણી શરત મંજુર છે મને, પછી કાંઇ?" રાજાને કહ્યું.

રાજાએ તે પછી દૂતને રજા આપી. આખી રાજસભા દંગ પામી ગઈ. "રાજાએ યુદ્ધનું આમંત્રણ ન કર્યું એ કાંઇ ઠીક કહેવાય નહી. હવે કોણ જાણે કે પરિણામ શું આવશે ?" બધાનાં મન શોકાતુર હતાં. "મહારાજ ! આપે એની શરત માન્ય કરી એ ઠીક ના કર્યું ? એ બૌદ્ધો મહા તર્કવાદી અને કુયુક્તિનો ઉપયોગ કરનારા કહેવાય. ન કરે નારાયણ ને કાંઇ વિપરિત થાય તો પરિણામ શું આવે ?" એક મંત્રીએ પોતાનો અભિપ્રાય આપ્યો.

"આપણે તો તલવારો જ બતાવવી જોઇએ. હાર કે જીત એ તો અસિની ધાર ઉપર રહેલી હોય. વાગ્યુદ્ધ એ તો નામર્દ-બ્રાહ્મણોને માટે કહેવાય ?" બીજાએ કહ્યું.

"હવે જે થયું તે થયું, આપણે હારશું તો રાજ ભલેને એ લઈ જાય. એજ ભોગવે !" આમરાજાએ હસીને કહ્યું.

"આપણે તો આપણી શક્તિ જગતને બતાવવાની છે. બાકી તો કોણ હારે ને કોણ જીતે એ આપણે કેમ જાણીએ ? ભવિષ્યના પડદામાં રહેલી વાતો તો ભાવીને હાથ છે." સૂરિવરે કહ્યું.

"સૂરિવર ? આપે સાંભળ્યું હશે કે એ વર્ધનકુંજરે વાદમાં સેંકડો પંડિતોને જીતી લીધા છે. એનું નામ સાંભળીને એની આગળ પંડિતો પોતાનું વિદ્યાગુમાન છોડી દે છે. જગતના વિદ્વાનોને જીતવાને સમર્થ એ વર્ધનકુંજર આજે મહાવાદી તરીકે પ્રસિદ્ધ થયો છે. ધર્મ રાજાએ એને પોતાના

પક્ષમાં લઇને વેર વાળવાની આ નવી તક શોધી છે. મહારાજે એ વાત માન્ય કરી પણ અમને તો પસંદ નથી કોણ જાણે કે હવે શું બનશે ? " મંત્રીએ કહ્યું.

" હશે, હવે જે બનવાનું હતું તે તો બની ગયું ! વ્યર્થ શોક કરવાથી શું ! જે બાબતો ભવિષ્યના પડદામાં રહેલી હોય, પોતાની શક્તિથી બહાર–અગોચર હોય, એવી બાબતોનો ખેદ કરવાથી શું વળે ! એતો ભાવી બનવાનું હોય એજ બને ! " સૂરિવરે કહ્યું.

" હવે તમારે ખેદ કરવો નહીં. મારૂં વચન ફરે નહી. જગતમાં સત્યવાદીનું વચન એકજ હોય, સતીને પતિ પણ એકજ હોય. માટે તમે હવે લશ્કરની તૈયારી કરો. આપણે કાંઇ લડાઇ કરવી નથી. પણ લશ્કરી છાવણી ભલેને ત્યાં રહે. આપણે સીમાડાને છેડે પડાવ નાખવો, ને શું બને છે તે બધાએ જોયા કરવું. " રાજાએ સભા વિસર્જન કરી.

રાજાના હુકમનો સેનાપતિએ અમલ કર્યો. તે પછી એક બે દિવસમાં આમરાજ બપ્પભટ્ટ તથા પોતાના મુખ્ય મુખ્ય મંત્રીઓ, સામંતો, ને ભાયાતોને લઇ પોતાની છાવણી તરફ જવાને વિદાય થયો.

ધર્મરાજાને દુતે આવીને સંદેશો કહી સંભળાવ્યો. એણે જણાવ્યું કે આમરાજ બપ્પભટ્ટસૂરિને લઇને વાદ કરવા આવશે. આપણા બૌદ્ધ પંડિત વર્ધનકુંજર સામે બપ્પભટ્ટજી વાદ કરશે." બપ્પભટ્ટનું નામ સાંભળીને રાજાના હૃદયમાં ધ્રુજારી આવી.

"રાજન્ ! એ બપ્પભટ્ટી કોણ છે વારૂ ?" વર્ધનકુંજરે પૂછ્યું.

"એ જૈન સાધુ મહા પ્રતાપી છે. એમની વિદ્વત્તાની બરાબરી તો કોઇ કરી શકેજ નહીં. પંડિતજી ! મને ભય લાગે છે કે "રખેને !" ગોડરાજ બોલતાં બોલતાં અટકી પડ્યો.

"રાજન્ ? હિંમત ન હારો ! ગમે તેવો એ વિદ્વાન હશે, પણ તમારી નજર આગળ હું એને નિરૂત્તર કરી દઇશ. હાશ ! ઠીકજ થયું કે જૈનો મારા સપાટામાં આવ્યા. એમને હરાવી મારી કીર્ત્તિ જગત્માં હું અમર કરીશ. મારી ઉન્નત્તિ કરીશ. એમને હરાવી મારા પૂર્વજોનો બદલો વ્યાજ સાથે લઈશ." વર્ધનકુંજરે કંઇક આનંદથી કહ્યું. એ ઘણો ખુશી થયો.

"કેમ એમની સાથે તમારે કાંઇ ખાટી મીઠી છે કે શું ?" રાજાએ પૂછ્યું

"એથીજ તો ? એ ઇતિહાસનાં પડલ ઉખેડી મારા હૈયાનો ઘા આજે તાજો કરૂં છું. શરૂઆતમાં જૈન બનેલા પેલા અજાતશત્રુએ અમારૂં નિકંદન કાઢયું. વલ્લભી નગરના શિલાદિત્યની સભામાં એના ભાણેજ પેલા મલ્લવાદીએ—ભરૂચના રાજકુમારે અમારા પૂર્વજોને જીતી દેશ બહાર કઢાવ્યા એમને દેશવટો દેવરાવ્યો. હમણાંજ બસો વર્ષ પહેલાં થયેલા પહેલા હરિભદ્રે પણ અમારી ઉપર કાંઈ ઓછી નથી કરી ! એ બધું વેર લેવાની આજે મને ઠીક તક મળી. રાજન્! તું પણ જીત્યા પછી જૈનોને દેશપાર કરજે. મારા વૈરાગ્નિના પ્રતિકારમાં મને

મદદ કરજે." વર્ધનકુંજરે પૂર્વના ઈતિહાસનાં પડ ઉખેડ્યાં. એ રૂઝાયલા ઘા તાજા કરી વેર લેવાનો નિશ્ચય કર્યો.

"ત્યારે તો આપ એને જીતશો તો આપનું વેર બરાબર વળશે." રાજાએ પાનો ચઢાવ્યો

"આ વખતે તો દુનિયાંની કોઈપણ શક્તિ એ લોકોને મારાથી બચાવી શકે તેમ નથી. "આહ! એનું નામ સાંભળીને હું બહુ ખુશી થયો કે ટાઢા પાણીએ ખસ હવે બરાબર જશે." વર્ધનકુંજરે કહ્યું. તે પછી વૈર લેવાને અધિરો થયેલો ગોડરાજ પોતાના પરિવાર સાથે વર્ધનકુંજરને લઈ અર્ધભાગે પોતાના રાજ્યના સીમાડે આવ્યો.

# પ્રકરણ ૭ મું.

## જગન્નાથમાં.

એક શુભ મુહુર્ત્તે માળવાના રાજા સહિત શંકરાચાર્યે જગન્નાથ તરફ પ્રયાણ કર્યું. એ પ્રયાણમાં માળવરાજે સકલ સૈન્ય સજ્જ કરાવ્યું હતું. તે સિવાય શંકરસ્વામીએ વિદર્ભના સુધન્વા રાજાને પણ સૈન્ય સહિત આમંત્ર્યો હતો તેને રસ્તામાં મળવા જણાવ્યું હતું. દેશપરદેશ દિગ્વિજય કરતા અવિચ્છિન્ન પ્રયાણે તે સર્વે જગન્નાથપુરીની સમીપમાં આવી પહોંચ્યા. આસપાસના ગામડાઓમાં તથા શહેરમાં એ સમાચાર ફેલાઈ ગયા. લોકો વિચાર કરવા લાગ્યા, કે "શંકરસ્વામી જગન્નાથ-

પુરી યાત્રાએ જાય એ તો નવાઇ ! જગન્નાથ તો જૈનોનું તીર્થ સ્થળ ગણાય. કદાચ એ જીરાવલા પાર્શ્વનાથની પ્રાભાવિક પ્રતિમાનાં દર્શન કરવા જતા હશે. પણ શંકરસ્વામીતો રહ્યા ચુસ્ત સ્માર્ત્ત માર્ગી ? ”

“ અરે એતો પ્રચ્છન્ન બૌદ્ધ બન્યો છે. જુઓ તોખરા ! ઉપરથી શૈવધર્મનો ઉપદેશ કરતો એ તત્વો તો બૌદ્ધોનાં લે છે. બૌદ્ધનાં તત્વો એણે ગ્રહણ કર્યાં. છતાં બૌદ્ધનુંજ ખંડન કરે ? જીરાવલા પાર્શ્વનાથની યાત્રા કરવા જાય છતાં જૈનોનો દુશ્મન ! કલિયુગની વિચિત્રતા તો જુઓ ! ” વળી કોઈ બોલવા લાગ્યા.

“ શંકરસ્વામી તો વામમાર્ગી છે, એ મેં સાંભળ્યું છે. એ તો શ્રીચક્રની સ્થાપના કરી એને પૂજે છે છતાં જીરાવાલા પાર્શ્વનાથનાં દર્શને જાય છે ! શું એ જૈન થઇ ગયો કે ? ” જેને જેમ ફાવે તેમ બોલે એવી અનેક પ્રકારે લોક વાયકા ઉડી રહી હતી.

જગન્નાથની આજુબાજુ એ બન્ને રાજાઓએ તંબુ લગાવી દીધા. એ છાવણીનો દેખાવ મોટા શહેર જેવો થઈ રહ્યો. લોકોને રોજગારનો પણ ઠીક તડાકો પડતો હતો. જેને જેમ ફાવે તેમ વાતો કરવી ગમતી હતી. જગત ભિન્ન ભિન્ન પ્રકૃતિવડે પોષાયેલું હોવાથી જેમ દરેકના ભિન્ન ભિન્ન સ્વભાવો જેવાય છે, તેમ દૃષ્ટિ અને બુદ્ધિ તેમજ વિચારણા અને શક્તિ પણ ભિન્નજ હોય, આજુ બાજુની જૈન પ્રજા પણ વિચારમાં પડી

ગઇ. "ઓહો ? શંકરસ્વામી જીરાવલે આવ્યા, એતો અદ્‌ભૂત-જ ! આસપાસના સેંકડો જૈનો પણ જીરાવલામાં–જગન્નાથમાં ભેગા થયા, સર્વેના મનમાં કુતુહલ હતું. જીરાવલા મંદિરના પુજારીઓ, કામ કરનારા અને મેતા વગેરે પણ આવો મોટો સંઘ જોઇને ખુશી થયા. વિશેષ ખુશાલી તો એ હતી કે શાક્ત-ધર્મી—સ્માર્ત્તધર્મી શંકરાચાર્ય રાજાઓને લઇને આવ્યા હતા. રાજાઓ પણ સકલ સૈન્યથી પરિવરેલા હતા. જાણે કે યુદ્ધ કરવાનેજ ખાસ ન આવ્યા હોય. જો કે હજી ચીનગારી લાગી નહોતી છતાં દરેકનાં હૈયાંતો ગુપ્ત રીતે ધડકતાંજ હતાં.

છાવણીને બે ચાર દિવસ પસાર થઈ ગયા. પોતાનો દુષ્ટ હેતુ પાર પાડવાને એમણે એક દિવસ મુકરર કર્યો. તે દિવસે બન્ને રાજાઓ શસ્ત્રબદ્ધ થઇને શંકરસ્વામી સાથે ચાલ્યા. એમની સાથે વીણી કાઢેલા સેંકડો સુભટો હતા. તે સર્વે શસ્ત્રબદ્ધ હતા. અહીંયાં લશ્કરને પણ સાવધ રહેવાની ચેતવણી આપવામાં આવી. કેટલાક છુટા છવાયા ગામમાં ફરવા લાગ્યા. કેટલાક મંદિરની આજુબાજુ ફરતા. કેટલાક રસ્તા ઉપર ફરતા. ને તપાસ રાખતા. જરૂર પડે સર્વેને તૈયાર થઈ હથીયાર વાપરવાની સૂચના મળી ગઇ હતી.

યથા સમયે એ ત્રિપુટી જીરાવલાના મંદિર પાસે આવી પહોચી. મુખ્ય દરવાજા પાસે આવ્યા અને અંદર દાખલ થયા. પહેરગીરો એ રાજાઓને તથા શંકરસ્વામીને જોઇને નમ્યા. અને વિનંતિ કરી. " મહારાજ ! આપ દર્શન કરવા આવ્યા એથી અધિક ખુશાલી બીજી કઇ ? પણ શસ્ત્ર ઉતારીને જીન-

મંડપમાં જઈ શકાય." એમ કહી એક લેખ એ સંબંધી બતાવ્યો.

શંકરસ્વામીએ એ લેખ વાંચ્યો. અને ચીનગારીની શરૂઆત કરી. "રાજાઓ પોતાના શસ્ત્રો નહી ઉતારે ?"

"સ્વામીજી ! આપ અને મહારાજ સર્વે સમજો છે કે એઓ મહાદેવના કે અન્ય કોઇ દેવળમાં જાય છે ત્યારે શસ્ત્ર એમને ઉતારવાં પડે છે, આપણુ એક મંદિરજ છે ને ?" દ્વારપાલે આજીજી કરી.

"તું એક હિંદુ થઇ અમારો ભક્ત થઇ અમારો દ્વેષી બને છે. ?" એમ કહી એનો જવાબ સાંભળ્યા વગર એઓ અંદર ઘુસ્યા એ સમયે એમના સુભટો, સરદારો પણ આવી પહોચ્યા હતા. એમણે મંદિર ઘેરી લીધું ને કેટલાક અંદર ઘુસ્યા.

પહેરેગીરો આશ્ચર્યચકીત થઈ ગયા. એમને શું કરવું એની કાંઈ ગમ પડી નહી. જીરાવલા પાર્શ્વનાથના દર્શને આવેલ સેંકડો શ્રાવકો ત્યાં આવી પહોચ્યા. પણ એમને અંદર જતાં અટકાવવામાં આવ્યા. કેટલાક સુભટો શસ્ત્રબદ્ધ ત્યાં ઉભેલા, એમણે શ્રાવકોને સૂચવ્યું કે 'મહારાજ દર્શન કરી બહાર આવે ત્યાં સુધી કોઈને અંદર જવાની મના કરવામાં આવી છે.' એમને પણ ગંધ આવી કે 'દાળમાં કાંઇ કાળુ છે.' એ શંકરાચાર્ય જૈનોનો અઠંગદ્વેષી કાંઇક ભુંડું કરવા આવ્યો

છે. જૈનો અંદર જવાની રકજક કરવા લાગ્યા. આસ્તે આસ્તે મંદિરને લશ્કરે આવી ઘેરી લીધું હતું.

શંકરાચાર્ય, રાજા અને સુભટો અંદર ઘુસ્યા અને મંદિરના રંગમંડપમાં આવી પહોચ્યા. ઠેઠ ગભારામાં ઘુસી જઇ શંકરસ્વામીએ જીરાવલા પાર્શ્વનાથની મુર્ત્તિની આશાતના કરવા માંડી. બીજાઓ બીજી પ્રતિમાઓને ઉત્થાપન કરવા લાગ્યા. આકૃત્ય જોઇને એના પુજારીયો અંદર ઘુસી આવ્યા. અને વચમાં પડી અટકાવવા પ્રયત્ન કરવા માંડયો. બૂમે બૂમ પડી–હાકલ પડી.

"અરે સ્વામીજી! આપ આ શું કરો છો? આપના સાધુપણાને આ ઘટે! એ પ્રભુને ના ઉત્થાપો!" એમનુ કાંડુ પકડીને એક પૂજારીએ શંકરસ્વામીને અટકાવ્યા. બીજાઓ બીજા લોકોની વચમાં પડયા. પણ ત્યાંતો રાજાઓ અને સુભટોએ તલવારો ખેંચી, એ નિઃશસ્ત્ર પુજારીઓને કતલ કરવા માંડયા.

શંકરસ્વામીએ કહ્યું ". અરે અધમ? આ કાંઇ સાચા દેવ નથી. જો સાચા દેવ તો હું હમણાજ પ્રગટ કરીશ." એમણે પુજારીને ધક્કો મારી મુર્ત્તિને ઉત્થાપન કરવા માંડી.

પણ પુજારીએ તરતજ સાવધ થઇને મુર્ત્તિને ઉત્થાપતા શંકસ્વામીને ગેરદનમાંથી પકડયા. એણે જાણ્યું કે હવે ખેલ ખલાસ હતો. એ પોતે પોતાના સોબતીઓની માફક અલ્પ સમયમાં મોતનો મેમાન થવાની તૈયારીમાં હતો. એણે નિમિષ માત્રમાં શંકરસ્વામીની છાતીમાં લાત મારી એ આરસની

જમીન ઉપર પટક્યા. અને ઘુમરાણ મચાવી મૂક્યું. શંકરસ્વામીનું શરીર છુંદાણું. માથા ઉપર સખત ઘા થયો ને એમાંથી લોહી વહેવા લાગ્યું. એટલામાં એક તલવાર એ પૂજારીની ગરદન ઉપર પડવાથી તે મરણને શરણ થયો.

દ્વારપાલો શસ્ત્ર લઇ ત્યાં દોડી આવ્યા. સુભટો એમને અટકાવવા તૈયારજ હતા. એક બીજાએ જીવપર આવીને પોતપોતાનું બળ બતાવ્યું. છતાં દ્વારપાલો પડયા, એમની સાથે સુભટો પણ હમેશને માટે સુતા. શંકરાચાર્ય થોડીવારમાં સાવધ થયો, એટલામાં મંદિરની દરેક પ્રતિષ્ઠિત પ્રતિમાઓ ઉત્થાપન થયેલી જોઇ ખુશી થયો. એણે–શંકરાચાર્યે જીરાવલા પાર્શ્વનાથની પ્રતિમા નીચે ખાડો ખોદાવી એ પાર્શ્વનાથના પ્રતિમા ખાડામાં રાખી એને ઉપરથી ચણી લેવાનું કામ તાકીદે પૂરૂં કર્યું.

એટલામાં અંદરથી પોકાર સાંભળી સેંકડો જૈનો પોતપોતાનાં હથીયાર સંભાળી ત્યાં દોડી આવ્યા. એ જીરાવલા ઉપર ભકિતવાળી સર્વે પ્રજા હથીયાર લઇને દોડી. ગઢની બહાર યુદ્ધ થયું. કેટલાક મરાયા છતાં લોહીથી ખરડાયેલા અંદર દોડયા. એ તલવારો સામે તલવારો, શસ્ત્રો સામે શસ્ત્રો અથડાણાં. લશ્કર પણ છૂટી ગયું હતું. મારામારી પૂરજોસમાં થઇ રહી હતી.

જૈનોની સંખ્યા અલ્પ હોવાથી લડતાં લડતાં એમણે પોતાનું જીવન જીરાવલાને અર્પણ કર્યું. કેટલાકને બંધીવાન

બનાવવામાં આવ્યા, મરનારાઓએ ઘણાનો ભોગ લીધો હતો. રાજાઓ અને એના સુભટોએ પણ તલવારને બરાબર રૂધિરથી નવડાવી હતી.

ત્યાં રહેનારા નિઃશસ્ત્ર ચૈત્યવાસી સાધુઓ પણ અકોલાહલથી દોડી આવ્યા. પ્રભુના ઉત્થાપનની વાત સાંભળીને એમનાં હૈયાં જનુની બન્યાં હતાં. મરણીયા થઇ ધસી આવતા એમને પકડી લેવામાં આવ્યા. એક બે મજબૂત બાંધાવાળા એમના પંજામાંથી છટકી જઈ મંદિરમાં દોડી ગયા. એમણે જોયું તો પ્રતિમાઓ બધી ઉત્થાપના કરવામાં આવી હતી. ને શંકરસ્વામી જીરાવાલાની પ્રતિમાને સ્થાનકે શ્રીચક્રની સ્થાપના કરતો હતો. એ એકદમ શંકરસ્વામી ઉપર ધસી ગયા. પણ તરતજ એમને પકડી લેવામાં આવ્યા એમને બરાબર બાંધવામાં આવ્યા.

" અરે સંન્યાસી ? તેં સંન્યાસી થઇ અમારા ભગવાનની પ્રતિમાઓનો નાશ કેમ કર્યો ? " બંધનમાં પડેલા એક ચૈત્યવાસી યતિએ ગર્જના કરી.

" અરે મૂઢ ! જો ખરા ભગવાન તો આ છે. તારે કલ્યાણ કરવું હોય તો એને નમ. " શ્રીચક્રની સ્થાપન કરી રહેલા શંકરે એ યતિને પડકાર્યો.

" અરે આવું પાપ કામ કરી તું ક્યાં છુટીશ ? એ જુલમનું ફળ તને અવશ્ય મળશે તું બૂરે મોતે મરશે ? " શંકરસ્વામીને યતિએ કહ્યું.

"ચૂપ ! તારી જબાન બંધ કર ? નહીતર હમણાંજ છેદી નાખવામાં આવશે. તને ક્યાંથી ખબર હોય ? હું તો સાક્ષાત્ શંકરનો અવતાર, જગતમાં શૈવધર્મનો ઉદ્ધાર કરવા આવ્યો છું તે ?"

" ખચિત ! તું જગતનો સંહાર કરવા આવ્યો છું. પણ યાદ રાખજે કે જેવું તેં અમારૂં તીર્થ નાશ કરી પ્રતિમાઓ ખંડીત કરી છે એવું જ તારૂં મોટામાં મોટું તીર્થ ખેદાન મેદાન થશે. તે વખતે તારા લાખો ભક્તોનો–મનુષ્યોનો રકતપાત થશે. તારા શિવના ટૂકડા દૂરના દેશોમાં મ્લેચ્છોના પગ તળે રગદોળાશે." યતિએ શ્રાપ આપ્યો.

" ચૂપ કર ! " એમ બોલતાંજ એક તલવાર એની ગરદન આસપાસ ફરી.

---

શંકરસ્વામીનું કામ ખલાસ થયું હતું. જીરાવલાની પ્રતિમા નીચે ભોંયમાં રાખી શ્રીચક્રના યંત્રના–ભૈરવની સ્થાપના કરી. બીજી પ્રતિમાઓને પણ ખંડીત કરાવી.

આ તરફ પણ મારામારી બંધ થઈ હતી, કેટલાક મરી ગયા હતા. કેટલાક બંધીવાન બન્યા હતા. એ આ પાપ કૃત્ય જોઇ બળી જળી શંકરાચાર્ય ઉપર દાંત કચકચાવી રહ્યા હતા.

શંકરાચાર્યે એ લોહીથી રંગાયેલું અને મૃત કલેવરથી ઉભરાયલું મંદિર પ્રથમ સાફ કરાવી નાખ્યું. બધાં મડદાં પણ ગામથી દૂર ફેંકાવી સર્વે જગા સાફ કરાવી નાખી. ધૂપ વગેરે કરીને મંદિર પવિત્ર કરી દરેક હિંદુજાતિને આમંત્રણ કર્યું.

એણે જાણ્યું કે આ મંદિર કોઇ એક પક્ષનું શિવનું કે કૃષ્ણનું ન બનાવતાં સમસ્ત હિંદુજાતિ માટે ખુલ્લું મુકવું એ ઠીક છે, કે જેથી એ લોકો એના બચાવમાં રહી શકે. લાંબો કાલ મંદિર પણ ટકી શકે.

નવા પુજારી રાખ્યા. કામ કરનારા માણસોની નિમણુંક કરીને પહરેગીરો પણ શૈવના ચુસ્ત ભક્ત સુભટોને રાખ્યા. એક દિવસ મોટો શંભુ મેળો ભરી સમસ્ત હિંદુ જાતિ માટે આ મંદિર ખુલ્લું મૂકયું અને મોટો ઉત્સવ કર્યો. એ મેળામાં આવેલા સમસ્ત હિંદુ લોકોને એણે ઉપદેશ આપી જગન્નાથપુરીના ચુસ્ત ભક્ત બનાવ્યા. કેટલાય દિવસ એ ઉપદેશ અપાયો. લોકોને આ મંદિરના ચુસ્ત ભક્ત બનાવ્યા. મંદિરનો પાયો એવી રીતે શંકરસ્વામીએ મજબૂત કર્યો. ભ્રાતૃભાવ સાચવવા અને એકદીલી રાખવા શંકરસ્વામીના ઉપદેશથી ઢેઢ, ભંગી, કોળી, દરજી, સુતાર, ને વૈશ્ય, બ્રાહ્મણ સર્વે કોઇ એક પંક્તિએ જમ્યા છતાં વટલાય નહીં તેમજ અહીંયાં હમેશાં સર્વે કોઈ સાથે જમે એવી શંકરસ્વામીએ પૃથા પાડી, ઉચ્ચ નીચનો ભેદ કાઢી નાખી બધાએ સમાન છે, એવી ભાવના ઉત્પન્ન કરી સમસ્ત હિંદુ જાતિને આ મંદિર શંકરસ્વામીએ અર્પણ કર્યું.

ત્યાંના તથા આસપાસના જૈનો કેટલાક તો મંદિરનો બચાવ કરવા જતાં હોમાયા હતા, કેટલાક કેદ પકડાયા હતા. તેમને શૈવ થવાની શરતે છોડી મૂકવા શંકરસ્વામીએ જણાવ્યું. કેટલાક જીવવાની ઇચ્છાએ જૈન મટી શૈવ થઇ શ્રીચક્રના ભક્ત

થયા. કેટલાક દૃઢ મનોબળવાળાએ એમની સુચના અંગિકાર ન કરી એ એમના સુભટોની તીક્ષણ ભાલાની અણીના ભોગ થયા.

આસપાસના ગામડાઓમાંના કેટલાક જૈનોને પણ શૈવના ભક્ત બનાવી દીધા. એમના સપાટાથી આસપાસ ત્રાસ વર્ત્તી રહ્યો. કેટલાય જૈનો ભાગી ગયા, જે હાથ આવ્યા તે જીવવાની આશાએ શૈવ થયા ને કેટલાક એમની તલવારને આધિન થયા.

થોડા દિવસ વધારે રહીને શંકરસ્વામીએ લોકોને ઉપદેશ આપી પોતાના પક્ષનું બળ વધાર્યું. લોકોને ચુસ્ત ભક્ત બનાવ્યા. ગોવર્ધન મઠની સ્થાપના કરી મંદિર માટે પ્રાણ આપવાથી સ્વર્ગ મળે એવી ભાવના લોકોના હૃદયમાં ઉત્પન્ન કરી. જૈનોને પણ મારી મારીને શૈવના ઉપાસક બનાવ્યા.

પોતાનું મોટું કામ પાર પડવાથી એને મહા સંતોષ થયો. “ હાશ ? આજ મારા મનની મુરાદ બર આવી. એ નાસ્તિકોનું મોટામાંમોટું તીર્થ આપણે વટલાવ્યું. હવે આપણે અહીંથી રવાને થવું જોઇએ. ” શંકરસ્વામીનું વચન રાજા અને સુભટોએ વધાવી લીધું.

મંદિરમાં પછડાવાથી શંકરસ્વામીને શરીરે લાગેલું પણ હવે તો શરીર સારૂં થયેલું જેથી અહીંથી ઉપડવાની તૈયારી કરવા માંડી. રાજાઓ પણ જવાને આતુર હોવાથી ત્યાંનો બંદોબસ્ત કરી એક દિવસે એમની છાવણી અને તેઓ બધા સ્વદેશ તરફ રવાને થયા.

# પ્રકરણ ૮ મું.

## વાગ્યુદ્ધ.

આમરાજ ને ધર્મરાજની છાવણીના મોરચા સામસામે ખડા થયા, જેથી જંગલ છતાં શહેર જેવો દેખાવ થઇ રહ્યો. બન્ને છાવણીઓની મધ્યમાં એક મોટો મંડપ ઉભો કરવામાં આવ્યો. જેમાં હજારો માણસો બેસી શકે એવી વ્યવસ્થા કરવામાં આવી. મંડપ તૈયાર થઈ ગયા પછી એક શુભ દિવસ વાદવિવાદ કરવા માટે મુકરર કર્યો. તે દિવસે પ્રાતઃકાળે સભા ભરી, બન્ને રાજાઓ પોતાને યોગ્ય આસને બેઠા. બન્ને દેશના પંડિતો લવાદ—મધ્યસ્થ તરીકે નિમાયા. એમાં ગૌડપતિ ધર્મરાજનો કવિ વાગ્પતિ ચુસ્ત શૈવધર્મી તેમજ શંકરાચાર્યનો શિષ્ય હતો, એને સર્વે સભાનો અધ્યક્ષ નીમ્યો. વાદ કરનારા તેમજ અન્ય સર્વે પંડિતજનોએ એને માન્ય રાખ્યો. કેમકે વાક્પતિ દરેક રીતે તે પદને યોગ્ય હતો. જેવી રીતે એ પાંડિત્યમાં નિપુણ હતો તેમજ શીઘ્ર કવિ પણ હતો. યુદ્ધના મેદાનમાં એનું શૌર્ય પણ અનુપમ હતું. લવાદોમાં પણ ન્યાયાધીશ—અધ્યક્ષ તરીકે મળેલા પદને તે તદ્દન યોગ્ય હતો.

વાદવિવાદની શરૂઆતમાં સૌગતાચાર્યે પોતે પૂર્વ પક્ષ શરૂ કર્યો. શરૂઆતમાં એ વાદીએ આશિર્વાદ રૂપ મંગલાચરણ કર્યું.

" क्षमर्णे सौगते धर्म्मः पश्य वाचंयमेन यः
आहतः साधयन् विश्वं, क्षण क्षण विनश्वरम् " ॥ १ ॥

**ભાવાર્થ**—"જે વાચંયમ પુરૂષોએ આ બૌદ્ધધર્મ કહ્યો છે તે તમારા સુખને માટે થાઓ—તમને શાંતિનો દેનાર થાઓ. જેણે ક્ષણેક્ષણ નાશ થનાર બધા વિશ્વને સાધ્ય કર્યું છે—તાબે કર્યું છે. એવો આ સૌગતધર્મ જગત્વ્યાપી થયો છે." એમ કહી એણે પૂર્વ પક્ષ શરૂ કર્યો.

હવે શ્વેતાંબર આચાર્ય બપ્પભટ્ટસૂરિજીએ ઉત્તરપક્ષ તરીકે શરૂઆતમાં મંગલાચરણ કર્યું.

" अर्हन् शर्मोन्नतिं देयान्नित्यानंद पदस्थितः
यद्वाचाविजिता मिथ्यावादा एकांतमानिनः " ॥ १ ॥

**ભાવાર્થ**—"હમેશાં આનંદમાં જ રહેનારા એવા રાગ દ્વેષ રહિત અરિહંત તમોને અભ્યુદય—સુખ, ઉન્નતિને આપો. જેમની વાણીએ મિથ્યાવાદ કરનારા એવા—એકાંત વાદ કરનારા વાદીઓને પણ જીતી લીધા છે." આશિર્વાદ કહી સૂરિએ વાદીના પ્રશ્નોનું ખંડન કરવા માડયું.

બન્નેની આશિષ દેવાની શૈલી પૃથક્ પૃથક્ હતી. એ મંગલાચરણના તત્વો તરફ પંડિતોએ—વિવાદમાં મધ્યસ્થ પુરૂષોએ પોતપોતાનું લક્ષ્ય દોરવ્યું. એમણે અનુમાન કર્યું કે—" આ સૌગતવાદીએ જગતને ક્ષણભંગુર કહ્યું એ ઉપરથી લાગે છે કે એની વાણી પણ ક્ષણભંગુર થશે.

નિત્ય આનંદપદમાં સ્થિત વિજયરૂપી લક્ષ્મીનું આકર્ષણ કરનારી તેમજ મિથ્યાવાદ ઉપર વિજય મેળવનારી એવી અર્હન્‌ની વાણી જગતમાં અદ્વિતીય જયવંતી છે એ શબ્દો વડે કરીને અનુમાન કરી શકાય છે કે આ શ્વેતાંબર સૂરિનો વિજય થશે. જેવી વાણી એમણે વર્ણવી છે એવી જ એમની વાણી હમેશાં વિજયવંતી રહેશે. ”

સભાના મધ્ય પુરૂષ એ પ્રમાણે નિશ્ચય કરીને મૌન રહ્યા તે પછી કસ્તૂરી હાથમાં લઇને બૌદ્ધ પંડિત બોલ્યો, એણે કસ્તુરીને ઉદ્દેશીને પોતાનો પૂર્વ પક્ષ શરૂ કર્યો.

એ પૂર્વ પક્ષનો શ્વેતાંબરાચાર્યજીએ સર્વને અનુકુળ એવી વાણી વડે કરીને પ્રતિઘાત કર્યો. એવી રીતે બન્ને જણા એક બીજાના પક્ષનું ખંડન મંડન કરવા લાગ્યા. સભાનો સમય અમુક નિયમિત હોવાથી છેવટના પ્રશ્નનું અધુરૂં કાર્ય બીજા દિવસ ઉપર મુલતવી રહ્યું.

એમના ખંડન મંડનમાં સભ્યજનોને બહુ રસ પડવા લાગ્યો. એક બીજાની યુક્તિઓ કંઇ નવી નવીજ નીકળતી. બન્ને જણા પોતાના પક્ષનું મંડન કરીને અન્ય પક્ષનું ખંડન કરતા હતા. બન્નેની અસાધારણ બુદ્ધિ હતી. દિવસ ઉપર દિવસો પાણીના પ્રવાહની માફક વહી ગયા પણ વાદનો અંત આવે એમ જણાયું નહી. જેમ દિવસ પસાર થતો એમ કાંઇ નવીનજ નીકળતું. એ નવી નવી વાણી પંડિતોને પણ આશ્ચર્ય મુગ્ધ કરતી. એથી એમનો વાદવિવાદ સભ્યજનોને બહુજ

કૌતુક રૂપ થઈ પડ્યો. જેમ જેમ આસપાસ ખબર પડતી ગઈ એમ દરેક પંડિતો તેમજ આવી બાબતમાં રસ લેનારા પુરૂષોનાં ટોળેટોળાં ત્યાં દિવસના એકત્રિત થતાં, ને સાયંકાળે પોતપોતાના સ્થાનકે જતાં.

દિવસ ઉપર દિવસ જતાં એ વાદવિવાદ કરતાં છ માસ વહી ગયા. પણ કાંઇ પરિણામ જણાયું નહી. બધા સભ્યજનો ક્ષોભ પામ્યા. લવાદો—પંડિતજનો મુંઝાયા. એમને લાગ્યું કે આ વાદનો છેડો આવે એમ લાગતું નથી. બન્ને બુદ્ધિના નિધાન હતા. બધાને લાગ્યું કે બન્ને ઉપર ભારતી પ્રસન્ન હતી, ત્યાં કોણ હારે ! આમને આમ કેટલોય સમય પસાર થઇ જાય, તોપણ કોઇ હારે એમ નહોતું. કેવી રીતે સભાનો હવે અંત લાવવો એ માટે બધા ચિંતાતુર હતા.

ધર્મરાજે બૌદ્ધવાદીને એક દિવસે સાયંકાળના કહ્યું— "મહારાજ ? આજ છ છમાસ વહી ગયા; છતાં અંત આવતો નથી આ તે શું કહેવાય ? રાજ રેઢું પડયું છે. કોઇ આવી દબાવી દેશે તો છોડાવવું પણ ભારે થઇ પડશે. આખું ખાવા જતાં કટકો પણ ગુમાવાની વખત આવી છે. માટે હવે તો ઝટ નિવેડો લાવો તો ઠીક."

"રાજન્ ? મેં નહોતું ધાર્યું કે જૈનાચાર્ય આટલો બધો વિદ્વાન હશે. લીલામાત્રમાં એને જીતી લેવાનો મારો મનસુબો અત્યારે તો વ્યર્થ ગયો છે. પણ એથી શું ? આપણે હારશું નહી એ નિઃસંદેહ વાત છે બનતાં લગી હું યુક્તિકુયુ-

તિઓનો ઉપયોગ કરી એને નિરૂત્તર કરી દઇશ." બૌદ્ધાચાર્યે રાજાના મનનું સમાધાન કર્યું.

"હવે તો અમે બધા મુંઝાયા છીએ. માટે જેમ બને તેમ એનો અંત લાવવા કૃપા કરજો અને એ ક્યારે એમ કરજો?" ધર્મરાજાએ કંટાળીને વાદનો તાકીદે અંત લાવવા ભલામણ કરી.

"તમારે તે વિષે બે ફીકર રહેવું હું એ માટે બરાબર ઇલાજો લઇશ." સૌગતાચાર્યે રાજાનું મન મનવ્યું.

સૌગતાચાર્ય ચિંતાતુર થયો "આ સમર્થ વાદીને કેવી રીતે જીતવો? શી યુક્તિ કુયુક્તિ લડાવવી, કે જેથી એ નિરૂત્તર થાય!" એ માટે તે મનમાં અનેક તર્ક વિતર્ક કરવા લાગ્યો.

જેવી રીતે ધર્મરાજાએ કંટાળીને સૌગતાચાર્યને પોતાનો હેતુ કહી સંભળાવ્યો એવીજ રીતે આમરાજાએ પણ બપ્પભટ્ટસૂરિજીને કહ્યું. "પ્રભુ? વાદ ક્યારે પૂર્ણ થશે? હવે! અમે તો બધા મુંઝાઇ ગયા છીએ. રાજકાર્યમાં પણ બાદ આવે છે તો તાકીદે હવે એનો અંત લાવો."

"રાજન્? આ બધો વાણી વિલાસ ચાલે છે, સભા રંજનની ખાતર એમના આનંદને માટે આજ સુધી તો ચાલ્યું, પણ તમે ખાતરીથી માનજો કે આવતી કાલે પ્રાત:કાળે એ વિદ્વાનોને માન્ય બૌદ્ધ ભિક્ષુને હું જીતી લઇશ." સૂરિવરે કંઇક નિશ્ચયતાપૂર્વક કહ્યું.

રાજાને એથી કંઈક આશ્વાસન થયું. તે પછી રાતને સમયે સૂરિવરે મંત્રશક્તિથી મંડલની રચના કરી. સરસ્વતી-મંત્ર ગુરૂએ પૂર્વે આપેલો એની પુનરાવૃત્તિ કરવા માંડી.

મધ્યરાત્રીનો સમય થવા આવ્યો એ સમયે એ દિવસનો કોલાહલ અને ધમચકડીમાં મશગુલ છાવણીના સર્વે-જનો શાંતિમાં હતા–નિદ્રાદેવીના ખોળામાં પોઢેલા હતા. કવચિત કવચિત પોતપોતાની છાવણીમાં ચોકી માટે ફરતા યમ-દુતો સમા પહેરગીરોના રૂક્ષ અવાજો સંભળાતા હતા. તેમજ શિયાળવાંના કર્કશ–કઠોર અવાજો કાને પડતા હતા. તે સિવાય આલમ તો અત્યારે શાંતિને ખોળે હતી.

ગુરૂએ આપેલા સારસ્વતમંત્રનું પરાવર્ત્તન કરી મધ્ય-રાત્રીને સમયે ચતુર્દશ ઉત્કૃષ્ટ કાવ્યથી સરસ્વતીની સ્તુતિ કરવા માંડી. એ આત્મબળ, એ મનોબળ અને મંત્રબળ આગળ દેવો પણ લાચાર હોય છે. એ મંત્રોની શકિત, કંઇક આરાધન કરનારની શકિત, ગમે તેવા દેવનું પણ આકર્ષણ કરે છે. મંત્રનાબળે અને કાવ્યના પ્રભાવે ભારતીદેવી તરતજ સૂરિવર આગળ પ્રત્યક્ષ થયાં. એ ચતુર્દશકાવ્યથી એમની સ્તુતિ કરી, "વત્સ? શા માટે મારૂં સ્મરણ કર્યું?" ભારતીએ પૂછયું.

"માતાજી? આજકાલ કરતાં છ છ માસ થયાં બૌદ્ધ વાદી જીતાતો નથી એનું કારણ શું?" બપ્પભટ્ટીજીએ વાદ વિવાદની પરિસ્થિતિ કહી સંભળાવી કારણ પૂછયું."

" વત્સ ? મેં તારી માફક એને પણ અજેય થવાનું વરદાન આપ્યું છે તો એ કેમ જીતાય ? "

" ત્યારે માતાજી ? હવે અમારો અંત કેવી રીતે આવે ? કોઇ રીતે એ હારે એમ આપને કરવું પડશે. " સૂરિવરે કહ્યું.

" એ વર્ધનેકુંજરે સાત સાત ભવથી મારૂં આરાધન કર્યું છે. ત્યારે આ ભવમાંજ હું એને પ્રસન્ન થઇ છું. તેથીજ મારા પ્રભાવથી એ સર્વે પંડિતોનો શિરોમણિ થયો છે ? " સરસ્વતીએ જણાવ્યું.

" તો આપ ત્યારે એનો પરાભવ કરી શકો તેમ નથી શું ? "

" નહિ ! એની પાસે મારી આપેલી અક્ષય ગુટિકા છે, એટલે એનો પરાજય કદાપિ થવાનો નથી. "

" ત્યારે તમે જૈન શાસનનાં વિરોધી થશો શું ? અત્યારે જૈન શાસનની લાજ જવા બેઠી છે. તે તમને ગમતી વાત હોય તો ભલે ! આવતી કાલે તમારૂં અજેયનું વરદાન છતાં હું હારી જાઉં ? તમે સમ્યગ્દૃષ્ટિ દેવતાઓ પણ જૈન શાસનનો વિરોધ કરો તો પછી એથી મોટું દુઃખ બીજું કયું ? જગતમાં ઘર ફુટેજ ઘર જાય એ તો ? "

"વત્સ ? દિલગીર ન થા ? હું જૈન વિરોધિની તો નહિ થાઉં ! તને વિજયનો ઉપાય કહું તે ધ્યાનમાં રાખ ! કે જે ઉપાય-વડે આ પંડિત જીતી શકાય. આવતી પ્રાતઃકાલે જ્યારે તમારો વાદવિવાદ શરૂ થાય તે સમયે સર્વેને મુખ શૌચ કરાવવું.

કોગળા કરતાં એના મુખમાંથી મારા પ્રભાવે અક્ષયગુટિકા નીકળી પડશે તે પછી તારો અવશ્ય જય થશે." ભારતીએ વિજયનો ઉપાય સૂચવ્યો.

"બસ હવે આવતી કાલે પ્રાતઃકાળે આપના પ્રભાવથી એ ઉપાયવડે હું એ સમર્થ પંડિતને જીતી લઇશ. ને વાદનો અંત આવશે." સૂરિવરે સંતોષ પૂર્વક કહ્યું.

"વત્સ ! આ તારાં ચૌદ કાવ્યો કે જે વડે તેં મારી સ્તુતિ કરી એ અતિ ઉત્કૃષ્ટ આકર્ષક શકિતવાળાં હોવાથી તે કોઇની આગળ તારે પ્રકાશ કરવાં નહિ અને તારા હૈયામાં જ રાખવાં." ભારતીએ કહ્યું.

"માતાજી ! એમ કરવાનું કાંઇ કારણ?"

"કારણ એ કે એના પઠન થકી અવશ્ય મારે પ્રત્યક્ષ થવું પડે. એવી રીતે હું કેટલાના આગળ પ્રત્યક્ષ થાઉં ને કાય કલેશ કરૂં ? નિષ્પુણ્ય જનો આગળ પ્રકટ થઇ હું શું પ્રસન્ન થાઉં ! વત્સ !" એટલું કહી ભારતી તરતજ અદૃશ્ય થઇ ગઇ.

એ મહાન સૂરિવરે તે પછી એ કાવ્યો કોઇની આગળ પ્રગટ કર્યાં નહી. પોતાનું કાર્ય પરિસમાપ્ત કરી પોતાને સ્થાનકે આવ્યા. શિષ્યો ગુરૂની રાહ જોતાં એમના કલ્યાણને ઇચ્છતા સાવધજ હતા. તેમાંથી એક આપ્ત વિદ્વાન શિષ્યને બોલાવી સર્વે હકીકત સમજાવી વાક્પતિ પાસે મોકલ્યો. પોતે આરામ લેવા અલ્પનિદ્રાએ સુતા. ગુરૂને શાંતિ લેતા જોઇ સર્વે શિષ્યોએ પણ સંથારાની તૈયારી કરવા માંડી.

# પ્રકરણ ૯ મું.

## વાદિ કુંજર કેશરીની પદવી.

રાત્રીનો ત્રીજો પ્રહર વહી ગયો હતો. આ સમયે કેટલાક નિશ્ચિંત માણસો ઘોર નિદ્રામાં હતા તો કેટલાક અલ્પ નિદ્રાળુ જનો જાગૃત છતાં સુતેલાજ હતા. કેટલાક પોતાના ખટ્કર્મમાં તત્પર–તૈયારી કરતા હતા. અત્યારે ગૌડપતિ ધર્મરાજનો કવિરાજ વાગ્પતિ જાગૃત છતાં કંઈક ચિંતાતુર હતો. એ પલંગ ઉપર પડ્યો પડ્યો વિચારના તરંગમાં ઉડતો હતો. "આજ છ છ મહિનાનાં વ્હાણાં વાયાં છતાં કોઇ વાદી હારતો નથી. એતો નવાઇ જ! હવે શું કરવું! આ સભાનો અંત કેવી રીતે આવે? બધા હવે તો કંટાળી પોતપોતાના સ્થાનકે જવાને તૈયાર થઇ રહ્યા છે. લવાદ પણ મુંજાયા, શું કરવું એ પણ એમને સુઝતું નથી." આવી ચિંતાથી ઘેરાયલા વાગ્પતિની નજર અચાનક એક વ્યક્તિ ઉપર પડી. તે ચમક્યો. સંભ્રમથી ઉઠીને જોયું તો તે એક જૈનયતિ હતા. "આશ્ચર્ય! આ વખતે મારા તંબુમાં જૈનયતિ?"

એટલામાં એ વિદ્વાન યતિએ એનું ધ્યાન પોતા તરફ ખેંચાયું જાણી એનો સંશય ટાળ્યો. "કવિરાજ! હું આપને એક વાત કહેવા આવ્યો છું! સૂરિવર બપ્પભટ્ટજી તરફથી એક અગત્યનો સંદેશો લાવ્યો છું!"

સૂરિવરનું નામ સાંભળી કવિરાજના કાન ચમક્યા.

શું એ મહામુનિ મને કાંઇ આદેશ કરે છે કે ! માફ કરજો. હું કંઇક ચિંતાતુર હતો જેથી આપનું આગમન કંઇ જાણી શકયો નહિ. ”

“ આપ ચિંતાતુર એતો નવાઇ જ ! આપ ગોડરાજના માનિતા ! તેમજ અમારા કનોજપતિ પણ તમને માનબુદ્ધિથી જુએ છે. આપની શીઘ્ર કાવ્ય શક્તિથી એ પણ આત પ્રસન્ન છે. એવા રાજમાન્ય પુરૂષોને પણ એ ચિંતા ડાકિણી વળગે એ પણ નવાઇ જ ? ”

“ મુનિરાજ ! ચિંતા તો એજ કે આ વાદ વિવાદને આજ કાલ છ માસનાં વ્હાણાં વાયાં છતાં અંત દેખતો નથી બન્ને ઉપર સરસ્વતીની મહેરબાની છે એટલે કોણ હારે ? આ પરિસ્થીતિથી મુશ્કેલી ઉભી થઈ છે. બધા મુંજાયા છે કે હવે શું કરવું ? ” ચિંતાનું કારણ કવિરાજે મુનિવરને કહી સંભળાવ્યું.

“ કવિરાજ ? એ માટેજ હું આપની પાસે આવ્યો છું. એક કાર્યમાં આપ મદદ કરો તો કાલેજ આ વાદનો અંત આવે એમ મારા ગુરૂએ શ્રીમુખે આપને કહાવ્યું છે,”

આ નવીન વાત સાંભળી કવિરાજ આનંદ પામ્યો “ અને તે કાર્ય ? કહો કહો મુનિવર ! એ સુરિવરને હું મદદ કરવા તેયાર છું ? ” અધિરા થઇને કવિરાજે કહ્યું.

“ આપે એ દિવસે અમે ગોડથી નિકળ્યા ત્યારે સુરિવર

આગળ ભક્તિ બતાવી કહેલું કે ' એવું કયું કાર્ય છે કે જે કરીને હું આપને ભક્તિ બતાવું ' તે સમયે સુરિવરે કહેલું કે ' અવસરે કહીશું ' તો કવિરાજ આજે એ સમય આવી પહોંચ્યો છે. આપે કહેલું આપને યાદ તો છે ને ? " મુનિવરે વાત કરતાં પૂર્વની વાતનું સ્મરણ કરાવ્યું.

" કહો ! મુનિવર ? ગુરૂની એવી કયી આજ્ઞા છે કે હું કરી બતાવું ? " આતુર હૈયે વાક્પતિએ પૂછયું.

" કવિરાજ ! ગુરૂએ આપને કહાવ્યું છે કે પ્રાતઃકાલે સભામાં આમરાજ અને ધર્મરાજ બેઠા હોય એ સમયે જ્યારે અમારો વાદ વિવાદ શરૂ થાય તેવે સમયે આપે સર્વને–વાદ કરનારા તેમજ સભાસદો વગેરે સર્વેને મુખ શૌચ કરાવવું. એટલું કરાવશો એટલે આપનો સ્નેહ અમે કૃતાર્થ થયો એમ માનશું " શિષ્યે ખુલાસો કહી સંભળાવ્યો.

" બસ એજને ! આવતી પ્રાતઃકાળે અવશ્ય આપની ઇચ્છા સિદ્ધ થશે. આપ સૂરિવરને જણાવશો કે પ્રભાતે સભાની શરૂઆતમાંજ આપ આપનું વચન સિદ્ધ થયેલું જોશો. " કવિરાજે ગુરૂનું વચન અંગીકાર કર્યું.

મુનિવર તે પછી તરતજ ત્યાંથી વિદાય થઇ ગયા. એમણે ગુરૂને આવીને યથાતથ્ય જેવી બની હતી તેવી હકીકત કહી સંભળાવી. શિષ્યની વાણી સાંભળીને ગુરૂ પણ પ્રસન્ન થયા.

પ્રાતઃકાળે સવિતાનારાયણનો ઉદય પૂર્વદિશા તરફ થતો

સર્વેએ જોયો. રાજ સભામાં સર્વેએ આવીને પોતપોતાનું સ્થાનક સ્વીકાર્યું. ધર્મરાજ અને આમરાજ પણ સભામાં આવ્યા. બન્ને વાદીઓ પણ પોતપોતાના ક્રિયાકર્મથી પરવારીને આવી ગયા. વાદ વિવાદ શરૂ થવાની તૈયારીમાં હતો એવામાં કવિરાજે બન્ને વાદીઓને થોભાવી રાજાઓને અરજ કરી. " મહારાજ ! હું આપ સાહેબોને અરજ કરૂં છું કે " આજ ઘણા દિવસથી વાદ વિવાદ ચાલે છે પણ એનો અંત આવતો નથી જેથી મારા મનમાં એક શંકા ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે. "

"અને તે શંકા ?" બન્ને રાજાઓએ આતુરતાથી પૂછયું. "વાદ કરનારાઓ, અને આખી સભાના સભ્યોએ પ્રથમ મુખ શુદ્ધિ કરી પછી સભામાં બીરાજવું એમ થાય તો ઠીક ?" અધ્યક્ષ વાક્પતિએ જણાવ્યું.

"એનું કારણ છે કે એમજ કાંઈ." આમરાજે શંકા કરી.

"રાજન્ ! મુખ શુદ્ધિ વગર ભારતી પ્રસન્ન થતી નથી. રોજ આપણે મુખશુદ્ધિ કર્યા વગર સભામાં આવીએ છીએ એથીજ મને લાગે છે કે વાદવિવાદનો અંત આવતો નથી એથી આજે વાદની શરૂઆતમાં દરેક સભ્યો અને વાદકરનારાઓ મુખશુદ્ધિ કરે તો ઠીક ?" વાક્પતિએ કહ્યું.

આ નવીન પ્રસ્તાવનામાં આમરાજાને કંઇ ભેદ લાગ્યો એથી રાજાએ ગુરૂની સન્મુખ જોયું ગુરૂએ નેત્ર સંકેતથી એ વાતને અનુમોદન આપ્યું તે પછી "આમરાજે કહ્યું ધર્મરાજની

મરજી શી છે ? એમની મરજી હોય તો હું મારી સંમત્તિ આપું ?"

ધર્મરાજે સંમતિ આપી એટલે કનોજરાજે પણ એ વાતને અનુમોદન આપ્યું. એ નિયમને અનુસરીને સર્વ સભ્યોએ મુખશુદ્ધિ કરી. રાજાઓએ કવિરાજે પણ મુખશુદ્ધ કર્યું. બન્ને વાદીંદ્રો પણ મુખશુદ્ધ કરવાને ઉઠ્યા. પ્રથમ સુરિવર ને એમના શિષ્યોએ અચિત્ત જળથી વદન શુદ્ધ કર્યાં બૌદ્ધ વાદીંદ્રે પણ મુખશુદ્ધી કરવાને કોગળા કરવા માંડ્યાં. પોતે અક્ષયગુટિકા મોંમાં રાખીને ઘણીય ચાલાકીથી કોગળા કરવા માંડ્યા પણ સરસ્વતીના પ્રભાવથી એ મુખમાંથી ગુટિકા અચાનક બહાર નીકળી પડી બપ્પભટ્ટજીના ચેલા કાગનાડોળે વાટ જોતા ચતુર મુનિવરે તરતજ ઉપાડી લીધી ને સૂરિવરને આપી દીધી. પોતાની ગુટિકા એ અક્ષયગુટિકા મુખમાંથી નિકળી ગયેલી જોઈ બૌદ્ધાચાર્ય તેજ સમયે નિઃસ્તેજ થયો. એના તેજનો ક્ષય થયો. દિવ્યશક્તિથી મુક્ત થયેલા એવા તેને, અર્જુને જેમ કર્ણને મહા ભારતનાયુદ્ધમાં હણ્યો. ભીમે જેમ દુર્યોધનને હણ્યો. રામે જેમ રાવણને હણ્યો એવી રીતે સૂરિવરે લીલામાત્રમાં એને જીતી લીધો—વાણીરૂપી બાણથી તત્કાળ એને હણ્યો વાદવિવાદની શરૂઆતમાંજ સુરિન્દ્રની અમોઘ વાણી આગળ એ નિરૂત્તર થઇ ગયો.

રાહુએ ગ્રસાએલા ચંદ્ર જેવો તેમજ હીમથી બળી ગયેલા છોડ જેવો બૌદ્ધવાદી નિરૂત્તર—નિસ્તેજ થઇ ગયો. તે

સમયે કવિરાજ આદિ સર્વ સભાજનોએ જૈનસાશનનો જય જય કાર કર્યો. ધર્મરાજ પણુનિસ્તેજ થઇ પોતાનું રાજ્ય હારી ગયા. સભામાં બપ્પભટ્ટસૂરિને બૌદ્ધવાદીને જીત્યા બદલ 'વાદિકુંજર કેસરી' નું સર્વેએ બિરૂદ અર્પણ કર્યું. આજથી જગતમાં બપ્પભટ્ટજી 'વાદી કુંજર કેસરી' એ ઉપનામે પ્રસિદ્ધ થયા, જીતનારા આનંદમાં મસ્ત હતા ત્યારે હારનાઓની મુખમુદ્રા મલીન થઇ ગઇ હતી,

શરતના નિયમ મુજબ આમરાજાને પોતાની સપ્તાંગ રાજ્યલક્ષ્મી ધર્મરાજે સ્વાધિન કરી. કેમકે પ્રાણાંતે પણ મનુષ્યો પોતાના વચનથી ચળીત થતા નથી. સતીને જેમ પતિ એક હોય છે એમ સત્યવાદિઓનું વચન પણ એકજ હોય. મ્યાનમાં તરવાર એકજ હોઇ શકે. પોતાના પંડિતો સૈન્ય વગેરે સહીત ગૌડ દેશની સમૃદ્ધિ ધર્મરાજે અર્પણ કરી શરીર ઉપરથી પણ અલંકાર ઉતારી આમરાજને સ્વાધિન કર્યા. એક કફની પહેરી જંગલમાં જઇ વૈરાગ્યવૃત્તિથી ઇશ્વર ભજન કરવામાં કાળ વ્યતિત કરવો એવો અડગ મનથી નિશ્ચય કર્યો.

એના દરેક સૈનિકો, પંડિતોની આંખમાં એ વખતે આંસુ હતાં. સ્વામીનો હુકમ હોય તો સ્વામીભક્તિ દર્શાવી યુદ્ધ કરવાને તેઓ આતુર હતા. પણ ધર્મરાજની એવી ઇચ્છા નહોતી. યુદ્ધમાં લાખો જીવોની હાની ન થાય અને શત્રુ ઉપર વેર લઇ એનું રાજ્ય હજમ કરી લેવાય એ માટે તો આ યુક્તિ શોધી હતી. જેને સાક્ષાત્ સરસ્વતિ પ્રસન્ન હતી એવો

મહાવાદી જેણે આજપર્યંત સેંકડો વાદીઓને જીતીને જગતમાં દિગવિજય કર્યો હતો છતાં કોઈ એને હરાવવાને શકિતવાન નહોતું. આજે પણ છ છ મહિના થયાં જે પ્રતિવાદીને હંફાવી રહ્યો હતો પણ દૈવયોગે એ મહાવાદી આજે હારી ગયો તો માનો કે આપણું દૈવજ વાંકું હોય એમાં બીજાનો શો દોષ! ભલે દૈવે દગો દીધો પણ હરિશ્ચંદ્રની માફક સત્ય વચનથી ભ્રષ્ટ તો નજ થવું. પુરૂષોને સત્યવ્રત એજ એમનું મહાવ્રત છે—જીવન છે.

ગોડરાજે પોતાના ભાયાતો, સરદારોને પંડિતોને કહ્યું " બંધુઓ! ન્યાયની રીતે હું આજે બધું હારી ગયો છું. આજ પર્યંત હું તમારો સ્વામી હતો. આજથી કનોજરાજ તમારા સ્વામી થયા. માટે મારી માફક તમારે પણ મીઠી નજરે એમને સ્વામી તરીકે અંગીકાર કરવા."

ગોડરાજ અત્યારે એક કફની માત્ર પરિગ્રહ ધારી હતા. એમનો એક એક શબ્દ એમની પ્રજાના હૈયામાં શલ્યની માફક સાલી રહ્યો હતો. ગોડપતિને એક કફનીમાં યોગીની માફક ઉભેલા જોઇ એ રાજ્યભક્ત પ્રજા કકળી ઉઠી. મુક્ત કંઠે રડી પડી. પણ ઉપાય નહતો શું કરે? મોહની પ્રબળતા ચારે તરફ જોસથી ફેલાઈ હતી. " મહારાજ! શા માટે આપ રાજ્ય ત્યાગ કરો છો? એવાં વચનો કંઇક બોલાય ને ફેરવાય?"

" નહી! તમે મારી વ્હાલી પ્રજા થઈ મને વચન ભ્રષ્ટ

કરવા માગો છો ? જુગારથી હારેલું રાજ્ય પુષ્કર પાસેથી મેળવવાની પુણ્યશ્લોક નળરાયની શું શક્તિ નહોતી ? છતાં વચનની ખાતર રાજપાટ તજી કોપીન માત્ર પહેરેલે વસ્ત્રે વનમાં ગયા. મહા સમર્થ પાંડવો જુગાર રમતાં રાજ્ય હારી ગયા એ વચન નિભાવવા ખાતર પાંડવો પણ રાજને તૃણ સમાન ગણી વનમાં ચાલ્યા ગયા તો હું મારૂં વચન શા માટે હારૂં ! એ પણ માનવ હતા તો શું હું રાક્ષસ–અસુર કે મ્લેચ્છ છું કે વચન બોલીને ફરી જાઉં ? એમને જતા જોઇ એમની વ્હાલી પ્રજા રડતી આંખે જોઇ રહી હતી પણ વિધિની મરજી આગળ કોઇની અરજી ચાલતી નથી. શા માટે અફસોસ કરવો સર્વ કંઇ વિધિની મરજીથી જ બને છે. ભવિતવ્યતા હમેશાં બળવાન છે." ધર્મરાજે પોતાનો નિશ્ચય કહી સંભળાવ્યો.

પોતાના સ્વામીનો એ નિશ્ચય સાંભળી એ રાજભક્ત પ્રજા ચોધાર આંસુથી રડી પડી 'અરે દેવ ! તને લાખો વાર ધિક્કાર હો ! તેં આ અવિચારી કૃત્ય શું કર્યું ?' "હા ! હા ! બહુ જ ખોટું કર્યું ?"

એ વિલાપ કરતી પ્રજાને છેલું નમન કરી કફની ધારી જોડ પતિએ જંગલનો માર્ગ લેવાની તૈયારી કરી સર્વની સાથે મળી ભેટી હસ્તે મુખે છેવટે બપ્પભટ્ટજીને પણ એ રાજયોગી નમ્યો. "પ્રભુ આશીષ આપો ?"

ગુરૂને નમી કરી પોતાની રડતી પ્રજાને જોતાં પોતાનું હૃદય દ્રઢ કરીને એ રાજયોગી જંગલ તરફ ચાલ્યો. આવા

અસંખ્ય જનસમુદાય છતાં પોતાનો સ્વામી આજે એકલો અટુલો રાજસંન્યાસી થતો કંઇ વ્હાલી પ્રજા સહન કરી શકે? એ પ્રજાનાં વ્હાલનાં આંસુ અસહ્ય હતાં. રાજયોગીને જંગલને માર્ગે જતો જોઇ બપ્પભટ્ટ સૂરિજીએ મીઠાશથી કહ્યું. “ ધર્મરાજ ! ”

થોડુંક આગળ ચાલેલા રાજયોગી ધર્મરાજે ગુરૂનો સ્વર સાંભળી પાછળ જોયું. “ આપે મને હાંક મારી. ” એ રાજયોગી બોલ્યા.

“ હા ! ધર્મરાજ ! તમે કયાં જશો ? શું કરશો ? ” ગુરૂએ પૂછયું એ પૂછવામાં ઘણો ભાવ હતો ચતુર પુરૂષ એનો મર્મ કળી શકે એમ હતું.

“ સૂરિવર ! હું કયાં જઇશ એ નક્કી નથી પણ જ્યાં મારૂં ભાગ્ય લઇ જશે ત્યાં જઇશ. ? ”

એમ કહી ભરેલે હૈયે એમણે ચાલવા માંડયું “ જરા સબુર ? ” ગુરૂએ કહ્યું, રાજયોગી ગુરૂનું વચન સાંભળી સ્થંભ્યો.

“ રાજન્ ! તમારી સત્ય પ્રતિજ્ઞા પ્રમાણે તમે રાજ્ય આપી દીધું છે જેથી તમારી પ્રતિજ્ઞા તો પૂર્ણ થઇ. હવે જરા સબૂર કરો ? ”

દરેકનાં મન આતુર હતાં ગોડની પ્રજા પણ આ બનાવ જોઇ રડતી–રડતી આ નવીન બનાવ તરફ આતુર હૈયે જોઇ

રહી એ રાજભક્ત પ્રજાને હૈયે એજ અવાજ હતો કે 'ગુરૂ મહારાજ રાજ પાછું અપાવે તો કેવું સારૂં ?' વિધિએ એ સર્વનો આર્ત્તનાદ સાંભળ્યો' અને ગુરૂવર્યને વિચાર સ્ફુર્યો હતો.

ગુરૂ મહારાજ આમરાજ તરફ ફરીને બોલ્યા ! "કનોજ રાજ ! ધર્મરાજને એમનું રાજ્ય પાછું આપો ? એવું મહાદાન તમને બહુ શોભારૂપ થશે કેમકે જગતમાં દાતા દુર્લભ હોય છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

शतेषु जायतेशुरः सहस्त्रेषु च पंडितः
वक्ता दशसहस्त्रेषु दाता च भवति नवा ॥ १ ॥

**ભાવાર્થ**—" સેંકડો પુરૂષોમાં કોઇ શૂરવીર હોય; કદાચ હજાર પુરૂષોમાંથી પંડિત પણ નીકળે. દશ હજારમાં વક્તા નીકળે પણ જગતમાં દાતાર તો હોય વા નયે હોય. માટે દાતા દુર્લભ છે."

"તો હે રાજન્ ! તમારૂં દાતારપણું પ્રગટ કરો ? તમે જૈન થયા એટલે કૃપણ થઇ ધર્મને લજવશો નહીં. દાતાપણું તો ઉભયને લાભ કરનારૂં છે. પહેલાં શ્રીરામચંદ્રે વનમાં રહીને પણ સુગ્રીવ અને વિભીષણને રાજ્ય આપ્યાં છે. એવી મોટા રાજાઓની પૃથા છે માટે આ યુગમાં તું રામ થા ?"

ગુરૂનું વચન સાંભળી કનોજરાજે ગૌડનો રાજમુકુટ એ રાજયોગી ધર્મરાજના મસ્તક ઉપર મુકયો, એ રાજાનું

કોપીન ઉતારી એમને એમનો રાજપોશાક પહેરાવ્યો. એની આનાકાની છતાં આમરાજે એમનું સપ્તાંગ રાજ્ય એમને પાછું અર્પણ કર્યું. ગોડરાજ સાથે સ્નેહથી હાથ મેળવ્યો.

આ બનાવથી ગોડની પ્રજા ઘણીજ ખુશ થઈ. ગુરૂમહારાજ અને આમરાજનો અતિ આભાર માનતી એમનાં ઓવારણાં લેવા લાગી. જે શોકનાં અશ્રુઓ વરસતાં હતાં તે પલટાઈને હર્ષનાં અશ્રુ થઇ ગયાં.

કનોજરાજે ગોડરાજ સાથે હાથ મેળવતાં કહ્યું ' ધર્મરાજ! જે ગુરૂની કૃપાથી તમને આ સપ્તાંગ લક્ષ્મી પ્રાપ્ત થઇ એમના ઉપદેશનું પાલન કરી એમના અનન્ય ભક્ત થજો ઉત્તમ પુરૂષની માફક ઉપકારનો બદલો અતિ ઉપકારથી વાળજો" આમરાજે એટલા શબ્દો બોલી એની સપ્તાંગ લક્ષ્મી એને પાછી આપી એ ઉપરાંત પોતા તરફથી સો હાથી હજાર અશ્વ, હજાર પાદાતિ સો વાદિત્ર ભેટ રૂપે આપ્યાં. બધે આનંદ આનંદ છવાઈ રહ્યો.

સર્વે તે પછી પોત પોતાને સ્થાનકે જવાને તૈયાર થયા. છેલ્લાં ગોડરાજ આવીને વાદી કુંજરકેશરી ગુરૂમહારાજને નમ્યો." પ્રભુ ! આપનો ઉપકાર અનન્ય છે ? આપ નિરીહ હોવાથી આપને હું શું આપી શકું ? છતાં આપ મારે લાયક કંઇ ફરમાવો ? "

" રાજન્ ! અમારે ત્યાગીઓને સંસારમાં કયી વસ્તુની અપેક્ષા હોય પણ તમને જો અમારી ઉપર ભક્તિ હોય તો

તમે જૈન ધર્મનું પાલન કરી એ ધર્મનું ગારવ વધારજો ધર્મના લાભથી આ ભવ ને પરભવ તમને સુખરૂપ થશે." ગુરૂએ કહ્યું.

"આપનું વચન મારે પ્રમાણ છે આજથી હું આપનો અનન્ય ભક્ત છું એમજ માનજો હું તો શું પણ મારી પ્રજા પણ તમારી ભક્ત થઇ જશે. તમારા ઉપકારને કદિ નહી ભૂલશે." ધર્મરાજે ગુરૂનું વચન માન્ય કર્યું.

ગોડ પ્રજાના આગેવાનો ભાયાતો અને સરદારો પણ એમને–ગુરૂને નમ્યા; એમનો છેલ્લો ઉપદેશ સાંભળી એમના ભક્ત થયા. "પ્રભુ ! આજથી અમે સર્વે આપનાજ ભક્ત છીએ. રાજા, પ્રજા સર્વેનો ધર્મ જૈન રહેશે. ગોડદેશમાં આજથી રાષ્ટ્ર ધર્મ તરીકે જૈન ધર્મજ પ્રમાણ ગણાશે. આપના શિષ્યો ફક્ત અમારા દેશમાં વિહાર કરી અમને બોધ આપે. ભવસાગરથી તારે એજ અમારી ઇચ્છા છે." એ ગોડવાસીઓની ભક્તિ અનુપમ હતી, ભક્તિભાવથી મળી ભેટીને ગુરૂના ઉપકારનું સ્મરણ કરતા ધર્મરાજ પોતાના દેશમાં જવાને તૈયાર થયા.

સૂરિવરે બૌદ્ધાચાર્યને પણ મીઠા વચને સંતોષ્યા. "મહાનુભાવ ! સંસારમાં હાર જીત એ તો દેવની રમત છે જે બાબતો દેવને આધિન હોય એમાં ડાહ્યા પુરૂષો શોક કરતા નથી." વગેરે ઉપદેશમય વચનો કહી એ વાદીનું મન મનવ્યું જૈન ધર્મનો બોધ કર્યો તે પછી ધર્મરાજ પોતાના પરિવાર સાથે ગોડ દેશ તરફ રવાના થયા.

કનોજરાજ પણ વાદિ કુંજર કેશરી સાથે પોતાના પરિવાર સહીત સ્વદેશ તરફ વળ્યા ગોપગિરિ પર્વત ઉપર આવીને મહાવીર સ્વામીને નમ્યા તે સમયે સૂરિવરે એકાદશ કાવ્ય વડે વીર પ્રભુની ભક્તિ ભાવથી સ્તુતિ કરી ઘણોજ હર્ષ પ્રદર્શિત કર્યો "હે પ્રભુ જ્યાં તમારા જ્ઞાનરૂપીસૂર્ય નો ઉદય હોય ત્યાં બીજા ઉદય કંઇ કામ આવતા નથી કેમકે એ ઉદય આગળ તો બાહ્ય અંધકાર નાશ થાય અંદરનો અંધકારે નાશ પામે ?" ઇત્યાદિ સ્તુતિ કરી હૃદયનો ભાવ વ્યક્ત કર્યો. તે પછી ગુરૂ સહિત સર્વે કનોજ નગર તરફ ગયા.

# પ્રકરણ ૧૦ મું.

## માળવાની રાજસભામાં

જગન્નાથનું તીર્થ હિંદુ તીર્થ તરીકે પ્રગટ કરી શંકર સ્વામી દિગ્વિજય કરવા નિકળ્યા. પોતાના શિષ્ય પરિવાર સહીત ફરતા ફરતા રામેશ્વર ગયા. ત્યાંની સભામાં પંડિતોને જીતી પોતાના સ્માર્ત્ત ધર્મનું પ્રતિપાદન કર્યું. કાંચીનગર, વિદર્ભદેશ, કર્ણાટક પ્રયાગ અને કાશી વગેરે દેશોમાં પોતાના મતનો સારી રીતે પ્રચાર કર્યો. એમણે અનેક શિષ્યો તૈયાર કરીને દેશપરદેશ સ્વધર્મના ઉદ્ધારને માટે રવાના કર્યા. દેશ પરદેશ ફરતાં એમણે દ્વારીકામાં, શારદાપિઠ મઠની સ્થાપના

કરી જગન્નાથમાં એમણે ગોવર્ધન મઠ સ્થાપ્યો, બદ્રિકેદારમાં જોશી મઠ, શૃંગેરી નગરમાં શૃંગેરીમઠની સ્થાપના કરીને કાશીમાં સમેરૂ મઠ સ્થાપ્યો.

જેમ શંકરસ્વામીએ શિષ્યો તૈયાર કર્યા તેમ એ પુરૂષે નવાનવા ગ્રંથો રચીને અન્ય ધર્મોનાં ખંડન કર્યાં. ચાર્વાક, બૌદ્ધ અને જૈન મતનું પણ ખંડન કર્યું. જૈનોની સ્યાદ્વાદ શૈલીની સત્ય ભંગીનું સમજ્યા કર્યા વગર ખંડન કર્યું છે. બે વાત કલ્પી શકાય. જોઈએ તો એ કહેવાતા સર્વજ્ઞે સમજ્યા વગર ખંડન કર્યું હોય અથવા તો જૈનોના અહિંસા તત્ત્વ ઉપર રૂષ્ટમાન થઇને જાણી બુજીને હાંકયું હોય. જૈનોના અહીંસાધર્મે વેદાંતમતને પાછળ પાડી લોકોમાં અહિંસાતત્વની અસર કરી હતી. એ જગત માન્ય ધર્મ ઉંપર ઇર્ષ્યાને લઇને ખંડન કર્યું હોય તો કાંઇ અશકય તો નથીજ. ભારતમાં દેશ પરદેશ ફરીને એણે જૈન અને બૌધોને સમજાવીને શૈવ બનાવી દીધા. એ દિગ્‌વિજય કરવા નિકળ્યા ત્યારે સુધન્વા રાજા સૈન્ય સહીત એમની સાથે હતો જેથી શ્યામ, દામ, દંડ અને ભેદથી લોકોને પોતાના મતમાં ખેંચવાની શંકેરસ્વામીને અનુકુળતા થઈ હતી.

એવી સ્થીતિમાં પણ શંકરસ્વામી ગુજરાત કચ્છ કે કાઠીયાવાડ અથવા તો કનોજ કે ગૌડ જેવા દેશોમાં વિચર્યા નથી. કેમકે તેઓ સમજતા હતા કે અહીઆં એ ફાવી શકે તેમ ન હોતું,

કર્ણ આદિ દેશોમાં ફરીને કાપાલિયોનો પરાજય કર્યો. ત્યાંથી પાછા ઉજ્જનમાં આવ્યા ત્યાંની રાજસભામાં રાજાને પોતાની પ્રજામાં ધર્મ ફેલાવવા માટે ઉપદેશ કર્યો. રાજન્! તારા રાજ્યમાં એ બૌદ્ધ અને જૈનોને સમશેરના બળથી આપણા ધર્મમાં ખેંચી લાવ? એમાં તને કાંઇ હિંસા લાગશે નહી. ધર્મને બ્હાને થતી હિંસા હિંસા કહેવાતી નથી માટે તને તો સ્વધર્મની વૃદ્ધિ કરવાથી સ્વર્ગની લક્ષ્મી પ્રાપ્ત થશે રાજાએ એ હુકમનો અમલ કર્યો.

રાજા એક દિવસ સભા ભરીને બેઠો હતો. એના ગુરૂ શંકરાચાર્ય પોતાના શિષ્ય પરિવાર સહિત રાજસભામાં બેઠા ઉપદેશ કરી રહ્યા હતા, લોકોને પોતાના મનમાં આકર્ષવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. ન સમજે તો ભાલાની અણી બતાવી ડરાવી રહ્યા હતા. એવામાં એક પરદેશી દુત જેવા જણાતા પુરૂષે રાજસભામાં પ્રવેશ કર્યો. રાજાને નમીને એણે કહ્યું. “મહારાજ! આપની રાજસભામાં ઉપદેશ કરનાર શંકર સ્વામી માટે એક સંદેશો લાવ્યો છું.”

શંકરસ્વામી, રાજા, સભા સર્વે આ નવીન વાત સાંભળી દંગ થઇ ગઇ. રાજા કહે “શું છે તારો સંદેશો? ઝટ કહે?”

“મહારાજ! આપના ગુરૂ શંકરસ્વામીએ જગત ઉપર જુલમ કરવા માંડયો છે. એમના ઉપદેશથી વિદર્ભના રાજાએ પોતાની પ્રજા ઉપર જુલમ કરવા માંડયો છે. લોકોને મારી મારીને વેદાંતી બનાવે છે. જૈનો અને બૌદ્ધો ઉપર એ રાજા

બેસીતમ જુલમ ગુજારે છે બળાત્કાળે એ એમને ધર્મભ્રષ્ટ કરી સ્માર્ત્ત માર્ગમાં ખેંચે છે ન માને તો શમશેરથી કત્તલ કરી નાંખે છે. ખુદ તમે માળવપતી પણ પ્રજા ઉપર આમના ઉપદેશથી જુલમ કરી રહ્યા છો. જૈન અને બોદ્ધોને સતાવી રહ્યા છો. પાપના પોટલા બાંધી રહ્યા છો એ જુલ્મ કરી તમારા ધર્મનો તમે વધારો કરવા માગો છો શું ? "

દુતનો ઉત્તર સાંભળી શંકરસ્વામી બોલ્યો. "અરે મૂઢ ! એ તું શું બકબક કરી રહ્યો છે સમજ્યા વગર ભસી રહ્યો છે. એતો લોકોના કલ્યાણનો માર્ગ છે. લોક કલ્યાણની ભાવના અમારા હૃદયમાં રમી રહેલી હોવાથી એનો અમે અમલ કરી રહ્યા છીએ ? "

" વાહરે તમારી લોક કલ્યાણની ભાવના ? બલાત્કારે લોકોને વટલાવી તમારા ધર્મમાં લાવવા એ તમારી ભાવના અરે તમારો ધર્મ સાચો છે કે ખોટો ? એ હજી પ્રતિવાદીઓ સાથે વાદ કરી સાબીત તો કરો ? પાપના માર્ગમાં તમારૂં ગાડું હાંકે ન રાખો ? " દૂતે કહ્યું.

" અરે મૂર્ખ ! તારી જીભ સંભાળ ? નહીતર હમણાંજ ખેંચી કાઢવામાં આવશે. તારો આવવાનો ઉદ્દેશ શું છે એતો પ્રથમ કહી સંભળાવ ? " રાજાએ પૂછયું.

" રાજન્ ! શંકરાચાર્યે તમારા ગુરૂએ અને તમે જગન્નાથનું જીરાવલા પાર્શ્વનાથનું તીર્થ ઉચ્છેદી નાંખી મોટું

પાપ કર્યું છે એ પાપનો પોકાર આખી દુનિયામાં ઉઠયો છે. તમે જૈનોને તલવારથી રેંસી નાખી તમારૂં પીશાચી બળ બતાવ્યું છે. ધર્માંધપણાથી અન્ય ધર્મોને નુકશાન કરવા માંડયું છે એ તમારા ગુરૂ શંકરાચાર્યને કનોજરાજ અને ગૌડરાજના ગુરૂ વાદી કુંજરકેશરી બપ્પભટ્ટસૂરિજી વાદ કરવાને આમંત્રણ કરે છે. અરે, સ્વામી! તમારામાં જો પરાક્રમ હોય તો એમની સાથે વાદ કરો એટલે તમારૂં સર્વજ્ઞપણું, સમર્થપણું તરતજ જણાઇ આવશે? ” પરદેશી દૂતે સંક્ષેપમાં કહી સંભળાવ્યું.

“ ખુશીથી ભલે એ મારી સાથે વાદ કરવા આવે ? હું વાદ કરવા તૈયાર છું મેં બધા વાદીઓને જત્યા છે એ એકજ જગતમાં બાકી છે. ” શંકરાચાર્ય બોલ્યો.

“એ એકનેજ જીતશો ત્યારે ખબર પડશે તમારી વિદ્વતાનું પોગળ કુટી જશે. શિયાળ ત્યાં લગીજ બૂમો પાડી શકે કે સિંહની ગર્જના સાંભળી નથી. જેણે સમર્થ બૌદ્ધાચાર્ય વર્ધન કુજરકેશરીને વાદમાં છ છ મહિનાને અંતે પણ હરાવી પરાસ્ત કર્યો. અને વાદી કુંજરકેશરીનું બિરૂદ મલ્યું. દુનિયાના વાદીઓ જેના ચરણ આગળ પોતાનો ગર્વ છોડીને નમી રહ્યા છે. એવા અદ્વિતીય પ્રતિમલ્લ વાદી બપ્પભટ્ટીજી સાથે વાદ કરો ત્યારેજ તમને ખબર પડે ? એ બૌદ્ધાચાર્યે સરસ્વતીને પ્રસન્ન કરી અક્ષય ગુટિકા મેળવી સેંકડો વાદીઓને જીત્યા હતા. એવા વિશ્વ વિજેતા મહાવાદી બૌદ્ધાચાર્ય વર્ધન-

કુંજર પણ આજે ગર્વ તજી એ પુરૂષ પુંગવના ચરણની રજ થયો." દૂતે આગમનનું કારણકહી સંભળાવ્યું.

રાજાએ અને શંકરસ્વામીએ બૌદ્ધ અને જૈનોના વાદ-વિવાદને લગતી ઉડતી અફ્વા સાંભળી હતી. એ વાદને છ છ માસ વહેવ્રા છતાં એનો અન્ત આવ્યો નહોતો એ પણ સાંભળવામાં આવ્યું હતું. જેથી રાજાએ એને લગતી તમામ હકીકત એ મુસાફર દૂતને પૂછવાથી એ સવિસ્તર હકીકત દૂતે રાજસભામાં કહી સંભળાવી. જે સાંભળી સભા દિંગ થઇ ગઇ.

" અમારા ગુરૂ આ વાદવિવાદમાં રોકાયા એનો લાભ લઈ તમે અમારૂં તીર્થ ઉચ્છેદ કરી નાખી મોટુ પાપ કર્યું છે શાસ્ત્રમાં કહ્યું છે કે અતિ ઉગ્ર પાપ માણસના પુણ્યનો ક્ષય કરી સાડાત્રણ વર્ષે વધારેમાં વધારે કાળ જતાં તરતજ ઉદય આવે છે. ધર્માંધપણાથી આવું મહદ્ પાપ કર્યું એ ઉત્તમ જનોને યોગ્ય ન કહેવાય, એક હલકામાં હલકો શુદ્ર માણસ પણ તીર્થ આશાતનાનું પાપ તો નજ કરી શકે. તમે એક ધર્મનેતા થઇને આદ્વેષ કર્યો. ઠીક તમને ગમ્યું તે ખરૂ ? પણ હવે જેમ બને તેમ તાકીદે તમો અમારા એ નર કેશરિ સાથે વાદ કરો? તમારૂં પાંડિત્ય બતાવો ? " દૂતે હૈયાનો ઉભરો ખાલી કર્યો. એના એક એક શબ્દો રાજ સભા, રાજા, અને સ્વામીજીને બાણની માફક ખુચતા હતા

" તારીવાત અમારી ધ્યાનમાં આવી ગઇ છે. તારા ગુરૂ

સાથે વાદ કરવાને અમે તૈયાર છીએ અમે નક્કી કરીને તારા ગુરૂને ખબર આપશું અને મુકરર કરેલા સ્થાનકે અમે મળશું. તારા સ્વામીને જઇને તું ખબર આપ કે થોડા વખતમાં એનો ઉત્તર અમે મોકલશું ? ” રાજાએ કહ્યું.

“ એવી રડતી વાતો શું કરો છો ? એમાં વિચાર કરવાનો શું હોય ? તમારૂં અમારૂં તાકીદે મીલન થાય એમ અમારા ગુરૂ ઇચ્છે છે ? ત્યારે તમે તો અત્યારથી નબળાઇ બતાવી ઉડાવવાની વાત કરો છો ? તમારી વાદકરવાની શક્તિ ન હોય તો તમારી હાર કબુલ કરો ? અને અમારા ગુરૂના શિષ્ય થઇ જાઓ ? અન્યથા તૈયાર થાઓ ? બૂમ પડતી હોય. હાકલ પડતી હોય ત્યાદે મર્દ પુરૂષો કાંઇ મુહુર્ત્તની વાટ જોતા નથી, સમજ્યા ? ” દૂતે રાજા સહીત સ્વામીજીને ડાંભવા માંડ્યા.

“ ઠીક છે. જા ? વાદ કરવો કે ન કરવો અમારી મરજીની વાત છે ? તારો બકવાદ બંધકર નહીંતર અહીંયાંજ તારી જીંદગી સમાપ્ત થશે. તારી જીભ ખેંચવામાં આવશે. ” રાજાએ કહ્યું,

“ તે માટે તો આવ્યો જ છું આ શંકરાચાર્યના ક્રુર પંજાએ ઘણા ભોગ લીધા છે લેવડાવ્યા છે. તો મને કેમ છોડશે કારણ કે હું તો એને સાચો અક્ષર કહેનાર છું. એટલે એનાથી શહન ન જ થઇ શકે, ત્યાં બીજુ શું થાય ? નબળો માટી બૈરી ઉપરજ શૂરો થાય ? કુતરૂ પત્થરનેજ બચકાં ભરે પણ પત્થર ફેંકનાર તરફ દૃષ્ટિ ક્યાંથી કરે ? કારણકે એની દૃષ્ટિ તો ટુંકી

હોય તે એટલે દુર ક્યાંથી જઇ શકે એતો કેશરીજ પત્થરના ફેંક-નાર તરફ ફાળ મારી શકે. શંકરસ્વામી તમારી તાકાત હોય તો આ હું નથી બોલતો પણ ' વાદિકુંજર કેશરી ' જ બોલે છે માટે શક્તિ હોય તો ત્યાં બતાવો ? નહીતર મુંગારહો ? અને રાજન ! તમારે પણ યાદ રાખવું કે આ હું નથી બોલતો પણ કનોજ રાજ બોલે છે એમ નક્કી સમજજો ! તમારે તમારૂં બળ ત્યાં બતાવવાનું છે. તે છતાં મને મારીને તમારૂં પરાક્રમ બતાવવું હોય તો તમારી મરજી ! ભારતની પરંપ-રાની રીત તમે સમજતા નથી રાજા થયા તેથી શું થયું ! દૂતો તો સત્ય બોલનારા અને સ્વામીના બળ ઉપર મુસ્તાક રહેનારા હોય છે. એમને જીવનની પરવા હોય તો દુશ્મનની સભામાં નિડરપણે બોલીજ ન શકે ! એ તો મસ્તક દુર મુકીનેજ દુશ્મનની રાજસભામાં પ્રવેશ કરે ? સમજ્યા ? "

રાજા અને સ્વામીજી ક્રોધથી કંપતા પોતાના હાથ સાથે હાથ ઘસવા લાગ્યા. પણ શું કરે ? દૂતને મારી અપકીર્તિનું કલંક વહોરવું એ ઠીક ન લાગ્યું. રાજા ગુસ્સાથી બેબાકળો બની ગયો રાજસભા પણ ખળભળી રહી સરદારો, ભાયાતો એ તલવાર તાણી ચોતરફ અસંખ્ય ચળકતી તલવારોની ઝળ-કતી ધારને નિહાળતો દૂત નિર્ભયપણે એ ધારનો તિરસ્કાર કરતો ઉભો હતો. એ તલવારો તૈયાર થઈ ઉચ્ચા હાથમાં રહેલી રાજાના હુકમનીજ રાહ જોતી હતી.

" એની ગળચી પકડી એને સહી સલામત બહાર

કાઢો ? એ પાપીને મારો ના ? આપણુ બળ આપણે બીજે ઠેકાણે બતાવશું ? એ દુષ્ટને અહીંથી કાઢી મુકો ? આપણી રાજસભા લોહીથી રંગો ના ?" રાજાનાં વચન સાંભળી એક સરદારે એને ગળચીથી પકડી બહાર ખેંચવા માંડ્યો.

"રાજન્ ? મારા પ્રશ્નનો જુવાબ નથી આપવો ? શંકરસ્વામી ? તમારે વાદ કરવો છે કે નહીં ? શું જવાબ ?" દૂતે છેવટનાં કહ્યું.

"એ નક્કી કરીને અમે ખબર આપશું ?" શંકર સ્વામીએ કહ્યું.

દૂત ત્યાંથી ચાલ્યો ગયો. એણે જઈને સર્વે સમાચાર બપ્પભટ્ટીજીને અને આમરાજાને કહ્યા. આમરાજાની આંખમાં ખુન વરસ્યું, લડાઈ કરવા એકદમ લશ્કર તૈયાર કરવા માંડ્યું ગૌડરાજને પણ તાકીદે સૈન્યસહીત આવી મળવાને સૂચના કરવા માટે એક ખેપીયો તૈયાર કરવામાં આવ્યો. એ ગુરૂમહારાજની રજા લેવા આવ્યો ? ગુરૂએ રાજાનો ક્રોધ શાંત થાય એવો મધુર ઉપદેશ આપ્યો. "રાજન્ ? શાંત થાઓ ! ધર્મની ખાતર યુદ્ધમાં હજારો અમુલ્ય મનુષ્ય જીવનનો નાશ થાય એ ઠીક નહીં."

"પણ ભગવન્ ? એ લોકોએ કેટલો બધો જુલમ કરવા માંડ્યો છે. એ શંકરે તો ધર્મને માટે મનુષ્યો તેમજ જૈનો અને બૌદ્ધોનો તો રાજાની મદદથી સંહાર કરવા માંડ્યો છે."

"એ તારી વાત સાચી છે એ માની શંકરસ્વામી જરૂર

મારી સાથે વાદ કરવાને આવશે થોડો સમય ધીરજ રાખ ? એણે ઘણા વાદીઓને જીતેલા હોવાથી એના મનમાં કદાચ એમ હોય કે આ એકને જીતવામાં શું ? એમ સમજીને અવશ્ય આવશે ? ઉતાવળે આંબા ન પાકે ? મહાવીર સ્વામીના શાસન ઉપર એવા કંટક પ્રહાર પડવાનાજ છે. જો એ નહીં આવે તો કાંઇ બીજો ઉપાય કરશું." સૂરિવરે કનોજરાજનો ક્રોધ થંડો પાડયો કેમકે લડવું–યુદ્ધ કરવું નજીવા કારણે અથવા તો ધર્મને ન્હાને અસંખ્ય પુરૂષોનો સંહાર એમને ગમતો નહોતો. મનુષ્યના જીવનની કિંમત એમણે ઘણી હતી. માટે જેમ તેમ કરી આમરાજાને સમજાવી શાંત કર્યો.

## પ્રકરણ ૧૧ મું.

### ભૂલનો ભોગ.

પૂર્વની ઘટના પછી શંકરાચાર્ય અને માળવરાજ એક દિવસે વિચાર કરતા બેઠા હતા. એટલામાં પ્રતિહારીએ આવીને દખલ કરી, "મહારાજ આપણા ગુપ્તચરોમાંથી ગુજરાતનો એક દૂત આવ્યો છે જે અગત્યના સમાચાર લાવ્યો છે. આજ્ઞા હોય તો પ્રવેશ કરાવું ?"

પ્રતિહારીની વાણી સાંભળી રાજાએ ગુરૂ તરફ જોયું. "એને અંદર મોકલ ?" ગુરૂએ કહ્યું.

પ્રતિહારી નમન કરી ચાલ્યો ગયો અને થોડીવારમાં એક દૂત એમની આગળ નમન કરીને ઉભો રહ્યો " કેમ હરિદત્ત ! ગુજરાતથી શું સમાચાર લાવ્યો છે ? "

" મહારાજ ! માઠા સમાચાર છે. આપે જગન્નાથનું જૈન તીર્થ વટલાવી હિંદુ બનાવ્યું જેથી આખું ગુજરાત છેડાઇ પડયું છે. આપની અને શંકરસ્વામીની સામે એ લોકો લડાઈની તૈયારી કરી રહ્યા છે. ખુદ રાજધાની પાટણમાં ગુર્જ-રેશ્વર વનરાજ પણ ગુસ્સે થયો છે. પાટણના ચૈત્યવાસી સાધુઓ અને શ્રીમંત જૈનો તો આપને રેંશી નાખવાને આભ જમીન એક કરી રહ્યા છે. ગુર્જરેશ્વરના હુકમથી યુવરાજ યોગરાજ લશ્કરની તૈયારી કરી અહીં આવવા નિકળી ચુકયો હશે. તે ન જાણે ક્યારે આપની ઉપર ચઢી આવશે. ! મને લાગે છે કે નજીકના સમયમાં આપ બન્ને ઉપર મોટી આફત રહેલી છે." એ હરિદત્તે ગુજરાતની અને પાટનગર પાટણની વસ્તુસ્થીતિ કહી સંભળાવી રાજાએ પછી એને રજા આપી.

" ગુરૂ મહારાજ ? આ તો મોટી આફત આવી. એક તરફ કનોજરાજ ને બીજી તરફથી ગુજરાતનો ભય. એમાંથી એકની સામે યુદ્ધ કરવાની મારી શક્તિ નથી. આપ શું રસ્તો બતાવો છો ? "

" રાજન્ ? ધૈર્ય ધર ? હિંમત શું હારે છે. સુધન્વા રાજાને તારી મદદમાં બોલાવ ? યુદ્ધનું બ્યુંગલ ફુંકાવ ? " શંકરાચાર્યે જણાવ્યું.

"અરે ગુરૂજી ? યુદ્ધ નીતિ એ કુટિલ નીતિ છે. મેં એકની સાથે યુદ્ધ આરંભ્યું એટલે બીજો ચઢી આવવાનો ? મને પીશી નાખવાનો ! એ બિચારો અલ્પબળવાળો સુધન્વા એ મોટા લશ્કર સામે ન લડી શકે ! જેમ અહીંયા ખળભળાટ થયો છે તેમ સુધન્વાને પણ કેમ એ જૈનોએ નહી મુંજવ્યો હોય. એ તે એનું સંભાળશે કે મને મદદ કરશે." રાજાની યુક્તિ શંકરને વ્યાજબી લાગી.

"ત્યારે તારૂં શું ધ્યાન પડે છે. રાજન્ ?" વેદાંતનો પરમ ગુરૂ બોલ્યો. ચારે કોરથી વાદળ ઘેરાયલું જોઇ એના પણ હાજાં ગગડયા હતા.

"આપ એમની સાથે વાદવિવાદ કરો તો એ બ્હાને યુદ્ધનો ઉત્સાહ ટાળી દઉ. અને વાદ કરવાને એમને આમંત્રણ કરૂં ! જેમ બૌદ્ધોનો ને જૈનોનો વાદ થયો તેમ આપણો પણ ભલે થાય ?" રાજાએ દલીલ કરી.

"રાજન્ ! તારી યુક્તિ તો સત્ય છે હું પણ વાદ કરવાને તો તૈયાર છું !" શંકર સ્વામી બોલ્યા. પણ એ વજ્રસમું કઠોર હૈયું ધડકતું હતું. વાદ કરવાની એમની શક્તિ નહોતી. "સરસ્વતીનું વરદાન પામેલા બૌદ્ધાચાર્યને જેણે હરાવ્યો. એવા પુરૂષની આગળ હું કેમ ટકી શકીશ ? એને પણ સરસ્વતીનું વરદાન અવશ્ય હશે. નહીતર બૌદ્ધાચાર્યને તે કેવી રીતે હરાવી શકે. ? એ સરસ્વતી સ્વરૂપ વર્ધનકુંજર સાથે છ છ માસ પર્યંત પણ જેણે વાદમાં પાછી પાની કરી

નહી એવી જેની અમોઘ વાણી એવા બપ્પભટ્ટનું નામ સાંભળી મારૂં તો હૈયું કંપે છે, કેમકે દિવ્ય શક્તિને હરાવવાની મનુષ્યની તાકાત નથી. મનુષ્યે એથી પણ વધુ દિવ્ય શક્તિ મેળવી હોય તોજ દિવ્યશકિતનું જોર ટકે એવો બૌદ્ધાચાર્ય હાર્યો. તો એ દિવ્યશકિત આગળ મારૂં શું ગજું ?" મનમાંતો અનેક સંકલ્પ વિકલ્પ શંકરસ્વામીને થતા હતા. પણ વચનથી કહેવાય તો પોતાની આબરૂ જાય. અને જામેલી પ્રતિષ્ઠાને કલંક લાગે. છતાં રાજા આગળ એ શંકરે માંડમાંડ બચાવ કર્યો.

"ત્યારે ગુરૂ ! હું બપ્પભટ્ટજીને આમંત્રણ કરૂં છું ? આપણે બન્ને રાજને સીમાડે ભેગા થઇ શું. એમ કહેવડાવું છું ?" રાજાનાં વચન સાંભળી શંકરસ્વામીનું હૈયું કમ્પ્યું તીર ધનુષ્યમાંથી છુટે તે પહેલાંજ એ તીર કબજે કરવાની જરૂર હતી એમ શંકરસ્વામીને લાગ્યું. છુટયા પછી તો કમબખ્તી હતી.

"રાજન્ ! તારી યુકિત ઠીક છે પણ ઉતાવળ નહી કર મને પણ એક વખત સરસ્વતીનું આરાધન કરવા દે, એનું વરદાન મેલવવા દે. જેથી એ લોકોને જીતવા સુગમ થઇ પડે." શંકરસ્વામીએ કહ્યું.

"જેવી આપની ઇચ્છા ? એ માટે આપ શું કરવા માગો છો ?" રાજાએ પૂછયું.

"હાલમાં તો હું બદ્રિકેદાર તરફ જાઉં છું" અલ્પ

સમયમાં કાશ્મીર જઈ સરસ્વતીનો પ્રાસાદ મેલવી હું અહીં આવું ત્યાં સુધી તું તારૂં સંભાળજે" શંકરસ્વામીએ કહ્યું.

બીજે દિવસે શંકરસ્વામીએ પોતાના શિષ્ય પરિવાર સહિત માળવાથી ઉચાળા ભર્યા. છતાં હજી એમની મહત્વાકાંક્ષા એમની એમ તાજી હતી. જ્યાં જ્યાં જૈનોનું જોર ઓછું હતું. એવા દેશમાં ગયા. નૈમિશ, દરદ, સૂરસેન, કુરૂ, પંચાળ આદિ દેશોમાં પંડિતોને જીતતા ભટ્ટ ઉદયન આદિ વિદ્વાનોથી અજીત એવા હર્ષ પંડિતને શંકરસ્વામીએ જીત્યો.

આગળ જતાં શંકરસ્વામીએ શાક્ત ભાષ્યના કર્ત્તા અભિનવ ગુપ્તને જીતી લીધો એનો ગર્વ એટલો બધો વધી ગયો પણ બપ્પભટ્ટજીનું નામ યાદ આવતું ત્યારે એ ગર્વ ઉપર ઠંડુ જલ પડતું–ઠરી જતો એ જગાએ વાદ કરવાની હિંમત નહોતી હવે તેને બૌદ્ધોને હરાવવાની ઈચ્છા ઉત્પન્ન થઇ હતી કેમકે એમાં રહેલા સમર્થવાદી વર્ધનકુંજરના તેજનો ક્ષય થઇ ગયો હતો. જેથી શંકર બૌદ્ધો સામે પણ હામ ભીડી ઉભા રહ્યા હતા.

શાકતભાષ્યના કર્ત્તા અભિનવગુપ્તને જીતવાથી એ અભિનવગુપ્ત મનમાં અતિ ગુસ્સે થયો પણ જાહેર રીતે શંકરસ્વામીને તે કાંઇ કરી શકે એમ નહોતું. જેથી કંઇક પ્રયોગ કરીને શંકરનું કાશળ કાઢવાને એણે વિચાર કર્યો. એ યુક્તિ પાર પાડવાને અભિનવ પોતાના શિષ્યો સહીત શંકરસ્વામીનો

શિષ્ય થઇ ગયો. સેવા ભકિતથી સ્વામીનો વિશ્વાસ અભિનવે સંપાદન કરી લીધો. હવે કોઇ અનુકુલ સમયની રાહ જોવા લાગ્યો. છતાં બહારથી એસર્વની સાથે હળી મળીને ચાલતો. સ્માર્ત્ત ધર્મનો સાચો ભકત હોય એવો ડોળ બતાવતો હતો.

એક દિવસ અવસર મેળવીને શંકરસ્વામી ઉપર અભિનવગુપ્તે એક ગુપ્ત ક્રિયા કરી કામણ ટુમણનો પ્રયોગ અજમાવ્યો એ પ્રયોગની એવી તો દઢ અસર ઉત્પન્ન કરી કે એની ચિકિત્સા કોઈ વૈદ્યો પણ નજ કરી શકે. તેમજ શંકરસ્વામી દુઃખથી રીબાઇ રીબાઈ કરેલાં કર્મોનો હિસાબ ચુકવવા રવાને થઇ શકે એ અભિચાર ક્રિયાથી શંકરસ્વામીને મહા ભયંકર રાજરોગ ભગંદરનો વ્યાધિ ઉત્પન્ન થયો. એ ભગંદરથી લોહી ઝરવા લાગ્યું.

શંકરસ્વામીએ જાણ્યું કે પૂર્વનાં પાપ પ્રગટ થયાં હવે! એ રોગની દવા કરવા તરફ પણ એમનું લક્ષ્ય ન હતું, તેથી એમના શિષ્યોએ દવા કરવાને સમજાવ્યા. શિષ્યોના આગ્રહથી ગુરૂજીએ એમનું વચન માન્ય રાખ્યું. શિષ્યોએ હજારો વૈદ્યો પાસે દવા કરાવી પણ એની અસર થઇ નહી ને ભગંદર તો દિનપ્રતિદિન વૃદ્ધિ પામતું ગયું. વૈદ્યો હાથ ધોઈ પોતપોતાને ઘેર ગયા. શંકરસ્વામીએ મહાદેવનું સ્મરણ કર્યું. કહે છે કે મહાદેવે અશ્વનીકુમારને બ્રાહ્મણના વેશમાં મોકલ્યા. તે પણ આવીને શંકર સ્વામી પાસે બેઠા "હે યતિવર! આ તારો રોગ અમારાથી દૂર થઇ શકે તેમ નથી કેમકે એ રોગ અભિ-

ચારની ક્રિયાથી ઉત્પન્ન કરેલો છે તેથી લાચાર ? " એમ કહીને અશ્વનીકુમાર ગચ્છંતિ કરી ગયા.

અભિનવગુપ્તની ગુપ્તવાત પ્રગટ થઇ જવાથી પદ્મપાદ નામના શંકરસ્વામીના શિષ્યે એનું વેર લેવાનો નિશ્ચય કર્યો. એણે એકાંતમાં મંત્ર જપવા માંડ્યો જેના પ્રભાવથી અભિનવ ગુપ્ત આ લોકમાંથી હમેશનો અદૃશ્ય થઇ ગયો એ અનંતકાળની મોતની નિદ્રામાં સુતો.

ભગંદરના રોગથી ભરેલો શંકરસ્વામી બદ્રિકેદારમાં આવ્યો. ત્યાં એના શિષ્યો એની આગળ વિલાપ કરવા લાગ્યા તે સમયે એણે ધૈર્ય આપી શિષ્યોને સમજાવ્યું. " રોગ તો પૂર્વનાં કરેલાં પાપ કર્મોનું ફળ છે. એ કર્મવિપાક અવશ્ય મનુષ્યને ભોગવવાં પડે છે. એ જો પૂરે પૂરો ભોગવાય નહિ તો આવતા જન્મમાં પણ ભોગવવો પડે. એ શાસ્ત્ર સિદ્ધાંત છે." શિષ્યોના મનનું સમાધાન કર્યું. શિષ્યોપણ ગુરૂની દવાદારૂ કરવામાં કચાસ રાખતા નહી. પણ એ કામણ કરનારનો પ્રયોગ એવો વિચિત્ર હતો કે કોઇ દવા અસર કરી શકીજ નહી.

વિક્રમ સંવત ૮૩૭માં એ ભગંદર રોગથી હેરાન હેરાન થઇને શંકરસ્વામીનો આત્મા બત્રીસ વર્ષની ઉમરે બદ્રિકેદારમાં કરેલાં કર્મોનાં ફળ ચાખવા પરલોકે પ્રયાણ કરી ગયો.

આનંદગિરિ વગેરે શિષ્યોએ ગુરૂના ગુણ યાદ કરી માથાં કુટ્યાં–છાતી ફાટ રૂદન કર્યું–વિલાપ કર્યાં "અરે ગુરૂજી ! તમે શત્રુઓનાં કલેજા ઠંડા કર્યાં અને મિત્રોને માર્યા. તમારી મોટી

બોથ આજે અમારે ભાંગી પડી " વગેરે વિલાપ કરતાં ગુરૂની ઉત્તર ક્રિયા કરી.

એ શંકરસ્વામીનો ભગંદરનો વ્યાધિ ઘણો સમય ચાલ્યો એ દરમિયાન છેડાયેલા જૈનો એને સારા થવાની રાહ જોતા હતા. બપ્પભટ્ટસૂરિ પણ એનો મંદવાડ સાંભળી કમકમ્યા એ જીવની એમના કુમલાં હૃદયને દયા ઉપજી છતાં એ આત્માનો મોતની અનંત નિદ્રામાં હંમેશને માટે સુતો. એના જુલમનાં ફળ આનંદગિરિ વગેરે શિષ્યોને ભોગવવાં પડ્યાં-ચાખવાં પડ્યાં.

# પ્રકરણ ૧૨ મું.

## સાણસામાં સપડાયેલા શયતાનો.

શંકરાચાર્યની ધમા ચકડીથી ગુજરાત ખળભળી રહ્યું હતું. આજે ગુજરાત જાહોજલાલીમાં હતું. ગયેલી સ્વતંત્રતા પાછી મેલવી તૈયાર થયું હતું. એ પુરૂષના જાલિમ પડકારો ઠેઠ ગુજરાતથી કાઠીયાવાડની ભાગોળ સુધી સંભળાયા હતા. પોતાના પક્ષમાં રાજાઓને ખેંચીને એ રાજાઓ માર્ફતે પોતાના રાજ્યમાં જૈન અને બૌદ્ધોને ભાલાની અણી બતાવી જૈન બનાવવા. અથવા-તો એના શિકાર બનાવવા એવી બુમ આખા ભારતમાં સંભ-

ળાઇ હતી. એ હાકલનોપડઘો દુનિયાના દરેક ભાગમાં ઉઠ્યો હતો. આનંદ ગિરિ તો પોતાના પુસ્તકમાં લખે છે કે જૈનોને બાલકથી તે વૃદ્ધ પર્યંત જો ન હણે તો એ ન હણનારને પણ મારી નાંખવો એવી રાજાઓની પોતાના નોકરોને આજ્ઞા હતી. રાજ આજ્ઞા પામીને સૈનિકોએ જૈનો અને બૌદ્ધો ઉપર જૂલમ ગુજારેલો, એ જુલમનો ભોગ કેટલાક જૈનો થયા. કેટલાક ભાગી ગયા તેમણે દેશાવરમાં ફર્યાદ કરી. ' અમને બચાવો ? બચાવો! ' નો ચારે કોરથી અવાજ આવ્યો. " શંકરસ્વામી રાજાઓ પાસે અમને કત્તલ કરાવે છે. પરાણે સ્માર્ત્ત ધર્મી બનાવે છે. " એ પોકારનો પડઘો ભારતના ખુણે ખુણે ઉઠયો. જૈનો, જૈન ધર્મને માન આપનાર રાજાઓ ઉશ્કેરાયા. આ હત્યાકાંડ નિવારવા એ લોકોનું દિલ ઉશ્કેરાયું. એક તરફ ચૈત્યવાસીઓએ પાટણના નૃપતિને હલાવ્યો ચૈત્યવાસીઓ અને ઉગ્રસ્વભાવી પાટણના ધનાઢ્ય જૈનો ગુર્જરેશ્વર પાસે દોડી આવ્યા. " અરે મહારાજ ? તમારા જેવા ધણી છતાં અમારૂં તો પેલા શંકરાચાર્યે નિકંદન કાઢવા માંડયું. જગન્નાથનું તીર્થ વટલાવ્યું સેંકડો જૈનોને કત્તલ ક્યાં. હજારો જૈનોને વટલાવી શૈવ બનાવ્યા. એટલેથી નહી અટકતાં જે રાજાઓ એના ભક્ત થયા છે એણે રાજ્યમાં રાજની મદદવડે ભાલાની અણીઓ બતાવીને જૈનોને વટલાવવા માંડ્યા છે."

" એ શંકરસ્વામી મને પણ ફસાવવાને આવેલા, પણ કેટલીક એમની વાતો મને રૂચીકર થઇ નહી, જેથી મેં તો

એમના સિદ્ધાન્તો નહિ સ્વીકારેલા; મને નહી માલૂમ કે એમની આવી રાક્ષસી મહત્વાકાંક્ષા જગતમાં નરહત્યાકાંડ મચાવશે." વનરાજે કહ્યું.

"બાપુ ? એ જુલમ અમે સહન કરશું નહી. આપના લશ્કરવડે એ જુલમગાર ઉજ્જનના રાજાને અમે અમારા હાથ બતાવશું ? " જાંબમંત્રી બોલ્યો.

"બતાવશું શું ? મહારાજ ! હુકમ કરો ? મારા હાથ ચળવળી રહ્યા છે. મારા ધર્મનું અપમાન કરનાર એ દુરાચારી માલવરાજનો નાશ કરી એનું રાજ આપના રાજ્ય સાથે જોડી દઉ ? એ પછી પેલા સુધન્વાનો વારો ? ગર્દભભિલ્લ રાજાની માફક એને જડમુળથી ઉખાડી નાંખુ ? " જેનું બળ અપ્રતિમ જગજાહેર છે એવો પાટણનો સેનાપતિ બાહીર નાનગ મંત્રીનો પુત્ર બોલ્યો.

"રાજન્ ? જુઓ બપ્પભટ્ટજી અમારા ગુરૂવરનો સંદેશો આવ્યો છે તે ? એ શંકરાચાર્યને વાદ કરવાને આમંત્રણ કરવા કનોજ રાજે એક ચતુર દૂતને મોકલેલો, પણ અપમાન કરી કાઢી મુકયો. ને વાદ કરવા તૈયાર થયા નહી. ને પાછળ શિયાળની માફક ગર્જના કરે પોતાનું બળ બતાવે ! આવી અધમ વર્ત્તણુકથી કનોજરાજ અને ગૌડરાજે પણ હથીયાર ખડખડાવ્યાં. પણ હાલમાં સૂરિવરે એમને સમજાવીને શાંત કર્યા છે. અને આપને જણાવ્યું છે. શંકરાચાર્યની ઉશ્કેરણીથી માળવાનો રાજા અને પેલો સુધન્વા જૈનોને

સતાવી રહ્યા છે એને માટે ગુર્જરેશ્વર કાંઇ કરવા ચાહે છે કે કેમ ? ગુર્જરેશ્વરની મરજી હશે તો કનોજ તેમજ ગૌડ દેશનું લશ્કર પોતાના માલેક અને સરદારો સાથે તમારી પડખે ઉભુ રહેશે પણ જૈન પ્રજાને એ રાજાઓની હેરાનગતિમાંથી બચાવવી જોઇએ," મહા અમાત્ય જાંબમંત્રીએ એ વાદીકુંજર કેશરીનો સંદેશો કહી સંભળાવ્યો તે સાથે કાગળ—લેખ પણ આપ્યો જે ગુર્જરેશ્વરે યૂવરાજ યોગરાજ પાસે વંચાવ્યો.

"અરે જુલમની તે હદ છે. અમારા વિતરાગ જેવા શાંત્તમુનિઓ પણ આ નર રાક્ષસોના હત્યાકાંડથી ઉશ્કેરાઇ ગયા છે. ને અમારા બાહુઓ પણ ચળવળી રહ્યા છે અમારા પટ્ટધર પ્રદ્યમ્નસૂરિ જે વયોવૃદ્ધ થયા છે એપણ આ જુલ્મની વાત સાંભળી ક્રોધથી ફફડી રહ્યા છે. એમણે પણ આપને સંદેશો કહાવ્યો કે "અરે ગુર્જરેશ્વર ! જાગો ! પ્રજાના હક્કના રક્ષણની ખાતર જુલમગાર સામે તમારાં હથીયાર ખડખડાવો ! નિર્દોષ પ્રજાની વ્હારે ધાવો ! મહારાજ ! આખો દેશ ખળભળી ઉઠયો છે," સેનાપતિ બાહીરે કહ્યું.

"બાપુ ! આપ રજા આપો ? અમારા જાતિભાઇઓને ભાલાની અણીઓ ઘોંચી એ નરરાક્ષસોએ માર્યા છે ? એ બદલો અમે એના લોહીથી લેવા માગીએ છીએ ! આપ જરી બહાર તો જુઓ જૈનધર્મ પાળતી દરેક પ્રજાનાં ટોળે ટોળા વેર વેર પોકારતાં ઘુમી રહ્યાં છે. એ શંકરાચાર્યને બાંધીને જીવતો આપની સમક્ષ હાજર કરશું ! હમારા તીર્થના ઉચ્છેદનો એની પાસે જુવાબ માગશું." નિનગમંત્રી બોલ્યો.

" આપણે દૂત મોકલી ઉજ્જન અને વિદેહના રાજા પાસે જુવાબ માગીયે તો કેમ ! " રાજાએ દલીલ કરી.

" જેવી રીતે કનોજના દૂતનું અપમાન થયું તેવું આપણા દૂતનું થશે અમનેજ માળવરાજને ડાંભવા દ્યો ! એનો ગર્વ ઉતારવા દ્યો ? " ચાંપરાજ મહાઅમાત્યે કહ્યું.

" બાપાજી ! આપ આજ્ઞા કરો ? સેનાધિપતિજી બાહીરરાય સાથે હું યુદ્ધ ઉપર જવા તૈયાર છું. એ માળવરાજને તાબે કરવાનો સમય ઠીક હાથ આવ્યો છે. પછી તો પેલા મિથ્યાભિમાની સુધન્વાનો વારો ? "

" ઠીક ? મંત્રીશ્વર ! મારો પુત્ર યોગરાજ લશ્કર લઇને માળવાનો ગર્વ ઉતારશે. તમે, બાહીર એની સાથે રહી આપણા દેશની કીર્ત્તિ વધે એમ કરજો ? " ગુર્જરેશ્વર વનરાજે આજ્ઞા આપી દીધી.

બીજેજ દિવસે યોગરાજ મોટું લશ્કર લઇને જાંબ, બાહીર આદિ શૂરાસરદારો સાથે રવાને થયો એ લશ્કર માળવાની હદમાં પેઠું. એ સમાચાર માળવપતિને મળ્યા ને એના હાંજા ગગડ્યા.

જાંબમંત્રીએ કનોજ સમાચાર મોકલ્યા હોવાથી કનોજપતિ પણ બીજી તરફથી માળવા ચઢી આવ્યો, ત્રીજી તરફથી ગૌડરાજે પોતાના સૈન્ય સહિત વિદર્ભના સુધન્વાને મુંજવ્યો.

સુધન્વા પોતાની ફીકરમાં પડેલો હોવાથી માળવાની મદદે આવી શકયો નહીં. માળવરાજની પનોતી–કમબખ્તી બેઠી. ભાલાની અણી બતાવી બીજાના જાન લેનાર માળવરાજ બન્ને બાજુએથી વીંધાતી ભાલાની અણીઓથી ભેદાતો દેખાયો. એક તરફ કનોજરાજનો ભાલો હતો બીજો ભાલો ગુર્જરપતિ યોગરાજનો હતો. જીવનની કિંમત આજેજ એના ધ્યાનમાં આવી.

માળવરાજે મંત્રીઓ સાથે મસલત કરી બન્ને ઠેકાણે દુત મોકલ્યા. એ દુતો નિરાશ થઇ પાછા આવ્યા બન્નેના એકજ જુવાબ હતા. "રૂધિરને બદલે તમારૂં તમારા કુટુંબોનું તમારા સૈનિકોનું રૂધિર આપો ?"

એના ડાહ્યા ડાહ્યા પ્રધાનો મોટાં મોટાં ભેટણાં લઇ બન્નેની છાવણીમાં ફરી ગયા. એ પ્રધાનોનો જૈનોએ તિરસ્કાર કર્યો. એ તિરસ્કારને સહન કરતા એ મંત્રીઓ જાંબ, બહીર ને યુવરાજ આગળ ખોળા પાથરી કોઈ રીતે મનાવવા અરજ કરી એના પ્રાયશ્ચિત બદલ જોઇએ તે દંડ માગવા પ્રાર્થના કરી.

" નહી, તમારી અરજ મંજુર કરવામાં નહી આવે ? બસ ? ખુનને બદલે ખુન આપો ?" યુવરાજે પડકાર્યું. ગુર્જરેશ્વરના હજારો યોદ્ધાઓ વેર વેર બસ વેર કરતા ભાલાની અને તરવારની ધારો માળવાના મંત્રીઓને બતાવી રહ્યા હતા.

" પ્રધાનજી ! હમારા હજારો બાંધવોને ભાલાની અણીઓ સાથે લેટાડી દીધા છે જબરજસ્તપણાથી એમને વટલાવી દીધા છે આવાં કામ કરી હવે માફી માગતાં શરમાતો નથી એ નામર્દ રાજા ! એનું વેર અમે એના રૂધિરથી લેશું ? કહો તો સહી કે એ શંકરાચાર્ય હાલમાં ક્યાં છે ? " સેનાપતિ બહીર ગર્જ્યો. એની મોટી આંખો ક્રોધની ધગધગતી હતી એ પહાડ જેવી કાયામાંથી ક્રોધની જ્વાળાઓ બહાર પડતી જણાતી હતી એનું બાહુબળ દુશ્મનની છાતી ચીરવાને આતુર થઇ રહ્યું હતું.

" શંકરાચાર્ય તો અહીંથી ક્યારનાય સીધાવી ગયા છે. અમારો ગરીબ રાજા એનું હથીયાર થઇ પડ્યો છે. તેથીજ આજે આદશાને પ્રાપ્ત થયો છે" પ્રધાને પોતાના રાજાની દયા ખાધી.

"એતો કર ને જો ? અહીંયાંજ પ્રત્યક્ષ છે. શંકરસ્વામી કઇ તરફ ગયા છે વારૂ ? " જાંબમંત્રી બોલ્યા.

" ઘણું કરીને તો કેદાર તરફ જવાના હતા. એમને ગયે તો ઘણા દિવસ થઇ ગયા. હમણાંજ સમાચાર આવ્યા છે કે એમને ભગંદરનો વ્યાધિ થયો છે. " પ્રધાને ખબર આપ્યા.

" અતિ ઉગ્ર પુણ્ય કે પાપ અહીંયાંજ ઉદય આવે છે. આતો શરૂઆત છે એના મોટા વિપાકો તો ભાવી કાલમાં કેવા ભોગવવા પડશે એતો જ્ઞાની જાણે ? " યુવરાજે કહ્યું.

" ઠીક છે તમે કાલે આવજો. પણ તમારો એ અન્યાયી રાજા ઉઘાડે માથે મોંમાં તૃણ ઘાલી અમારી માફી માગશે તો અમે વિચાર કરશું અન્યથા આવતી કાલે યુદ્ધની નોબત વાગશે તમારા ગઢના દરવાજા તુટશે." જાંબ મહાઅમાત્યે એમ સૂચવી પ્રધાનોને વિદાય કર્યા.

જાંબમંત્રીએ યુવરાજ સાથે મંત્રણા કરી કનોજપતિ ને પોતાનું લશ્કર એક કરી નાખ્યું. બીજે દિવસે મધ્યાન્હ સમયે કનોજરાજ, યુવરાજ યોગરાજ ઉચ્ચ આસને બીરાજ્યા હતા. તેમની પાસે મહા અમાત્ય જાંબ અને બહીર તથા બીજા સરદારો ગુજરાત ને કનોજના ભાઇચારા પ્રમાણે બેઠા હતા. ત્યાં માળવપતિ મોંમાં તૃણ લઇને મોટું ભેટણું લઇ પોતાના પ્રધાનો સાથે છાવણીમાં આવી એ રાજાઓને નમ્યો-પગે પડ્યો, કરેલા અપરાધની માફી માગી. દરેકનાં દિલ પીંગળ્યાં ગમે તેવો જુલ્મી તલવાર છોડી જ્યારે શરણે આવે ત્યારે જીતનાર શાંત થાય છે. કરોડોનું ઝવેરાત બન્ને રાજાઓને નજરાણામાં આપ્યું તે સિવાય એ રાજાઓએ બેશુમાર દંડની રકમ ઠેરવી એ રકમ માળવરાજે ભરી આપી. ત્રીજોરી તળીયા ઝાટક કરી.

કનોજપતિ ને યુવરાજ પોતાના મંત્રીઓ તથા સરદારો સાથે માળવરાજની રાજધાનીમાં આવ્યા. ત્યાં સુધી છાવણીમાં રાજા અને પ્રધાનોને નજરકેદ રાખ્યા. ઉજ્જયિનીમાં આવીને જે જે જૈનોને કત્તલ કર્યા હતા. એમના કુટુંબીઓને

બોલાવી એ દંડની રકમોમાંથી એમને સંતોષ્યા. આખી માળ-વાની પ્રજાને સંતોષી. કેટલાક દિવસ રહીને બરાબર બંદોબસ્ત કરી છાવણીમાં આવ્યા. રાજા ફરી કોઈવાર આવો જુલ્મ ન કરે એવી કપરી શરત કરાવી એને એનું રાજ્ય પાછું આપ્યું, ને જુલ્મ કરનારા સુભટોને પકડી એમની કતલ કરી નાખી.

હવે રાજાના જીવને નિરાંત વળી. આ તરફ બન્ને રાજા-ઓ છાવણી નાખીને ત્યાં કેટલાક દિવસ સુધી પડી રહ્યા. એ દરમિયાન કનોજપતિએ બહીર સેનાપતીને ગૌડપતિની મદદે પેલા સુધન્વાને શીક્ષા કરવા મોકલ્યો. કનોજરાજ અને યુવ-રાજની રજા લઇ લશ્કર સાથે બહીર વિદેહ ઉપર ચડ્યો.

આ તરફ ગૌડરાજ સુધન્વા સામે લડી રહયો હતો. બન્ને બળમાં સરખા હતા. જેથી પરભૂમિમાં ગૌડરાજ હારવાની અણી ઉપર હતો. મદદની આશાએ એણે પોતાનો બચાવ કરવા માંડ્યો. એટલામાં બહીરનું તાજું લશ્કર આવી પહોંચ્યું. ને ગૌડરાજને પણ અપૂર્વ બળ આવ્યું. તે દિવસે મોટું યુદ્ધ થયું. સુધન્વાનું લશ્કર ચારે કોર નાશી ગયું. પોતાના લશ્ક-રને નાશી જતું જોઇ સુધન્વા ગભરાયો. ભાગવાની તૈયારીમાં હતો. પણ બહીરે એકદમ એને જીવતો પકડી લીધો. એને બાંધીને પાંજરામાં નાંખી એ વિજયી લશ્કર પોતાના સ્વામીને આવીને નમ્યું. બહીરના પરાક્રમથી કનોજરાજ તથા યુવરાજ ખુશી થયા.

માળવરાજની માફક શરત કરાવી મોંમાં તૃણ ઘલાવી

એની પાસે માફી મંગાવી, એનો રાજભંડાર દંડ તરીકે વસુલ કર્યો. જે બન્ને રાજાઓએ વહેંચી લીધો જે જૈનોને નુકશાન કરવામાં આવ્યું હતું તેમને દરેકને નુકશાની બદલ એની પાસેથી ઘણું ધન અપાવ્યું બીજી કોઇવાર ભૂલે ચુકે આવો ગુન્હો ન થાય એ માટે કપરી શરત કરાવી એનું રાજ્ય પાછું આપ્યું. જુલમ કરનારા સૈનિકોને પકડી કત્તલ કરવામાં આવ્યા.

બન્ને લશ્કરો અને રાજાઓ પોતપોતાના સ્વદેશ તરફ જવાને હળીમળીને છુટા પડ્યા એ હત્યાકાંડની શાંતિ ફેલાતાં જગતમાં કાંઇક ખળભળાટ ઓછો થયો. કનોજરાજ પોતાને દેશ ગયા ને ગૌડરાજ લક્ષણાવતી ગયા, ગુર્જર યુવરાજ પોતાના સૈન્ય સહીત પાટણમાં આવ્યા. મંત્રીઓએ અને યુવરાજે વિજયના સમાચાર મહારાજને સંભળાવ્યા. એ સમાચારને હજી થોડા દિવસ થયા નહી એટલામાં તો શંકરસ્વામીના કેદારમાં અવસાન થયાના સમાચાર બધે ફરી વળ્યા.

## પ્રકરણ ૧૩ મું.

### સમકિત્ પ્રરૂપણા.

" ચોરાશી લાખ જીવાયોનીમાં માનવભવની દુર્લભતાને શાસ્ત્રમાં વર્ણવી છે કેમકે દશ દ્રષ્ટાંતે દુર્લભ મનુષ્ય ભવ પ્રાણીઓને દુર્લભ–દુષ્પ્રાપ્ય હોય. એવો માનવભવ કોઇક જ

આત્મા સફળ કરે. બાકી તો કષાયથી ભરેલા જીવો જગતમાં કઇક મરે છે અને જન્મે છે. એ મનુષ્યભવ પામ્યા હોય તોય એનો દુરૂપયોગ કરવામાં, ધર્માંધપણાથી અન્ય ધર્મીઓ ઉપર જુલમ કરવામાં, એનું ખંડન કરી અનેક અસત્યોની પ્રરૂપણા કરી જગતને ઠગવામાં, વગેરે અનેક કુયુક્તિઓ કરવામાં જીવતર ધૂળધાણી થાય છે. એવાં પાપોથી અનંતદુઃખનો ભોક્તા આત્મા થાય છે. એવા ભારે કર્મી જીવોને સત્યપ્રરૂપણા ગમતી નથી. એમને તો પોતાનું ખોટું હોય તો પણ સારૂં લાગે. બીજાની સત્ય વસ્તુ હોય એને અસત્ય કરવા અનેક કુયુક્તિઓ કરે, એવા ગાઢ મોહના અંધકારમાં પડેલા પ્રાણીઓને મદનો દુકાળ ન હોય. સમકિતની પ્રાપ્તી પણ દુર્લભ હોય, ને માર્ગાનુસારીપણું પણ ન જ હોય. ઉત્સૂત્ર પ્રરૂપણા કરીને એ તો ઘણો કાલ નરક અને તિર્યંચ ગતિનાં દુઃખ ભોગવતો ભવરૂપી અટવીમાં ભ્રમણ કરે. કરેલા પાપોનું પ્રાયશ્ચિત કરે.

સંસારમાં એવી રીતે ભમતાં સમુદ્રમાં પાણીના ઘસારાથી પત્થર ગોળ થાય એ ન્યાયે ઘણે કાળે યથાપ્રવૃતિ કરણે કરી આત્મા સમકિતની સન્મુખ થાય છે. એ સમયે એના કર્મની ઉત્કૃષ્ટ સ્થીતિ કંઇકિ ન્યૂન્ એક કોડા કોડી સાગરોપમની હોય. યથા પ્રવૃતિ કરણ સુધી તો અભવી આત્મા પણ આવી શકે. પરન્તુ એ પહેલાં આત્માને કદિ પ્રાપ્ત ન થયેલું અપૂર્વ કરણ તો તે ન કરી શકે. જેને સમકિત પ્રાપ્ત થવાનું હોય

એજ અપૂર્વ કરણુ કરી સમક્તિ—ઉપશમ સમકિત પ્રાપ્ત કરે. એ ઉપશમ સમકિતનો કાલ અન્તર્મુહૂર્ત્ત સુધીનો હોય છે. ભમતાં ભમતાં સંસારથી થાકેલા આત્માને કોઇ વખત નહી આવેલો એવો અપૂર્વ ભાવ આવે એને ઉપશમ સમકિત કહે છે. અન્તર્મુહૂર્ત્ત પછી એ પાછો પડે તે મિશ્રમાં થઈ સાસ્વાદન-ગુણ ઠાણે જઈ મિથ્યાત્વમાં પણ જાય. અથવા તો ક્ષાયોપશમ સમકિત પણ પામે. ક્ષાયોપશમ ( અનંતાનુબંધી કષાયની ચંડાળ ચોકડી, સમકિત મોહિની, મિશ્ર અને મિથાત્વ મોહિની એ સાત પ્રકૃતિ કંઇક ક્ષય કરી હોય કંઇક ઉપશમ ભાવી હોય ) આત્માને અસંખ્યાતી વાર પ્રાપ્ત થાય-ત્યારે ઉપશમ સમકિત સંસારમાં પાંચવાર આવે. એક ભવમાં એ બે વાર પ્રાપ્ત થાય. ક્ષાયોપશમ સમક્તિનો ઉત્કૃષ્ટ કાલ કંઈક અધિક છાસઠ સાગ-રોપમનો હોય. ત્યાં સુધી સમકિત ભોગવે મુક્તિતો ગમે ત્યારે જાય.

પૂર્વની સાતે પ્રકૃતિનો ક્ષય કરે તો ક્ષાયક સમ્યકત્વ પામે એ સમકિતવાળો તદ્ભવે મોક્ષે જાય, પણ સમકિત પામ્યા પહેલાં જો આયુષ્ય બાંધ્યું હોય તો ત્રીજે ભવે મોક્ષે જાય. કવચિત પાંચમે ભવે પણ જઇ શકે એથી તો વિશેષ ભવ નજ કરે ? આ સમકિતની ઉત્કૃષ્ટ સ્થીતિ તેત્રીશ સાગરોપમથી કંઇક અધિક જાણવી. બાકી તો દરેક સમકિતની જઘન્ય સ્થીતિ તો અન્તર્મુહૂર્ત્તની હોય, કારણુ કે સમકિત પામીને તરતજ ક્ષપણુ શ્રેણિ આરંભતો આત્મા મુક્તિએ પણ જાય ને કેવલજ્ઞાન પણ

પામે એ આશ્રયી અન્તર્મુહૂર્ત્તની જઘન્ય સ્થીતિ કહી. વચગાળેની મધ્યમ સ્થીતિ કહેવાય.

સમકિત પામ્યા પછી આત્મા સંસારમાં વધારેમાં વધારે અર્ધ પુદ્‌ગલ પરાવર્ત્તનકાલ સુધી રખડે. એમાં પણ બનતા લગી પુદ્‌ગલીક સુખનાજ ભવ કરે. ભવી આત્મા હોય એજ કાલે કરીને ભવસ્થીતિ પાકવા આવે એટલે સમકિત રત્ન પામે આત્મા સમકિત પામ્યો એટલે એ મુક્તિને સન્મુખ થયો, આજલગી સંસારની સન્મુખ હતો હવેથી એનું સાધ્યબિંદુ મુક્તિની સન્મુખ થયું. મુક્તિ જવા માટે એનો એકડો થઇ ગયો. કર્મોનીગરિષ્ઠ સ્થીતિ જેમ જેમ પાતળી પડતી જાય તેમ એનું લક્ષ્ય મોક્ષ તરફ ઢળતું જાય. એનો બહિરાત્મ ભાવ દુર થાય અંતરદૃષ્ટિ જાગૃત થતી જાય.

---

એ સમકિત પ્રથમ વ્યવહારથી પાળી શકાય. કંઇક શાંત થયેલો આત્મા મનુષ્યત્વપણું સમજે એથી એનાં વિવેકચક્ષુ ઉઘડે. એ સારૂં ખોટું સમજી શકે. શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મ જાણી શકે. જાણીને એનું પાલન કરે, આરાધે એને શુદ્ધ દેવ, ગુરૂ ને ધર્મમાં સમજણપૂર્વક એવી તો શ્રદ્ધા હોય કે જેથી ગમે તેવા સંજોગોમાં પણ એ શ્રદ્ધા ડગે નહી કોઈ એની શ્રદ્ધા ફેરવી શકે નહી. પણ એ ત્યારેજ બને કે વસ્તુત્વનું વાસ્તવિક-સ્વરૂપ સંપૂર્ણપણે એના સમજવામાં આવી ગયું હોય. અન્ય લોકોમાં પ્રભાવ કે શક્તિ દેખી એનું મન એ તરફ દોડે તો સમજવું કે એ સમકિત શુદ્ધ ન કહેવાય શુદ્ધ દેવ, ગુરૂને પણ

માને ને અન્ય ધર્મને પણ માને એ તો મિશ્ર સમકિત કહેવાય. અન્ને ઘરનો મેમાન બને તો ભૂખે જ મરે. દહિને દુધ બન્નેમાં પગ રાખે એ લપશી પડવાની નિશાની સમજવી. શુદ્ધ સમકિતી તો કદાપિ ન ડગે. એતો વીતરાગ દેવ ને, પંચમહાવ્રતધારી ગુરૂનેજ ભજે. તીર્થંકર દેવે કહેલો ધર્મ નિ:શંકયપણે આરાધે અન્ય એકાંતવાદીનાં ગમે તેવાં શાસ્ત્રો વાંચવાથી કે સાંભળવાથી એનું હયું ન ડગે ? શંકાને સ્થાન પણ ન હોય. પોતાની અલ્પ બુદ્ધિથી કંઈ બાબત ન સમજાય તો એ વસ્તુમાં શંકા ન કરતાં પોતાની અલ્પ બુદ્ધિ સમજી કોઇ જ્ઞાની પાસેથી એ સંબંધમાં ખુલાસો ન થાય ત્યાં લગી મધ્યસ્થ રહે.

મનુષ્યજન્મ, આર્યદેશ, ઉત્તમ જાતિ, સર્વે અંગોપાંગ અક્ષત, આયુ, લક્ષ્મી, નિરોગતા એ સર્વે કર્મની લાઘવતાથા પ્રાપ્ત થાય. મોટું પુણ્ય હોય તોજ એ પૂર્વની વસ્તુઓ મળી શકે. એવું પ્રાપ્ત થતાં પણ સદ્‌ગુરૂ જોગ દુર્લભ હોય. એ સદ્‌ગુરૂનો જોગ મળેલો હોય છતાં તત્વ સાંભળવાની જીવને રૂચિ થતી નથી. માટે ઘણા પુણ્ય યોગેજ તત્વ સાંભળવાની જીજ્ઞાસા થાય. અરે એ જીજ્ઞાસા થાય અને સાંભળે તેથી શું ? એ તત્વ એના હૈયામાં ન ચોંટે, એની ઉપર એને શ્રદ્ધા ન આવે, શુદ્ધ દેવ, ગુરૂ ને ધર્મનું સ્વરૂપ ગુરૂ વિસ્તારથી સમજાવે. પોતે સાંભળે છતાં શુભ કર્મનો યોગ હોય તોજ જીવને એની ઉપર શ્રદ્ધા આવે શ્રદ્ધા એજ સમકિત ? સમકિત પ્રાપ્ત થયા પછી કર્મની લઘુતા થતાં ચારિત્ર તરફ જીવનું વલણ ઢળતું

જાય છે. પરંપરાએ સમકિત આત્માને આ સંસારથી મુકત કરી મુક્તિ અપાવે છે.

સમકિતી શુદ્ધ દેવ કોણુ કહેવાય, અશુદ્ધદેવ કોણુ કહેવાય, એનું પોતાની બુદ્ધિથી પૃથગકરણુ કરે જે વીતરાગ હોય. કામ, ક્રોધ, મોહ, લોભ આદિ અઢાર દોષથી રહિત હોય, જેમનું સ્વર્ગ મૃત્યુ અને પાતાલપતિઓ પણુ ભકિતએ કરીને પૂજન કરે એવા અનંતજ્ઞાન છતાં ગંભિર અનંત દર્શન, અનંત શક્તિ છતાં ક્ષમાવાન હોય એવા દેવનું એકાગ્ર મને ધ્યાન કરે, પૂજન કરે તો એમના સમાન ધ્યાતાપણુ તીર્થંકર પદ પામે. શ્રેણિક મહારાજે શ્રી મહાવીરનું એક ચિત્તથી ધ્યાન કર્યું તો મહાવીર સમા આવતા કાળમાં 'પદ્મનાભ' તીર્થંકર થશે. શ્રીકૃષ્ણુ વાસુદેવે નેમિનાથનું ધ્યાન, ચિંતન અને ભકિત પૂર્વક પૂજન કર્યું તો બારમા 'અમમ' નામે તીર્થંકર થશે, માટે સમજીને એમ શુદ્ધ ભકિતથી, એકાગ્રતાથી એ વીતરાગ તીર્થંકરની ભક્તિ કરવામાં આવે, તો તીર્થંકર પોતાનું પદ પણુ ધ્યાતાને આપે મોક્ષની લક્ષ્મી એને અલ્પકાળમાં મળે. આવી શુદ્ધભકિત શુદ્ધ સમકિતવંતજ નિઃસંશયપણે કરી શકે. અપુર્વ ફ્લ મેલવી શકે.

અઢાર દોષ, રાગદ્વેષ વગેરેથી રહીત જેમ તીર્થંકર હોય તેવીજ રીતે પંચમહાવ્રતને ગુરૂ પાલનારા હોય. આફતને સમયે પણુ એ મહાવ્રતને દુષણુ ન લગાડે. બેંતાલીશ દોષ રહીત નિર્દોષ આહારની ગવેષણા કરે. માધુકરીવૃત્તિએ ભિક્ષા

હે, એ ભીક્ષા ભોજન સ્વાદને માટે નહી. શરીરની પુષ્ટીને માટે નહી પણ ચારિત્ર ધર્મની રક્ષાને માટે શરીર ટકાવવા આહાર કરે, ભોજન પણ ઉણોદરી–પાંચ સાત કોળીઆ ઓછા જમે કે જેથી પ્રમાદ ન વધે. રાત્રીએ તો સર્વથા ભોજન પાણી ન જ વાપરે. ધર્મ સાધન માટે જોઇએ તે કરતાં વધારે કાંઈપણ સંગ્રહી ન રાખે, મમતાભાવ વધે એવું કાંઇ પણ કરે નહી, જ્યાં રાગ દ્વેષનો પ્રસંગ ઉભો થાય એવા સમયે રાગદ્વેષને આધીન ન થતાં સાધુ મધ્યસ્થપણાએ વર્તે. હમેશાં સમભાવમાં રહે. ભવીજીવોને એમના ઉદ્ધાર માટે સમ્યગ જ્ઞાન, દર્શન ને ચારિત્ર સ્વરૂપ તીર્થંકર ભગવંતે કહેલો સ્યાદ્વાદ–અનેકાંત સ્વરૂપ ધર્મ, એનો ઉપદેશ કરે ઈત્યાદિ અનેક ગુણ યુક્ત હોય એવા ગુરૂને આરાધી એમની સેવાથી સત્યતત્વને જાણે.

એવા ગુરૂ પાસેથી તીર્થંકર ભગવંતે કહેલો ધર્મ સાંભળે. ધર્મ તો એજ કેજે નરક, તિર્યંચ કુમનુષ્ય અને કુદેવથી રક્ષણ કરે. ધર્મીતો એજ કે જે પ્રાય: નરક અને તિર્યંચગતિમાં ન જાય. પંચમહાવ્રતરૂપ ધર્મ સાધુઓ પાલે, એ સાધુ ધર્મ પાલવાને અશકત મનુષ્ય પંચઅણુવ્રતરૂપ શ્રાવક ધર્મ પાળે, દાન, શિયલ, તપ અને ભાવ એ ચાર પ્રકારના ધર્મનું પાલન કરે. ધર્મની ઈચ્છા કરનારો જીવ સાત વ્યસન જે નરક અને તિર્યંચ આદિ દુર્ગતિમાં લઇ જનાર છે એને છોડવા પ્રયત્ન કરે.

૧ જુગાર ના રમે એ જુગાર શરૂઆતમાં તો નજીવો જણાય પણ એનાં કડવા ફલ નળરાજ, અને પાંડવ ને ભોગ-

મવાં પડચાં એ જગપ્રસિદ્ધ છે. ૨–૩ માંસ મદિરાંનું ભક્ષણ ન કરે કારણકે એ પાપનાં હેતુ છે. મનુષ્યને દુરાચાર તરફ દોરી જનારાં છે એને આધિન થયેલો માણસ અનેક કુકર્મ કરે. માંસની પ્રીતિથી એ જીવહિંસા કરે. પંચિદ્રિય જીવોનો પણ ઘાત કરે. બીજાં પણ એના પ્રમાદથી કુકર્મ કરે; એવીજ મદિરા ? એ મદિરાએ જ દ્વારિકાનું ને યાદવોનું કાશળ કઢાવ્યું. ૪–૫, વેશ્યાગમન અને પરસ્ત્રીગમન એ દુર્ગતિનાં દ્વાર છે. સીતાજી ઉપર કુબુદ્ધિ કરવાથી મહા સમર્થ વિશ્વવિજયતા રાવણ પણ નિંદાને પામ્યો દુર્ગતિ ગયો. સતી દ્રૌપદીની લાજ લુંટનાર કૌરવપતિ દૂર્યોધન બુરે મોતે મુઓ. સૈરંદ્રી ઉપર કુદ્રષ્ટિ કરનાર કીચક પણ એજ માર્ગે ગયો. વેશ્યા પાશમાં પડેલા પણ કંઇ જીવો ડુબી ગયા જે શોધ્યા પણ ન જડયા માટે ગુણવાન પુરૂષે વેશ્યા અને પરસ્ત્રીને મા બેન સમાન ગણી દૂરથીજ વર્જવી. ૬ ચોરી કરનાર આ લોક અને પરલોક ઉભય લોક વિરૂદ્ધ છે. અહીંયા પણ અનેક પ્રકારે વધ બંધન આદિ કષ્ટ સહન કરવા પડે, તેમજ દારિદ્રય દુર્ભાગ્ય એ પણ ચોરીનાં ફલ કહેવાય ૭ શિકાર જીવહિંસા પંચિંદ્રય જીવોનો વધ કરવો. જેમ આપણને આપણું જીવીત વ્હાલું છે તેવીજ રીતે સર્વને વ્હાલું છે કોઇના જીવનનો નાશ કરવાને આપણને શું હક્ક હોય. રાજા તો પ્રજાનું રક્ષણ કરે, નિર્દોષ પ્રજાને જુલમગારોથી બચાવે એના રાજ્યમાં વસનાર તિર્યંચો મૃગલાં વગેરે પણ એની પ્રજા કહેવાય. એ નિરપરાધી ઘાસ ખાઇને પોતાનું ઉદર ભરનારા ગરીબ જીવોનું રાજા તો રક્ષણ કરે ભક્ષણ ન

કરે. પોતાના દેશને માટે, પ્રજાના રક્ષણને માટે ગુન્હેગાર જીવોને શિક્ષા કરે. પણ નિર્દોષનો શિકાર તો નજ કરે કોઇ એમનો શિકાર કરતો હોય તોપણ રાજા તો એનું રક્ષણ કરી એ મુંગા પ્રાણીની આશીષ મેલવે.

એ સાતે વ્યસનો જુગાર, માંસ, મદિરા, વેશ્યા, પરસ્ત્રી-ગમન, ચોરી અને શિકાર એમાંની એક એક ચીજના સેવન થકી જીવો દુઃખી થયા છે. રાજભ્રષ્ટ થયા છે. પરલોકમાં દુર્ગતિએ ગયા છે. તો જે પુરૂષ નિર્ભય થઇને સાતે વ્યસન સેવનારો હોય તેની અધોગતિની તો વાત જ શી ? સમકિતવંત પ્રાણી હોય તે આ સાતે વ્યસનને છોડવા પ્રયત્ન કરે. એનાથી મોટા મોટા સમર્થ પુરૂષો પણ પતીત થયા. એક દિવસ રાજ-સભામાં બપ્પભટ્ટજી સૂરિએ કનોજરાજને સમકિત શું વસ્તુ છે. સાત વ્યસન એ પ્રાણીને કેવાં અધોગતિએ લઇ જનાર છે વગેરે બાબતોનું સ્પષ્ટીકરણ વિસ્તારથી સમજાવ્યું. રાજાના હૃદયમાં એ વાત સારી રીતે ઉતરી ગઇ અન્યજનોને પણ રૂચિકર જણાઇ. જેથી ગુરૂ પાસે રાજાએ સમકિત ઉચર્યું. સાત વ્યસનનો યાવત્ જીવન પર્યંત ત્યાગ કર્યો.—એનાં પચ્ચખાણ કર્યાં. અન્ય જનોએ પણ યથા શકિત નિયમ અંગીકાર કર્યાં. પોતાના રાજ્યમાં કોઇ નિરપરાધી જીવનો વધ ન કરે તે માટે વ્યવસ્થા કરી કાયદાઓ ઘડયા.

રાજાના વર્ત્તનની અસર પ્રજા ઉપર પણ થઇ. શિકાર માંસ, મદિરા વગેરે રાજાએ તજ્યું. નિરપરાધી જીવની રક્ષા

કરવા માંડી એ જોઈને પ્રજાએ પણ એ નીતિ અંગીકાર કરી, યથા રાજા તથા પ્રજા. એ સાતે વ્યસનોના પાશ પ્રજા ઉપર પડેલા તે રાજા તથા મોટા મોટા અધિકારીઓ, સરદારો ને ધનાઢ્યોના શુદ્ધ આચારની દેખાદેખીથી ઓછા થયા. એ રાજા, સરદારો, ભાયાતો અહિંસાના ઉપાસક છતાં ગુન્હેગારોને શિક્ષા કરવામાં નિડર હતા. સમય પરત્વે પોતાના બળનો ઉપયોગ કરવામાં પાછા હઠતા નહી. યુદ્ધને પ્રસંગે મ્યાનમાંથી ખડ્ગ બહાર ખેંચી કાઢતાં વ્હાર લગાડતા નહી. એ બધુંબળ એમનું સત્યને માર્ગે વળેલું હતું નિર્દોષોનો બચાવ કરવા માટે જુલમગારો ઉપર હતું.

# પ્રકરણ ૧૪ મું.

## કનોજ પતિએ ઉચ્ચરેલા અગીયાર વ્રત.

રાજા બારવ્રતધારી શ્રાવક બને એવી સૂરિવરની ઇચ્છા હતી. એ માટે ગુરૂએ રાજાને શરૂઆતમાં સમકિત–વ્યવહાર –સમક્તિની ઓળખાણ કરાવી. સપ્ત વ્યસનનો ત્યાગ કરાવ્યો એ ઘટના પછી કેટલોક કાળ વહી ગયો ગુરૂએ જાણ્યું કે રાજા દૃઢ મનોબળથી પોતાના નિયમ પાળવામાં જાગૃત રહે છે એની અસર પ્રજા ઉપર પણ સારી રીતે થવા પામી છે. વળી પોતાના શિષ્યો ચારે તરફ પ્રજામાં પણ ધર્મ તત્વની ભાવના

જાગૃત કરી પ્રજાને જૈન ધર્મમાં સ્થીર કરી રહ્યા હતા. કનોજ રાજનો દાખલો આગળ કરી શિષ્યો પ્રજા વર્ગને સમજાવી રહ્યા હતા.

એક દિવસ રાજાએ સભામાં ગુરૂને બારવ્રતનું સ્વરૂપ પૂછયું " ભગવન્ ! આપની કૃપાથી બારવ્રત ગ્રહણ કરી નિરતિચારપણે એનું પાલન કરી મારા આત્માને ભવસાગરથી પાર ઉતારૂં ! "

" તે તને યોગ્ય છે ? સામાન્ય રીતે શ્રાવકને બાર વ્રત હોય ત્યારે રાજાઓ અગીયાર વ્રતનું પાલન કરી શકે. " ગુરૂએ કહ્યું.

" એનું કારણ ? રાજાને બારવ્રત કેમ નહીં. " રાજાએ પૂછયું.

" બારવ્રતમાં જે બારમું અતિથિ સંવિભાગવ્રત એ રાજાઓને નિષિદ્ધ હોય. સાધુઓ રાજાને મંદિરે આહારપાણી વહોરવા જઇ શકે નહી એ માટે ? શ્રમણ ભગવન્ મહાવીર સ્વામીએ જ્ઞાનથી જોઇને સાધુઓને રાજગઢમાં આહાર વહોરવા જવાનો નિષેધ કર્યો છે. જે આજ્ઞાનું કોઇ પણ સાધુ ઉલ્લંઘન ન કરી શકે ? " સૂરિવરે કહ્યું " છતાં રાજા શ્રાવકોને તો દાન માનથી સત્કારી શકે ? "

" પ્રભુ ? એ અગીયાર વ્રત તો ઠીક ! પણ એમાં અહિંસાનું વ્રત તો અમારાથી કેવી રીતે પળી શકે જુલમગારોનું દમન કરવું પડે ચોર, જુગારી, હિંસક, ખુની વગેરેને પ્રજાની

વ્યવસ્થા સારૂ કઠોર શીક્ષા કરવી પડે ખુનીના ગુન્હેગારને ફાંસીની ટીપ મારવી પડે. સમયપરત્વે દુશ્મનના દળ સામે અમારે હથીયાર ખખડાવવાં પડે. એમ કરવા જતાં અનેક પ્રકારે જીવહિંસા થવાનો સંભવ રહે." રાજાએ અહિંસાવ્રતમાં મુશ્કેલી બતાવી.

"રાજન ! એમાં કંઇ કઠીણ નથી. રાજાઓપણ અગીયારવ્રતતો સહેલાઇથી પાળી શકે. આખી દુનિયાના રાજા ચક્રવર્તી પણ એવાં વ્રતતો પાલન કરી શકે,"

"તે કેવી રીતે! જરી સ્પષ્ટતાથી સમજાવો !" રાજાએ કહ્યું.

"અહિંસાવ્રતમાં રાજાએ હિંસાનો ત્યાગ કરવો જોઇએ કુલાચારથી થતી હિંસા દશેરા વગેરે પર્વતીથિએ થતો પશુવધ અવશ્ય તજવો. વિવાહ આદિ કાર્યોમાં પોતે જીવ વધના આદેશો ન આપે બીજા કરતા હોય તો નિવારે—અથવા જયણા કરે ઉપેક્ષા બુદ્ધિ રાખે ભોજન આદિ પોતાના ખોરાકમાં માંસ મદિરાનો ત્યાગ કરે, નિરપરાધી જીવોને પોતે સંતાપે નહી. શિકાર કરે નહી ચાહીને બીજા પાસે કરાવે નહી અથવા તો એ પાપ કરનારને પણ અનુમોદે નહી એનાંવખાણ કરે નહી.

મન, વચન અને કાયાથી બેઇંદ્રિય, તેઇંદ્રિય ચોરિંદ્રિય અને પંચેંદ્રિય જીવોની હિંસા ન કરે. કોઇ પાસે ન કરાવે. કરનારને ન અનુમોદે.

જો કે અહિંસાવ્રતમાં શ્રાવકને જીવ હિંસા માટે આવું પચ્ચખ્ખાણ છે તે અપરાધી નહોય એવા જીવોને આશ્રયી સમજવું. જે જીવોએ કોઇનો કે પોતાનો અપરાધ કર્યો નથી એવા જીવોને શ્રાવકવ્રતધારી મનથી પણ ન હણે. હણે તો, અતિચાર લાગે. વચનથી હણે તો મોટો અતિચાર ને કાયાથી હણે તો અનાચાર દુરાચાર કહેવાય એનું વ્રતભંગ થાય.

પણ શ્રાવકને અપરાધી માટે છુટ હોય એનું પચ્ચખાણ નિરઆધીસજીવ આશ્રયી હોય કેમકે રાજા હોય તો ચોર, જાલીમ, જુલ્મી, જુગારી, દુરાચારી, વ્યભિચારી વગેરેને એના ગુન્હાને યોગ્ય ગમે તેવી શિક્ષા કરી શકે સાધુ, સંતને સંતાપનારને સપડાવી શીક્ષા કરે; કોઈ હિંસક પ્રાણી પ્રજાના જાનમાલને નુકશાન કરતું હોય તો સમર્થ રાજા પ્રજાનીવ્હારે ચડી એનું રક્ષણ કરે ગુન્હેગારોને શિક્ષા કરવામાં એનું અહિંસાવ્રત ભાંગતું નથી. એ રાજ્યધર્મ કે જેમાં રાજા અને પ્રજા બન્નેનું હિત હોય, દેશનું ગૌરવ સચવાતું હોય અલ્પ હાની થતાં વિશેષ લાભ હોય તો રાજ્યધર્મ પ્રમાણે વર્ત્તન કરે એમાં અહિંસાવ્રત એની આડે આવતું નથી. ફકત નિરપરાધી જીવોને મારવાજતાં, ધર્મને બ્હાને પંચેદ્રિય જીવોનો વધ કરવા જતાં એનું અહિંસાવ્રત ભાંગે. દેવ દેવલાંને ભોગ આપવો હોય તો અહિંસાવ્રત ભંગ થાય ધર્મને બ્હાને યજ્ઞમાં પશું હોમ કરવો કે દશેરા જેવા પર્વદિવસે પશુઓનું બળીદાન આપવું એથી અહિંસાવ્રત ભંગ થાય. ગમે તેવા કારણે પણ વ્રત-

ધારી નિરપરાધી જીવને હણી કે હણાવી શકે નહી ને, યુદ્ધની અયણા રાખે દુષ્ટનો નિગ્રહ પણ અવશ્ય કરે. એવે સમયે હિંસા ચિંતવવા જાય તો અલ્પ લાભે મહા હાની થાય. રાજ્યમાં અંધાધુની ચાલે. અરાજતા પ્રસરે, સરદારો કે ભાયાતો કોઈ રાજાનો હુકમ માને નહી અને અવ્યવસ્થા ગેરવ્યવસ્થા ફેલાય. જુલ્મગારો ફાવી જતાં સંત, સાધુ, સજ્જન અને ગરીબ પ્રજાને દુઃખ થાય.

કોઇ દુશ્મન રાજા ચઢી આવે તો હથીયાર છોડી ઘરના ખુણામાં ન ભરાય, એ કાંઇ અહિંસાનું લક્ષણ નથી. આ અવસરે નિર્બળ જ જીવ દયા ચિંતવે અને એ તો રાજા થવાને પણ નાલાયક ગણાય રાજા તો અહિંસાવ્રતધારી પણ તરતજ હથીયાર ખખડાવતો મેદાને પડે ગમે તે પ્રકારે પોતાનું અપૂર્વ પરાક્રમ બતાવી શત્રુઓને જીતે પ્રજાનું અને દેશનું રક્ષણ કરી પ્રજાની આશિષો મેળવે. પોતાના અને દેશના શત્રુને પોતાનો સમર્થ બાહુ બતાવે. દુશ્મનોનાં હૃદયો ભેદે. યુદ્ધભૂમિ ઉપર વીરરસ ધારણ કરીને પણ લડતાં મોતથી ડરી કાયર ન બને. પાછો ન હઠે. અહિંસાવ્રતધારી શુદ્ધ જૈન તો શત્રુઓને જીતે અથવા તો મોતનો ભય છોડે. જૈન એટલે જ જીતવું. પછી તે બાહ્ય શત્રુ હોય કે અંતરંગ ? સાધુઓ એ બન્ને શત્રુઓને જીતે એટલે અંતરંગ શત્રુઓને જીતતાં બાહ્ય શત્રુસ્વતઃ જીતાય. પણ શ્રાવક અગર રાજા તો બાહ્ય શત્રુઓને અવશ્ય જીતે તો જ સાચો જૈન કહેવાય. પોતાના દેશનો ભંગ થતો હોય. કે ગા, બ્રાહ્મણ કે દેવ અથવા ગુરૂ,

મિત્ર કે પ્રજા ઉપર જુલમ ગુજરતો હોય તો પોતાના સર્વ બળથી છેવટ સુધી લડે. વ્રતધારી રાજાઓ પણ આવી લડાઇઓ અવશ્ય કરે પૂર્વે ચેડા મહારાજ જેવા બારવ્રતધારીએ પણ યુદ્ધ કર્યાં હતાં. મહા સમર્થ સંપ્રતિરાજાએ ત્રણ ખંડ પૃથ્વી બાહુબળથી દબાવી જગતના શત્રુઓને જીત્યા હતા. છતાં એમનું અહિંસાવ્રત અનુપમ હતું. અહિંસાનું વ્રત લઇને રાજા યુદ્ધાદિકના પ્રસંગે નબળાઇ તો નજ બતાવે. એથી તો જગતમાં જૈનધર્મની નિંદા થાય. પોતાની અલ્પશક્તિથી યુદ્ધ ન કરે એ જુદી વાત બાકી તો અહિંસાવ્રતવાળો પણ સંપ્રતિરાજાની માફક મોટાં મોટાં યુદ્ધો કરી વિજય મેળવી શકે. તેજ ભવે મોક્ષે જનારા પાંડવોએ કૌરવ સાથે મહાભારત યુદ્ધ કર્યું હતું. એ યુદ્ધમાં કૌરવનું વિશાળ સૈન્ય એમના હાથથી નાશ પામ્યું હતું. પણ એમનું ન્યાયયુદ્ધ હતું. અહિંસાના વ્રતવાળો અન્યાય ન કરે ? ”

એવીજ રીતે રાજા ન્યાયયુદ્ધ ઉપર બતાવેલા કારણે અવશ્ય કરે. છતાં એનું અહિંસાવ્રત ન લોપાય. એ બધી વાત તો ત્રસકાયને માટે થઇ. છતાં એકેંદ્રિયાદિકનો પણ વિનાકારણે વધ ન કરે. એ પહેલું સ્થુલ અહિંસાવ્રત.

કન્યાને માટે; ભૂમિને માટે આદિ પાંચ મોટાં કારણે જુઠું બોલવાનો નિયમ કરે. એ બીજુ સ્થુલ સત્યવ્રત.

જેમાં ચોર નામ પડે એવું કામ કરવાનો નિયમ કરે લોકોનાં ધન ઓળવવાં, અપુત્રીયાનું ધન લઇને એના કુંટુ-

બીજનોને સંતાપવાં એવું ન કરે. રાજદંડ થાય એવું ધન લેવાનો નિયમ કરે એ ત્રીજુ સ્થુલ અદત્તાદાનવ્રત " જુલમથી પ્રજાને દંડીને પણ ધન ન પડાવે."

દેવસંબંધી, મનુષ્યસંબંધી, તિર્યંચ સંબંધી મન, વચન કાયાથી મૈથુન વર્જે, સ્વસ્ત્રીની શ્રાવક જયણા રાખે. બ્રહ્મચર્યવ્રત્ત ન પળે તો શીયલવ્રત પાળે. એ ઉપરાંત બીજી બાબતોમાં જયણા કરે. એ ચોથું સ્થુલ મૈથુનવ્રત.

રાજા, શ્રાવક ગમે તે હોય પોતે પોતાની જોઇતી સામગ્રીની છુટ રાખી જેની પોતાને જરૂર ન હોય એવા પરિગ્રહનો નિયમ કરે ધન ધાન્ય, સુવર્ણ, દાસ, દાસી, ગાય, ભેંસ વગેરેનું શ્રાવક પ્રમાણ કરે રાજા હોય તો એને જોઇએ તેટલું હાથી, ઘોડા, રથ, પ્યાદળ, કોશ, ભંડાર, શસ્ત્રાદિક રાખે બાકીનો નિયમ કરે. એ પાંચમું સ્થુલ પરિગ્રહ પરિમાણવ્રત.

દશે દિશાએ સ્વશક્તિથી જઇ શકે એટલો નિયમ રાખી બાકીનો નિયમ કરે. તીર્થયાત્રા માટે જવાની જયણા રાખે એ છઠુ દિશિ પરિમાણુંવ્રત.

ભોગ (એકવાર ભોગવવામાં આવે તે)ની વસ્તુમાં અને ઉપભોગ ( વારંવાર ભોગવવામાં આવે તે ) ની વસ્તુઓમાં પોતાને જોઇએ તે પ્રમાણમાં રાખી બાકીની વસ્તુનો નિયમ કરે એનું વર્ણન વિસ્તારથી રાજાને કહી સંભળાવ્યું. એ સાતમું ભોગોપભોગ વિરમણવ્રત.

જેમાં પોતાનો કે કુટુંબીજનનો કાંઇ સ્વાર્થ નથી એવાં પાપ કાર્ય જેવાં કે કોઇને ખોટો ઉપદેશ કરવો, કામશાસ્ત્ર ભણી ઉન્માર્ગગામી થવું. જુગાર રમવો, મદિરાપાન, હાંસી, વિકથા, પશુઓની સાઠમારી, પ્રમાદ સેવી વિનાકારણે પાપ કરે એવા અનર્થદંડને છોડે એ આઠમું અનર્થદંડ વિરમણ વ્રત.

પ્રતિદિવસ સામાયક કરે, અથવા તો એક વર્ષમાં અમુક સામાયિક કરવાનો નિયમ કરે એ નવમું સામાયકવ્રત.

હંમેશાં દિવસ અગર રાત્રીએ અમુક જગા સુધી જ દશે દિશામાં જવું આવવું એવો નિયમ તે દશમું દેશાવગાશિકવ્રત.

આખા વર્ષમાં અમુક પૌષધ કરે તે અગીયારમું પૌષધોપવાસવ્રત.

સાધુઓને વસ્ત્ર, ભોજન, પાત્ર આદિ દાન આપે. ગુરૂને દાન આપી. આહાર વહોરાવી પછી પોતે પારણું કરે એ બારમું અતિથિ સંવિભાગવ્રત.

"એ બારમું વ્રત રાજાને ન હોય માટે રાજાએ અગીયાર વ્રતનું આરાધન કરી વ્રતધારી શ્રાવક થવું જેથી ભવસમુદ્ર સહેજે તરી શકાય."

અગીયારે વ્રતનું સ્વરૂપ, એનું રહસ્ય સમજી આમરાજા અગીયાર વ્રતધારી શ્રાવક થયો. નિરતિચારપણે એ રાજા વ્રતોનું પાલન કરતો જૈનધર્મનું ગૌરવ વધારવા લાગ્યો.

# પ્રકરણ ૧૫ મું.

## ગૌડવધ.

વાદી વર્ધનકુંજરને સૂરિવરે મીઠા વચનથી સમજાવવાથી તથા એની કેટલીક શંકાઓ દૂર કરવાથી એ પણ જૈન થયો હતો. સુરિવર ઉપર પૂજ્યબુદ્ધિવાળા થયેલા એ વાદીએ એક દિવસ ખાનગીમાં ગાૈડરાજને કહેલું. " મહારાજ ! બપ્પભટ્ટીજીએ મને જીત્યો એમાં મારો દોષ નથી. આપ એનું કારણ સમજ્યા ? "

" મને એજ આશ્ચર્ય થાય છે કે તમે કેવી રીતે હારી ગયા. તમે તો ' કહેતા હતા કે વાદમાં મને કોઇ જીતી શકે એમ નથી, છતાં આમ બન્યુ એ તો નવાઈ ? " રાજાએ કહ્યું.

" રાજન્ ! એ બધો તમારા પેલા વાક્પતિનો દોષ છે. તમારૂં લુણ ખાનાર એ વાક્પતિએ લુણ હરામ કર્યું. " વર્ધનકુંજરે કહ્યું. " બપ્પભટ્ટી તો પુરૂષરૂપે સાક્ષાત્ સરસ્વતી સ્વરૂપ છે. જ્ઞાન સ્વરૂપ એ પિંડ રચાયેલો છે. એમનાથી હું હાર્યો એમાં મને કંઈ પણ ક્ષોભ થતો નથી પણ ક્ષોભ તો એટલોજ કે પેલો બ્રાહ્મણ વાક્પતિ આપનો નોકર છતાં નિમકહરામ થયો."

" તે કેવી રીતે વારૂ ? " રાજાએ ઉત્સુકતાથી પૂછયું.

" એણે મુખશુદ્ધિ કરાવી મારા મોંમાં રહેલી અક્ષય ગુટિકા બહાર કાઢી નખાવી. જો મુખ શુદ્ધિ ન કરાવી હોત

તો વર્ષોપર્યંત પણ એ સૂરિવર મને હરાવી શકત નહી. પણ સૂરિ સાથે મળી જઇ મુગ્ધબુદ્ધિને એહાને મારીએ અક્ષય-ગુટિકા બહાર કઢાવી નંખાવી એ મને બહુ સાલે છે. આખરે બ્રાહ્મણ ખરોને ? એ લુણહલાલ ભાગ્યેજ કરી શકે. વિક્રમ-રાજાએ પોતાના બ્રાહ્મણ મિત્રને પરકાય પ્રવેશીની વિદ્યા અપાવી એની ઉપર ઉપકાર કર્યો. તો એ નિમકહરામ અવસર મેળવીને વિક્રમરાજાના જ ખોળીઆમાં પ્રવેશી ગયો. ચાણાક્યે સુબંધુ વિપ્રને બિંદુસારનો પ્રધાન બનાવ્યો તો એ નિમકહ-રામ બ્રાહ્મણે ચાણાક્યનું જ કાશળ કાઢવા માંડયું. નવમા નંદના પ્રધાન શકટાળ મંત્રીએ પંડિત વરરૂચિને રાજા પાસેથી દાન અપાવ્યું તો એ વરરૂચિએ નંદરાજને ભોળવીને શક-ટાળનું કાશળ કઢાવ્યું. મહારાજ ! એ બ્રાહ્મણો તો નિમક-હરામ જ હોય જુઓને આ વાક્પતિએ આસ્તેથી કેવું તમારૂં લુણ હરામ કર્યું. એ તો સૂરિવરે આમરાજને ઉપદેશ કરી આપનું રાજ્ય આપને પાછું અપાવ્યું. નહીતર એણે તો એનાથી બનતું કર્યું." વર્ધનકુંજરે કહ્યું અને રડી પડ્યો. એ રીતે એણે પોતનો ઉભરો રાજા આગળ પ્રગટ કર્યો.

રાજાએ એને આશ્વાસન આપ્યું. 'શું કરીયે ? એ અમારો માનિતો છે. કવિરાજ છે. વળી જુનો સેવક છે. એણે અનેક યુદ્ધોમાં વિજય પ્રાપ્ત કરી પ્રતિષ્ઠા મેળવી છે. વળી પ્રબંધકર્ત્તા છે એટલે એકાદિ ભૂલથી એનો પરાભવ કરવો યોગ્ય નથી."

"મહારાજ ! એ બ્રાહ્મણનો વિશ્વાસ શો ? કોઇ બીજે પ્રસંગે આપને સમજાવી દેશે." સુગતે કહ્યું.

"પણ આટલો દોષ તો તેનો માફ કરવો જોઇએ. વળી પ્રસંગે જોઈ લેવાશે." રાજાનો ઉત્તર સાંભળી વાદી મૌન થઇ ગયો.

એ બનાવ પછી કંઇ સમય પસાર થઇ ગયો એ દરમિયાન ગૌડરાજને સુધન્વા ઉપર ચડવું પડેલું એ આપણે જોઇ ગયા છીએ તે પછી તો કેટલાંય વર્ષો પસાર થઇ ગયાં.

એક દિવસે અચાનક સમીયના યશોવર્માનામે બળવાન રાજાએ લક્ષ્મણાવતીને ઘેરી. એ રાજા બળવાન લશ્કર લઇને ગૌડરાજ ઉપર ચડી આવ્યો. ગૌડરાજ જો કે એનાથી અલ્પ બળવાળો હતો પણ પોતાના સૈન્ય સહિત એની સામે ધસી આવ્યો. મોટું યુદ્ધ થયું અશ્વે અશ્વ ને હાથીએ હાથી લડ્યા. લોહીની નદીઓ ચાલી. ધર્મરાજ યશોવર્મા સામે થઇ ગયો બન્નેએ પોતપોતાનું બળ બતાવ્યું. ગૌડરાજનું લશ્કર હારતું હતું, છતાં દેશભક્તિને માટે જીવ ઉપર આવીને લડયું. ધર્મરાજે યશોવર્માના હાથીને ભાલો માર્યો, એ યશોવર્માના માવતે એ ભાલાથી બચવા કોશિષ કરી પણ ભાલાથી હાથી ઘવાયો યશોવર્માએ ક્રોધથી બાણ મારીને એના હાથીને પાડયો. ગૌડરાજ બીજા હાથી ઉપર બેઠો બન્ને એક બીજાની લગોલગ થઈ ગયા. બન્ને ક્રોધથી અંધ થયેલા હતા, એક બીજાના લોહીના તરસ્યા હતા પણ બળવાન યશોવર્મા એના

હાથી ઉપર કુદી ગયો બન્ને શસ્ત્રો છોડીને હાથીની અંબાડી ઉપર બાહુ યુદ્ધ કરવા લાગ્યા. યુદ્ધમાં યશોવર્માએ ધર્મરાજને નીચે પટકયો ને દબાવી દીધો કમરમાંથી જમૈયો કાઢી. ધર્મ-રાજના પેટમાં હુલરાવી દીધો. ગૌડરાજ આલોક તજીને પર લોકનો મેમાન થયો.

ગૌડરાજનો દેહ યુદ્ધમાં પડવાથી લડાઇ બંધ પડી લશ્કરમાં નાશ ભાગ ચાલી, એ યશોવર્માના લશ્કરે મોટા મોટા સરદારોને માર્યા. કઇકને કેદ પકડયા. રાજાનો માનિતો કવિ વાક્‌પતિ પણ કેદ પકડાયો. યશોવર્માનું એ વિજયી લશ્કર લક્ષણાવતીમાં પેઠું. યશોવર્માએ રાજાનો ભંડાર એની સાર સાર અમુલ્ય વસ્તુ ઝવેરાત વિગેરે લઈ લીધું. લશ્કરે લુંટ પાડી એ રાજ્યને પોતાના રાજ્ય સાથે જોડી દીધું. ને ગૌડની સ્વતંત્રતાનો અંત આવ્યો. યશોવર્મા રાજા પોતાના તરફથી ગૌડદેશનો વહીવટ સાચવવા એક દંડનાયક નીમીને પોતે પોતાને દેશ ગયો.

રાજાએ પોતાના દેશમાં વાક્‌પતિને કેદમાં–કારાગ્રહમાં નાખ્યો કેદમાં પડે પડે કવિરાજે પોતાની કવિત્વશકિતનો વિ-કાશ કર્યો. કવિએ ગૌડવધ નામનું પ્રાકૃત મહાકાવ્ય રચ્યું. એમાં ગૌડરાજ ધર્મરાજની રાજનીતિ, ગૌડની જાહોજલાલી. ગૌડની સ્વતંત્રતા, યશોવર્મા અને ગૌડરાજનું યુદ્ધ, એ યુદ્ધ-માં ગૌડરાજનું લડતાં લડતાં રણમાં પડવું, યુદ્ધમાં ગૌડરાજની શુરવીરતા, ગૌડ લશ્કરની, એના સરદારોની બહાદુરી વગેરે

હકીકતોની ગુંથણી કરી રસીક કાવ્ય બનાવ્યું. કવિત્વ શક્તિના ઉપયોગમાં વાક્પતિએ પોતાના સમયનો સદ્ઉપયોગ કર્યો પોતાના રાજા તરફની ભક્તિ દેશભક્તિ એણે કાવ્યદ્વારા પ્રગટ કરી.

કેટલેક દિવસે એ કાવ્ય તૈયાર થયું એટલે બીજીવારે એનું સંશોધન કરી તપાસી જોયું. એણે આ મહાકાવ્ય યશોવર્મા રાજાને ભેટ કર્યુ. રાજાએ એ કાવ્ય એની સભાના પંડિતો પાસે વંચાવ્યું. એ કાવ્યશક્તિ, એ શબ્દચાતુર્ય, એ રસનું માધુર્ય જોઇ કવિરાજની શક્તિથી રાજાસહિત પંડિતો ચમત્કાર પામ્યા.

યશોવર્મા રાજાએ વાક્પતિની વિદ્વત્તાની કદર કરી તરત જ એને કારાગ્રહમાંથી મુક્ત કર્યો. કવિરાજનું સન્માન કર્યું ને ક્ષમા આપી. કેમકે રાજાતો પોતાના દેશમાં પૂજાય પણ વિદ્વાન તો સર્વત્ર પૂજાય છે. દેશ કે પરદેશમાં, શત્રુને પણ પોતાના બુદ્ધિ ચાતુર્યથી રંજન કરી શકે છે. રાજાએ એને પોતાની સભામાં કવિરાજ તરીકે રહેવા અરજ કરી પણ હવે પાછલી અવસ્થા આત્મકલ્યાણ તરફ ખેંચવા એણે રાજાને જણાવ્યું. રાજાએ નિરૂપાયે એનો સત્કાર કરી વિદાય કર્યો.

કવિરાજ વાક્પતિ બપ્પભટ્ટજી પાસે કનોજ આવ્યો. એમને પ્રથમથી મૈત્રી સંબંધ તો હતો તે મળવાથી તાજો થયો વૃદ્ધિ પામ્યો. ગૌડની આપત્તિના સમાચાર કનોજરાજને કહી સંભળાવ્યા. કનોજરાજે પણ એ કવિનું સન્માન કર્યુ.

પોતાની કાવ્યશક્તિથી કનોજરાજની રાજસભાનાં મન કવિએ રંજન કર્યા. કવિરાજે ધર્મરાજાના ગુણોનું વર્ણન કરતાં ખેદ કરવા માંડયો " અહા ? શું એ ધર્મરાજ ! ખરેખર સાક્ષાત્ ધર્મનીમુર્ત્તિ હતો ! વચનમાંતો એ હરિશ્ચંદ્રનો અવતાર લેખાતો ! વિદ્વાનોનો સત્કાર કરવામાં એ વિક્રમ હતો. દીન હીન અને ગરીબજનોને દાનદેવામાં તો કલ્પવૃક્ષ સરખો હતો. હાય! ગૌડનો આધાર આજે હતો ન હતો થઈ ગયો !"

" કવિરાજ ! બનનાર બની ગયું. પણ હવે ધર્મરાજ અત્યારે પૃથ્વી ઉપર નથી તો અમારૂં શું થશે ? એવો વિચાર કરી ખેદ ન કરો—અનાયાસે આંગણે આવેલા ઉત્તમ અતિથિનો કોણ સત્કાર નથી કરતું ? આ રાજ્ય તમારૂંજ સમજજો ! ધર્મરાજાની રાજસભાની માફક અહીંયા પણ તમે સુખેથી રહો ? હે મહામતે ! જેવા હમારે બપ્પભટ્ટીજી સખા તેવીજ રીતે ત્રીજા તમે ? " કનોજરાજે કવિરાજને દિલાસો આપ્યો.

" તમારી ઉદારતા જગ જાહેર છે. સૂરિવરના ઉપદેશથી તમે પણ વિદ્વાનોની સારી કદર કરો છો. ખરે ! એ તમારી કદરદાની છે રાજન્ ? " રાજાનાં વચનથી સંતોષ પામેલા કવિરાજે કહ્યું.

ગંગાના જળમાં સ્નાન કરીને જેમ પવિત્ર થયો હોય એવી રીતે રાજાના પ્રીતિવચનથી અત્યંત હર્ષમાન થયેલો કવિરાજ સૂરિવર સાથે જ્ઞાનગોષ્ઠિ કરતો પોતાનો કાળ સુખમાં વ્યતીત કરવા લાગ્યો. કવિરાજને આવા અનુકુળ સંયોગો

છતાં ચક્તી પડતીના રંગ જોયા છતાં એમને શૈવધર્મનો પાશ ચુસ્ત લાગેલો હતો. શંકરસ્વામીનો એ શિષ્ય હતો, છતાં શંકરસ્વામી જેવો ઝનુની સ્વભાવ નહોતો. સરળ સ્વભાવી અને બીજાના ગુણની અનુમોદના કરનાર હતો.

કનોજરાજને ત્યાં અત્યંત સગવડતામાં રહ્યા છતાં વાક્પતિને ગૌડરાજના ગુણો વારંવાર યાદ આવતા. એ ભૂતકાળનાં સ્મરણો યાદ આવતાં ત્યારે એ રાજાના ગુણો સંભારી કવિરાજનું હૈયુ ભરાઇ આવતું. એનું મન પણ ગૌડવધથી અહીં રહેવા છતાંય વૈરાગ્ય તરફ અધીક ઢળતું. સંસારના કોઈપણ પદાર્થ ઉપર એને મમત્વભાવ થતો નહી કંઇક ઉદાસીનતા, કંઇક ગંભિરતા અને કંઇક વૈરાગ્યપણાથી કવિ ઓછું બોલતો. સંસારના હાસ્યવિનોદમાં પણ ઓછો ભાગ લેતો, પોતાનાગુરૂ શંકરાચાર્યના ભગંદરના રોગથી કેદારમાં પરલોક ગમનના સમાચાર પણ એણે સાંભળ્યા હતા. છેલ્લા છેલ્લી શંકરસ્વામીની જુલ્મનિતિ પણ એના સાંભળવામાં આવી હતી. સંસારની આવી વિચિત્ર ઘટનાઓનો અનુભવ કરનાર કવિરાજ કેટલોક સમય કનોજરાજના દરબારમાં રહીને એ વૈરાગી આત્મા આત્મસાધન કરવાને મહારાજની રજા લઈ મથુરાં તરફ ચાલ્યો ગયો.

# પ્રકરણ ૧૬ મું.

## નન્નસૂરિ ને ગોવિંદસૂરિ.

એક દિવસ રાજા અને સૂરિ જ્ઞાન ગોષ્ઠી કરતા બેઠા હતા એવામાં રાજાએ ગુરૂની સ્તુતિ કરતાં કહ્યું. "ભગવન્ ? આજે જગતમાં તપ, જપ, વ્રત અને વિદ્વત્તામાં આપની સમાન કોઇ હોય એવું મને લાગતું નથી. તો આપને પૂછું છું કે આપની તુલનાને પહોંચે એવો કોઇ હશે ?"

"રાજન્ ? પૂર્વકાલમાં મારા કરતાં પણ સમર્થ વિદ્વાનો થઈ ગયા છે. બાર અંગના જ્ઞાતા, ચૌદ પૂર્વધર, એવા શ્રુતપૂર્વીઓ સકલ વિદ્યાના પારંગામી હતા. એક પદના સો અર્થ કરનારા, હજાર અથવા તો લાખ અર્થ કરનારા મહા સમર્થ જ્ઞાનીઓ વિદ્યમાન હતા. એમ આપણે જાણીએ છીએ. પ્રભવસ્વામી, શય્યંભવ, ભદ્રબાહુ, સ્થુલિભદ્ર, આર્યસુહસ્તિ, વજ્રસ્વામી, વૃદ્ધવાદી, સિદ્ધસેન દિવાકર વગેરે તે સમયમાં જગતગુરૂ જેવી પરાકાષ્ઠાએ પહોંચેલા હતા." ગુરૂએ કહ્યું.

"પ્રભુ ? એ તો ભૂતકાલની વાત થઈ. પણ આજે વર્ત્તમાન કાલમાં તો મને લાગે છે કે સ્વર્ગમાં પણ આપના જેવો કોઇ ન હોય તો મનુષ્યની તે વાતજ શી ? સરસ્વતીનું વરદાન પામેલો પેલો બૌદ્ધવાદી પણ આપની આગળ હારી જઇ આપનો શિષ્ય થઇ ગયો."

" આજે પણ હે રાજન્ ! મારા ગુરૂભાઇ નન્નસૂરિ અને ગોવિંદાચાર્ય એ બન્ને ગુણે કરીને મારા કરતાં પણ અધિક છે. " સૂરિવરે કહ્યું.

" આપના એ ગુરૂભાઈ હાલમાં ક્યાં રહે છે ? " રાજાએ પૂછ્યું.

" મોંઢેરામાં–" જવાબ મળ્યો.

" ભગવન્ ? જો કે આપના વચન ઉપર મને સંપૂર્ણ શ્રદ્ધા છે છતાં કૌતુકથી એ બાબતનો અનુભવ કરવાની મારી ઇચ્છા છે. " રાજાએ પોતાની ઇચ્છા પ્રગટ કરી.

" તને જેમ સુખ પડે એમ કર ? " ગુરૂએ જણાવ્યું.

બીજે દિવસે પોતાના પ્રધાનને રાજ્ય ભળાવી સૂરિવરની રજા લઇને રાજા પોતાનાં કેટલાંક માણસોની સાથે વેશ બદલીને ગુજરાતની ભૂમિ તરફ ચાલ્યો. મોંઢેરામાં આવીને તે નન્નસૂરિ વ્યાખ્યાન વાંચતા હતા ત્યાં ઉપાશ્રયમાં આવી રાજા વ્યાખ્યાન સાંભળવા લાગ્યો. એ સમયે નન્નસૂરિ સિંહાસન ઉપર બેઠેલા હતા એમને માથે છત્ર હતું. પડખે ચામર વીંજાતા હતા. એ જોઇને રાજાએ પોતાનો હાથ ઉંચ્ચો કરીને ફેલાવ્યો–વિસ્તાર્યો. એ જોઇને ગુરૂએ મધ્યમા અને તર્જની એ બે અંગુલીઓ એની આગળ શ્રૃંગાકારવડે કરીને વિસ્તારી પૂછનાર એ સમશ્યા સમજી ગયો.

પૂછનારના જવા પછી લોકોએ ગુરૂને પૂછ્યું કે "ભગવન્ ? આપે એ શી ચેષ્ટા કરી. અમે એનો પરમાર્થ સમજ્યા નહી."

સૂરિએ જણાવ્યું: " આ કોઇ પરદેશી વિદ્વાન્ પુરૂષે અમને પૂછયું કે 'યતીઓને શું રાજલીલા સંભવે ?' એનો જવાબ અમે એ ચેષ્ટાવડે કરીને આપ્યો કે એ સમજી ગયો." ગુરૂએ—નન્નસૂરિએ લોકોને સમજાવ્યું.

એક દિવસ સભામાં નન્નસૂરિ વાત્સાયને કહેલું કામશાસ્ત્રનું વર્ણન કરતા હતા. એ વર્ણન કરવાની એમની એવી તો શક્તિ હતી કે સભા જાણે શ્રંગારમય બની ગઇ હોય તેમ શ્રંગાર રસમાં ડુબી જે વર્ણન અનુભવી પણ ન કરી શકે. એવી એમની કામશાસ્ત્રની વર્ણન શૈલી સાંભળતાં રાજાને અરૂચિ પેદા થઇ. " ઓહો ? આતો માત્ર વિદ્વાનજ પણ ચારિત્રમાં તો મોટું મીંડુ દેખાય છે. અમે કામી છતાં પણ આવા ભાવો સમજતા નથી એવું કામ શાસ્ત્રનું રહસ્ય સમજે છે. તેથીજ સમજાય છે કે અનુભવ વગર કામશાસ્ત્રમાં આવું જાણપણું ક્યાંથી હોય ? ખચીત એ સ્ત્રીઓમાં લંપટ હોવો જોઇએ." રાજાને ખેદ થયો પ્રણામ કર્યા વગરજ ઉઠીને ચાલતો થયો—પોતાને ઉતારે આવ્યો ખેદયુક્ત ચિત્તવાળો તે પોતાના પરિવાર સાથે કનોજ ચાલ્યો ગયો.

ગોવિંદાચાર્યે જાણ્યું કે રખેને એ આમરાજા ન હોય, એની તપાસ કરવાને એક માણસને કનોજ તરફ બપ્પભટ્ટીની પાસે મોકલ્યો. ગુરૂપાસે આવીને સર્વે હકીકત કહી સંભળાવી. રાજા પણ આવી ગયો હતો. તેને જોવાથી એ માણસે ખાતરી કરીકે નક્કી વેશ પરાવર્ત્તન કરીને

રાજા પોતે આવેલો હતો. એ માણસની વાણી સાંભળીને ગુરૂએ કહ્યું કે "તમે એમને નન્નસૂરિ અને ગોવિંદસૂરિને કહો કે રાજા તમને પ્રણામ કર્યા વગર ગયો એ ઠીક ન થયું. એથી તો એ તમારી નિંદા કરશે બીજા શ્રમણોની પણ અવજ્ઞા કરશે. માટે તમે એવું કરો કે તમારી તરફ તેમજ બીજા શ્રમણો તરફ રાજા અવજ્ઞા ન રાખે."

એક દિવસ રાજસભામાં કનોજરાજ સભા ભરીને બેઠા હતા તે સમયે પ્રતિહારી માર્ફતે નાટક વિદ્યામાં કુશળ એવા બે નટપુરૂષોએ પ્રવેશ કર્યો. "મહારાજ ? આપ રજા આપો તો એક ઉત્તમ નાટક અમે ભજવી બતાવી આપને અને આપની સભાને રંજન કરીયે ?"

"તમે કેવું નાટક ભજવવા માગો છો ?" રાજાએ પૂછયું.

"કોઇ વીરરસ ભર્યું ? એ વીરતાનાં દર્શન કરી આપની પ્રજા પણ શત્રુ દળને જીતવાને વીર બને. આપના સરદારો, ભાયાતો પણ એ વીરતાથી શોભે." નટે પોતાનો અભિપ્રાય કહી સંભળાવ્યો.

"એવું વીરતાભર્યું કયું નાટક ભજવશો." રાજાએ આતુરતાથી પૂછયું.

"રૂષભદેવનું ?"

રૂષભદેવનું નામ સાંભળી રાજાને અને સરદારોને પણ એ વાત રૂચી. સર્વને એ નાટક જોવાની ઇચ્છા થઇ. એથી રાજાએ એક મોટા વિશાળ ચોગાનમાં મંડપ બંધાવ્યો.

સર્વેને માટે પોતપોતાના અધિકાર પ્રમાણે બેસી શકે એવી વ્યવસ્થા કરાવી. બધી ગોઠવણુ તૈયાર થઇ ગયા પછી નાટકને માટે એક દિવસ મુકરર કર્યો.

એ પ્રમાણે તે દિવસે હજારો નાના મોટા અધિકારીઓ, સરદારો, પ્રજાજનના આગેવાનો મંડપમાં આવીને પોતપોતાને આસને બેઠા. છેલ્લે રાજાએ આવીને પોતાનું આસન લીધું. તે પછી એ નટ લોકોએ શ્રી રૂષભદેવનું નાટક શરૂ કર્યું. શરૂઆતથીજ એ નટ લોકોની કળા ચાતુરીથી પ્રેક્ષકોને એવો તો રસ પડવા માંડ્યો કે નાટકમાં એમનું એક ધ્યાનજ લાગી ગયું. એક ચિત્તથી રસપૂર્વક પ્રેક્ષકો નાટકનો સ્વાદ લેવા લાગ્યા. એક પછી એક દેખાવો બતાવવા માંડયા. એ સાથે કથાનક શૈલીથી જે જે બનાવો બનતા એનું રસભરી ભાષાથી વર્ણન થતું.

છેવટે ભરત અને બાહુબલીનો યુદ્ધ પ્રસંગ આવ્યો. એ દેખાવ પ્રસંગે નન્નસૂરિએ વીરરસનું વર્ણન કરવા માંડયું. યુદ્ધનાં સાહિત્ય જેવાં કે વ્યૂહરચના, શસ્ત્રોનો ખડખડાટ, વીર પુરૂષોનો યુદ્ધોત્સાહ, શૂરવીરતાનું વર્ણન, લશ્કરનો કોલાહલ, ભટ્ટ, સુભટોની હાકલો યુદ્ધમાં એમના થતા અભિનયો આદિ એવાતો રસપૂર્વક શૈલીથી વર્ણવ્યા, અને એ પ્રમાણેના દેખાવો નાટકમાં પ્રત્યક્ષ દેખાવા લાગ્યા કે જેથી લોકોમાં રસની ધારાઓ છુટવા માંડી. વીરપુરૂષો પોતાનું

ભાન ભૂલી સાક્ષાત્ યુદ્ધ પ્રસંગ ઉભો થયો સમજતાં એમની વીરતા ફાટી નીકળી. આમરાજા અને એમના સરદારો, સુભટો કાલિંદીના પ્રવાહ જેવી શ્યામ ચળકતી તલવારો ખેંચી યુદ્ધ કરવા તૈયાર થયા, ને મારો મારો કરતાં સિંહની માફક ક્રોધ કરતા તુટી પડ્યા. એટલામાં તો એ નટોમાંના બન્ને મૂળ નટ નાયકોએ પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કર્યું. અને ગોવિંદસૂરિએ ગર્જનાપૂર્વક કહ્યું. "હાં ! હાં ! કનોજરાજ ! આતો કથા યુદ્ધ કહેવાય ? આતો નાટક ? "

તલવાર ખેંચી ધસેલો કનોજરાજ આ બન્નેને જોઈ દંગ થઈ ગયો. એણે પોતાની તલવાર ફેંકી દીધી. ક્રોધ શાંત થઈ ગયો એણે જોયું તો એ બન્ને નટ નહોતા પણ મોઢેરામાં જોયેલા નન્નસૂરિ અને ગોવિંદસૂરિ હતા.

રાજાને શાંત થયો જોઇ એના સરદારો પણ શાંત થયા શરમાઇ ગયા. પોતાની તલવારો એમણે મ્યાન કરી. રાજાને વિચાર થયો કે " આ બન્નેએ શામાટે મારી આગળ નાટક કર્યું હશે ? "

રાજાની શંકાનું નિવારણ કરવા નન્નસૂરિએ કહ્યું. " રાજન ! અમે જો કે શ્રૃંગાર રસના અનુભવી છીએ પણ જ્ઞાનથી એની યથાર્થ વ્યાખ્યા કહી શકીયે છીએ. જુઓ અત્યારે સમય નહીં છતાં અમારા વીર રસના વર્ણનથી તમે યુદ્ધ કરવાને તૈયાર થઇ ગયા. જો કે અમે પોતે તો શસ્ત્ર થકી પણ ડરીયે. અમને યુદ્ધનો લેશ પણ અનુભવ નથી. કારણ કે

બાલ્યપણામાંથીજ અમે વ્રત ગ્રહણ કરેલું છે. જેથી પાપ ભીરૂ છીએ તથાપિ હે રાજન્ ! આ બધું અમે કરવાને સમર્થ છીએ એ બધો એ પ્રગટ પ્રભાવી ભારતીનોજ પ્રભાવ ? એની કૃપાથી સર્વે રસો અમે જીવંતની માફક સાક્ષાત્ દર્શાવી શકીયે. મોંઢેરામાં એવીજ રીતે તમારી આગળ અમે વાત્સાયન કથિત કામશાસ્ત્રનો અનુભવ નહીં છતાં વિદ્વાન અનુભવી પણ ન વર્ણવી શકે એવું યથાર્થ વર્ણન કરતા હતા. હું નન્નસૂરિ આ મારા ગુરૂભાઈ ગોવિંદાચાર્ય છે. અમારા કામ શાસ્ત્રના વર્ણનથી આપને જે સંકલ્પ વિકલ્પો થયા, અમારે માટે આપને જે હલકો વિચાર આવ્યો તે મિથ્યા છે. એ સિદ્ધ કરી બતાવવા આપની આગળ વીરરસનું વર્ણન કરી આપને અનુભવ બતાવ્યો. ”

નન્નસૂરિની વાણી સાંભળી રાજા શરમાઈ ગયો એમના પગમાં પડી એમની ક્ષમા માગી. એના મનમાં જે કંઇ વિરોધી ભાવ હતો તે તરતજ દૂર થઈ ગયો.

નાટકનો એ રીતે અંત આવ્યો સર્વે કોઇ ગુરૂની પ્રશંસા કરતા પોતપોતાને મકાને ગયા.

એમની વિદ્વતાની રાજાને ખાતરી થઇ કે જેવા સૂરિવરે એમને વખાણ્યા હતા તેના કરતાં પણ એ પ્રાજ્ઞ હતા. એ પણ ભારતીની પ્રસન્નતા મેળવી સરસ્વતીના પુત્ર હતા. રાજાએ એમના બ્રહ્મચર્યની ચારિત્રની અને પાંડિત્યની પ્રશંસા કરી. એ બન્ને ગુરૂભાઈનો સત્કાર બહુ માનપૂર્વક કર્યો. એટલે

ગોવીદાચાર્યે કહ્યું. "હે રાજન્ ? જે દોષવાન હોય તે બ્રહ્મ–શિવમાં એક નિષ્ઠ એવા ઉત્તમ પુરૂષોમાં પણ દોષજ દેખે પરન્તુ ગુણવાન હોય એજ ગુણીજનની કદર કરી શકે. બાકી તો જે ચારિત્રમાં અતિ વિશુદ્ધ છે તે પંચાનન સિંહ સમા છે એ વિશુદ્ધ ચારિત્ર પાળનારા કાંઇ વિષયોના દાસ થતા નથી." એમણે સાધુના આચારનું સ્વરૂપ ટુંકાણમાં કહી સંભળાવ્યું.

રાજા સાધુઓના આચારનું વર્ણન સાંભળી ખુશી થયો. " ધન્ય છે મને કે જેને આપ સમા સદ્ગુરૂઓની પ્રાપ્તી થઇ."

રાજાની મરજીથી કેટલાક દિવસ પર્યંત બપ્પભટ્ટસૂરિજી પાસે રહ્યા–તે પછી બપ્પભટ્ટસૂરિવરની આજ્ઞા લઇને મોઢેરા તરફ એ બન્ને ગુરૂભાઇ વિહાર કરી ગયા.

# પ્રકરણ ૧૭ મું.

## માતંગીના મોહમાં.

દેવતાની માફક સુખી માણસોનો કાળ સુખ ભોગવવામાં પાણીના પ્રવાહની પેઠે વહી જાય છે એની સંસાર સુખમાં મગ્ન થયેલા જીવને ખબર હોતી નથી. છતાં કાળ કોઇને માટે થોભતો નથી. એતો એનું કામ કર્યે જાય છે. પણ માણસ ચળકતી સુખાભાસ વસ્તુમાં લોભાઇ ધર્મવગર

દોહીલો નરભવ હારી જાય છે. રાજ્ય સુખ ભોગવતાં કનોજ-રાજને પાણીના પ્રવાહની માફક વર્ષો કેવી રીતે પસાર થયાં એ પણ જણાયું નહીં. પૂર્વની ઘટના પછી વર્ષ પછી વર્ષ એમ કેટલોક સમય પસાર થઈ ગયો. એક દિવસે કનોજમાં ગાયન કરનારાઓનું ટોળું આવ્યું. રાજાની આગળ એમણે પોતાની સંગીત કળા પ્રગટ કરવાની અરજ કરવાથી રાજાની આગળ એમણે સંગીત કર્યું. એ સંગીતના વૃંદમાં કેટલાક પુરૂષો તેમજ કેટલીક સ્ત્રીઓ હતી. એમણે પોતાના મીઠા સ્વરોથી રાજાને રંજન કરવા માંડ્યો. એ વૃંદમાં એક નવીન યૌવન-માં પ્રવેશ મહોત્સવ કરતી અને કામદેવના ઉપાસકોને આકર્ષણ કરતી એવી એક મૃગ લોચના, ચંદ્રમુખી, કિન્નર સમાન ગાન કરવામાં મધુરતાવાળી વિદુષી બાળા હતી. એણે રાજાનું ચિત્ત વિહ્વળ કર્યું. એ મનોહર બાળાને જોઇ રાજા એની લાવણ્ય-તામાં ડુબી ગયો. એને જોતાંજ ગોદાવરીના તીરે ભોગવેલી દેવબાળા—વ્યંતરી યાદ આવી. " આહ ! શું એનું અભિનવ લાવણ્ય ? કેવું ભોગને યોગ્ય એનું યૌવન ! એના અધરમાંથી તો અમૃતનાં ઝરણાં ઝરી રહ્યા ન હોય ? એ ચંદ્રવદનમાં દાડમની કળી સમી દંત પંક્તિ ગજરાજના સમી એની મંદ મંદ ગજ-ગતિ, બંધન રહિત હોવાથી એની પીઠ ઉપર મંદમંદ વાયુથી ફરકી રહેલો શ્યામસુંદર કેશ કલાપ એ બધાં અદ્‌ભૂત હતાં. બાળાના રૂપનું રાજાએ નિર્લજ થઇને વર્ણન કરવા માંડયું. એનાં વિવેક ચક્ષુ ઉપર કામદેવનાં તોફાન છવાઈ ગયાં હતાં. બાળાના દર્શન માત્રથી એના હૈયામાં મદનના ઘા તીવ્ર પણે

લાગ્યા હતા, રાજા વ્રતધારી હતો છતાં જગતમાં અદ્વિતીય વીર પુષ્પધન્વાએ રાજાને સકંજામાં બરાબર સપડાવ્યો હતો. એ માતંગ જાતિમાં ઉત્પન્ન થયેલી સુંદર માતંગી રાજાના હૃદયમાં રમી રહી હતી. એને ભેટવાને રાજા આતુર આતુર થઈ રહ્યો હતો. એનાજ બાહ્ય સુંદરતામાં એક ચિત્તે લટ્ટુ બની ગયો હતો.

એ વિવેક હીન થયેલા રાજાની સન્મુખ માતંગીનું સ્વરૂપ ખડું થતું. સુંદરમાં સુંદર ગણાતી માતંગી બાળા એને હાવભાવથી, મંદમંદ હાસ્યથી લોભાવી રહી હતી. જાણે એને ભેટવાને આતુર હોય એમ માતંગી મંદમંદ પગલે ચાલતી રાજાને વિનવતી, પોતાની આતુરતા બતાવતી. યૌવનને યોગ્ય અભિનય કરી રાજાને ઘેલો બનાવતી. એ સુંદર દશ્યોથી રાજા તો દિવાનો બની જતો. એનું અંગેઅંગ મદનના તાપથી તપ્ત થતું હતું.

રાજાએ એ ગાયકવૃંદને ત્યાં રહેવા ફરમાવ્યું. પોતાની આગળ આ બાળાનું સંગીત રાજા હમેશાં સાંભળવાને આતુર હતો. એને ભેટવાને એ નવીન ઉગતા યૌવનને વધામણાં દેતી બાળાનો ઉપભોગ કરવા રાજા અતિ આતુર હતો. એણે નગરની બહાર ત્રણજ દિવસમાં મહેલ તૈયાર કરવાનો હુકમ આપ્યો. દેવતાઓ જેમ મનથી કામ કરનાર હોય છે તેમ રાજાઓ વચનથી કાર્યસિદ્ધિ કરનારા હોય. રાજાના હુકમનો તરતજ અમલ થયો.

એ દરમિયાન રાજા આ માતંગી બાળાનું સંગીત કરાવતો. એના ગુણોનું વર્ણન કરી માતંગીની પ્રસન્નતા મેળવતો. *માતંગી તો રાજા ઉપર પ્રસન્ન હતી. રાજાનાં માન મળે એતો* એને ગમતું. " આહ ! શું વિધિનું વૈચિત્ર્ય ? હે ચંદ્રવદને ! મને લાગે છે કે દેવતાઓએ તારેજ માટે ક્ષીર સમુદ્રનું મંથન કર્યું હશે ! "

રાજાએ આ પ્રાણપ્રિયા બાળાને માતંગો પાસેથી એની કીંમત આપીને પોતાની કરવાનો ઠરાવ કર્યો. મહેલ તૈયાર થાય, એટલે એ મહેલમાં માતંગી સાથે રહીને માનવ જીવનના અમુલ્ય લ્હાવા લેશું. માતંગી સાથે એવા સુખ ભોગવવાના અનેક સંકલ્પ વિકલ્પમાં રાજા મશગુલ હતો.

રાજા માતંગી ઉપર મોહી પડી અનેક પ્રકારના પાપાચરણમાં લુબ્ધ થઇ દુર્ગતિ ન જાય. એવી ઇચ્છાથી સૂરિવરના જાણવામાં આ વાત આવતાં રાજાને વ્રતમાં સ્થીર કરવાનો નિશ્ચય કર્યો.

નગરની બહાર મહેલ તૈયાર થવા આવ્યો એટલે સૂરિવર એ મહેલ જોવાને મીશે નગર બહાર ગયા. મહેલના ભારવટીયા ઉપર ગુરૂએ બોધવચન તથા એક શ્લોક લખ્યો. ગુરૂ ત્યાંથી ચાલ્યા ગયા.

પ્રાતઃકાલે રાજા ત્યાં આવ્યો, મહેલની રચના જોઇ ખુશી થયો. એની ઇચ્છા સફળ થઇ કે આજે એ બાળાને તેડી લાવશું. પ્રેમના પાઠો પઢાવશું ને પઢશું, સંસારસુખનાં એવાં કંઇકંઇ

સ્વપ્નાં રાજા જોતો હતો, તેવામાં બારવટીયા ઉપર કંઇક લખેલું તે ઉપર રાજાની દ્રષ્ટિ પડી. રાજાએ વાંચ્યું.

शैत्यं नाम गुणस्तवैव तदनु स्वाभाविकी स्वच्छता
किं ब्रूमः शुचितां व्रजंति शुचयः संगेन यस्यापरे
किं वातः परमस्ति ते स्तुतिपदं त्वं जीवितं देहिनाम्
त्वं चेन्नीचपदेन गच्छसि पयः कस्त्वां निषेध्धुंक्षमः ॥ १ ॥

ભાવાર્થ—"શીતલતા એ તારો ગુણ કહેવાય, સ્વચ્છતા તો તારી સ્વાભાવિક સ્થીતિ રહી તારી પવિત્રતા માટે તો અમે શું કહીયે ! કે જેની સોબતથી–પરિચયથી બીજાપણ પવિત્ર થાય છે, વળી એ કરતાં વધારે મોટી બીજી તારી કયી સ્તુતિ કરી શકાય કે તું દેહીમાત્ર પ્રાણીમાત્રનો આધાર–જીવીત છે તેમ છતાં હે જળ ! તું પોતેજ નીચ માર્ગે જશે તો તને રોકવાને કોણ સમર્થ છે ?"

" जीयं जल बिंदु समं, संपत्तीउ तुरंग लोलाउ
सुमिणय समंच पिम्मं, जंजाण सिलं अलंकरिउ "

"જગતમાં પ્રાણીઓનું જીવિત જલબિંદુ જેવું છે સંપદાઓ તુરંગના જેવી ચપળ–ક્ષણમાં નાશ થનારી હોય. અને પ્રેમ તો સ્વપ્ન જેવો છે એમ સમજી વિચારીને હે જગતના મુસાફર ! તું શિયલનો આશ્રય કર ! વ્રતનો ભંગ કરી નરકનો મેમાન થતો ના !"

" लज्जिज्जइ जेण जणे, मइ लिज्जइ नियकुलक्कमो जेण
कंठठीएवी जीए, तं न कुलीणेहिं कायव्वम् " ॥

" જે દુરાચાર, વ્યભિચાર કરવાથી લોકમાં લાજ આવે, અપકીર્ત્તિ થાય. જે દુર્જન–વ્યભિચારી પુરૂષને યોગ્ય અધમ હલકાં કૃત્ય કરવાથી પોતાનું અત્યંત વિશુદ્ધ કુલ મલીન થાય તેવાં કામ કંઠે પ્રાણ આવવાના હોય;–તોપણ કુલવંત માણુસ ના કરે ! "

રાજાએ વારંવાર એ બોધ વચનો વાંચ્યાં. ભારતીના પ્રસાદથી લખાયેલાં એ વચનો રાજાના હૃદયમાં પ્રણમી ગયાં એની કુવાસના નષ્ટ થઇ. કંઇક વિવેક આવતાં એણે વિચાર્યું. " ઓહો આવાં વચનો એ મારા મિત્રનાજ સંભવે ! દુરાચાર તરફ ગમન કરતાં મને એ સન્મિત્ર વગર કોણ બચાવે ! " એણે અક્ષર ઓળખ્યા, કવિત્વ શક્તિ જાણી લીધી. એના મનમાં ખાતરી થવાથી એના બુરા કર્ત્તવ્ય માટે એને શરમ આવી. હવે ગુરૂને શું મુખ બતાવું ! શ્યામ વદનવાળો થઇ વિચારમાં પડયો. " આહા ! ધિક્કાર છે એ અધમ વૃત્તિઓને કે જે સારૂં ખોટું કાંઇ જોતી નથી ને અંધા માણુસની પેઠે પાપરૂપ કુવામાં ધકેલી દે છે. જો કે મેં એને ભોગવી નથી છતાં મનથી પણ સંકલ્પમાત્ર વડે કરીને પાપ કર્યું તો એનું પ્રાયશ્ચિત કરવું. હા ? શું પ્રાયશ્ચિત કરૂં ? કાષ્ટ ભક્ષણ કરૂં, ઝેર ખાઉં કે કુવે પડી આપઘાત કરૂં, અથવા લોક સમક્ષ મારૂં પાપ પ્રગટ કરૂં. "

પશ્ચાતાપ કરતા રાજાએ તરતજ અનુચરો માર્ફતે કાષ્ટની ચિતા રચાવી એમાં બળી મરવા સંકલ્પ કર્યો. નગરમાં આ સમાચાર ફેલાતાં રાજલોકો રૂદન કરવા લાગ્યા. નાગરિકજનો પણ રાજાને સમજાવવા લાગ્યા. એ સમયે બપ્પભટ્ટસૂરિએ પણ ત્યાં આવી રાજાને પૂછયું. "હે રાજન્! વિદ્વાન પુરૂષોને નિંદ્ય આ તમે શું કરો છો?"

"ભગવન્! મનથી કરેલા પાપનું આ પ્રાયશ્ચિત છે. સ્વદેહનો ત્યાગ કરવો એજ એનો દંડ! એવા દંડથીજ દુષ્કૃતનો નાશ થાય. જેવી રીતે પાપ કરનારા લોકોને હું શિક્ષા કરૂં છું, તો મારે પણ પાપકર્મનો નાશ કરવાને માટે અવશ્ય શીક્ષા ભોગવવી જોઇએ." રાજાએ પાપનો પશ્ચાત્તાપ કરતાં કહ્યું.

"રાજન્! જે મનવડે કરીને પાપ બાંધ્યું હોય તે મનવડેજ નાશ પામે. એ તું સ્માર્ત્ત વગેરે લોકોને બોલાવી પૂછી જો?" ગુરૂએ કહ્યું.

રાજાએ તેપછી વેદાન્ત, ઉપનિષદ, સ્મૃતિ અને શ્રુતિઓમાં વિશારદ એવા ન્યાય શાસ્ત્રીઓને બોલાવ્યા તેમની આગળ પાપ પ્રગટ કરીને કરેલાં પાપનું પ્રાયશ્ચિત પૂછયું. એટલે એ પંડિતોએ જણાવ્યું કે "લોહની ધગધગતી પુતલીને આલિંગન કરવાથી પાપ મુક્ત થવાય, જો ચાંડાલીનો સંગ કર્યો હોય તો?"

પંડિતોનાં વચન સાંભળીને રાજાએ લોઢાની પુતલીને અગ્નિમાં ધગધગાવી. લાલચોળ કરાવી હવે એ અગ્નિથી ધગા-

યમાન પુતલીને રાજા પશ્ચાત્તાપ કરતો આલિંગન કરવાને ધસ્યો. એવામાં ગુરૂએ તેના બે હાથ પકડી લીધા. "રાજન્ ! સંકલ્પ માત્રથી તેં પાપ કર્યું તે સંકલ્પમાત્રથી નાશ પામી ગયું. તું નિરાંતે ધર્મનું આચરણ કર ! શાસ્ત્રમાં કહ્યું છે કે. મનથી કરેલું પાપ મનના શુભ–શુદ્ધ ધ્યાન વડે નાશ પામે. વચનથી થયેલું શુભ–શુદ્ધ વચનવડે અને કાયાથી થયેલું પાપ કાયાવડે કરીને નાશ પામે છે. બુદ્ધિમાન્ પુરૂષો એ પ્રમાણે પ્રાયશ્ચિત કરીને પાપથી તરી જાય છે, એવી રીતે તું પણ કાળા વાદળથી જેમ સૂર્ય મુક્ત થાય એમ પાપ થકી રહીત થયો."

ગુરૂનો ઉપદેશ સાંભળી રાજા પ્રજા સર્વે ખુશી થયાં. પ્રધાનોએ મોટા મહોત્સવપૂર્વક રાજાનો પ્રવેશ મહોત્સવ કર્યો. *નાગરિક જનો પણ પ્રસન્ન થયેલા પોતપોતાના સ્થાનકે ગયા,* ને એ માતંગ લોકો–ગાયક વૃંદ પણ ત્યાંથી તરતજ વિદાય થઇ ગયું.

# પ્રકરણ ૧૮ મું.

## સત્યને માર્ગે.

એક દિવસ રાજા ગુરૂ પાસે બેસીને જ્ઞાન ગોષ્ઠી કરતો હતો હતો તે સમયમાં રાજાએ ગુરૂને કહ્યું. "ભગવન્ ! આપે આર્હત્ ધર્મની મોહિની મને તો બરાબર લગાડી. પણ

આપનો મિત્ર વાક્પતિ આપના સમાગમમાં આવ્યો, છતાં એ ચુસ્તસાંખ્ય ધર્મી રહ્યો. આપનો બોધ એને જરાય ન થયો?"

"એ વાક્પતિ હાલમાં મથુરામાં શું કરે છે ?" ગુરૂએ પૂછ્યું. રાજાએ જણાવ્યું. "ભગવન્ ! શ્રીપતિ ત્રિદંડી થયો છે. એમ લોકો કહે છે. ગળામાં તુલશીની માલા ધારણ કરી. નાસિકા ઉપર દૃષ્ટિ સ્થાપન કરતો વરાહ સ્વામીના મંદિરમાં રહ્યો છે. વૈરાગ્યથી વાસિત થયેલો પ્રાયઃ કરી ઉપવાસનો તપ કરતો રહે છે એ વાક્પતિ-રાજને આપ બોધ આપીને જૈન બનાવો, આપની વાણી અને શક્તિ ત્યારે જ પ્રમાણ થાય."

"હું વાક્પતિને મારો શિષ્ય બનાવું ત્યારે મારી વાણી પ્રમાણ જાણજે." સૂરિવરે જણાવ્યું. ને મથુરામાં જવાને તૈયાર થયા. રાજાએ એમની સાથે હજારો પંડિતો અને સામંતો મોકલ્યા. સૂરિવર એ સર્વે માણસોની સાથે મથુરાં તરફ વિહાર કરી ગયા.

આચાર્ય સહીત તે સર્વે મથુરામાં આવી પહોચ્યા, મથુરા નગરીમાં વરાહ મંદિરમાં વાક્પતિને જેવો રાજાએ વર્ણવ્યો હતો, તેવો જોયો. ત્રિદંડી થઇને પરમાત્મામાં એક ચિત્ત રાખી ધ્યાન કરી રહ્યો છે. એ ધ્યાનસ્થ વાક્પતિના ચિત્તની પરિક્ષા કરવા માટે બપ્પભટ્ટીજીએ આશિર્વાદ દેવાનો પ્રારંભ કર્યો. હર અને વિષ્ણુ આદિની સ્તુતિ કરવા માંડી.

"લોકોનાં દેખતાં સંધ્યા આગળ હાથ જોડી તું પ્રણિ-

પાત કરતો શું યાચે છે વળી હે નિર્લજ્જ ? બીજી સ્ત્રીને માથે ધારણ કરી રાખે છે તે પણ હું સહન કરૂં છું. સમુદ્ર મથનસમયે હરિને લક્ષ્મીમળી તો ભલે પણ તે માટે તેં વિષ શા માટે ભક્ષણ કર્યું ? માટે હે પરસ્ત્રી લંપટ ? મને સ્પર્શ કરીશ નહિ. એ પ્રમાણે ગૌરી--પાર્વતીજીએ જેને કહેલું એવા હર–મહાદેવ તમારૂં રક્ષણ કરો ? ”

“ ધ્યાનવડે કરીને એક ચક્ષુ જેનું મીંચાયલુ છે. બીજુ પાર્વત્તીજીના નિતંબ ઉપર શ્રૃંગાર રસની ધારા ઝીલતું નમી રહ્યું છે. અને ત્રીજુ દૂરથી આપ ચઢાવતા કામદેવ ઉપર ક્રોધથી સળગી રહ્યું છે એવાં શંભુનાં સમાધિ સમયનાં ભિન્ન ભિન્ન રસ વાળાં ત્રણ નેત્ર તમારૂં રક્ષણ કરો ? ”

“ એક રામ હતો,–હાં; સીતા નામે એની સ્ત્રી હતી.– હાં; એ સીતાને પંચવટીમાં રાવણ હરી ગયો–હાં; એવી કથાને નિદ્રાર્થે હાંકાર કરતાં સાંભળતા હરિની પૂર્વ સ્મરણ થવાથી કોપકુટિલ દ્રષ્ટિ તમારૂં રક્ષણ કરો ? ”

“ રતિક્રિડાને અંતે ઉઠીને એક હાથે શેષ દૂર કર્યો અને બીજે હાથે વસ્ત્ર લેવા માંડયું. એવી તથા મસ્તકના શ્યામ કેશ ખભા ઉપર વિખરો ફેલાઇ–ચુંથાઇ ગયા છે. એવી કાયાની રમણીય કાંતિને જોતાં બમણી સુરતપ્રીતિ થવાથી વિષ્ણુએ જેને આલિંગન દઈ. પોતાની ભુજાઓથી ભીડી ફરીને શય્યામાં નાખી. એવી લક્ષ્મીના વિલાસથી કંઇક મંદ પડી ગયેલા બાહુવાળું શરીર તમને પવિત્ર કરો ? ”

ઇત્યાદિ અનેક પ્રકારે શ્રૃંગારમય આશિર્વાદ આપવાથી વાક્પતિ ધ્યાનમાંથી જાગૃત થઇ સૂરિવર સામે આવીને કહેવા લાગ્યો. "હે સૂરિવર ? તમે મારી આગળ આવો શ્રૃંગારમય રૌદ્ર પદ્યપાઠ કેમ કરી રહ્યા છો ? "

"કવિરાજ ? તમે સાંખ્ય દર્શની છો, કેટલાક સાંખ્યો નિરીશ્વર છે કેટલાક ઈશ્વર માને છે તે સર્વેને પચ્ચીશ તત્વ તો સંમત છે એ બધું સમજીને તમારી અને તમારા ઇષ્ટ દેવતાની સ્તુતિ કરીયે છીએ. જેને જેવી રૂચિ હોય શાસ્ત્રકારો તેને તેવુંજ કહે એ નીતિ છે." ગુરૂએ કહ્યું—એના દર્શનનું સ્મરણ કરાવ્યું.

"આપે કહ્યું એતો ઠીક વાત છે પણ હું મુમુક્ષુ હોવાથી મારૂં મરણ પાસે આવ્યું જાણી હું બ્રહ્મધ્યાનમાં વિલીન થવા અત્રે આવ્યો છું." વાક્પતિએ કહ્યું.

"રૂદ્ર, હરિ, બ્રહ્મા વગેરેને છોડીને અહીયાં ધ્યાન કરવા આવ્યો તો શું તેઓ મુક્તિ આપવા સમર્થ નથી ?" ગુરૂએ પૂછ્યું.

"કંઇક એવું લાગે છે ખરૂ ?" કવિરાજે કહ્યું.

"કંઇક શું ? નિઃસંદેહ મુક્તિને આપવાને એ સમર્થ નથી. કવિરાજ ? તત્વનો વિચાર કરો ? પરલોક સાધવાની ઇચ્છા હોય તો તત્વને સમાચરો ?"

"શા માટે એ મુક્તિને આપવા સમર્થ નથી ?" કવિરાજે પૂછ્યુ.

" સંસારની ઉપાધિમાં આસક્ત ક્રોધ, માન, માયા, ઈર્ષ્યા, કામ આદિદોષે કરીને ભરેલા સંસારમાંથી બહાર નીકળવાને તો શક્તિવાન નથી. તો મુક્તિની તે વાતજ શી ? " ગુરૂએ કહ્યું, વાક્પતિનાં જ્ઞાનચક્ષુ કંઈક ઉઘડવા લાગ્યાં.

" ત્યારે મુક્તિદાતા કોણ કહેવાય ? " એણે પૂછયું.

ગુરૂએ એના જવાબમાં વાક્પતિને શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મનું વાસ્તવિક સ્વરૂપ સમજાવ્યું " હે કવિવર ? અઢાર દૂષણ રહીત એક જીન છે, બાકી તો ક્રોધ, માન, મદ અને મોહ તેમજ લોભથી પરાજય પામેલા અન્યદેવ છે એતો સંસારના બંધનથી બંધાયેલાજ છે. " ગુરૂની સમજાવટથી વાક્પતિની છેલ્લી ઘડીયે જીનેશ્વર ઉપર ભક્તિ જાગૃત થઇ.

" હા ? સૂરિવર ? આજ સુધી મિથ્યા અંધકારમાં ફસાયેલા મારો જન્મ વ્યર્થ ગયો. શુદ્ધ ધર્મ તત્વથી રહીત હું ધર્મ તત્વનો સત્ય પરમાર્થ કંઈ પણ સમજ્યો નહી. તમારા સરખા પૂજ્ય પુરૂષોનો પરિચય પણ મારે અફલ ગયો કે આટલા દિવસો મારા ધર્મકાર્ય વગર વ્યતીત થયા. મોક્ષની ઇચ્છાવાળા એવા મારે ઔચિત્યનું ઉલ્લંઘન ન કરવું જોઇએ માટે હે સૂરિવર ? કર્મને નાશ કરનાર એવા જીનેશ્વર બતાવો ? " વાક્પતિએ ઠેકાણે આવીને કહ્યું.

" કવિવર ? તમારે જો ખાસ કર્મોનો નાશ કરવાની ઇચ્છા હોય તો પ્રથમ મનશુદ્ધિ કરો. જીનેશ્વરના ધ્યાનમાં

તમારૂં મન જોડો. જૈનધર્મનો આશ્રય કરો એનાથી કર્મનો નાશ કરો ? ”

ગુરૂનાં વચન સાંભળીને વાક્‌પતિએ કહ્યું. “ એવા જીનેશ્વર કયાં છે ? ”

“ સ્વરૂપ થકી તો મુક્તિમાં પણ મુર્તિ થકી જીનમંદિરમાં બીરાજે છે. ” ગુરૂએ કહ્યું “ તો ચાલો આપણે દર્શન કરવા જઇએ ? ”

“ હા ! ચાલો ? ”

બપ્પભટ્ટીજી આમરાજાએ કરાવેલા જીનમંદિરમાં વાક્‌પતિને લઈ ગયા અને ત્યાં પોતેજ પ્રતિષ્ઠિત કરેલા પાર્શ્વનાથનાં દર્શન કરાવ્યાં. શાંત, દાંત, કાંત અને નિરંજનરૂપ જોઇને કવિવર પ્રબુદ્ધ–બોધ પામીને બોલ્યો “ આહા ! આ દેવમાં કેવી સૌમ્યંતા, શાંતતા પ્રસરી રહી છે. ” એના હૃદયમાંથી પૂરાતન રહેલું મિથ્યાત્વરૂપી વિષ નીકળી ગયું. એણે ઘણા સમયથી સ્વીકાર કરેલો ત્રિદંડીનો વેશ છોડી દીધો. ને જૈન મુનિનો વેશ પહેરી લીધો. બાહ્યથી જૈન સાધુ થયો અંદરથી પણ શુદ્ધ જૈનત્વ પામ્યો.

શુદ્ધ જૈન થયેલા એ વાક્‌પતિરાજનું મરણ પાસે આવ્યું. એથી એણે મથુરામાં ચારે વર્ણ સમક્ષ અને આમરાજાના પ્રધાનોની સામે ગુરૂને અણુશણ કરાવા ફરમાવ્યું. ? “ ભગવન્ ? મારૂં આયુષ્ય હવે આવી રહ્યું છે જેથી મને આરાધના કરાવો તો ભવાંતરમાં મારી સદ્‌ગતિ થાય ? ”

ગુરૂએ પણ એનું આયુષ્ય હવે અલ્પ જાણીને આરાધના કરાવવા માંડી એને ભવચરિત્રનું પચ્ચખ્ખાણ કરાવ્યું. અઢારે પાપસ્થાનકનો ત્યાગ કરાવ્યો. અરિહંત શરણ, સિદ્ધ શરણ, સાધુ શરણ, કેવલી પ્રરૂપેલ ધર્મનું શરણ એવાં ચારે શરણાં અંગીકાર કરાવ્યાં. નમસ્કાર મંત્રના એક ધ્યાનથી અંતરનો અંધકાર દૂર કરાવ્યો. જીવનભરમાં જે જે સુકૃત કર્ત્તવ્યો કર્યાં હતાં એનું સ્મરણ–અનુમોદન કરાવ્યું. પાપ કાર્યની ગર્હા કરાવી. રોજ પરમાત્મપદના ધ્યાનમાં લીન રહેતો, સર્વે જીવોની સાથે ખમતખામણાં કરી સર્વેને ખમાવ્યા. અરિહંત દેવ, સુસાધુ ગુરૂ, જીનેશ્વરે કથેલો ધર્મ સંભારી સમકિતની અનુમોદના કરવા લાગ્યો. અઢાર દિવસ પર્યંત અંત સમયે વાક્‌પતિ ધર્મધ્યાનમાં એકચિત્તવાળો રહ્યો થકો પરલોકને–સ્વર્ગગતિને પ્રાપ્ત થયો. એ વાક્‌પતિ વચમાં એક અવતાર કરીને મહા આનંદપદ એવા મોક્ષ-પદને પામશે.

વાક્‌પતિના મરણ પછી સૂરિવર અને રાજમંત્રીઓ ગોપ-ગિરિ તરફ આવ્યા ત્યાં ગોપગિરિમાં શ્રીમહાવીરને નમી કનોજ નગરમાં ગયા. એમના આગમન પહેલાં રાજાના જાણવામાં સર્વે વાત આવી ગઇ હતી. રાજાએ એ વાત સાંભળી ખુશી થઇ ગુરૂનો પ્રવેશ મહોત્સવ કર્યો. ગુરૂના જ્ઞાનથી ચમત્કાર પામી રાજાએ સ્તુતિ કરી. " ઓહો ! આશ્ચર્ય છે કે આપનું સામર્થ્ય અદભૂત છે. આપે ચુસ્ત એવા સાંખ્ય માર્ગીને પણ

જૈન બનાવ્યો. ખચીત ભાસ્કરાદિક અનેક આલોકવાળા તો છે પણ પત્થરને પીંગળાવનાર તો કલાવાન્ ચંદ્ર એકજ જગતમાં વિદ્યમાન છે."

"જગતમાં જૈન ધર્મજ સત્ય છે તે શું હે રાજન ? તું નથી જાણતો ?" ગુરૂએ કહ્યું. રાજાએ જણાવ્યું. "સારી રીતે હું સમજુ છું કે આપનો ધર્મજ સત્ય છે છતાં મને તાપસધર્મ ઉપર પ્રીતિ થાય છે. એનું કારણ શું હશે. ભગવન્ ! એ શૈવ ધર્મ છોડવાથી જાણે મને મહાવ્યથા થતી હોય એમ લાગે છે."

સૂરિવરે શ્રુતજ્ઞાનના બળથી ભારતી પાસેથી રાજાનો પૂર્વ ભવ જાણીને રાજાને કહ્યું કે. "હે રાજન્ ! કાલિંજર પર્વતની તલાટી આગળ શાલનામનું વૃક્ષ હતું, ત્યાં આગળ તમે શાલનામે તપસ્વી હતા, વૃક્ષની ઉર્ધ્વ શાખાએ પોતાના બે પગ બાંધીને મસ્તક અધો એટલે નીચું રાખી તમારી જટા પૃથ્વીને સ્પર્શ કરતી એવી સ્થીતિએ તમે કાયક્લેશ કરતા હતા. બબે દિવસને આંતરે મીતાહાર કરતા અને ક્રોધાદિકને પણ જીતતાં સો વર્ષ પર્યંત તમે ત્યાં તપ કર્યું. અજ્ઞાન કષ્ટથી એવું અતિ ઉગ્ર તપ કરીને સો વર્ષને અંતે આયુષ્ય પૂર્ણ કરીને તમે એ તપસ્વી શરીર છોડી નરનાયક–રાજા થયા. હે રાજન્ ! યદિ તમને વિશ્વાસ ન આવતો હોય તો ઉત્તમ એવા વિશ્વાસુ જનોને કાલિંજર પર્વત પાસે મોકલીને ખાતરી કરાવો ? એ તાપસની અતિ દીર્ઘ જટા આજે પણ વૃક્ષની લત્તાઓમાં વીંટાયેલી રહેલી છે એ લાવીને તમને બતાવે ! "

સૂરિવરનાં વચન ઉપર રાજાને શ્રદ્ધા હતી, છતાં પ્રતિ-તિને માટે રાજાએ ઉત્તમ પુરૂષોને મોકલ્યા તેઓ ત્યાં જઈને લત્તાઓમાં વીંટાયેલી લાંબી જટા લઈ આવીને રાજાને બતાવી રાજસભામાં રાજા પોતાના પૂર્વભવની તાપસ વેશની જટા જોઇ ગુરૂના જ્ઞાનથી ચમત્કાર પામ્યો રાજપ્રધાનો અને પંડિતોએ તથા અન્ય જનોએ ગુરૂના જ્ઞાનથી આશ્ચર્ય ચકિત થઇ મસ્તક ધુણાવ્યું. " ઓહો ! આશ્ચર્ય છે કે આ સુરિવર તો સર્વજ્ઞની માફક આ કલિકાલમાં સર્વે જ્ઞાન-ભૂત, ભવિષ્ય ને વર્તમાન જાણે છે."

રાજાએ પણ સુરિવરની સ્તુતિ કરી. " હે મુનીંદ્ર ? આજના સમયમાં આપજ એક સર્વજ્ઞ છો. સર્વ કલાના સ્થાન એવા કલાનિધિ છો. હુ પણ મોટો પુણ્યવાન છું કે આપના સરખા અદ્ભુત ગુરૂ મને મળ્યા છે." હર્ષથી જેના રોમરાય વિક-સ્વર થયાં છે એવો રાજા ગુરૂના ચરણમાં નમી પડયો. એના મનમાં કંઇ પણ શંકાશીલપણું હતું તે નષ્ટ થતાં પરમ આર્હ-તપણું રાજાએ ગ્રહણ કર્યું એવી રીતે અર્હત ધર્મનું પાલન કરતાં રાજાનો કેટલોક કાળ સુખમાં વહી ગયો.

# પ્રકરણુ ૧૯ મુ.

## વેરનો પ્રતિશોધ.

વાક્પતિના મરણુને આજે કેટલોય સમય પસાર થઇ ગયો રાજા એક દિવસ પ્રાસાદના અગ્રભાગ ઉપર અગાસીમાં ફરતો હતો. એવામાં એક મકાન તરફ એની દૃષ્ટિ ખેંચાણી. રાજાએ જોયું તો એ ઘરમાં એક નવયૌવના રમણી પતિ વિરહથી વ્યાકુળ થયેલી વ્યગ્રચિત્તે પોતાના ઘરમાં ફરતી હતી. એવામાં એક મુનિ ગોચરીએ ફરતા ફરતા એના ઘરમાં આવ્યા, મુનિ ઘરમાં પેઠા એટલે એમની સાથે રમવાની ઇચ્છાએ રમણીએ દ્વાર બંધ કર્યાં. તે કામવિહ્વળ રમણી મુનિને પ્રાર્થના કરવા લાગી. બ્રહ્મધ્યાનમાં એક ચિત્તવાળા મુનિઓ ગમે તેવી સુંદર વસ્તુમાં પણુ લોભાતા નથી. એ લલનાની હાવભાવ ભરી ગમે એવી પ્રાર્થના મૃગલી સમા નયનોનો થણુથણાટ છતાં મુનિ લોભાણા નહી.

રમણીની આટઆટલી વિનંતિ હાવભાવ છતાં પોતાનો તિરસ્કાર કર્યો હોવાથી ગુસ્સે થઇ તેથી ક્રોધથી મુનિને લાત મારી કાકતાલીય ન્યાયે કરીને એ સુંદરીનું નુપુર મુનિના ચરણુમાં પેસી ગયું. રાજાએ આ દૃશ્ય જોયું એણે ગુરૂ આગળ સમસ્યા કહી સંભળાવી.

" કમાડ વાસિજે વરંગનાએ, અબ્ભત્થિઉ ભુવણુમત્તિઆએ."

"એ વારાંગનાએ કમાડ બંધ કરીને યૌવનથી મદોન્મત્ત એવી પ્રાર્થના કરી."

રાજાની સમશ્યા સાંભળી ગુરૂએ એનો ઉત્તર આપ્યો.

"અમન્નિએ મુક્ક પયવ્યહારે, સ નેઉરો પવ્વઈ યસ્સ પાઉ."

"એણે એ યૌવનવતીની પ્રાર્થના માની નહી તેથી એણીએ કરેલા પાદ પ્રહારથી નુપુર એના ચરણુમાં પેઠું."

ગુરૂની યુક્તિ સાંભળી રાજા ખુશી થયો. એવી રીતે વાણી વિનોદમાં રાજાનો કાળ સુખમાં વ્યતીત થતો હતો.

એક દિવસ રાજાની પાસે કોઈ ચિત્રકાર રાજાનું ચિત્ર લઇને આવ્યો. રાજા પોતાનું ચિત્ર જોઈ ખુશી થયો એ ચિત્રકારની અદ્‌ભુત કૃતિથી આબેહુબ બન્યું હતું પણ ફક્ત બોલી શકતું ન હોવાથી એ મુંગું હતું છતાં એની કળાતો ન્યારીજ હતી. બપ્પભટ્ટીજીએ એની કળાની સ્તુતિ કરવાથી રાજાએ લાખ ટકા એને ઈનામ આપ્યું.

રાજાએ કાન્યકુબ્જમાં–કનોજમાં, શ્રી મહાવીરસ્વામીનું મોટું મંદિર બંધાવી એ પ્રભુની પ્રતિમા પ્રતિષ્ઠિત કરી. મથુરામાં જીનમંદિર બંધાવ્યું. તે સિવાય મોઢેરામાં, અણહિલ્લપુરમાં, સતારક નગરમાં અને ગોપગિરિમાં મંદિર બંધાવી ચાર બિંબ સ્થાપન કરાવ્યાં. એની પ્રતિષ્ઠા–પ્રભાવનાદિક સૂરિવર પાસે કરાવ્યાં. તે ઉપરાંત બીજા પણ ઘણાં બિંબ રાજાએ કરાવ્યાં.

જૈન ધર્મનું ગૌરવ વધારતો જ્યાં ત્યાં એની પ્રભાવના કરતો રાજા નિરતિચાર પણે વ્રત આરાધન કરતો પોતાનો કાલ નિર્ગમન કરતો હતો. એ રાજ્ય સુખમાં દેવતાના માફક પસાર થતા કાળને પણ રાજા જાણતો નહોતો.

આમરાજાને કમલાવતી રાણીથી એક પુત્રનો જન્મ થયો, કનોજપતિએ રાજકુમારનો જન્મોત્સવ કર્યો. સારા લક્ષણે કરીને યુક્ત એ રાજકુમારનું દુંદુક એવું નામ પાડયું. ધાવમાતાઓથી લાલન પાલન કરાતો બાળરાજકુમાર વૃદ્ધિ પામવા લાગ્યો.

રાજગિરિ નામના નગરમાં મહાબલિષ્ઠ સમુદ્રસેન નામે રાજા હતો એ રાજા સમુદ્ર જેવા બળવાળો હતો. એનો ગઢ એવો તો મજબુત હતો કે વર્ષોનાં વર્ષો પર્યંત પણ એ દુર્ગ હાથ કરવાને કોઇ રાજા શક્તિવાન ન થાય. પોતાના એ મજબુત દુર્ગથી સમુદ્રસેન નિર્ભય હતો, જગતના રાજાઓને તૃણ સમાન ગણતો એ પોતાના બળથી કોઇની પણ પરવાહ કરતો નહી, એના સામંતો અને સૈનિકોપણ નિર્ભય બની જ્યાં ત્યાં પરરાજ્યોમાં ઉત્પાત મચાવતા. અન્ય રાજ્યમાં તોફાન કરવું એ એમનો વિષય હતો.

એવા કંઇ કારણોને લઇને કનોજપતિને સમુદ્રસેન રાજા સાથે વેર થયું—એ વેરનો પ્રતિહાર દુતદ્વારા પણ ન થયો. બલિષ્ઠ સમુદ્રસેનનો ગર્વ તોડવાને કનોજપતિએ લડાઇનું બ્યુગલ વગડાવ્યું. હાથી, ઘોડા, રથ અને પદાતિ લશ્કર સજ્જ કર્યું. એના સામંતો સરદારો, ભાયાતો પણ તૈયાર થઇ

ગયા. કનોજપતિએ પોતાના સમાંગ સૈન્ય સહીત રાજગિરિ તરફ પ્રયાણ કર્યું.

ગુપ્ત ચરે તરતજ આવીને સમુદ્રસેન રાજાને નિવેદન કર્યું, " મહારાજ ! આમરાજ ચતુરંગિણી સેના સમેત આપણા રાજ્ય તરફ ધસી આવે છે, કનોજથી એમનું સૈન્ય રવાને થઇ ગયું છે આપને હવે યોગ્ય લાગે તેમ કરો ? "

" સમુદ્રસેન રાજાએ પણ પોતાના મંત્રીઓ, સરદારો, અને ભાયાતોને બોલાવી ગુપ્ત મંત્રણા કરી. કનોજપતિની મેમાની કેવી રીતે કરવી એ માટે વાટાઘાટ ચાલી. " કનોજપતિ સાથે આજ કેટલાક સમય થયાં આપણે વૈરભાવ ચાલ્યું આવે છે. એ વૈરનો પ્રતિશોધ કરવા શત્રુ આજે ચાલી ચલાવીને આંગણામાં આવ્યો છે. માનો કે આપણું રાજ્ય આંચકી લેવા આપણી ઉપર ચઢી આવ્યો છે, આપણે આપણા દેશને માટે, પ્રજાના રક્ષણ અને આપણી સ્વતંત્રતા માટે આપણાં હથીયાર ખડખડાવવાં જોઇએ. આપણે યુદ્ધમાંજ એમનું સ્વાગત કરવું જોઇએ. "

" આપનું કહેવું સત્ય છે મહારાજ ! યુદ્ધ એતો ક્ષત્રીયોનો વિવાહોત્સવ કહેવાય એ આવતા શત્રુને ખાળવા આપણે તાકીદે એની સામે જવું ? " સેનાપતિએ રાજાના વિચારને અનુમોદન આપી એનો ઉત્સાહ વધાર્યો.

" આપણે ઉતાવળ કરવાની જરૂર નથી. ભલે તે શત્રુ ધસ્યો આવે આપણા નગરથી થોડેક દૂર રહે એટલે આપણે આપણું બળ બતાવવું. " એક મંત્રીએ સલાહ આપી.

" અને શત્રુ બેધડક આપણા મુલકમાં પ્રવેશ કરી નુકશાન કરતો પ્રજાને રંજાડતો આવે એ જોયા કરવું, કેમ ? " એક સરદારે કટાક્ષપૂર્વક કહ્યું,

" તમારૂં કહેવું ઠીક હશે. પણ શત્રુનું બળ પણ આપણે જરૂર જાણવું જોઇએ. એના અને આપણા બળનો વિચાર કરી કાર્યનો આરંભ થાય એ ઉચિત કહેવાય ? " મંત્રીએ કહ્યું. એણે દીર્ઘદ્રષ્ટિ દોડાવી લાંબો વિચાર કર્યો.

" ક્ષત્રીયને વળી વિચાર શો ? એ તો ક્ષત્રીય સામે-પોતાના શત્રુ સામે બરાબર ઝુઝે ? એ વિચાર કરવા કે મુહૂર્ત્ત જોવા જાય એટલામાં શત્રુ આપણા મુલકમાં કેટલો બધો ફાવી જાય. " રાજાએ કહ્યું, એ યુદ્ધ કરવાને એકદમ આતુર થઈ ગયો.

"રાજન્ ? તો આપે સેનાપતિને મોટું લશ્કર આપીને દુશ્મનોનો ધસ્યો આવતો વેગ અટકાવવા મોકલવા અહીયાં રહીને આપે બીજું લશ્કર તૈયાર કરવું, કે જરૂર પડે મદદમાં મોકલી શકાય. અથવા તો એ લશ્કરની મદદથી અહીં આવેલા રિપુનું સ્વાગત કરી શકાય, " પ્રધાને પોતાનો અભિપ્રાય આપ્યો.

વાટાઘાટ કરતાં છેવટે એ વિચાર મંજુર થયો. તેપછી બીજે દિવસે સેનાપતિ લશ્કર લઇને કનોજરાજનું સ્વાગત કરવા-એમને માર્ગમાંજ અટકાવવા રવાના થઇ ગયો.

રાજાએ પોતાના રાજ્યમાંથી બીજું લશ્કર બોલાવી

લીધું જે જે લડવઇઆ હતા એમને યુદ્ધ માટે આમંત્રણ મોકલ્યાં. પોતાના દેશના રક્ષણને માટે ઘણા યોદ્ધાઓ બહાર પડયા. એ સર્વને સમુદ્રસેન રાજાએ લશ્કરી તાલીમ અપાવવી શરૂ કરી. દિવસે દિવસે એ સૈનિકોમાં ભરતી થતી ચાલી. ને તે એક મોટું વિશાળ સૈન્ય તૈયાર થયું.

કારીગરો બોલાવી અવનવાં શસ્ત્રો–તલવાર, બરછી, ભાલાં, તીર, વગેરે તૈયાર કરાવવાં શરૂ કર્યાં. શસ્ત્રો તૈયાર થતાં ગયાં એમ નવા નવા સૈનિકોને એ પુરાં પાડવામાં આવ્યાં. એ નવા લશ્કરનો રણોત્સાહ વધારવાને ગાયકો દેશભક્તિનાં ગીત ગાતા. વીર પુરૂષોનાં કથાનક સંભળાવી એમનાં ગુપ્ત શૌર્યને પ્રગટાવવા લાગ્યા. એ અભિનવ શૌર્યવાળા નવીન સૈનિકો પણ આતુરતાથી પોતાનું પરાક્રમ બતાવી યુદ્ધ ક્રીડા કરવાની રાહ જોવા લાગ્યા.

સમુદ્રસેનનો સેનાપતિ મોટું લશ્કર લઇ ધસ્યો આવતો કનોજપતિને માર્ગમાંજ મલ્યો. કનોજપતિના ગુપ્તચરોએ એ સમાચાર પ્રથમથીજ જણાવી દીધા હતા. જેથી રાજગિરિ તરફ ધસ્યું જતું આમરાજાનું લશ્કર એનો સત્કાર કરવાની રાહ જોતું સ્થંભ્યું.

દુશ્મનનું લશ્કર આવતું દેખી આમરાજે એ યુદ્ધમાં સૈન્યની સરદારી પોતાના સેનાપતિને સોંપી એની સાસે એને અર્ધું લશ્કર આપીને મોકલ્યો. બન્ને સેનાપતિઓ સામ સામે મળ્યા. યુદ્ધ શરૂ થયું તલવારે તલવાર ને ભાલે ભાલા અથ-

ડાયા. થોડુંક લશ્કર એક સરદારની આગેવાની નીચે આપી આમરાજે ગુપ્ત રીતે શત્રુને પછવાડેથી મુંજવ્યો. આગળ અને પાછળ બન્ને બાજુના મારથી સમુદ્રસેન રાજાનું લશ્કર મુંઝાયું. પરિણામપણ જલદી જણાયું બન્ને બાજુના અસહ્ય મારથી શત્રુ લશ્કરમાં ભંગાણ પડયું. સેનાપતિએ લશ્કરને થોભવાની ઘણી કોશીષ કરી પણ વ્યર્થ ! શૂરાઓ છેવટપર્યંત દેશભકિત બતાવી એ માતૃભૂમિની ગોદમાં લાંબી નિદ્રાએ સૂતા, એમણે શત્રુને છેવટલગી પણ પીઠ ન બતાવી. કાયરો જીવવાની ઇચ્છાએ નાશ ભાગ કરવા લાગ્યા. નાશ ભાગ કરતાં કેટલાક શત્રુઓને આમરાજના લશ્કરે તીરથી કે ભાલાથી વીંધી નાંખ્યા.

સમુદ્રસેનનો સેનાપતિ પોતાના લશ્કરની નાશ ભાગથી હિંમત હાર્યો નહી. જે વફાદાર સૈનિકો એના પડખે ઉભા રહી શત્રુ સાથે લડતા હતા. એમની સાથે તે મરણીયો થઇ દુશ્મન ઉપર તુટી પડયો. પરિણામ એજ આવ્યું કે એ બધા શત્રુના લશ્કરને મારતા એમના તીર અને ભાલાથી વીંધાઈ માતૃભૂમિની ગોદમાં સુતા.

નાશી ગયેલા લશ્કરમાંથી કેટલાક બચેલા, એમણે રાજગિરિ જઈ સમુદ્રસેન રાજાને પરાજયના સમાચાર આપ્યા. રાજા કંઈક નિરાશ થયો પણ હિંમત હાર્યો નહી. બીજુ લશ્કર એની પાસે તૈયારજ હતું લશ્કરમાં રણોત્સાહની–યુદ્ધની હાકલ પડી.

આમરાજ પણ પોતાના લશ્કરને વિશ્રાંતિ આપી વેગથી રાજગિરિ તરફ ધસ્યો જતો હતો. એ વિજયી સૈન્ય રાજગિરિનો દુર્ગ તોડવાને આતુર થઈ રહ્યું હતું.

# પ્રકરણ ૨૦ મું

## દુર્ગપતન.

કનોજપતિનું વિજયી લશ્કર રાજગિરિની નજદીકમાં આવ્યું એટલામાં સમુદ્રસેનના લશ્કરે પડકાર કરી એ વેગને અટકાવિવા મહેનત કરી. મોટું યુદ્ધ થયું એમાં એ શીખાઉ લશ્કર ચારે દિશામાં નાશ ભાગ કરી ગયું. રાજા સમુદ્રસેને નગરમાં પ્રવેશ કરી દરવાજા બંધ કરાવી દીધા. આમરાજ નગરને ઘેરો ઘાલીને પડયો. એના સૈન્યે દુર્ગ તોડવાના અનેક પ્રયત્ન કર્યા પણ એ મજબુત દુર્ગ તોડવાને કોઈ શક્તિવાન થયું નહી. પોતાનું અમિત સૈન્ય, અસ્ત્રશસ્ત્રની અખૂટ સામગ્રી તેમજ ભૈરવાદિ મંત્રભેદ જે જે યુક્તિ સુઝી તે બધી રાજાએ દુર્ગ તોડવામાં કામે લગાડી પણ એ દુર્ગ તોડી શકાયો નહી. એવી રીતે પ્રયાસ કરતાં કેટલાય દિવસ વહી ગયા.

રાજાએ સૂરિશ્વરને પોતાની સાથે રાખ્યા હતા, કંટાળીને રાજાએ એક દિવસ ગુરૂને પૂછયું. " ભગવન ? આકાશને ચુંબન કરતો આ દુર્ગ કયારે હાથ થશે ? "

" તમારા પુત્રનો પુત્ર ભોજ આ દુર્ગને દૃષ્ટિ માત્રથી ભાંગી નાંખશે. " ગુરૂએ જ્ઞાનથી જાણીને કહ્યું.

આમરાજા રાજગિરિ નગરને ઘેરો ઘાલીને પડી રહ્યો. રાજગિરિ નગરની બહાર ગામ જેવું થઇ ગયું. આસપાસનો શત્રુનો દેશ રાજાએ જીતી લઇ પોતાના રાજ્ય સાથે જોડી દીધો. રાજગિરિ સિવાય સમુદ્રસેન રાજામાટે બીજું કાંઇ રહેવા દીધું નહી. એના તમામ રાજ્યની ખંડણી પણ પોતે ઉઘરાવતો હતો. એ બાર વર્ષ દરમિયાન શત્રુનો બધો મુલક પોતાને સ્વાધિન કરી પોતાની સત્તા બેસાડી દીધી. એવીરીતે બારવર્ષ વહી ગયા. એ અરસામાં છાવણીમાં યુવરાજ દુંદુકને પુત્રનો જન્મ થયો રાજા પાત્ર જન્મની વધામણીથી અત્યંત ખુશ થયો.

એ પૌત્રનું ભોજ એવું નામ રાજાએ પાડયું. તરતના જન્મેલા ભોજને નાના પલંગમાં સુવારીને દુર્ગ પાસે લાવવામાં આવ્યો. એ દુર્ગ ઉપર રાજકુંવરની દૃષ્ટિ પડતાંજ કંપી ઉઠયો.

રાજાએ એ દુર્ગનો છેદ કરવાને પોતાનું અમીતબળ વાપર્યું પ્રચંડ ધસારાથી અને એ નાના ભોજના પુણ્યબળથી દુર્ગને સૈનિકોએ થોડી મહેનતમાં તોડીનાખ્યો ગગન વિહારી એ દુર્ગને તોડવાની આશા બધાએ છોડેલી એનો આવી રીતે નાશ થતો જોઇ સૈનિકોમાં અખુટ બળ આવ્યું, એ દુર્ગને ચારે કોરથી તોડી પાડયો.

દુર્ગ તુટયો એટલે સૈનિકો, સુભટો રાજગિરિમાં ધસ્યા. પણુ તેમનો સત્કાર કરવાને કોઇ તૈયાર નહોતું. રાજા સમુદ્રસેન તો રાજગઢમાંથી ગુપ્તદ્વાર દ્વારા નગર બહાર નીકળી અદૃશ્ય થઇ ગયો હતો.

બાર બાર વર્ષને અંતે આમરાજાએ દુર્ગને કબજે કર્યો. પોતાની પરમાર ધ્વજા એ નગરના દુર્ગ ઉપર ફરકતી કરીને નગરમાં પોતાની આણુ ફેરવી દીધી. પણુ પ્રજાને કાંઈ વિઘ્ન કર્યું નહી. વિજયોન્મત્ત સૈનિકોએ નગરમાં પ્રવેશ કરતાં પોતાનો રોષ ગરીબ પ્રજા ઉપર ઉતારવા માંડયો. જ્યાં ત્યાં લુંટફાટ, ત્રાસ શરૂ થયાં. પણુ રાજાનેકાને એ પ્રજાનો આર્ત્તનાદ સંભળાતાં તરતજ લશ્કરમાં હુકમ ફેરવ્યો કે "કોઇએ નગરની પ્રજાજન ઉપર જુલમ કરવો નહીં. જુલમ કરનાર સખ્ત શિક્ષાને પામશે."

રાજાના હુકમથી પ્રજા ઉપર થતો ત્રાસ અટકયો. અને જેનું નુકશાન થયું હતું તેનું રાજાએ પાછું અપાવ્યું. નાગરિકો રાજાના સદ્‌વર્ત્તનથી ખુશી થયા. એમણે નવા રાજાને પોતપોતાની શક્તિ મુજબ ભેટણાં મુક્યાં. આમરાજાએ એમને મન ગમતી રાજ્યવ્યવસ્થામાં સુધારણા કરી આપી એમના મન સંતોષ્યાં.

રાજા હાલમાં રાજગિરિમાં રહેતો હતો તે દરમિયાન્ એક દિવસની રાત્રીને સમયે સમુદ્રસેન રાજાનો અધિષ્ઠાયક દેવ આમરાજ આગળ પ્રગટ થઇ કહેવા લાગ્યો. "હે રાજન્! તમે મારા ભક્ત–રાજાને હરાવી કાઢી મુકયો. પણુ હું તમને

અહીયાં રહેવા દઇશ નહી. ? તમારા સૈન્યનો હું નાશ કરી નાખીશ. ”

“ અરે રાક્ષસ ? લોકને હણવામાં તને શું ફાયદો છે. તારામાં બળ હોય તો આવ મનેજ હણ ? ” રાજાએ નિર્ભયતાથી ઉત્તર આપ્યો.

રાજાનું નિર્ભય વચન સાંભળી એ દેવ પ્રસન્ન થયો “ રાજન્ ? તમારા સત્વથી હું પ્રસન્ન થયો છું ? કહો તમારૂં શું પ્રિય કરૂં ! ”

પુણ્યવાન પુરૂષોને પ્રતિકુળ થયેલી વસ્તુઓ પણ ઝટ એમના પુણ્ય બળથી અનુકુળ થઇ જાય છે ત્યારે દુર્ભાગીઓના સીધા દાવ પણ અવળા પડે છે. વિશેષશું કહીયે જગતમાં પ્રાણીને પુણ્ય છે એજ એની મોટાઈ, એના શૌભાગ્ય અને એની ઉન્નતિનું મોટામાં મોટું પગથીઉં છે. પુણ્યક્ષય થતાં સમર્થ મગધરાજ બિંબિસારને પણ આલોકમાં વિના કારણે બંધન પ્રાપ્ત થયું. ત્રિખંડપતિ શ્રી કૃષ્ણને યાદવોનો વિનાશ અને બળતી દ્વારિકા પોતાની સગી આંખે જોવાં પડયાં માટે પુણ્ય એજ શ્રેષ્ઠ વસ્તુ છે.

“હે દેવ! મારે કઈ ન્યુનતા છે કે તમારી પાસે યાચના કરૂં. ? ” રાજાએ વ્યંતર દેવને કહ્યું. જગતમાં રાજઋદ્ધિ, સૌભાગ્ય, પુત્ર, કલત્ર આજે સર્વ કંઇ રાજાને અનુકુળ હતું.

“ છતાં હે રાજન્ ? કંઇ પણ માગો ? દેવતાઓની

પ્રસન્નતા વ્યર્થ ન હોય!" એ વ્યંતરનો આગ્રહ જાણીને રાજાએ કહ્યું.–

"હે દેવ? તો એટલું જણાવો કે મારૂં આયુષ્ય હવે કેટલું બાકી છે?" રાજાએ પૂછ્યું.

દેવતાએ અવધિજ્ઞાનથી ઉપયોગ દઇને કહ્યુ. "રાજન્? આજથી છમાસે મકારાદ્યઅક્ષર ગ્રામપાસે તમારૂં મૃત્યુ થશે."

"એની નિશાની કંઇ?" રાજાએ ધડકતે હૈયે કહ્યું,

"છમાસ પછી જ્યારે પાણીમાંથી ધૂમ નીકળતાં દેખો ત્યારે જાણજો કે હવે મૃત્યુ નજીક આવ્યું છે. માટે હવે પર-લોકની સાધના કરો?" એટલું કહીને વ્યંતર દેવ અદૃશ્ય થઇ ગયો. રાજાએ રાત્રી જેમ તેમ પસાર કરી.

પ્રાતઃકાળે સૂરિવર પાસે આવીને રાજા નમ્યો. એટલે રાજાના પૂછ્યા વગર સૂરિવરે કહ્યું "હે રાજન્! રાત્રે વ્યંતર દેવે તમને જે વાત કરી તે તેજ પ્રમાણે છે માટે તમારે ધર્મ-રૂપી ભાતુ તૈયાર કરવું."

ગુરૂની વાણી સાંભળીને રાજા વિસ્મય પામ્યો, "ઓહો? શું આતે જ્ઞાન! અથવા તો એમાં વિસ્મય શું થવું! સૂર્યમાં તેજસ્વીતા, ચંદ્રમાં સૌમ્યતા, અને જૈન ધર્મમાં તત્વજ્ઞાનતા એતો સ્વાભાવિકજ હોય."

રાજા તે પછી એ નવા રાજ્યની વ્યવસ્થા કરી પોતા તરફથી એક અધિકારી નીમીને અવિચ્છિન્ન પ્રયાણે પોતાના દેશમાં આવ્યો.

પોતાનો અંત સમય જાણીને રાજાનું મન ધર્મધ્યાનમાં અધિક ઉજવળ થયું. કનોજપતિએ ઢુંઢુકને શુભમુહુર્ત્તે કનોજના રાજ્યસિંહાસન ઉપર બેસાડયો, રાજ્યકાર્યથી નિવૃત્ત થઇને રાજા ધર્મસાધન કરવામાં તત્પર થયો. એના પરિણામ શુદ્ધ થયા. મનુષ્ય ભવની અનિત્યતા ચિંતવતો વૈરાગ્યવાસીત થઇને કર્મની નિર્જરા કરતો, રાજા વિચાર કરવા લાગ્યો. "આહા ? આ દોહિલો માનવભવ આત્મ સાધન વગર આત્મા વ્યર્થ હારી જાય છે. મારૂં રાજ્ય, મારૂં કુટુંબ, મારૂં ધન કરતાં બાહ્યદ્રષ્ટિમાંજ મશગુલ બની ધર્મ કર્મથી રહીત પાપકરવામાં પાછું વાળીને પણ ન જુએ હા ? કેવી એ અજ્ઞાનદશા ? મને મારા પુર્વના ભાગ્યયોગેજ આવા ઉત્તમ ગુરૂનો જોગ થયો છે. છતાં રાજલુબ્ધ થઇ આજસુધી મેં ધર્મકર્મમાં જોઇએ તેવું લક્ષ્ય આપ્યું નહી. એ નિર્દોષ બાલપણુ ગયું, યૌવન વ્યતીત થયું આ પ્રૌઢાવસ્થાપણ વહી ગઇ છતાં આત્માના હિત તરફ પ્રવૃત્તિ ન થઇ. આવા ગુરૂનો જોગ પામી હું નરભવ હારી જઇશ તો ફરીને આવી સામગ્રી કયાં મલશે ? તો હવેતો જાગૃત થઇ પરભવને યોગ્ય કાંઈ ભાથું તૈયાર કરી લઉં ?"

# પ્રકરણ ૨૧ મું.

---

## દિગંબરોએ દબાવેલું ગિરનાર.

કનોજ આવી ગયા પછી રાજકાર્યમાંથી આમરાજા નિવૃત્ત થયો એના બીજે દિવસે સૂરિવરે પ્રસંગ જોઈને કહ્યું. "રાજન્ ? આત્મહિત કરનાર પુરૂષે આળસ કરવી યુક્ત નથી. તીર્થ યાત્રા કરીને મનુષ્ય જીવનને સફળ કરો. લાવણ્યનો ભંડાર, સુંદર સ્વરૂપ, સુસ્નેહ, લક્ષ્મીવાળા, નવીન તારૂણ્યવંત, બલયુક્ત, ગોવિંદ, શીવાદેવી અને સમુદ્રવિજય આદિ પ્રિય પેરક એવા શ્રી નેમિનાથે વિવાહ કર્યો નહી, તે તમારૂં કલ્યાણ કરો ? બાહ્ય દ્રષ્ટિમાંજ રાચેલા, સંસારના કુટુંબ ક્લેશ આદિ વ્યવહારમાં ડુબેલા, એવા પુરૂષો નેમિને નમે નહી છતાં જો જીવતા ગણાતા હોય તો પછી મુવેલા કોણ કહેવાય! જે નેમિજીનેશ્વરનાં દીક્ષા, કેવળ અને મોક્ષ કલ્યાણ ગિરનાર પર્વત ઉપર થયાં છે અને જેણે પોતાના ઉચ્ચ શ્રૃંગ રૂપ મસ્તક ઉપર નેમિજીનને ધારણ કર્યા છે એવો પવિત્ર ગિરિનાર પણ પૂજવાને યોગ્ય છે જેનાં કૈલાસ, ઉજ્જયંત, રૈવતાચળ, નંદભદ્ર સુવર્ણગિરિ અને ગિરિનાર આદિ તો નામ પડેલાં, તેમજ જે જે પુરૂષોએ શત્રુંજયનો ઉદ્ધાર કરેલો એમણે ગિરિનારનો પણ ઉદ્ધાર કર્યો છે. આ અવસર્પિણીમાં પ્રથમ ભરતચક્ર-

વર્તીએ અહીયાં જીનમંદિર કરાવેલું તે વખતે અહીંઆં શક્તિસિંહરાજા રાજ્ય કરતો હતો, રામચંદ્રજી શત્રુંજયનો ઉદ્ધાર કરવા આવ્યા એ સમયે એમની અપરમાતા કૈકયીએ ગિરિનારનો પણ ઉદ્ધાર કરાવ્યો હતો, પાડવોએ શત્રુંજયનો ઉદ્ધાર કર્યો ત્યારે શ્રી કૃષ્ણ વાસુદેવે અહીયાં સુંદર જીનમંદિર બંધાવ્યું હતું. તેમાં ગઇ ચોવીશીમાં થઈ ગયેલા ત્રીજા સાગર નામે તીર્થંકરના વારામાં નરવાહન રાજાએ બનાવેલ અને પાંચમા દેવલોક આદિ સ્થળે પૂજાયેલ નેમિજીનેશ્વરની અહીયાં સ્થાપના થઈ છે. એ તીર્થની રક્ષાનું કાર્ય વ્યંતર યોનીમાં ઉત્પન્ન થયેલી અંબિકાદેવીને સોંપવામાં આવ્યું હતું. આજે પણ નેમિનાથની અને ગિરિનારની અધિષ્ઠાયિકા અંબિકાદેવી કહેવાય છે.

નેમિનિર્વાણુ પછી હે રાજન્! ૮૦૦૦ વર્ષ વીત્યે કાશ્મિરના રાજા નવહંસના વખતમાં ચંદ્રશેઠના પુત્ર રતનશા શ્રેષ્ઠિએ નેમિનાથ–ગિરનારનો સંઘ કાઢયો. એણે ગિરનાર આવી લેપમય પ્રતિમાને સ્થાનકે પાષાણની પ્રતિમા પ્રતિષ્ઠિત કરી. જીર્ણોદ્ધાર કર્યો હતો હાલ એ મંદિર ' રતનશા ઓશવાલનું મંદિર એ નામે ઓળખાય છે, મહાવીર સ્વામીના સમયમાં અહીયાં સમુદ્રવંશીય રિપુમલ્લનામે રાજા રાજ્ય કરતો હતો. જેવો ગિરનાર પર્વત નેમિનાથને લઈને પૂજનીક ગણાય એવોજ શત્રુંજય પર્વત પણ આદિનાથ રૂષભદેવને કારણે પૂજનીક છે. રાયણના વૃક્ષ નીચે નવાણું પૂર્વ વાર શ્રી આદિનાથ પ્રભુ સમવ-

સર્યા હતા. તે સિવાય અનંતા મુનિવરો ત્યાં મોક્ષે ગયા છે. વિક્રમ સંવતના બીજા સૈકાની શરૂઆતમાં જાવડશાહ શ્રેષ્ઠિએ વજ્રસ્વામીની સહાયથી સં. ૧૦૮ માં તેરમો ઉદ્ધાર કર્યો. રામ, ભરત, પાંડવો, શ્રી કૃષ્ણના પુત્રો શાંબ, પ્રદ્યુમ્ન વગેરે અનેક મુનિઓની સાથે અહીયાં સિદ્ધિપદને વર્યા છે. આવા ઉત્તમ તીર્થોની યાત્રા કરી હે રાજન્ ! તમારો જન્મ સફલ કરો ?"

સૂરિવરનો ઉપદેશ સાંભળી આમરાજાએ રૈવતાચળ ઉપર નેમિનાથના દર્શન કરવાનો નિશ્ચય કર્યો. સપ્તાંગ લક્ષ્મીએ સહીત રાજા ગુરૂની સાથે સકલ સંઘને લઈ રૈવતાચળ તરફ ચાલ્યો. એણે પ્રતિજ્ઞા કરી કે 'નેમિનાથનાં દર્શન કરીશ ત્યારેજ અન્ન ગ્રહણ કરીશ.' સૂરિવર અને લોકોએ આવી પ્રતિજ્ઞા નહિ લેવા ઘણું કહ્યું. 'રૈવતાચલ બહુ દૂર હોવાથી આપની એ પ્રતિજ્ઞા પળી શકશે નહી'

રાજાએ જણાવ્યું "મારી પ્રતિજ્ઞા ચલવાની નથી." એનો નિશ્ચય દૃઢ હતો.

બની શકે એટલી ઉતાવળથી સ્તંભન તીર્થ સુધી આવ્યા, રાજા ક્ષુધાથી આકુળવ્યાકુળ થવા લાગ્યો—એ પ્રાણ સંકટમાં પડયો. ક્ષુધાની અસહ્ય પીડા છતાં એ પોતાની પ્રતિજ્ઞાથી ચલાયમાન થયો નહી. રાજાનો પ્રાણ સંદેહ જોઇ લોકો શોક કરવા લાગ્યા.

સૂરિવરે મંત્રશક્તિથી કુષ્માંડા દેવી—અંબિકાને સાક્ષાત્ બોલાવીને આજ્ઞા કરી કે " હે દેવી ? તમે એવું કાંઇ કરો કે જેથી રાજા અન્ન ગ્રહણ કરે અને જીવે ? "

અંબિકા દેવી હાથમાં એક બિંબ લઇને આમરાજા પાસે ગઇ. " હે વત્સ ? તારા સત્વથી હું પ્રસન્ન થઇ છું. આકાશમાં ગમન કરતાં તેં મને જોઈ છે. રૈવતાચળ પર્વત ઉપરથી નેમિનાથનું આ બિંબ લાવું છું ? એને વંદન, નમસ્કાર કર, કે જેથી ત્યાંના બિંબની વંદના તને ફળશે. એનાં દર્શન કરી સુખેથી પારણું કર ? "

" હે રાજન્ ? દેવી કહે છે તે સત્ય છે. એમાં તારે સંદેહ રાખવો નહી. " ગુરૂએ અનુમોદન આપ્યું.

રાજાએ પ્રતિમાનાં દર્શન, વંદન, પૂજન કરી અન્ન લીધું લોકોએ સ્તંભનતીર્થમાં એ પ્રતિમાની સ્થાપના કરી. આજે પણ એ ઉર્જ્જયંત નામે ખંભાતમાં પ્રસિદ્ધ છે.

આમરાજ મહોત્સવનાં વાજિંત્ર વગડાવતો પ્રથમ વિમલગિરિએ આવ્યો. ત્યાં ગિરિરાજનાં દર્શન કરી ડુંગર ઉપર શ્રી ઋષભદેવનાં દર્શન કરી મનુષ્ય જન્મ સફલ કર્યો. નાહી પવિત્ર થઇ રૂષભદેવને ભક્તિએ કરી પૂજ્યા.

ગુરૂએ શત્રુંજયની પ્રાચિનતાને લગતો ટુંક ઇતિહાસ કહી સંભળાવ્યો, એના આજસુધીમાં થયેલા તેર જીર્ણોદ્ધારો,

શરૂઆતમાં ભરત મહારાજાએ કરેલી રૂષભદેવની પ્રતિષ્ઠા. તેમનો પહેલો ઉદ્ધાર એનાં નામ, શત્રુંજ્ય ડુંગરનું પ્રમાણુ ઈત્યાદિની સમાલોચના કહી સંભળાવી.

ભાવે કરી શત્રુંજયને ભેટી રાજા સકલ પરિવાર સહીત ગિરનાર તરફ ચાલ્યો. અવિચ્છિન્નપણે રાજા નેમિશ્વરનું ધ્યાન કરતો ગિરનારની તળેટીમાં આવ્યો, ત્યાં દિગંબરોએ આવીને એ તીર્થ રોકી લીધું હતું. તેઓ કોઇ શ્વેતાંબરોને દર્શન કરવા જવા દેતા નથી. દિગંબર મતના અગીયાર રાજાઓ સૈન્ય સહિત તીર્થને નમવાને આવ્યા હતા, એમણે શ્વેતાંબરોને ઉપર જતાં અટકાવ્યા.

ગુરૂએ કહ્યું "આ તીર્થ તો શ્વેતાંબરોનું છે છતાં તમે અમોને શામાટે અટકાવો છો ?"

"તમારૂં ક્યાંથી થયું ? તીર્થ તો અમારૂં છે છતાં તમે બથાવી પાડવા આવ્યા છો ?" દિગંબરોએ કહ્યું. ઝઘડો કરીને પણ તીર્થ પોતાનું બનાવવું એ દિગંબરોનો મુખ્ય ઉદ્દેશ હતો.

"ક્યારથી તમારૂં થયું એ માટે તમારી પાસે કાંઇ પ્રમાણ છે કે ?" આમરાજાએ પૂછ્યું.

"જ્યારથી પ્રગટ થયું ત્યારથી વળી." દિગંબરોએ અહાવ્યું.

"તમારી વાત ખોટી છે અમને દર્શન કરવા જવા દ્યો!

નાહક ક્લેશ કરવાથી શો ફાયદો ? ” ગુરૂએ કહ્યું એમને શાંતિ પ્રિય હતી પણ દિગંબરોને અશાંતિ ગમતી હતી.

“ નહી કોઈપણ રીતે નહી શ્વેતાંબરોને ચડવા દઇ આ તીર્થ અમે અપવિત્ર નહી થવા દઇએ.” દિગંબરોએ કદાગ્રહ નો કક્કો ઘુંટવા માંડ્યો.

“ ઠીક છે તો તમને બહાર કાઢીને હું નેમિનાથનાં દર્શન કરીશ.” આમરાજે પડકાર કર્યો અને યુદ્ધનું આમંત્રણ આપ્યું.

“આવી જાઓ અમે યુદ્ધ કરવાને તૈયાર છીએ.” સામે દિગંબરો પડકાર કરતા ઊઠયા. અગીયારે રાજાઓ પોતાના સૈન્ય સહિત લડવાને તૈયાર થયા.

આમરાજાએ પણ લશ્કરમાં યુદ્ધનું રણશિંગુ વગડાવ્યું. સામ્‌સામે યુદ્ધની તૈયારીઓ થઇ રહી.

પણ બપ્પભટ્ટસૂરિ શાંતિના ઉપાસક અહિંસાના ચુસ્ત બંધુ હતા. ધર્મયુદ્ધને બ્હાને બન્ને તરફના વીરોનો ક્ષય થાય, એમનાં અમુલ્ય મનુષ્યજીવન નષ્ટ થાય એ તેમને ગમતું નહોતું. કોઇ પણ યુક્તિથી કામ કાઢવાને તે તૈયાર થયા. એમણે આમરાજાને સમજાવ્યો *“રાજન્ ? ધર્મકાર્યના ઉદ્યમમાં યુદ્ધ* કરીને એવો કોણ હોય કે પ્રાણીઓના જીવનને નાશ કરે ? તમે શાંત થાઓ ? વાણીના વિલાસવડે કરીને હું એ સર્વને જીતી લઈશ. નખનો છેદ કરવા કે કમળના ટુકડા કરવા કુહાડાનો કોણ ઉપયોગ કરે ? ”

આમરાજાને સમજાવી શાંત પાડી સૂરિવરે દિગંબરમાંથી ડાહ્યા ડાહ્યા પંડિત પુરૂષોને આમંત્રણ કરી બોલાવ્યા. દિવ્ય શકિતથી તીર્થ આપણામાંથી કોનું છે એનો નિર્ણય કરવા સમજાવ્યું " નેમિનાથનાં ત્રણ કલ્યાણુક આ પર્વત ઉપર થયાં છે એ મતલબના રહસ્યવાળી ગાથા જો અમારી કન્યાઓ પઢે તો તીર્થ અમારૂં ને તમારી દિગંબર કન્યાઓ ભણે તો તીર્થ તમારૂ ? "

બન્ને પક્ષોએ એ શરત માન્ય રાખી. બીજે દિવસે શ્વેતાંબરો અને દિગંબરોએ પોતપોતામાંથી કન્યાઓ ભેગી કરવા ઠરાવ્યું.

રાત્રીના સૂરિવરે મંત્ર શકિતથી અંબિકાનું આરાધન કરી ધર્મકર્મમાં વિઘ્ન આવેલું દુર કરવાને આજ્ઞા કરી. જેથી અંબીકાએ કહ્યું કે " વત્સ ? મારા પ્રભાવ થકી આપણી શ્વેતાંબર કન્યાઓ એ મુજબની ગાથા ભણી જશે." દેવી અદૃશ્ય થઇ ગઈ.

બીજે દિવસે બન્ને પક્ષોએ હજારો કન્યાઓ ભેગી કરી બપ્પભટ્ટીજીએ શ્વેતાંબર કન્યાઓને નેમિનાથના કલ્યાણુકની ગાથા પઢવા કહ્યું એટલે અંબિકાના પ્રભાવથી હરેક કન્યાઓ ગાથા ભણી ગઇ.

" ઉજ્જિજંત સેલ સિહરે, દિખ્ખાનાણું નિસીહિઆ જસ્સ,
તં ધમ્મ ચક્કવટ્ટિં, અરિટ્ઠનેમિં નમંસામિ." ॥ ૧ ॥

શ્વેતાંબર કન્યાઓ એ ગાથા બોલી પણ દિગંબર

કન્યાઓમાંથી કોઇ એ ગાથા બોલી શક્યું નહિ, જેથી શ્વેતાંબરોનો જય થયો. કદાગ્રહ કરનારા દિગંબરોનાં મુખ મલિન થયાં, અંબીકાએ આકાશમાં રહી શ્વેતાંબરો ઉપર પુષ્પવૃષ્ટિ કરી.

ત્યારથી આ ગાથા સિદ્ધ સ્તવમાં ચોથી ગાથા તરીકે બોલવામાં આવે છે. જે પરંપરાએ આજે પણ સિદ્ધાણું બુદ્ધાણું-માં આપણે જોઈએ છીએ.

રાજાભક્તિથી તેપછી નેમિજીનને નમ્યો, ઘણી ભક્તિથી નેમીજીનેશ્વરને પૂજ્યા. પોતાના આત્માને તાર્યો. તીર્થના ઉપયોગ માટે દરેક ચીજની સામગ્રીની દુકાનો કરાવી. સંઘ પૂજાદિ ઉત્સવ કર્યો આમરાજા તે પછી સૂરિવર સાથે તીર્થોની યાત્રા કરતો પોતાને દેશ કનોજ આવ્યો.

## પ્રકરણ ૨૨ મું.

### મૃત્યુની ગોદમાં.

યાત્રા કરીને આવતાં રાજાને કેટલાક માસ વહી ગયા હતા. અહીયાં આવીને રાજાએ દીન, હીન, અનાથ જનોને છુટે હાથે દાન દીધું. જે જે ધર્મ સ્થાનકે વાપરવા યોગ્ય હતું ત્યાં પણ વાપર્યું સર્વની સાથે ખમત ખામણાં કર્યાં. પરિમિત પરિવાર સાથે રાજા સૂરિને લઇને ગંગાને તીરે રહેલા માગ-

ધતીર્થમાં ગયો. ત્યાં ગંગામાં ધૂમ નિકળતો જણાયો. એને ખાતરી થઇ કે હવે આ મનુષ્ય ભવની એની મુસાફરી પૂર્ણ થઈ હતી. વ્યંતર દેવતાએ કહેલું નિમિત્ત મલી આવ્યું. સૂરિવરની ક્ષમા માગી. કરેલાં પાપકર્મોનો પશ્ચાત્તાપ કરવા લાગ્યો. સુરિવરે પણ જણાવ્યું "હે રાજન્! અંત લગી પણ તું જૈનધર્મમાં દૃઢ ચિત્ત રાખજે, સંસારની બાહ્યવસ્તુમાં લોલુપ થતો ના? એ સર્વે વસ્તુઓ અનંતી વખત મળી છતાં આત્મા એને છોડીને ચાલતો થયો—એણે આત્માને છોડી દીધો. સંસારનું એતો નાટક છે તથા પ્રકારના કર્મને અનુસારે પ્રાણીને એ આવી મળે છે, છોડીને જતી પણ રહે છે. બાહ્ય વસ્તુઓ તો ક્ષણીક સ્વપ્નાની સુખડી જેમ કહેવાય. કેમકે સ્વપ્નાની સુખડી કાંઈ ભુખને ન ભાંગે તેમ એવી ઋદ્ધિઓ અનંતિવાર મલી છતાં આત્માને તૃપ્તિ તો ન જ થઈ. એવી વસ્તુમાં મોહ એજ સંસારવૃદ્ધિનું કારણ સમજવું. સંસારના એ ભોગો કાંઇ પ્રાણીને ઇચ્છા મુજબ મલતા નથી. જે ચીજની આપણે અતિ જંખના કરીએ એતો આપણાથી દૂરજ ભાગે છે. આપણે ઇચ્છતા નથી ત્યારે એ આપદાઓની માફક વળગતી આવે છે. જગતમાં ઈચ્છાઓ કોની પુર્ણ થઇ છે. વિશ્વવિજયી રાવણની ઇચ્છા પણ અધુરીજ રહી. અષ્ટમચક્રી સૂભુમ એ ઇચ્છાઓને આધિન થઇને દુર્ગતિ પામ્યો. સૂયોધન વાસનાઓને વશ રહી માનવભવ હારી ગયો. વાસના—ઇચ્છા એતો દુઃખે પૂર્ણ થઇ શકે તેમ છે.

મારૂં તારૂં કરવામાં સંસારના ઝઘડામાં પડેલા સમર્થ પુરૂષો પણ નરભવના કાંઠે આવીને ઉંડા ધરામાં ડુબી ગયા. માટે રાજન્ ? કોઇપણ ચીજમાં તારી વાસના રહેજ નહીં. પરમેષ્ટિમંત્રના ધ્યાનમાં એકાગ્ર ચિત્તવાળો થઇ આ ભવસાગર તરી જા ? અનંતકાળ પર્યંત અજ્ઞાનકાર્ય કર્યાં હોવાથી આ ભવની પરંપરાનો છેડો નથી આવતો, અનશન પૂર્વક આરાધના વડે થયેલું મરણ પંડિત મરણ કહેવાય. સમાધિ પૂર્વક પંડિત મરણે મરનારા આત્માઓ અલ્પભવમાં ભવસાગર તરી મુકિત રમણીને વરે છે. માટે સંસારની વાસનાઓ છોડી દેવી જોઇએ. ધર્મ કર્મ કરનાર આત્માને તો સ્વર્ગની સંપદાઓ એના આવાગમનની રાહ જોતી હોય છતાં એણે તો મુકિતનું સ્વરૂપજ ઓળખવું. એને યોગ્ય તો મુકિતનીજ લક્ષ્મી ગણાય. કે જે મુકિતની ગોદમાંથી અનંતો કાળ જતાં પણ અનંતાં સુખ ભોગવી શકે.

ભવાંતરમાં તમે તાપસ હતા સો વર્ષ પર્યંત તપ કરવાથી એનું ફલ તમે રાજ્ય લક્ષ્મી પામ્યા. વાસનાઓની–અજ્ઞાન તપની એ ગતિ હોય. નહિતર તપથી અનંતા કર્મોનો ક્ષય થઇ શકે પણ એ તપ જ્ઞાનગર્ભિત હોવું જોઇએ. વાસનાઓતો આત્માને અધોગતિ લઇ જનારી છે. એ પુદ્ગલીક સુખમાં મગ્ન આત્મા, આત્માના અનંત આનંદને ક્યાંથી સમજે ? આત્મા જ્યાંસુધી પોતે પોતાને ઓળખે નહી, બાહ્ય દ્રષ્ટિ ત્યાગીને અંતર્દ્રષ્ટિ તરફ વળે નહી ત્યાં લગી વાસ્તવિક સ્વરૂપ એના સમજ્યામાં ક્યાંથી આવે ?

મહાનુભવ લાંબી જીંદગી ભોગવવા છતાં મનુષ્ય જ્યારે છેલ્લા શ્વાસોશ્વાસ લેતો હોય છે ત્યારે એની લાંબી જીંદગી એને સ્વપ્નવત્ લાગે છે ફકત બાહ્યજ પ્રવૃત્તિમાં લાગેલો એ હાય હાય કરતો ધર્મકર્મ રહીત ચાલ્યો જાય છે. આયુષ્ય આવી રહયું હોય ત્યારે કોઈ એને બચાવી શકતું નથી. ઈંદ્ર, ચંદ્રને ચક્રવર્ત્તી સમા સમર્થ પુરૂષો પણ આયુષ્ય વધારવાને સમર્થ થતા નથી. સર્વ કોઇ જન્મે છે તે મરવાના છે. કાલ કોઇને છોડતો નથી. કાચની કોઠીમાં કે ગમે તેવી ગુપ્ત જગામાં સંતાયેલાને કાળે સપડાવ્યા છે માટે એવી અનિત્ય વસ્તુઓમાં હર્ષ શોક શું કરવો ? માતા, પિતા, કલત્ર, પુત્ર, પરિવાર કે સપ્તાંગ રાજ્યલક્ષ્મી એ બધું છેવટે તો કંઈ કામ આવે નહી. અનંતીવાર એ બધું આ જીવે ભોગવ્યું છે–છોડયું છે, જ્યાંસુધી ભવ કરશે. ત્યાંલગી એ છોડવાનો છે. એવી ક્ષણીક વસ્તુઓની જ્યાં લગી ઇચ્છા છે ત્યાં લગી સંસારમાં ભ્રમણ કરવાનું હોય.

અરે આ શરીર કે જેને આજલગી લાલનપાલન કરીને વધારેલું છે, એ પણ આખરે અગ્નિમાં બળી ભસ્મ થઈ જવાનું છે. માટે હે રાજન્ ? આ બધી બાહ્ય વસ્તુનો મોહ તજી દે ? સંસારમાં કોઇ કોઇનું નથી. આત્મા એકલો આવ્યો છે એકલો જવાનો છે. અજ્ઞાનીજનોનેજ મૃત્યુ સમયે દુઃખ થાય છે. પણ જ્ઞાની તો મૃત્યુ સમયે પણ એની ઉપક્ષા કરે. પંડિત મરણે કરી એ મૃત્યુને સુધારી લે. મનુષ્ય જન્મ ધર્મકર્મ વડે કરીને

સફળ કરે. આત્મ સ્વભાવમાં કે નમસ્કાર મંત્રના ધ્યાનમાં જ લીન રહે.

કંઈ પણ દુરાચાર કર્યા હોય, વ્રતમાં અતિચાર લાગ્યા હોય, યુદ્ધ પ્રસંગે અનેક જીવોના પ્રાણો સંશયમાં નાંખ્યા હોય, એ સર્વ દુષ્કૃતની ગર્હા કર. અરિહંતની સામે, ગુરૂની સામે, તારા આત્માની સાક્ષીએ એ પાપની ગર્હાપૂર્વક નિંદા કર. જે જે સુકૃત કર્ત્તવ્યો કર્યાં હોય એની અનુમોદના કર ? વારંવાર એનું સ્મરણ કર ? મૃત્યુ સમયે આત્માનું કોઇ રક્ષણ કરી શકતું નથી. ફક્ત એનો સખા એવો ધર્મ મિત્રનો જો આત્માએ સાથ કર્યો હોય તો એજ પરભવમાં સાથે આવે છે. આપત્તિ થકી એનું રક્ષણ કરી એને સદ્ધર્મમાં જોડે છે. યાવત્ પરંપરાએ મુકિતમાં લઇ જાય છે. એવા પરમ પ્રિય ધર્મમિત્રને છોડી કોણ પત્થરને પકડી સમુદ્રમાં ડુબી મરવાની ચેષ્ટા કરે ?

અનંતકાળથી ભમતાં ભવસાગરથી બચાવનાર જો કોઇ હોય તો તે તીર્થંકર ભગવન્ છે, હે રાજન્ ? તમે એ તીર્થંકર ભગવાનનું શરણ અંગીકાર કરો ? પરંપરાએ આપણે જે સ્થીતિ પ્રાપ્ત કરવાની છે. આપણું જે લક્ષ્યબિંદુ છે એવા સિદ્ધ ભગવાનનું શરણ હો ? ભગવંતની આણાએ વર્ત્તનારા, પંચમહાવ્રતના પાલક, શુદ્ધ તત્વના પ્રરૂપક એવા સાધુઓનું શરણ હો, તીર્થંકર ભગવંતે કહેલા ધર્મનું શરણ હો આચારે શરણ હે રાજન્ ? તમને અંત સમયે હો. તમારા મરણથી હું પણ પાંચ વર્ષે આ શરીર છોડીશ."

ચારે આહારનાં પચ્ચખ્ખાણુ કરાવી વ્યવહાર સમકિતનું સ્મરણુ કરાવ્યું. દશ પ્રકારે આરાધના કરાવી. વિધિપૂર્વક અનશન કરાવ્યું આમરાજા પરમેષ્ઠિ મંત્રમાં લીન થઇ સમાધિપૂર્વક દિવસ વ્યતીત કરવા લાગ્યો.

આજે વિક્રમ સંવત ૮૯૦ના ભાદરવા સુદી પ નો દિવસ હતો. જેમ જેમ દિવસ જતો ગયો તેમ રાજાની શકિતઓ મંદ પડતી ગઇ. શ્વાસોશ્વાસની ગતિ પણુ ધીમી થઇ. ત્રણુ પ્રહર પૂર્ણુ થયા અને ચોથા પ્રહરની શરૂઆત થઇ. એ જીવનની જયોત ડગમગુ થઇ રહી મનુષ્યભવરૂપી દીપક નિર્વાણુ પામવાની તૈયારી કરતો હતો. બધો પરિવાર રાજાની આખર સ્થીતિ નિહાળતો શોકસાગરમાં ડુબી ગયો હતો. રાજાના ગુણોને યાદ કરીને એ નિમકહલાલ પ્રધાનો, સેવકો ગમે તેવી ધૈર્યતા રાખતાં છતાં પણુ એમને વારંવાર ડસકાં આવતાં, આંખમાંથી અશ્રુનાં બિંદુ ટપકતાં. એ વૈરાગ્યથી ભરેલાં હ્રુયાં ક્ષણુભરને માટે જાગૃત થયાં, સર્વેની આખરે તો આજ સ્થીતિ થવાની, એવું જાણી જીવન ઉપર એમને કંટાળો આવ્યો.

છતાં રાજા તો એ છેલ્લા શ્વાસોશ્વાસમાં પણુ પોતાના ધ્યાનમાંજ લીન હતો જે વસ્તુઓ છોડીને એ અવશ્ય જવાનો હતો. તો પછી એની ઉપર મોહ વધારી શા માટે ભવ વધારવા એમ સમજી એણે તો એ બધી બાહ્ય ઉપાધી છોડી દીધી. ચોથો પ્રહર પૂરો થાય એટલામાં પરમાત્મામાં એકચિત્તવાળા રાજાએ આ લોકનું માનવ શરીર છોડી:સ્વર્ગની લક્ષ્મી પ્રાપ્ત કરી.

પ્રધાનો અને રાજસેવકો, રાણીઓ હૈયાફાટ રૂદન કરવા લાગ્યાં. રાજાના ગુણો સંભારી સંભારીને ગાઢ સ્વરે રડવા લાગ્યા "હા ? હા ! કુટિલ દૈવ ? તેં આ શું કર્યું ? હે કલિયુગના રામ ? હા અનૃણીકરણ વિક્રમાદિત્ય ? હે વીરપુરૂષ ! તમે અમને છોડીને ક્યાં ગયા ?"

વિવિધ વિલાપ કરતા સેવક વર્ગને શોક ભીના હૃદય-વડે સૂરિવરે બોધ આપ્યો. "દુર્દૈવે કામધેનુંનો હોમ કર્યો. ચંદનવૃક્ષને બાળી નાંખ્યું. કલ્પવૃક્ષને ખંડિત કર્યું સુધાથી ભરેલો કુંભ ફોડી નાંખ્યો. તથાપિ શોક ન કરો ? જુઓ ? પ્રાત:કાલમાં રાત્રીના અંધકારને દૂર કરી કમલ વનને ખીલા-વનાર ચંદ્રને નિસ્તેજ કરી, મધ્યાન્હે દીર્ઘકરથી સરિતાના જલને શોષી લેનાર સૂર્ય સાયંકાળે પરવશ થઈ અસ્ત પામે છે, તો બીજાનો શોક શાને કરવો." ઈત્યાદિ બોધવડે સર્વનો શોક તજાવી સૂરિવર સર્વની સાથે કનોજ દેશમાં આવ્યા.

## પ્રકરણ ૨૩ મું.

### તે પછી શું ?

પિતાના મરણથી દુંદુક રાજાએ પણ ઘણો શોક કર્યો. પિતાના ગુણો સંભારી વારંવાર રાજા આંસુ પાડતો. હિમથી મલીન થયેલા કમલની માફક શ્યામ મુખવાળો પિતૃ શોકથી

હૃદયમાં નિરંતર બળ્યા કરતો હતો. રાજાને સૂરિવરે ધર્મોપદેશ આપી શોકથી મુક્ત કર્યો. “ હે રાજન્ ! આવો પિતૃશોક શામાટે ? તમારા પિતા તો ચારે વર્ગ સાધીને કૃતકૃત્ય થયા. પોતાના યશરૂપી દેહને અહીંયાં ચંદ્ર, સૂર્ય તપે ત્યાં લગી મુકતા ગયા છે. ઉત્તમ પુરૂષોને પુણ્યલક્ષ્મી ને કીર્ત્તિલક્ષ્મી એ બે વલ્લભા હોય, એની ચારૂતાનો વિચાર કર ! પુણ્યલક્ષ્મી એમની સાથે જાય છે, ત્યારે કીર્ત્તિલક્ષ્મી તો અહીયાંજ રહે છે. પિતાના ગુણો યાદ આવતા હોય તો પિતાના જેવો થવા પ્રયત્ન કર ! એમના કરતાં પણ સવાયો થઇ ઉત્તમ રીતે રાજ્ય-વ્યવસ્થા કર ! ”

સૂરિવરના સહવાસથી અને ધર્મોપદેશથી હુંહુકરાજ પરમ આર્હત ધર્મનો ઉપાસક થયો રાજકાર્ય કરતાં રાજ ધર્મ, અર્થ, અને કામ એ ત્રણે વર્ગને સાધવા લાગ્યો.

સમયના વહેવા સાથે રાજાનો પિતૃશોક દૂર થતાં રાજ-કાર્યમાં મગ્ન થયો. એક દિવસ રાજા બજારમાં ફરવા નિકળ્યો, ત્યારે તેણે મનોહર લાવણ્યતાવાળી, સુંદર એવી કંટિકા નામની ગણિકા જોઇ. એને જોતાંજ રાજા એનામાં એટલો તો લુબ્ધ થઇ ગયો કે એને પોતાની પ્રાણાધિક પ્રિયતમા બનાવી. અન્ત:પુરમા બેસાડી એના યૌવનમાં, એ સૌંદર્યમાં, એ મિથ્યા હાવભાવ અને મનોહર અભિનયોમાં રાજા એવો તો લુબ્ધ થઇ ગયો કે રાજા પોતાની રાણીઓને છોડીને રાતદિવસ એનાજ સહવાસમાં પડી રહેતો, એનુંજ ચિંતવન કરતો એ

ગણિકા સાથે ખાતો, પીતો, વાગ્વિનોદ કરતો લોકલાજને તજી એ માનેલા સુખમાં કાળ વ્યતિત કરતો હતો. ભોજની માતા પદ્મા તથા બીજી રાણીઓને કંટિકાના મોહમાં પડેલો રાજા તૃણ સમાન ગણવા લાગ્યો રાજાના ઉપર પોતાનું આધિપત્યપણું ચાલતું હોવાથી રાજ્યમાં રાજા કરતા પણ એનું ચલણ વધી પડ્યું. તે પોતાની ઇચ્છા મુજબ રાજતંત્ર ચલાવવા લાગી.

દુંદુકરાજ એક દિવસ પોતાના ખાનગી દિવાનખાનામાં બેઠો હતો, એના સેવકો એની વાહવાહ બોલતા એની પાસે બેઠા હતા, તેવામાં કલાકેલી નામે જ્યોતિષી રાજાની પાસે આવ્યો. રાજાએ એનું સન્માન કરી બેસાડ્યો એટલે સેવક વર્ગે પૂછયું. " જોશીરાજ ? આપ અમારા મહારાજનું ભાગ્ય તો જુઓ ? "

જોષીએ બરાબર નિમિત્ત જોઇ જોયું તો રાજાનું અશુભ જોવામાં આવવાથી મૌન રહ્યો. જેથી રાજા તથા સેવકવર્ગ વિચારમાં પડ્યા, સાંભળવાને અતિ આતુર થયા. " જોષીરાજ ? કેમ વિચારમાં પડ્યા, " રાજાએ પૂછયું.

" મહારાજ ! આપ રાજા છો ? આપના ભાગ્યમાં શું ખામી હોય ! આપનું રાજ્ય અમર તપો ? " જોષીએ મૂખ્ય વાતને ઉડાવતાં આશિષ આપી.

" શા માટે ખરી વાત કરતા નથી. તમને જે સત્ય લાગતું હોય તે કહો ! તમે વાતને ઉડાવશો એ ચાલશે નહી. " રાજાએ પૂછયું.

" મહારાજ ! આપનો પુત્ર ભોજ બહુ ભાગ્યશાલી છે. આપને હણીને એ રાજ્ય ઉપર બેસશે. માટે આપને યોગ્ય લાગે તે કરવું ? " એ જોષીનાં વચન સાંભળી વજ્રપાત થયો હોય એવું રાજાને દુઃખ થયું. ક્ષણવાર દુંદુકરાજ મૌન થઈ ગયો, એણે જોષીને રજા આપી.

આ બધી વાત ભોજની માતા પદ્માની દાસી એક મોટા સ્થંભ પછવાડે સંતાઇને સાંભળતી હતી એણે જઇને પોતાની રાણીને કહી સંભળાવી. આ નવીન વાત સાંભળવાથી રાણી વિચારમાં પડી. " રખે તે રાજલોભમાં આસક્ત થયેલો રાજા કુંવરનો ઘાત કરે. રાણી હમેશાં સાવધાન રહેતી કુંવરની રક્ષા કરવા લાગી. એણે વિશ્વાસુ દાસીઓને રાજાની ચેષ્ટા તરફ ધ્યાન રાખવાને ગુપ્ત આજ્ઞા કરી.

દુંદકરાજ વિચારથી ચિંતાતુર થયેલો કંટિકાના ગૃહમાં ગયો. અત્યારે એને વેશ્યાના હાવભાવ કે વાણી વિલાસમાં પણ રસ પડયો નહી. કંટિકાએ જોયું તો રાજા ચિંતાથી ઘેરાયેલો હતો. એણે રાજાની પાસે આવી મધુરી વાણીથી પૂછવા માંડયું " દેવ ? આજે આપનું આ ચંદ્રવદન કરમાવાનું કાંઇ કારણ ? "

" શું કરીયે ? દૈવ કોપ્યો હોય ત્યાં કોને દોષ દેવો ? મારૂં ભાગ્યજ પરવાર્યું છે ? " દુંદુકરાજે નિઃશ્વાસ નાખતાં કહ્યું.

" એવું શું બન્યું છે મહારાજ ? કે આપનું ચિત્ત આટલુંબધું અકળાયું છે ? " કંટિકાએ પૂછયું.

" જ્ઞાનીએ કહ્યું છે કે મારા પુત્ર ભોજથી મારૂં મરણ થશે. એ મને મારીને રાજ્ય પડાવી લેશે. કહે જ્ઞાનીનું એ વચન કેવીરીતે ખાટું થશે ?" રાજાએ કહ્યું.

" એમાં શી ચિંતા છે ? રાજન્ ! પુત્રને જ મારી નાખા ? પાતાનું અનિષ્ટ કરવાવાળા પુત્ર પણ શત્રુ જાણવા ! એ પુત્ર તે પુત્ર ન કહેવાય કે જે પિતાનું અનિષ્ટ કરે ?"

કંટિકાની કંટક જેવી સલાહ રાજાને પણ ધ્યાનમાં ઉતરી. રાજા એ બાબતની યાજના ઘડતા હતા, તે ગમે તે પ્રકારે ભાજની માતાના જાણવામાં આવી ગઇ. એણે પાતાના ભાઈને પાટલિપુત્ર નગરમાં સમાચાર કહેવડાવ્યા કે " હે બાંધવ ? તમારા ભાણેજ ઉપર રાજા ક્રોધે ભરાઇ એના નાશ કરવાના છે. માટે સત્વર એને તેડી જાઓ ? જીવની માફક સંભાળજો નહી તો હું પુત્ર વગરની થઇ જઇશ."

આ શુભ સમાચાર આવ્યા એ અરસામાં પાટલિપુત્રના પતિએ પાતાને ત્યાં સ્વયંવર મંડપ આરંભ્યા હતા તે મીશે ભાણેજને તેડવાને કનોજ નગરમાં આવ્યા. ઢુંઢુકરાજને નમસ્કાર કરી ઉત્સવને બ્હાને ભાણેજને પાતાની સાથે ઉપાડી ગયા. મામાએ ભાણેજને ભણાવી, ગણાવી શાસ્ત્ર કુશલ કર્યો. શસ્ત્ર અને શાસ્ત્ર વિદ્યામાં ભાજ નિષ્ણાત-નિપુણ થયા.

એક દિવસ કંટિકાએ વળી રાજાને યાદ કરાવ્યું " દેવ ? તમારા પુત્રરૂપી શત્રુ તો મોશાળમાં વૃદ્ધિ પામે છે. માટે એને હવે ઝટ તેડાવા ! જે નખથી છેદવા યોગ્ય હોય એને પરશુથી

છેદવા યોગ્ય ન બનાવો ? કે જેથી મુશ્કેલી વધે ? અહીંઆં તેડાવી ગુપચુપ એ શત્રુને યમરાજનો અતિથિ કરો ? ”

કંટિકાનાં વચન રાજાને સત્ય લાગવાથી ભોજને તેડવા માટે દૂત મોકલ્યો, પણ મામાએ ભાણેજને મોકલ્યો નહી. દૂતે આવીને એ સમાચાર રાજાને કહી સંભળાવ્યા.

રાજાએ બીજા માણસોને મોકલ્યા.સમજાવી પુત્રને તેડી લાવવાને આજ્ઞા કરી, એ પુરૂષોએ રાજાને ઘણો સમજાવ્યો પણ ભોજના મામાએ કહ્યું, તમે કહો છો શું ? તમે રાજ લુબ્ધ થયેલાને કયાંથી ખબર હોય ? બાકી તો રાજાનો અંતર ભાવ અમે સમજીએ છીએ, માટે ભાણેજને હું મોકલવાનો નથી.” શરણે આવેલાનું ક્ષત્રીય અવશ્ય રક્ષણ કરે તો આતો મારો ભાણેજ છે એનો તો હું અવશ્ય રક્ષા કરીશ. ”

“ રાજન્ ! એવા ખોટા સંકલ્પ કરી આપે અમારા રાજા સાથે વિરોધ કરવો નહી. આપ નહી સમજો તો દુંદુક-રાજ બળથી લઇ જશે. ” પ્રધાન પુરૂષોએ કહ્યું.

“ ભલે તમારા રાજાને કહો કે તૈયાર થઇને આવે, અમે પણ રાજાને ચમત્કાર બતાવવા એમનું સન્માન સાચવવા અમારૂં સૈન્ય તૈયાર રાખશું ? ” મામાએ ઠંડે કલેજે જણાવ્યું.

પાટલિપુત્ર પતિ કોઈ પણ રીતે સમજયો નહી ત્યારે નિરાશ થઇને રાજપુરૂષોએ પાછા આવી રાજાને એ સમાચાર આપ્યા. દુંદુકરાજ બહુજ ગુસ્સે થઈ ગયો. પણ કંઇ કરી શકે એમ નહોતું.

ભોજને પણ પોતાના પિતાના દુષ્ટત્વની ખબર પડી ગઇ એટલે પિતાની પાસે એ ક્દાપિ ગયો નહી, આ તરફ્ દુંદુકરાજ નિરાશ થયેલો કંટિકાના મહેલે ગયો. એણે બધા સમાચાર એને કહી સંભળાવ્યા. હવે શું કરવું એ માટે રાજાએ એ વેશ્યાની સલાહ લીધી.

" મહારાજ ! તમારા સાળાને આપણી વાતની ખબર પડી ગઇ હોય એમ લાગે છે માટે એ આમતો મોકલે એમ લાગતું નથી. " કંટિકાએ કહ્યું.

" ત્યારે શું ઉપાય કરવો ? " રાજાએ પૂછયું.

" યુદ્ધ કરવું, યુદ્ધમાં તમારા સાળાને શિક્ષા કરી પુત્રને તેડી લાવો ? " કંટિકાએ સલાહ આપી.

રાજાએ યુદ્ધ કરવાની ના પાડી. "યુદ્ધમાં આપણે ફાવીએ નહી. નાહક હજારો પુરૂષોનો ક્ષય થાય. છતાં જય પરાજ્ય તો દૈવાધિન વસ્તુ છે ?" રાજાએ પોતાનો અંતરભાવ જણાવ્યો.

" તો આપ બપ્પભટ્ટીજી આપણા રાજગુરૂને મોકલો, કોઈ પણ રીતે એ તમારા સાળાને સમજાવી તેડી લાવશે. એ રીતે આપણું કામ સત્વર પાર પડશે !" કંટિકાએ સલાહ આપી.

" તારૂં એ કથન વ્યાજબી છે. સૂરિવર એને તેડી-લાવે ખરા ! મારી ધ્યાનમાં પણ એ વાત આવે છે. " એ વેશ્યાની સલાહ રાજાને રૂચી સુરિવરની શક્તિ ઉપર રાજાને ભરૂસો હતો જેથી એણે સૂરિવરનેજ મોકલવાનો નિશ્ચય કર્યો.

# પ્રકરણ ૨૪ મું.

## ભોજ કુમાર પિતાનું રાજ્ય લઈ લે છે.

એક દિવસે અવસર જોઇને ડુંડુકરાજે બપ્પભટ્ટીજી સૂરિશ્વરને વિનંતિ કરી. "ભગવન્ ? કોઇ પણ રીતે ભોજને સમજાવીને આપ અહીંયાં તેડી લાવો ?" રાજાનું વચન જો કે સૂરિવરને રૂચતું નહોતું એ જાણુતા હતા કે પુત્રની જીંદગી સમાપ્ત કરવાને એનો પિતા તૈયાર થયો હતો, પણ ઇચ્છા નહી છતાં સૂરિવર રાજમાણુસોને લઇને પાટલિપુત્ર તરફ ચાલ્યા. વિહાર કરતાં કરતાં સૂરિવર અર્ધ માર્ગે આવ્યા. સૂરિવરે વિચાર કર્યો. "મારા વચનથી ભોજ આવશે તો જરૂર એનો પિતા એને હણુશે ને જો નહીં લાવું તો રાજા મારી ઉપર કોપ કરશે." પોતાનું આયુષ્ય હવે કેટલું બાકી છે એ સૂરિવરે જોયું તો હવે પૂર્ણ થવાની તૈયારીમાં છે. ને એકવીશ દિવસ માત્ર બાકી છે તો મારે હવે અણુસણુ કરવું એમ વિચારી ત્યાં આગળ શ્રાવકોને છેલ્લાં છેલ્લાં સદ્‌બોધ કર્યો. પોતાના શિષ્યોને પણ જણાવ્યું. "આપસ આપસમાં મત્સર રહીતપણે રહેજો ઉત્કૃષ્ટ ક્રિયા પાલી એક બીજાનું પાલન કરજો. સંસારમાં કોઇ કોઈનું નથી. તમે અમારા નથી અમે તમારા નથી સંબંધ માત્ર કૃત્રિમ કહેવાય." ઇત્યાદિ ઉપદેશ આપી બપ્પભટ્ટીજીએ અણુસણુ ગ્રહણ કર્યું. ચારે આહારનાં પચ્ચખાણુ કરી ચારશરણુ સ્વીકાર્યા. પંચ

મહાવ્રતને છઠુ રાત્રી ભોજન એમાં મને જે અતિચાર લાગ્યા હોય, દૂષણ લગાડયું હોય એ મારૂં પાપ મિથ્યા થજો. દુષ્કૃતની નિંદા કરીને સુકૃતકૃત્યોની અનુમોદના કરી.

બેઠે બેઠે કાલ નિર્ગમન કરતાં સૂરિવરે દશમ દ્વારે પ્રાણને રોકી એક ચિત્તે આત્મ ઉપયોગમાં સાવધાન રહ્યા. ભૂખ, તૃષા અને નિદ્રા આદિ સાથે વિગ્રહ કરતાં સૂરિવરને એકવીશ દિવસ વહી ગયા. વિક્રમ સંવત્ ૮૦૦ ના ભાદરવા શુદી ૩ ને રવિવારને દિવસે હસ્ત નક્ષત્રમાં બપ્પભટ્ટીજીનો જન્મ થયો. છ વર્ષે વ્રત ગ્રહણ કર્યું. ને અગીયાર વર્ષની ઉમરે આચાર્ય થયા. પંચાણું વર્ષનું આયુષ્ય પાલી સં. ૮૯૫ ના ભાદરવા સુદી ૮ ને દિવસે સૂરિવર આ મનુષ્ય લોકનું શરીર છોડી સ્વર્ગ લોકમાં ગયા—ઇશાન દેવલોકમાં ગયા.

સર્વે લોકોનાં મન વિષાદને પામ્યાં. ગુરૂના ગરિષ્ટ ગુણોને યાદ કરતા શિષ્યો આંસુ પાડવા લાગ્યા. અર્ધમાર્ગમાંથી બધા પાછા આવ્યાને રાજાને એ સમાચાર કહી સંભળાવ્યા. દુંદુકરાજ આ સમાચાર સાંભળીને બહુ પશ્ચાત્તાપ કરવા લાગ્યો.

ભોજ અને એના મામાએ પણ બીજા લોકો પાસેથી સૂરિવરના આ પ્રકારે મરણના સમાચાર જાણ્યા. કે “ગુરૂ અત્રે આવ્યા નહી પણ માર્ગમાંજ મારી ઉપર કૃપા કરીને એમણે પોતાના પ્રાણ તજ્યા.” એ સાંભળી નાનો ભોજકુમાર વજ્રપાત સમાન દુઃખી થયો. ક્યારે પણ એ પિતા પાસે તે પછી ગયોજ નહી. મોશાળમાંજ રાજકુમાર વૃદ્ધિ પામવા લાગ્યો.

આ તરફ ભારતીએ નન્નસૂરિ આગળ પ્રગટ થઇને જણા- વ્યું. " તમારા ગુરૂવર બપ્પભટ્ટીજી ઈશાન દેવલોકમાં ગયા."

ગુરૂના સ્વર્ગગમનના સમાચાર સાંભળી મોઢેરામાં બહુ શોક પ્રસરી રહ્યો. વૃદ્ધોએ એમને બોધ કરીને શાંત કર્યા. કે " પુણ્યવંત પુરૂષો તો જીર્ણ થયેલા દેહને તજીને નવો દેહ ધારણ કરે છે માટે ઉત્તમજનોને મૃત્યુ એ તો રસાયન સમાન છે. " તે પછી થોડાક દિવસોમાં દેશો દેશ સૂરિવરના કાલ કર્યાના સમાચાર ફેલાઇ ગયા. સકલ સંઘ ઉપર ગમગિ- નીનું વાદળ છવાઇ રહ્યું. સૂરિવરના ગુણોને યાદ કરતો સંઘ શોક સાગરમાં ડુબ્યો.

વચમાં કેટલોક સમય પસાર થયો ભોજકુમાર પંદર વર્ષની ઉમરનો થયો એટલામાં એક દિવસે કોઇ માળી પ્રથમ આમરાજાનો સેવક હતો તે ફરતો ફરતો પાટલીપુત્ર આવ્યો. માળી ભોજકુમાર પાસે આવીને કહેવા લાગ્યો. " રાજકુમાર ? આપના પિતામહ આમરાજાનો હું એક દિવસ સેવક હતો. આપના પિતામહના મરણ પછી શોકસાગરમાં ડુબેલો હું દેશપરદેશ ભ્રમણ કરતો હતો. એવામાં કોઇ સદ્ગુરૂ પાસેથી એક માતુલિંગી નામે વિદ્યા મેં પ્રાપ્ત કરી છે. એ આપને આપવાની મારી ઈચ્છા છે ? "

" એ વિદ્યાનો પ્રભાવ જરા કહી બતાવશો ? " ? ભોજકુમારે પૂછ્યું.

" એ માતુલિંગી વિદ્યાથી મંત્રીત કરીને માતુલિંગ

કોઈને માર્યા હોય તો એ અવશ્ય મરી જાય, હાથી અને સિંહ સમાન ક્રુર પ્રાણીઓ એના ભોગ થાય તો માણસની તો જાતજ શી ? આ વિદ્યા આપને અતિ ઉપયોગી થઇ પડશે. "

એ પછી માળીએ ભોજકુમારને વિદ્યા આપી. વિદ્યા સિદ્ધ કરી જોઈ એને બરાબર પ્રણામ કરી દાન, માન આદિથી સત્કાર કરીને ભોજકુમારે માળીને રજા આપી.

ભોજકુમારે એક દિવસ પોતાના મામાને આ વિદ્યાનો ચમત્કાર બતાવ્યો એની આવી અપૂર્વ શક્તિથી મામાને સંતોષ થયો. " રાજકુમાર ? તું હવે તારા પિતાના રાજને યોગ્ય થયો છે. તારો હવે શું વિચાર છે ? " મામાએ પૂછયું.

" મામાજી ? મારી ઇચ્છા થાય છે કે હવે હું પણ મારો ચમત્કાર એ દુષ્ટ પિતાને બતાવું ? " રાજકુંવરે કહ્યું.

" તારૂં કહેવું ઠીક છે એ માતુલિંગી—એક જાતનાં ફળ વડે તારા પિતાને મારી રાજ્ય લઈ લે. " મામાએ સલાહ આપી.

" આપનો આશિર્વાદ લઇને હું ઘણાં માતુલિંગ લઈને જાઉ છું. પિતાને એમની દુષ્ટતાનું ફળ બતાવું છુ. "

" જેવી તારી ઇચ્છા ? તારૂં કાર્ય નિર્વિઘ્ને સફળ થાઓ ? " મામાએ આશિષ આપી.

મામાના સૈન્ય સાથે ભોજકુમાર ઘણાં માતુલિંગ લઇને કનોજ દેશમાં આવ્યો નગરની બહાર આવીને ભોજકુમારે

પડાવ નાખ્યો પિતાને આમંત્રણ કર્યું. " તાત ! આપ પૂજ્ય છો ને હું તો બાલક કહેવાઉ ? આવો ? આપણે રણસંગ્રામમાં મલીએ. આપની મારફતે મને રાજ્ય મલે કે મારૂં મરણ થાય એ બન્ને મારે મનતો રમણીય કહેવાય ? "

પુત્રને સૈન્ય સહીત આવેલો જાણી ઢુંઢુકરાજ પુત્રને મળવાને તૈયાર થયો. ઢુંઢુકરાજ પોતાના સૈન્ય સહીત પુત્ર ઉપર ચડી આવ્યો ભોજકુમાર પણ પિતાનો સત્કાર કરવાને તૈયાર હતો. બન્ને સૈન્ય વચ્ચે યુદ્ધ શરૂ થયું. ઢુંઢુકરાજ ભોજકુમાર જ્યાં હતો ત્યાં એને પકડવાને ધસ્યો. ભોજના અંગરક્ષકોનો નાશ કરતો ઢુંઢુકરાજ ભોજકુમાર પાસે જઇ ચડ્યો, એનો નાશ કરવાને તૈયાર થઇ ગયો. એટલામાં રાજકુમારે માતુલિંગનો ઢુંઢુકરાજ ઉપર ઘા કરી એને હાથી ઉપરથી પાડ્યો. રણભૂમિ ઉપર ઢુંઢુકરાજ હમેશાને માટે મૃત્યુની મીઠી નિદ્રામાં પોઢ્યો.

ઢુંઢુકરાજના પરલોક ગમનના સમાચાર ફેલાતાંજ તરતજ યુદ્ધ બંધ રહ્યું. પ્રધાનો રાજકુમારનો સત્કાર કરીને મોટા મહોત્સવ પૂર્વક નગરમાં લાવ્યા. જે વેશ્યાના સમાગમથી રાજાની બુદ્ધિ ભ્રષ્ટ થઈ હતી, જેણે રાજ્યની પાયમાલી કરી હતી એ વેશ્યાને પણ ભોજકુમારે પોતાના પિતાની વાટે રવાને કરી દીધી.

એક શુભદિવસે ભોજકુમારનો બાલ્યવયમાંજ રાજમંત્રીઓએ એના પરાક્રમથી અંજાઇ એનો રાજ્યાભિષેક કર્યો. ભોજકુમાર મટીને ભોજરાજા થયો.

# પ્રકરણ ૨૫ મું.

---

## ઉપસંહાર.

ભોજકુમાર રાજ્યાસને બેઠા પછી પુત્રમુખની ઉત્સુકતાથી વાટ જોતી એની માતાને નમ્યો. માતા પુત્રના પરાક્રમથી ખુશી થઈ. એનાં દુઃખડાં લીધાં. રાજકાર્યના વ્યવસાયમાં તે પછી જેનાં જેનાં ધનસામગ્રી દુંદુકરાજાએ હરી લીધેલાં એવા સર્વે ખંડીયા રાજાઓ ફરીને જન્મ્યા હોય એમ માનવા લાગ્યાં. ભોજરાજાએ એમનો સત્કાર કરી એમનાં રાજ્ય પાછાં આપ્યાં. ઘણા જીવોને બચાવી એમની શુભાશિષ લીધી. સંસારમાં સાર રૂપ કમળા-લક્ષ્મી સ્વયમેવ આવીને ભોજને વરી. પોતાના સૈન્યબળથી ભોજ રાજાએ શત્રુ રાજાઓને જીતી તાબે કર્યા. રાજા રાજ્યકાર્યથી નિવૃત્ત થયો એટલે કૃતજ્ઞ ગુરૂ બપ્પભટ્ટીજી સાંભર્યા.

એક દિવસ પોતાના સામંતો, ને મંત્રીઓ સાથે રાજા આમ વિહારચૈત્યમાં શ્રી જીનેશ્વરને નમવાને ગયો, ત્યાં નજીક ઉપાશ્રયમાં બપ્પભટ્ટ સૂરિવરના બે શિષ્યોને અધ્યયન કરતાં જોયા, રાજા પ્રભુને નમીને ગુરૂને નમવાને આવ્યો. સુખશાતા પૂછી સૂરિવરને પાટે અત્યારે કોણ છે એ સંબંધી પૂછ્યું. તેથી શિષ્યોએ કહ્યું. " રાજન્ ! હાલમાં બપ્પભટ્ટીજીની પાટે એમનાજ જેવા સમર્થ નન્નસૂરિ અને ગોવિંદસૂરિ વિદ્યમાન છે.

આપના પિતાની માફક એમને ગુરૂપદે સ્થાપન કરી જૈન ધર્મનું ગૌરવ વધારો ? ” ગુરૂની વાણી સાંભળી રાજા પોતાના મહેલમાં આવ્યો.

ગુરૂને તેડવાને માટે વિનંતિપત્ર આપીને રાજાએ મોઢેરા નન્નસૂરિ પાસે ઉત્તમ રાજપુરૂષોને મોકલ્યા. એ પ્રધાનોએ મોઢેરા જઇને રાજાનું વિનંતિપત્ર આપી એમનો સંદેશો કહી સંભળાવ્યો. નન્નસૂરિ અને ગોવિંદસૂરિએ ભોજરાજાનું વિનંતિપત્ર વાંચ્યું “ ગુરૂરાજ ! વાદી કુંજર કેશરી, ભારતી પુત્ર એવા બપ્પભટ્ટ સૂરિશ્વરની પાટે આપ દીર્ઘાયુષ્ય વિદ્યમાન છો. તો અમારે પણ બપ્પભટ્ટી સૂરિવરની સ્થાનકે તમેજ છો માટે આપે આ વિનંતિપત્ર વાંચી અહીં પધારવા ઇચ્છા કરવી. ઘણીજ આતુરતાથી આપની અમે રાહ જોઇએ છીએ,” ઇત્યાદિ વિનંતિપત્ર વાંચી સૂરી અને શ્રાવકોને હર્ષ થયો. સંઘની આજ્ઞાલઇ ગોવિંદાચાર્યને મોઢેરામાં મુકી સંઘની ભલામણ કરી નન્નસૂરિ કનોજ તરફ ગયા. કનોજના પાદરમાં ગોપગિરિના ઉદ્યાનમાં પધાર્યા એટલે ભોજરાજા પગે ચાલતાં ગુરૂની સામે ગયો. એના મંત્રીઓ, સામંતો અને સકલ સૈન્ય સહીત આવીને ગુરૂને નમ્યો. આખું નગર ધ્વજા, તોરણ, પતાકાઓથી શણુગારવામાં આવ્યું, મનોહર વાજીંત્ર વાગવા લાગ્યાં, મોટા મોટા રસ્તાઓ શણુગારવામાં આવ્યા જે રસ્તે ગુરૂ રાજા સાથે આવવાના હતા, તે રસ્તાની શોભા અલૌકિક હતી. વાજતે ગાજતે મોટા મહોત્સવ પૂર્વક રાજા ગુરૂને લઇને નગરમાં આવ્યો. ઠેક ઠેકાણે હજારો

લોકોનાં ટોળાં ગુરૂને જોવાને મળ્યાં હતાં. ધ્વજા, તોરણોથી શોભતા રાજમાર્ગમાં થઇને ભોજરાજ એમને પોતાના મહેલમાં તેડી ગયો રાજગઢના ચોગાનમાં પોતે અમૃતવાણીથી મધુરી દેશના આપી. ગુરૂની દેશના સાંભળી સર્વ લોકો એમનાં વખાણુ કરતાં પોતપોતાને સ્થાનકે ગયા.

રાજાએ નન્નસૂરિને બપ્પભટ્ટીજીને સ્થાને સ્થાપ્યા. હમેશાં એમનો ધર્મોપદેશ શ્રવણુ કરવા લાગ્યો. ધર્મોન્નત્તિને લગતી દરેક આજ્ઞાઓ ભોજરાજા પાળવા લાગ્યો. એમની ભક્તિને આત્મવત્ જોવા લાગ્યો એમના ઉપદેશથી ભોજરાજાએ આમરાજા કરતાં પણુ અધિક ધર્મવૃદ્ધિ કરી, ઠેકાણે ઠેકાણે જૈન મંદિર બંધાવી, પોતાના રાજ્યમાં તેમજ બીજે પૃથ્વી જીનમંડિત કરી પોતાના પિતાના મરણુને સંભારી હમેશાં કુમાર્ગથકી તે દૂર રહેતો હતો.

નન્નસુરિના ઉપદેશથી મથુરા, શત્રુંજય અને ગિરનારા દિકની યાત્રાઓ કરી ભોજરાજાએ જૈનધર્મનું ગૌરવ વધાર્યું. પિતામહની માફક ભોજરાજા પણુ અગીયારવ્રત ધારી શ્રાવક થયો ઘણા કાળ પર્યંત એણે પૃથ્વીને ભોગવી ઉન્નત્તિ પ્રાપ્ત કરી.

આ ઇતિહાસના સમયમાં મોઢેરામાં મોઢ લોકો જૈનધર્મ પાળતા હતા. તેમજ મોઢેરાની જાહોજલાલી પણુ અદ્‌ભૂત હતી. કેટલેક કાળે પડતા કાળ બળે કરીને લોકોની શ્રદ્ધા જૈનધર્મ ઉપરથી ઉઠવા લાગી તેમ તેમ શહેરની પડતી

આવતી ગઇ. જેથી મોઢ લોકો જેને જ્યાં ઠીક પડયું ત્યાં જઇને વસ્યા, આજે જગતમાં–ગુજરાત, કાઠીઆવાડમાં જ્યાં જ્યાં મોઢલોકો વસ્યા છે એ પ્રાય: કરીને તો મોઢેરામાંથી નીકળેલા છે, ને એમના પૂર્વજો જૈન હતા પણ ઉપદેશના અભાવે અને બીજા ધર્મગુરૂઓના પરિચયથી કોઇ વૈષ્ણવ થઇ ગયા કેટલાક શૈવના ઉપાસક થયા, જેને જે ધર્મનો પાશ લાગ્યો તે તે ધર્મમાં ભળી ગયા.

કુમારિલ ભટ્ટ અને શંકરાચાર્યે જૈનધર્મનું ખંડન કરી જૈનોને શૈવ બનાવવાની અથાગ મહેનત કરી. જોકે એમની સામે ધર્મયુદ્ધમાં જૈનો ઉભા હતા છતાં શંકરાચાર્યનો પરિશ્રમ કંઈક અંશે સફળ થયો જૈનો સાથે વાદવિવાદ કરવો એને ઉચિત લાગ્યો નહી પણ એણે નવાં નવાં વેદમતનાં શાસ્ત્રો રચી શિષ્યો ઉત્પન્ન કર્યા. એની સાથે એના શિષ્યોએ પણ પોતાના મતના ફેલાવા માટે અથાગ મહેનત કરી. શંકરાચાર્યના જુલમથી જૈનો અને જૈનરાજાએ પડકાર કરી એની સામે હથીયાર ખખડાવ્યાં હતાં, ને ધર્મયુદ્ધમાં સામે ઉભા હતા પણ શંકરાચાર્યને ભગંદરનો વ્યાધિ થયો, એ મંદવાડમાં એનો ઘણો સમય ચાલ્યો ગયો, બલ્કે એ ભગંદરે સ્વામીનો પ્રાણ લીધો. જેથી જુલમ કરનારા રાજાઓને શિક્ષા કરી જૈનોએ સંતોષ માન્યો.

અલ્પ આયુષ્ય ભોગવીને શંકરસ્વામી તો પરલોક સીધાવી જૈનોના પંજામાંથી મુક્ત થયા. પરંતુ જણાય છે કે

શંકરાચાર્ય ઉપરનું વેર જૈનોએ એમના શિષ્ય આનંદગિરિ વગેરેને સતાવી વસુલ કર્યું છે. જગતમાં પરંપરાથી એવું બોલાય છે પિતાનાં કરેલાં કૃત્યોના ફળ પુત્રોને ભોગવવાં પડે છે ગુરૂનાં વાવેલાં વિષવૃક્ષનાં ફલો શિષ્યોને ચાખવાં પડે. એવો નિયમ છે. જેથી એ આનંદગિરિએ તો એટલે સુધી લખ્યું છે કે શંકરાચાર્યે રાજાઓની મદદથી બાલકથી વૃદ્ધ પર્યંત જૈનોનાં ઝાઝ ભરીને ડુબાવી દીધાં કન્યાકુમારીથી હીમાલય પર્યંત આ જુલમ ગુજાર્યો. ઘણાઓને સ્માર્ત ધર્મી બનાવી દીધા ન સમજ્યા એમના બુરા હવાલ થયા. પરંતુ એ ઈતિહાસ દૃષ્ટિએ એની એ વાત અસત્ય જણાય છે કેમકે તે સમયે એવો કોઈ રાજા શંકરાચાર્યનો ભકત નહોતો કે હિમાલયથી તે કન્યાકુમારી સુધી સારા ભારતવર્ષ પર જેની હકુમત હોય? ગુજરાતમાં પ્રખ્યાત જૈન ધર્મી વનરાજ ચાવડાનું રાજ્ય હતું. કનોજ દેશમાં આમરાજા જૈન ધર્મી હતો, ગૌડ દેશનો ધર્મરાજા પણ બપ્પભટ્ટીજીનો ભકત હતો. તે સિવાય બીજે પણ દક્ષિણ વિગેરેમાં જૈન રાજાઓ હતા. તેઓના રાજ્યમાં આવો જુલમ થયો નથી. પરંતુ જે રાજાઓ શંકરસ્વામીના અનન્ય ભકત હતા. એમના રાજ્યમાં શંકરસ્વામીએ અવશ્ય જુલમ કરાવેલો, એ ધર્મયુદ્ધમાં જૈનો પણ ઉભા રહેલા, એતો નિર્વિવાદવાત ઇતિહાસ સાક્ષી પુરે છે.

વળી એ આનંદગિરિએ પોતાના ગ્રંથમાં એવી પણ ગપ લખી છે કે શંકરાચાર્ય—અમારા પરમગુરૂની સાથે એક જૈનસાધુ પોતાના શિષ્યપરિવાર સાથે વાદ કરવાને આવ્યો

અને વાદમાં હારી ગયો. પણ ઈતિહાસ એમ દેખાડે છે કે શંકરાચાર્યે કોઇ પણ જૈન સાધુ સાથે વાદ કર્યો નથી. પણ આ કલિકાળમાં જેને બીજાના ધર્મને હલકો પાડવા ખોટું જ લખીને પોતાના ધર્મનું મહત્વ વધારવું હોય તે ગમે તેવું અસત્ય હાંકવાને પણ અચકાતો નથી. ધર્માંધ પુરૂષો જગતમાં શું કરતા નથી.

જગન્નાથને શ્રીચક્રની સ્થાપના કરી હિંદુ તરીકે શંકરાચાર્યે પ્રગટ કરેલું તીર્થ તે સમયે એને મળેલો શ્રાપ તે પછી લગભગ બસેં વર્ષે કેવી રીતે સફળ થયો, તે આખી દુનીયા જાણે છે. મહમદગિજનીએ સોમનાથપાટણ જઈને પ્રખ્યાત સોમનાથની જડ ઉખેડી નાંખી શિવલિંગના ટુકડે ટુકડા કરી નાખ્યા, એ મંદિરમાંથી કરોડોની દોલત, ઝરઝવેરાત લુંટી લીધું અને હજારોની ત્યાં કત્તલ કરી નાંખી, મંદિર હાડ, માંસ અને રૂધીરથી ભરી દીધું.

જેવી રીતે જગન્નાથનું જીરાવલા પાર્શ્વનાથનું તીર્થ એ શંકરાચાર્યે નષ્ટ કર્યું: એવી રીતે બદ્રિકેદાર પણ જૈન તીર્થ હતું, લગભગ રાવણના સમયમાં એ પ્રગટ થયેલું એનો પણ શંકરાચાર્યે વિધ્વંસ કરી નાખ્યો છે.

શંકરાચાર્ય પછી લગભગ ત્રણસે વર્ષે થયેલા રામાનુજ નામના આચાર્યે વૈષ્ણવ ધર્મ પ્રવર્ત્તાવ્યો, એ રામાનુજ આચાર્યે શંકરના અદ્વૈતમતનું ખંડન કરીને શૈવધર્મમાંથી પોતાના વૈષ્ણવધર્મમાં લોકોને ખેંચી લીધા એણે પોતાના મતની

વૃદ્ધિ કરી કેટલાક જૈનોપણ ઉપદેશના અભાવે એ ધર્મમાં દાખલ થયા, રાજાઓને પણ રામાનુજે વૈષ્ણવ બનાવી સ્વધર્મની મહત્તા વધારી દીધી. જૈન રાજાઓ પણ રામાનુજના ઉપદેશથી એના ભકત થયા,

કુમારિલ અને શંકરે જૈનધર્મને આઘાત પહોંચાડેલો તે પછી બીજો ફટકો જૈનો ઉપર રામાનુજ આચાર્યનો હતો. ઈ. સ. ૧૧૧૯ માં દક્ષિણ દેશના દ્રવિડ દેશની ભૂતપુરીમાં રામાનુજનો જન્મ થયો હતો છતાં કુમારપાળના સમયમાં છેલ્લી છેલ્લી જૈનધર્મની પરાકાષ્ટા હતી. દીપક બુઝાવાની તૈયારીમાં હોય ત્યારે છેલ્લાં જે પ્રકાશ આપે છે તેવો તીવ્ર પ્રકાશ કુમારપાળના સમયમાં હતો વસ્તુપાળ તેજપાળના સમયમાં એથી કાંઇ મંદ થયેલો જણાયો અને પછી પડતીનો પાયો નંખાયો કેમકે એ અરસામાં જૈનોનાં ઘણા ફાંટા નીકળ્યા. એના મુખ્ય પુરૂષો બહારના ઘા ન જીલતાં અંદર અંદર કલહ કરવા લાગ્યા. જેને પરિણામે જૈન આચાર્યોનું લક્ષ્ય અંદરના ઝઘડા તરફ ખેંચાયું. આ અંદરના કલેશમાં જૈનાચાર્યો પડેલા હોવાથી અન્ય ધર્મના આચાર્યોને પોતાના ધર્મની ઉન્નત્તિ કરવાની અમુલ્ય તક હાથ આવી.

પૂર્વે શ્વેતાંબર આચાર્યોએ દિગંબર અને ચૈત્યવાસીઓ સાથે બાથ ભીડી એ તકનો લાભ કુમારિલ અને શંકરસ્વામીએ લીધો વિક્રમની તેરમી સદીમાં જૈનોમાં ખરતર, વડગચ્છ, તપાગચ્છ, પુનમીયા, અંચળ, આગમિક અને ચૈત્રવાળ આદિ

ઘણા ગચ્છો ઉત્પન્ન થયા એ બધાય એક સંપ કરીને અન્ય ધર્મી આચાર્યો સામે ઉભા રહ્યા હોત તો એ લોકોને ફાવી જવાની તક ન મલત? પણ એ ગચ્છોના મુખ્ય પુરૂષોએ આપણા કમ ભાગ્યે કુટુંબ કલેશમાંજ પોતાની આત્મશકિતનો વ્યય કર્યો?

દક્ષિણ દેશમાં તે પછી જ્ઞાનપૂર્ણ નામનો એક યુવાન શૈવ સન્યાસી થયો એણે રાજાઓને પોતાના પક્ષમાં લીધા એમની મદદથી દક્ષિણ દેશમાં જૈનધર્મીઓ ઉપર ખુબ જુલ્મ કર્યો એણે આઠ હજાર દ્રાવિડ જૈનસાધુઓને પોતાના પક્ષમાં મતમાં લીધા; ઘણા જૈન સાધુઓને કત્તલ કરવામાં આવ્યા જે સાધુઓ પોતાના ધર્મમાં ચુસ્ત રહ્યા! એમને ઘાણીમાં પીલાવી મારી નાખ્યા. કેટલાકની ચાંમડી ઉતરાવી શિકારી પશુપક્ષીને ભક્ષ્ય તરીકે ફેંકવામાં આવ્યા,, જેઓ નબળા હતા. એ મોતથી બચવાને હિંદુ થઇ ગયા, આ લોકો આજે મદ્રાસ આદિ જગોએ **પેરીયા**ના નામે ઓળખાઇ દાસ તરીકે હલકું જીવન ગુજારે છે, આજે એ પેરીયાની વસ્તી એકલા મદ્રાસ ઇલાકામાં સાઠ લાખને આશરે ગણાય છે.

શંકરાચાર્યને રામાનુજ પછી માધવાચાર્ય થયા. વલ્લભાચાર્ય વગેરેના પ્રયત્નથી જ્ઞાનને અભાવે ઘણા જૈનો હિંદુધર્મમાં ભળી ગયા વલ્લભાચાર્યના પંથના વૈષ્ણવ વાણીયાના પૂર્વજો જૈનધર્મી હતા.

ચોરાશી જાતના વાણીયાઓની સ્થાપના જૈનાચાર્યોએ જ કરી છે. શ્રીમાલી; ઓશવાળ, પોરવાડ, લાડ, શ્રીમાલ,

દેશાવાડ, અગ્રવાલ, લાડવા, નાગર, મોઢ, કપોળ, વડનગરા, પાંચા, ખડાયતા ઠાકરવાલ, જારોળા, શ્રીગોડ, હરસોરા, હુમડ આદિ ચોરાશી જાતના વાણીયા પૂર્વે જૈન હતા.

ઓશીયા નગરીમાં રહેનારા ત્રણ લાખ અને ચોરાશી હજાર રજપુતોને જૈન બનાવ્યા તે ઓશવાળ એ નામે ઓળખાયા. જીનદત્તસૂરિએ મોઢેરાના દશ હજાર રજપુતોને જૈન બનાવ્યા. પાછળથી એ લોક મોઢ વણીક તરીકે પ્રસિદ્ધ થયા જીનદત્તસૂરિની પહેલાં મોઢેરાના મોઢ વાણીયા જૈન હતા. શ્રીમાળ નગરના રજપુતો જૈન થયેલા તે પાછળથી શ્રીમાલી વાણીયા તરીકે પ્રસિદ્ધ થયા. એમની કુળદેવી મહાલક્ષ્મી કહેવાય. વિક્રમ સંવત ૨૧૭ માં લોહાચાર્યે અગ્રોહા નગરના લોકોને જૈન બનાવેલા તેઓ અગ્રવાલ તરીકે પ્રસિદ્ધ થયા. લગભગ બસોં વર્ષથી એ અગ્રવાલ વૈષ્ણુવ વગેરે ધર્મમાં દાખલ થયા છે. પૂર્વે દશ હજાર ચુનંદા રજપુત સુભટો શ્રીમાલનું રક્ષણુ કરવા આવેલા તે શ્રીમાલની પૂર્વમાં વસ્યા જેથી પ્રાગવટ કહેવાયા. એમની કુળદેવી અંબિકા કહેવાય.

વણીકોની ઘણી જાતો આજે વૈષ્ણુવ કે શૈવ તરીકે ઓળખાય છે એ બધા પૂર્વે જૈન હતા કાઠીયાવાડના કેટલાક દશાશ્રીમાળી જૈનોએ લગભગ પચ્ચાસ વર્ષ પહેલાંજ સ્વામી-નારાયણનો ધર્મ સ્વીકાર્યો છે.

સુરતમાં ૧૯૬૬ ના ચૈત્રમાસમાં વૈષ્ણુવોની સભા મળી હતી તે સમયે માધવા તીર્થ શંકરાચાર્ય અને વૈષ્ણુવોને

ઝઘડો ચાલતો હતો, ત્યારે સભામાં એક પંડિતે કહ્યું કે " માધવા તીર્થ શંકરાચાર્યે અમારી સાથે વિરોધ ન કરવો જોઇએ, કારણ કે અમોએ કાંઈ વેદધર્મીઓને વૈષ્ણવ બનાવ્યા નથી પણ હાલ જે ચાલીસ લાખ વૈષ્ણવો છે તેઓનું મૂળ તપાસીએ તો પૂર્વે તે જૈન હતા. અમારા બાપ દાદાઓએ જૈનોને વટલાવીને વૈષ્ણવ બનાવ્યા છે, તેથી શંકરાચાર્યે તો ખુશ થવું જોઇએ. " હાય ! જૈનોએ ઘર ઘરમાં લડીને કેટલું બધું ગુમાવ્યું.

મગધદેશ ને બંગાળના વૃદ્ધ બ્રાહ્મણો કહે છે કે અમારા બાપદાદાઓ નવકાર ભણતા હતા. અયોધ્યા તરફ તેમજ કાશીમાં હાલ જે વૈષ્ણવો છે તે ત્રણ ચાર પેઢી પહેલા જૈન હતા. જગત્પતિ શેઠનું કુંટુંબ જૈન હતું હેમાચાર્યના સમયમાં કેટલાક બ્રાહ્મણો એમના ઉપદેશથી જૈન થયેલા, એમને જૈનોને બોધ આપવા માટે જૈન ભોજક બનાવ્યા. આજે ભોજકોની વસ્તી ગુજરાત વગેરે દેશોમાં જોવાય છે તે જૈન બ્રાહ્મણોનીજ પરંપરા છે.

અંકલેશ્વરના હાંસોટા વાણીયા પચ્ચીસ વર્ષ પૂર્વે જૈન હતા ઉપદેશને અભાવે જૈન મટીને વૈષ્ણવ થયા છે. દશા પોરવાડ વીશા પોરવાડ બન્ને પહેલાં જૈનધર્મમાં આગળ પડતો ભાગ લેનારા હતા. દશા શ્રીમાળી ન્યાત કે જેના આગેવાનો વસ્તુપાળ તેજપાળ હતા. તેમનાથી દશાશ્રીમાળીનો પંથ અલગ જાહેર થયો છે તેમના વંશમાં સદાય જૈનધર્મ પરંપરાએ

ચાલ્યો આવતો હતો પણ જૈન સાધુઓના ઉપદેશને અભાવે કેટલાક ચાલીસ પચ્ચાસ વર્ષથી સ્વામીનારાયણના ધર્મમાં દાખલ થયા છે તો કેટલાક વૈષ્ણવ-મેશરી વગેરે થયા છે.

મહાન્ અશોકના પૌત્ર સંપ્રતિ રાજાના સમયમાં ચાલીશ ક્રોડની જૈન વસ્તી હતી અરે અકબર બાદશાહના સમયમાં એના રાજ્યમાં ખુદ સાડાત્રણ ક્રોડ ઉપરાંત જૈનો હતા. રાજસ્થાન, દક્ષિણરાજ્ય આદિ બધા ભારતના જૈનો લગભગ દશક્રોડની સંખ્યામાં હતા. એજ જગતમાં સર્વોપરી ગણાતી જૈનકોમ આજે શ્વેતાંબર દીગંબર થઇને માંડ અગીયાર લાખ થાય ? અમે ઇચ્છીએ છીએ કે જૈનસંઘના નાયકોને સન્મતિ થાઓ ? જૈનોની જાહોજલાલી પાછી ફરીને જાગૃત થાઓ જૈનો જાગો ? ભારતવર્ષનો જૈનો દ્વારા પુનરૂદ્ધાર થાઓ ?

સમાપ્ત.



NAVRANG
9428 500 401